

# આપણે આત્મનિરીક્ષણ કરીશું?

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી





# મુનિશ્રી અમરેન્દ્રવિજયજી

## પરિચય

ઈ૰ સ૰ ૧૯૨૫માં જન્મ. કચ્છ જન્મભૂમિ, મુંબઈ વિદ્યાભૂમિ, શિરશાલા (અમલનેર–ખાનદેશ) દીક્ષાભૂમિ, છવ્વીસ વર્ષની ભરયુવાન વયે ગૃહત્યાગ.

દીક્ષા લઈને એ 'ગુરુ' બની ન બેઠા–પ્રવચનો ન આપ્યાં. પણ, શાસ્ત્રોના પરિશીલનમાં અને નિજની સાધનામાં ડૂબી ગયા.

ભગવાન મહાવીરની પચીસમી નિર્વાણ શતાબ્દીની ઉજવણીની પૂર્વસંધ્યાએ (૧૯૭૪માં) પ્રકાશિત 'આત્મજ્ઞાન અને સાધનાપથ'માં 'સાચો સાધનામાર્ગ શો છે?' એ વિષે નિષ્ઠાવાન મુમુક્ષુઓને વિશદ પથદર્શન પૂરું પાડીને અને, ત્યારબાદ, આજે આપણે ક્યાં જઈ રહ્યા છીએ તેની તટસ્થ સમીક્ષા કરતું 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' નામનું પુસ્તક સમાજના ચરણે ધરીને, મહારાજશ્રીએ વર્તમાન જૈન સંઘને ઢંઢોળીને સમયોચિત મૌલિક/ક્રાન્તિકર માર્ગદર્શન આપ્યું છે.

આજે
બુરાઈ સંગઠિત થઈ રહી છે
અને
ધર્મો અલગ–અલગ છે.

હવે,
વિજ્ઞાનના કારણે
દુનિયા નજીક આવી રહી છે
પરંતુ
ધર્મપંથો દુનિયાને તોડયે જાય છે.
આ સંપ્રદાયો,
પંથો આજે કાળબાહ્ય થઈ ગયા છે.

ધર્મનું બાહ્યરૂપ તોડે છે,
પરંતુ
આધ્યાત્મિક અનુભવ જોડે છે.

એટલે
બધા ધર્મોનો સાર મેળવવા
અને
એની મર્યાદાઓને લાંઘી જવા માટે
બધા ધર્મોનું ઉચ્ચતમ સમાન તત્ત્વ — માનવતા,
અને
બધા ધર્મોનો ન્યૂનતમ સમાન ગુણક — આધ્યાત્મિક અનુભવ
આ બંને દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરીને
આપણે પ્રભુને પામીએ.

—વિનોબા ભાવે,

પંચામૃત, પ્રથમખંડ, પૃષ્ઠ ૮૧-૮૨ના આધારે સંકલિત

ધર્મ તત્ત્વતઃ શું છે અને તે આચારસ્થ કરવા ઇચ્છનારે કઈ રીતે પ્રવૃત્ત થવું જોઈએ તે વિષે માર્ગદર્શન હરકોઈ ધર્માર્થી જિજ્ઞાસુને—જૈનેતર સમાજના મુમુક્ષુને પણ—આ ગ્રંથમાં મળી શકશે.

—ફૂ૦ દી૦, જન્મભૂમિ, ૨૮ એપ્રિલ '૮૦

આ પુસ્તક મુખ્યત્વે જૈન વાચકો માટે હોવા છતાંય સત્ય ધર્મને ઓળખવાની જિજ્ઞાસા રાખતા હરકોઈ વાચક માટે બહુમૂલ્ય માર્ગદર્શન આપે છે.

—પ્રવાસી, ૨૦ ફેબ્રુ૦ '૮૦

પુસ્તક હાથમાં લેતાં પ્રથમ પ્રતિભાવ તે 'જૈનધર્મનું પુસ્તક છે' તેવો થાય, છતાં જેમ જેમ પુસ્તક વાંચતા જાઓ તેમ તેમ સ્પષ્ટ થતું જાય કે આ પુસ્તક દરેક મુમુક્ષુને પોતાના 'સ્વ'ની શોધ તરફ દોરી જાય છે. ચિંતન-સભર છતાંય ખૂબ જ સરળ શૈલી...

મુનિશ્રીનાં બધાં જ પુસ્તકો જૈનેતર મુમુક્ષુને પણ એટલાં જ ઉપયોગી નીવડે તેવાં છે, એ એમના લખાણની ખૂબી છે.

—ગુજરાતમિત્ર, ૧ મે ૧૯૮૦

# આપણે આત્મનિરીક્ષણ કરીશું?

આત્મજ્યોત પ્રકાશન

મદુરાઈ

# આપણે આત્મનિરીક્ષણ કરીશું?

પ્રેમ ગીતાની ફૂલડાંમાં
ભક્તિ ઉદ્યાનની પુષ્પમાળમાં
ધ્યાનની આરાધના દ્વારા
આત્મઉન્નતિ ઓર સૌરભ

ભેટ

[illegible]

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

© મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી
આ પુસ્તકનું પુનર્મુદ્રણ કે અનુવાદ કરવાની
સંમતિ લેખક પાસેથી મળી શકશે.

સંપર્ક :

*Care Shri Hirji Dharod,*
Atmajyot Prakashan,
8/1, M. K. Lane, Mahal 3rd Street,
MADURAI-625 001.

Phone: (0452) 25478, 31783
Cable: Jantex Madurai South
Telex: 0445 281 Jeti In

રૂપિયા પંદર

પ્રથમ પ્રકાશન : સપ્ટેમ્બર ૧૯૭૯/પ્રત ૩૦૦૦
દ્વિતીય સંસ્કરણ : જુલાઈ ૧૯૮૨/પ્રત ૧૦૦૦
પુનર્મુદ્રણ : જુલાઈ ૧૯૮૨/પ્રત ૧૦૦૦
આત્મજ્યોત સંસ્કરણ : ઓક્ટોબર ૧૯૮૪/પ્રત ૫૦૦૦

પ્રકાશક : આત્મજ્યોત પ્રકાશન
વી૦ કે૦ વોરા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ,
૮/૧, એમ૦ કે૦ લેન, મદુરાઈ-૬૨૫ ૦૦૧.

મુદ્રક : જયંતિલાલ પારેખ, ઓલ ઈન્ડિયા પ્રેસ.
કેનેડી નગર, પૉંડીચેરી - ૬૦૫ ૦૦૧.

# આશીર્વચન*

મોહનલાલ ઉત્તમચંદની ધર્મશાળા,
પાટણ,
કાર્તિક શુદ પંચમી (૨૦૧૮).

...ધર્મચક્રના બીજા વર્ષના પહેલા અંકમાં આવેલો તમારો લેખ વાંચ્યો, ખૂબ જ ગમ્યો. લેખમાં દર્શાવેલા વિચારો ઊંડા મંથનને આભારી છે. ઉપાસક અને સાધકના બે વિભાગો સચોટ માર્ગદર્શક છે. તમારા ત્રણે લેખોમાં લોકોત્તર ધર્મની પ્રાપ્તિ માટેનું શાસ્ત્રીય પદ્ધતિનું, અન્વેષણપૂર્વકનું તત્ત્વજ્ઞાન લોકભોગ્ય ભાષામાં મળે છે. સંસ્કૃત ભાષાના અજાણ અને હરિભદ્રસૂરિજીના ગ્રન્થોથી અપરિચિત જીવોને આમાંથી બહુમૂલ્ય જ્ઞાન મળે તેવું છે.

આ જ રીતે, વિચારો રજૂ કરવાનું ચાલુ રાખશો તો, તમને અને વાચકોને ખૂબ લાભ થશે, એમ મારું સચોટ માનવું છે.

મેં તો તમારા બધા લેખ ખૂબ ધ્યાનપૂર્વક શાસ્ત્રપંકિતની જેમ વાંચ્યા છે. મને ખૂબ જ ગમી ગયા છે. પદ્ધતિ પણ ઘણી રોચક છે.

—પં૦ શ્રી કાન્તિવિજયજી ગણિ

*જે લેખો નવસંસ્કાર પામી આ પુસ્તકરૂપે તમારા હાથમાં આવે છે તે, સૌપ્રથમ ઇ૦ સ૦ ૧૯૬૧-૬૨માં 'ધર્મચક્ર' માસિકમાં જ્યારે પ્રગટ થઈ રહ્યા હતા ત્યારે તત્ત્વરુચિ, પરમ તપસ્વી, પંન્યાસપ્રવર શ્રી કાન્તિવિજયજી ગણિવરશ્રીએ લેખકને લખેલ એક પ્રેરણાત્મક પત્રમાંથી ઉદ્ધૃત.

# શુદ્ધ અને સાચા ધર્મનો ધબકાર

પૂજ્ય મુનિ શ્રી અમરેન્દ્રવિજયજીનો મને પ્રત્યક્ષ પરિચય નથી. 'આપણે આત્મ-નિરીક્ષણ કરીશું?' નામની લેખ-શ્રેણી 'જિનસંદેશ'માં પ્રગટ થતી હતી ત્યારે મને તેમનાં લખાણોનો પરિચય થતાં એમની ચિંતનપ્રદ શૈલી અને મૌલિક દૃષ્ટિથી હું પ્રભાવિત થયો હતો. થોડા દિવસ પહેલાં મારા મિત્ર શ્રી ગુણવંત શાહે પુસ્તકરૂપે છપાઈ રહેલ એ લેખ-શ્રેણીના ફરમા મને વાંચવા આપ્યા. વાંચીને મેં તેમને કહ્યું: 'સ્વામીજીનું આ પુસ્તક દુનિયાની તમામ ભાષાઓમાં છપાવવું જોઈએ. વિશ્વના મહાન ચિંતકોનાં પુસ્તકોની હરોળમાં ઊભું રહે તેવું આ પુસ્તક છે.' મારો આ પ્રથમ પ્રતિભાવ જાણીને એમણે કહ્યું કે, 'હવે આ પુસ્તકની પ્રસ્તાવના પણ તમારે જ લખી આપવી પડશે.' એમનો એ પ્રેમાગ્રહ હું નકારી ન શકયો અને એ આગ્રહના અણસારે પ્રસ્તુત પુસ્તક વિષે સંક્ષેપમાં લખી રહ્યો છું.

આપણે ઉપાસક છીએ કે સાધક? આપણને ધર્મની પ્રાપ્તિ થઈ છે ખરી? ખરેખર આપણે ધાર્મિક છીએ? ધર્મ એટલે શું? ધાર્મિકતા એટલે શું? ધર્મ અને સાધનાને લગતા આ અને આવા બીજા અનેક પ્રશ્નોનું, પૂજ્ય મુનિશ્રીએ આ પુસ્તકમાં સુરેખ અને સુસ્પષ્ટ, નિર્દંશ અને નગદ નિરૂપણ કર્યું છે. કહેવાતા ધર્મ અને કહેવાતી ધાર્મિકતાના અંચળાને અળગો કરીને, સાચો ધર્મ અને સાચી ધાર્મિકતા કયાં છે તેનું સુરેખ દર્શન આ પુસ્તકના પાને પાને થાય છે.

પૂજ્ય મુનિશ્રીએ, ધર્મ માર્ગે જવા ઇચ્છતી વ્યકિત માટે પાયાની અને પ્રથમ શરત બતાવી છે કે, "તેની આજીવિકા બીજાના શોષણ ઉપર નિર્ભર ન હોવી જોઈએ..." ધાર્મિક જીવનની—આત્મિક જીવનની શરૂઆત ત્યારે જ થાય કે, "સ્વની અંધાર કોટડીમાં પુરાયેલો આત્મા, તેમાંથી નીકળીને 'સર્વનો વિચાર કરતો થાય..."

દેખીતો ધર્મ તો આજે ઘણો બધો થાય છે. મોટી સંખ્યામાં લોકો પૂજા—પાઠ, દેવદર્શન, જપ, યજ્ઞ, અનુષ્ઠાન આદિ ધર્મપ્રવૃત્તિ કરે છે. માત્ર બાહ્ય ક્રિયાકાંડ કરનારને ધાર્મિક-ધર્માત્મા ગણવામાં આવે છે. આવો ક્રિયાકાંડી પણ પોતાને ધર્મિષ્ઠ માને છે. કેવળ બાહ્ય ક્રિયાકાંડને જ ધર્મ માનવો અને એવા ક્રિયાકાંડીને ધાર્મિક ગણવો તે ભ્રાન્ત માન્યતા છે. આ માન્યતાનું નિરસન કરતાં પૂજ્ય મુનિશ્રી બુલંદ સ્વરે કહે છે કે, "વ્યકિત ધાર્મિક અનુષ્ઠાન ગમે તેટલું કરતી હોય પણ ચિત્તમાં જો કેવળ સ્વાર્થ જ ભર્યો પડયો હોય, બીજાના સુખનો વિચાર ઊગ્યો જ ન હોય, તો સમજવું કે ધર્મ ત્યાં પાંગર્યો જ નથી...."

સાચો ધર્મ એ છે કે જેની સાધનાથી ચિત્તની શુદ્ધિ થાય, આત્મા નિર્મળ થાય અને જીવ માત્ર પોતાના આત્માતુલ્ય અનુભવાય. જીવનના દરેક પ્રસંગમાં પ્રસન્ન

સમભાવ રહે, ઊંડી મધુર શાંતિ રહે તો સમજવું કે આપણને સાચા ધર્મની પ્રાપ્તિ થઈ છે. આવી કંઈક આંશિક અનુભૂતિ ન થઈ રહી હોય તો ગંભીરતાથી આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે ક્ષતિ કયાં છે? ધર્મની સાધના ખોટી છે કે હું ખોટો છું?

પૂજ્ય મુનિશ્રીએ પોતાની કલમમાં જરાય કડવાશ કે તીખાશ લાવ્યા વિના ખૂબ જ સૌમ્ય ભાવે અને સંયત શૈલીએ સાચા ધર્મનું વૈજ્ઞાનિક અને મૌલિક વિશ્લેષણ કરીને, આપણને નવનીત તારવી આપ્યું છે કે, અંતર્મુખતા અને આત્મજાગૃતિ ધર્મ-સાધનાના પ્રાણ છે. આ પુસ્તક દ્વારા પૂજ્ય મુનિશ્રીએ સર્વ ધર્મો અને દર્શનોના નિચોડરૂપ એક સોનેરી સૂત્ર આપ્યું છે કે, 'નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરવું એ જ આત્મ-ધર્મ છે.'

જૈન મુનિએ આ પુસ્તક લખ્યું છે એથી તે જૈનોના જ ઉપયોગ માટેનું પુસ્તક હશે એમ માનીને આ પુસ્તક બાજુએ મૂકી દેવા જેવું નથી. આજે દરેક ધર્મ, મત, પંથ, સંપ્રદાયમાં કેવળ ક્રિયાકાંડ વધી રહ્યા છે. માત્ર ધર્મપ્રવૃત્તિ વધી છે, પરંતુ પોતાની વૃત્તિનું નિરીક્ષણ અને સંમાર્જન નહિવત્ થતું જોવાય છે, ત્યારે દુનિયાની બધી જ ભાષાઓમાં પ્રસ્તુત પુસ્તકનો અનુવાદ થાય તે આવકાર્ય જ નહિ આવશ્યક પણ છે, એમ મારું સ્પષ્ટ માનવું છે. એક જ વાક્યમાં કહું તો, પ્રસ્તુત પુસ્તક સર્વત્ર જિજ્ઞાસુઓને શુદ્ધ અને સાચા ધર્મ તરફ અભિમુખ કરવાનું મહત્તમ કાર્ય કરશે, એમાં કોઈ સંદેહ નથી.

—અનવર આગેવાન

ગોપાલકૃષ્ણ ભવન,
શ્રીમદ્ રાજચંદ્ર મંદિર માર્ગ,
ઘાટકોપર, મુંબઈ-૪૦૦ ૦૭૭

# પ્રાસ્તાવિક

કોઈ પણ માર્ગ બે બિંદુઓના જોડાણથી અંકિત થતો હોય છે. સાધનામય જીવનનો માર્ગ પણ બે બિંદુઓ વડે નક્કી થાય છે: 'આપણે ક્યાં છીએ?' —તે પહેલું બિંદુ. 'આપણે ક્યાં જવું છે?' —એ બીજું બિંદુ. આ બે બિંદુ નક્કી થયા વિના, ગતિને સાચી દિશા મળતી નથી અને આડીઅવળી ગલીકૂંચીઓમાં આંટા મારતાં રહેવામાં જ ઘણીવાર જીવન સમાપ્ત થઈ જાય છે.

આ દિશામાં વિચાર—વિમર્શ પ્રેરતું મારું થોડું મનન—મંથન, જે સૌ પ્રથમ ૧૯૬૧-૬૨માં, 'ધર્મચક્ર' માસિકમાં પ્રગટ થયેલું, અને ત્યારબાદ નવસંસ્કાર પામીને બે વર્ષ પૂર્વે 'જિનસંદેશ' પાક્ષિકમાં "આપણે આત્મનિરીક્ષણ કરીશું?" એ શીર્ષક હેઠળ સળંગ લેખમાળા સ્વરૂપે પ્રગટ થયું, તે હવે આ પુસ્તકરૂપે તમારા હાથમાં આવે છે.

આપણી અનુભૂતિઓ, કલ્પનાઓ, વિચારો અને હૃદયના ભાવોને બીજી વ્યક્તિ આગળ વ્યક્ત કરવા આપણે વાણીનો આશરો લઈએ છીએ; પરંતુ વાણીના આ માધ્યમની કેટલીક સ્વભાવગત મર્યાદાઓ છે. વાણી વડે આપણા વિચાર, ભાવ કે અનુભવને પૂરેપૂરી વાચા આપી શકાતી નથી. તેનું કોઈક પાસું, કોઈક અંશ તો અનિરૂપિત રહી જ જાય છે. કેવળજ્ઞાન અને વચનાતિશય—અર્થાત્ પૂર્ણજ્ઞાન અને અભિવ્યકિતનું સર્વશ્રેષ્ઠ કૌશલ—ધરાવનાર શ્રી જિનેશ્વરદેવો પણ પોતાને લાધેલ પૂર્ણ સત્યના માત્ર થોડાક અંશને જ વાણીમાં વ્યક્ત કરી શકે છે. આ છે વાણીની એક મર્યાદા. બીજી એ છે કે, નિરૂપણ ક્રમશઃ થઈ શકે છે, જ્યારે જ્ઞાન કે અનુભવમાં બધું એકસામટું જણાય છે. આથી, કોઈ પણ નિરૂપણને શ્રોતા કે વાચક અથથી ઈતિ પૂરું સાંભળી કે વાંચી લે તે પૂર્વે, પ્રસ્તુત કથનનું આંશિક શ્રવણ-વાંચન તેના મનમાં ખોટા પૂર્વ-ગ્રહો જન્માવી શકે છે. ભાષાની ત્રીજી મર્યાદા એ છે કે એના એ જ શબ્દોમાંથી ભિન્ન ભિન્ન શ્રોતા કે વાચકને પોતપોતાની પશ્ચાદ્‌ભૂ અનુસાર જુદો જુદો અર્થબોધ થાય છે. આથી, પૂર્ણજ્ઞાન અને અભિવ્યક્તિની નિપુણતા વિના સાવ ક્ષતિમુક્ત અને સર્વને સ્પર્શી શકે, સંતોષી શકે તેવું કથન કરવું શક્ય નથી. વાણીની આ સ્વભાવગત મર્યાદાથી આ પુસ્તક પર ન હોઈ શકે; કિંતુ, 'તેજીને ટકોરા' નું કામ તો એ કરશે જ, એ વિશ્વાસે મારું આ પ્રગટ ચિંતન—'લાઉડ થિંકીંગ' અહીં અક્ષરાંકિત કર્યું છે.

શ્રેયાર્થી જિજ્ઞાસુઓને તેમની આંતરખોજમાં તે પથદર્શક નીવડે, તેમના અંતરમાં તાત્ત્વિક પક્ષપાત જગાડે, તે અંકુરિત થયેલ હોય તો તેને પલ્લવિત-પુષ્પિત કરી વધુ સુદૃઢ કરે અને તેમની આધ્યાત્મિક ક્ષિતિજોને વિસ્તારે એ જ મંગળ કામના.

જૈન પરિભાષાથી અપરિચિત કે અલ્પપરિચિત વાચકો પણ આ પુસ્તકનો પૂર્ણ આસ્વાદ માણી શકે તે માટે, પુસ્તકમાં આવતા પારિભાષિક શબ્દોનો નાનકડો શબ્દકોશ પણ પુસ્તકના અંતે આપ્યો છે. શ્રદ્ધાળુ વર્ગને જોઈતું શાસ્ત્ર-પ્રામાણ્ય તેમજ શ્રુતાભ્યાસીઓને જરૂરી ચિંતનસામગ્રી હાથવગાં મળી રહે એ હેતુથી પ્રત્યેક પ્રકરણના અંતે ટિપ્પણીમાં શાસ્ત્રપાઠો આપ્યા છે. આથી, શાસ્ત્ર-પ્રામાણ્ય ઇચ્છતા વાચકોની અપેક્ષા પણ સંતોષાશે અને જેમને સીધું પ્રવાહબદ્ધ નિરૂપણ રુચિકર છે તેઓ મૂળ લખાણનો આસ્વાદ કશા જ વિક્ષેપ વિના માણી શકશે.

ઋણ-સ્વીકાર: આ પુસ્તક આજે તમારા હાથમાં આવે છે તેમાં મુખ્ય નિમિત્ત રહ્યા છે 'જિનસંદેશ' પાક્ષિકના તંત્રી શ્રી ગુણવંતભાઈ. તેમને ક્યાંકથી ગંધ આવી ગયેલી કે મારી પાસે વર્ષો પૂર્વે લખાયેલા થોડા લેખો અપ્રકટ પડી રહ્યા છે, એટલે તેને 'જિનસંદેશ'માં પ્રકાશિત કરવાની ઉઘરાણી કરતા તેમના પત્રો શરૂ થયા. પરંતુ તેમાં એમને સફળતા ન મળી ત્યારે તેઓ જાતે ભૂજ આવ્યા અને એ લેખો 'જિનસંદેશ'માં પ્રકાશિત થવા દેવાની કબૂલાત મારી પાસેથી મેળવી લીધી. લેખોને આખરી ઓપ આપવાનું ઘણા વખતથી ઠેલાતું રહેલું કામ એ નિમિત્તે હાથમાં લેવાયું અને પૂરું થયું.

આમ 'ધર્મચક્ર'માં પ્રકાશિત થયેલ, આ પુસ્તકના બીજભૂત, મારા પ્રારંભિક લેખોની પ્રેરણાથી માંડી આ પુસ્તક પ્રકટ કરવા સુધીમાં પ્રત્યક્ષ કે પરોક્ષપણે અનેક સ્વજનો તેમાં સહયોગી રહ્યાં છે, એ સૌનો હું અત્યંત ઋણી છું.

—અમરેન્દ્રવિજય

બોમ્બે ગ્રેન ડીલર્સ સેનેટોરિયમ,
તીથલ, જિ૰ વલસાડ, દ૰ ગુજરાત,
30 ઓગસ્ટ '૭૯

# પ્રકાશનની પાર્શ્વભૂમિકા

ધર્મસ્નેહી ભાઈશ્રી,

પ્રણામ.

આ વિચારપ્રેરક ગ્રંથ તમારા હાથમાં મૂકવાનો મંગળ અવસર આજે મને પ્રાપ્ત થયો છે તે પ્રસંગે 'આત્મજ્યોત પ્રકાશન'ની પાર્શ્વભૂમિકાની થોડી વાત તમારી સાથે કરી લેવાની તક લઉં છું.

ધર્મ કરવો જોઈએ એમ હમેશાં મારા મનમાં થયા કરતું હતું; પણ ધર્મ શું છે? અને ધર્મ શું નથી? એ સ્પષ્ટ સમજાતું ન હતું. દક્ષિણ ભારતના છેડે, મદુરા જેવા ક્ષેત્રમાં જ્ઞાની સાધુ-સંતોનાં સત્સંગનો લાભ મળવો દુર્લભ છે. ધર્મમાર્ગનું સ્પષ્ટ માર્ગદર્શન આપે એવા સાહિત્યની પણ જાણકારી ન હતી.

દરમ્યાન, કામ પ્રસંગે મુંબઈ જવાનું થયું. મુંબઈમાં એક સ્નેહીને ઘેર આકસ્મિક 'અચિંત-ચિંતામણિ નવકાર' પુસ્તિકા જોવા મળી. એ પુસ્તિકા મારફત પૂજ્યશ્રી અમરેન્દ્રવિજયજીનો પરોક્ષ સત્સંગ શરૂ થયો.

ત્યાર બાદ તેમનાં પુસ્તકો 'વિજ્ઞાન અને અધ્યાત્મ' 'આત્મજ્ઞાન અને સાધનાપથ' ઈત્યાદિ પ્રત્યક્ષ જ્ઞાની ગુરુ રૂપે મારા માર્ગદર્શક બન્યા, ને મારા જીવનમાં શુભ વળાંક આવ્યો. મહારાજશ્રીનાં દર્શન અને પ્રત્યક્ષ સત્સંગની તક તો, તેઓશ્રી દક્ષિણ ગુજરાતમાં આવ્યા ત્યારેજ હું મેળવી શકયો, પણ એમનાં પ્રેરક અને પથદર્શક સાહિત્ય દ્વારા તેમજ પત્રોની આપ-લે દ્વારા તેઓ સાધનાપથમાં મારી આંગળી પકડીને માર્ગ બતાવનાર રાહબર બન્યા ત્યારથી ધર્મ વિષયક મારી સમજણ અને જીવન પ્રત્યેની મારી દૃષ્ટિ સ્પષ્ટ થઈ અને જીવનમાં ઉપસ્થિત થતા વિવિધ સંઘર્ષો સામે ટકી રહેવાનું બળ મને મળતું રહ્યું.

પૂજ્યશ્રીનાં પુસ્તકો ધર્મની સાચી વૈજ્ઞાનિક સમજ આપનારાં અને રોજિંદા માનવીય વ્યવહારોમાં જરૂરી પથદર્શન તથા પ્રેરણા આપનારાં છે એટલુંજ નહિ, આપણને સુમાર્ગે દોરીને, 'સ્વ'ને જાણતા થવાની પ્રેરણાયે તે આપે છે. આથી, એ પુસ્તકો ઘેર ઘેર પહોંચે એવી ભાવના ઘણા સમયથી મારા મનમાં રમ્યા કરતી હતી, પણ એકલા હાથે એ મંગળ ભાવનાને મૂર્તસ્વરૂપ આપવું મારા માટે શકય ન હતું. મદુરાવાસી શ્રી ગાંગજી કુંવરજી વોરા (કચ્છ સમા-ઘોઘાવાલા) ને એ વાત જણાવતાં, શુભ કાર્યોમાં હમેશાં મોખરે રહેનારા શ્રી ગાંગજીભાઈએ પ્રસ્તુત પુસ્તકોનાં પ્રકાશન

કાર્યમાં દરેક રીતે મદદ કરવા તત્પરતા બતાવી. આથી પ્રોત્સાહિત થઈને, પ્રકાશન, વિતરણ વગેરે ઉત્તમ અને વ્યવસ્થિત થાય તે માટે, શ્રી ગાંગજીભાઈ તથા કેટલાક અન્ય મિત્રોના સાથ-સહકારથી, 'શ્રી વી૦ કે૦ વોરા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના આશ્રય હેઠળ એક પ્રકાશન વિભાગ શરૂ કરી, એ પુસ્તકો પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. પ્રકાશન-વિભાગનું નામ રાખ્યું: 'આત્મજ્યોત પ્રકાશન'.

આ પ્રકાશન યોજના હેઠળ, પૂજ્ય મુનિશ્રીની પુસ્તિકા: 'અચિંત-ચિંતામણિ નવકાર'નું પ્રકાશન સર્વ પ્રથમ હાથમાં લીધું. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી, સાથે સંકળાયેલ ઓલ ઈન્ડિયા પ્રેસની સ્વચ્છ, સુઘડ અને નયનરમ્ય છપાઈ તથા આકર્ષક મુખપૃષ્ઠ સાથે એ પુસ્તિકાની પાંચ હજાર નકલો બહાર પડી, જે બે જ મહિનાના ગાળામાં ખપી ગઈ. પુસ્તિકાની માંગ ચાલુ રહેતાં, તુરત બીજી પાંચ હજાર નકલ છપાવી, જેની થોડીક જ નકલ હવે સિલકમાં રહી છે.

આજે પૂજ્યશ્રીનું બીજું પુસ્તક: 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' 'આત્મ-જ્યોત પ્રકાશન'નાં ઉચ્ચ ધોરણ મુજબના સુરેખ, સુઘડ અને નયનરમ્ય મુદ્રણ, ચિત્તાકર્ષક કવર અને ટકાઉ બાઈન્ડિંગ સાથે તમારા હાથમાં મૂકતાં હું અતિ ઉલ્લાસ અનુભવી રહ્યો છું.

પૂજ્ય મહારાજશ્રીનાં અન્ય પુસ્તકો: 'આત્મજ્ઞાન અને સાધનાપથ,' 'સાધનાનું હૃદય,' 'વિજ્ઞાન અને અધ્યાત્મ' વગેરે પણ આવીજ ઉત્કૃષ્ટ છપાઈ અને સાજ-સજ્જા સાથે ક્રમશ: પ્રકાશિત કરવા અમારી ભાવના છે, એટલુંજ નહિ, એ પુસ્તકોના હિન્દી -અંગ્રેજી વગેરે અન્ય ભાષાઓમાં અનુવાદો પ્રકટ કરવાની મહેચ્છા પણ અમે સેવીએ છીએ સંભવ છે કે તમે આજે આ પુસ્તક દ્વારા જ પૂ. મહારાજ સાહેબના ચિંતન-સભર અને પ્રેરણાદાયી સાહિત્યનો સર્વપ્રથમ વાર પરિચય મેળવી રહ્યા હો; તો, આ પુસ્તક પૂરું વાંચી રહ્યા પછી તમારા અંતરમાં ડોકિયું કરી જોશો: જાણીતા કવિ શ્રી મકરન્દ દવેના શબ્દોમાં કહીએ તો, "જડતાની શિલાઓ ભેદંતું, ભ્રમણાનાં વમળ પાર કરતું સંકુચિતતાની પાળો ભાંગતું, અને અધ્યાત્મચિંતનની ક્ષિતિજો વિસ્તારતું" આ સાહિત્ય વધુને વધુ હાથોમાં પહોંચાડવું જોઈએ એવી ઊર્મિ શું તમારા અંતરમાં નથી ઊઠતી? તમારો જવાબ 'હ'કારમાં જ હશે એવો વિશ્વાસ મારા અનુભવના આધારે હું રાખી શકું છું. આજ સુધી જેમને જેમને મેં આ પુસ્તકો વાંચવા આપ્યાં છે તેમાનાં મોટા ભાગના વાચકોએ આવો પ્રતિભાવ અચૂક દર્શાવ્યો છે. એક પ્રેરક દાખલો આપું: આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની એક નકલ ધર્મસ્નેહી શ્રી ચંદુભાઈ મોહનલાલ શાહ (સી૦એમ૦શાહ) ને મેં પોસ્ટથી અમદાવાદ મોકલાવેલી. થોડા જ વખત પછી એમનો પત્ર મને મળ્યો કે, "આપણે આત્મનિરીક્ષણ કરીશું?" નામનું

પુસ્તક મળ્યું તે એવું રસદાયી જણાયું કે સતત ત્રણ કલાકમાં મેં તેનું પ્રથમ વાંચન પૂરું કર્યું. આજના ડહોળાઈ ગયેલા વાતાવરણમાં આ પુસ્તકનો જેટલો વિશેષ ફેલાવો થાય તેટલો જૈન સમાજને લાભ થાય તેમ છે. ...છેવટમાં, જૈન ધર્મના તમામ ફીરકાઓના તમામ પૂ૰ સાધુ ભગવંતો તથા પૂ૰ સાધ્વીજી ભગવંતો જ્યાં જ્યાં વિચરતા હોય તે દરેક ઠેકાણે એક એક નકલ તો મોકલવીજ રહી." એ પછી, પૂજ્ય મહારાજ સાહેબનો સંપર્ક સાધી, તેઓશ્રીની અનુમતિ મેળવીને, તેમણે પોતાના ખર્ચે એનું પુનર્મુદ્રણ કરાવ્યું અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓને, જ્ઞાનભંડારોને, લાયબ્રેરીઓને અને જિજ્ઞાસુઓને વિના મૂલ્યે એ વહેંચ્યું.

કદાચ પૂજ્ય મહારાજશ્રીનાં પ્રાણવાન પુસ્તકોનો રસાસ્વાદ તમે પૂર્વે માણ્યો હોય, તેમજ તેઓશ્રીનાં પ્રત્યક્ષ સત્સંગ કે પત્રવ્યવહાર દ્વારા તેઓશ્રીનું માર્ગદર્શન પણ મેળવ્યું હોય અને તેના સહારે આત્મવિકાસના પથ પર ઓછી-વત્તી પ્રગતિ યે તમે સાધી હોય. તો, સંભવ છે કે મારી જેમ જ તમે પણ આ પુસ્તકો વધુ ને વધુ હાથોમાં પહોંચે એ માટે કશુંક સક્રિય કરીને પૂજ્યશ્રી પ્રત્યેનું ઋણ અદા કરવા ઉત્કંઠિત હો, પણ એ ભાવનાને મૂર્તસ્વરૂપ કેમ આપવું એ મુઝવણ અનુભવતા હો. તો, પૂજ્યશ્રીનાં પુસ્તકો વિશાળ જનસમૂહ સુધી પહોંચાડવાના અમારા નમ્ર પ્રયાસમાં તમારો ફાળો આપી, સમ્યગ્જ્ઞાનનાં પ્રસારણ-વિતરણના આ પુણ્યકાર્યમાં સહભોગી થવા અમારું તમને પ્રેમભર્યું આમંત્રણ છે.

મને શ્રદ્ધા છે કે શ્રી ગાંગજીભાઈ વોરાંના આર્થિક સહયોગથી રોપાયેલું 'આત્મ-જ્યોત પ્રકાશન'નું આ નાનકડું બીજ, આપ સૌનાં પ્રેમભર્યા સાથ-સહકારથી, સમ્યગ્જ્ઞાનની શીતળ છાયા આપતા વટવૃક્ષ રૂપે વિકસશે.

સ્નેહાધીન

હીરજી ધરોડ

૮/૧, એમ૰ કે૰ લેઈન
મહાલ ત્રીજી ગલી
મદુરાઈ ૬૨૫ ૦૦૧
જૂન ૧૧, ૧૯૮૪

## અનુક્રમ


| | | |
|---|---|---|
| આશીર્વચન | પં૰ કાન્તિવિજયજી ગણિવર | ૭ |
| શુદ્ધ અને સાચા ધર્મનો ધબકાર | અનવર આગેવાન | ૯ |
| પ્રાસ્તાવિક | ... ...લેખક | ૧૧ |
| પ્રકાશનની પાર્શ્વભુમિકા | ... ...પ્રકાશક | ૧૩ |
| અનુક્રમ | | ૧૭ |
| સંદર્ભગ્રંથસૂચિ | | ૨૧ |

### ૧. ધર્મ કે કુલાચાર? ૩-૧૭

ધાર્મિકતા વાસ્તવમાં છે શું? ૪; વિશ્વવાત્સલ્ય, આત્મીયતા: ગુણસંપત્તિનો મૂળસ્રોત ૫; સાધકવૃત્તિ ૬; 'સમકિત'–રત્ન કે કાચનો ટુકડો? ૭; જ્ઞાનીઓની કરુણા ૧૧; સાધકની ધર્મભૂખ ૧૧; આપણા હિતની વાત: આત્મનિરીક્ષણ અને ખોજ ૧૨; પરિશિષ્ટ: અપુનર્બંધક અવસ્થા: સાચી ધાર્મિકતાનો અરુણોદય ૧૩; નિષ્પ્રાણ ધર્મપ્રવૃત્તિ ૧૪; પહેલા પ્રકરણનાં ટિપ્પણો ૧૬.

### ૨. 'નામ વેશસું કામ ન સીઝે' ૧૮-૩૬

આ કસોટી કરીએ ૧૮; જિનાજ્ઞાની પ્રાપ્તિ સુધીનો પંથ ૨૦; –ધર્મના બદલાતા વાઘા અને અચલ આંતર તત્ત્વ ૨૧; –આત્મજ્ઞાની ગુરુનું માર્ગદર્શન અપેક્ષિત ૨૨; આગમોમાં પારંગત, છતાં જિનાજ્ઞાના બોધથી વંચિત! ૨૩; હિંસાથીયે અદકું પાપ: સાંપ્રદાયિક ઉન્માદ ૨૪; રૂપ જૂજવાં પણ 'ન્યાત' એક ૨૫; –એકજ કલ્યાણમાર્ગના યાત્રિકો ૨૫; –ધાર્મિકતાનું ખરું માપ ૨૬; ...તો પાખંડનાયે પગ પખાળ્યા કરીશું! ૨૭; રખે મુક્તિપથના પ્રવેશદ્વારથીય દૂર રહી જવાય ૩૦; બીજા પ્રકરણનાં ટિપ્પણો ૩૩.

### ૩. ધર્મનો પ્રારંભ: અનુકંપા, સેવા, સહાનુભૂતિ, પ્રેમ ૩૭-૫૯

ધર્મપ્રાપ્તિની પૂર્વભૂમિકા ૩૭; ધર્મમાર્ગે પહેલું ડગ ૪૦; 'સ્વાર્થ-વિસર્જન'નો પર્યાય જ 'આધ્યાત્મિકતા' ૪૧; સમકિતીની ઓળખ ૪૨; –ઉપશમ: અપરાધી પ્રત્યે પણ માતૃહૃદય ૪૩; –અનુકંપા વિના તાત્ત્વિક આસ્તિક્ય અસંભવ ૪૪; ધર્મબીજ ૪૫; ધર્મના નામે પોષાતી ભ્રમણા

૪૫ ; અહિંસાની જીવનપદ્ધતિ ૪૭; સ્વાર્થી વ્યક્તિ અહિંસક હોઈ ન શકે ૪૭; પરિશિષ્ટ: સુખસમૃદ્ધિનો મૂળ સ્રોત ૪૯; કુદરતનો અનુલ્લંઘનીય કાયદો ૪૯; આપણી વર્તમાન પરિસ્થિતિનું બીજ ૫૦; કર્મના સિદ્ધાંતને અપનાવવા ઉત્સુક બનેલું પશ્ચિમ ૫૧; આપણા બંધનનું દોરડું ૫૨; સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત ૫૨; કર્મના નિયમથી પર ૫૩; ત્રીજા પ્રકરણનાં ટિપ્પણો ૫૫.

૪. આપણી ધર્મારાધનાની ધરી
—સ્વાર્થ કે વિશ્વપ્રેમ? ૬૦-૮૫

"એને મારશો એ મને મારવા બરાબર છે" ૬૨; 'લૌકિક' અને 'લોકોત્તર' વિષયક એક પ્રચલિત ભ્રાંતિ ૬૪; લોકોત્તર ધર્મની આધારશિલા ૬૫; —ચિત્તશુદ્ધિ ૬૬; —આભાસિક ધર્મપ્રવૃત્તિ ૬૭; 'લૌકિક' અને 'લોકોત્તર'ની સાચી પારાશીશી ૬૮; કર્મવિપાકના ભયથી થતા ધર્મનું સ્થાન ક્યાં? ૬૯; લૌકિક ધર્મનું સમષ્ટિગત મહત્ત્વ અને તેની મર્યાદા ૭૦; અણગારનો પંથ: પ્રેમનો સંકોચ નહિ, પણ વિસ્તાર ૭૨; પરિશિષ્ટ-अ: કોની પ્રશંસા વર્જ્ય—અન્યદર્શનીની કે મિથ્યામતિની? ૭૫; પરિશિષ્ટ-ब: 'લૌકિક' અને 'લોકોત્તર' ધર્મની ભેદરેખા ૮૧; ચોથા પ્રકરણનાં ટિપ્પણો ૮૩.

૫. શ્રી જિનના 'અજૈન' અનુયાયીઓ ૮૬-૧૦૦

"જીભ કચરી નાખનાર દાંતને શું ઉખેડી ફેંકી દેશો?" ૮૭; 'એ તો મારા જ પૂર્વકૃત કર્મનું ફળ' ૮૯; 'ઇશુએ ક્ષમા શિખવી છે, અને હું તેના ઉપદેશમાં માનું છું' ૯૪; પાંચમા પ્રકરણનાં ટિપ્પણો ૯૯.

૬. મુમુક્ષુની બે પાંખ
—વૈજ્ઞાનિકદૃષ્ટિ અને સાધકવૃત્તિ ૧૦૧-૧૨૭

પોતાની સાધનાનું તટસ્થ અન્વેષણ અને મૂલ્યાંકન ૧૦૨; શ્રવણવાંચનમાં જરૂરી સાવધાની ૧૦૩; શ્રુત—સમ્યગ્ કે મિથ્યા બને છે ગ્રાહકના આધારે ૧૦૫; દષ્ટિરાગથી મુક્ત તત્ત્વગ્રાહી તટસ્થ દૃષ્ટિ ૧૦૭; પ્રથમ શું—દાર્શનિક વિવાદ કે સાધના? ૧૦૯; યથાર્થ તત્ત્વબોધ પામવાનો માર્ગ ૧૧૨; સાધકની સમસ્ત ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય ૧૧૪; આપણી ધર્મપ્રવૃત્તિની યથાર્થતાની કસોટી ૧૧૬; છઠ્ઠા પ્રકરણનાં ટિપ્પણો ૧૨૧.

૭. આપણી ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય
—આત્મદર્શન કે અહંવિસ્તાર? ૧૨૮-૧૪૬

મહોરું સમકિતનું, પણ વ્યક્તિત્વ દૃષ્ટિરાગનું ૧૨૯; દૃષ્ટિરાગ, દ્રવ્યસમકિત અને પારમાર્થિક સમ્યગ્‌દર્શન ૧૩૧; ધર્મપ્રવૃત્તિની વિપુલતા કે આત્મસંપત્‌ની વૃદ્ધિ? ૧૩૨; વૃત્તિનું શોધન ૧૩૪; —એ છે આપણા ભાવદારિદ્રયનું પ્રદર્શન! ૧૩૫; આપણી ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય ૧૩૬; નિશ્ચય-વ્યવહારના તાણાવાણા ૧૩૮; આપણે નિજ ભાન ભૂલી રહ્યાં છીએ? ૧૩૯; સાધનાના પ્રાણ: અંતર્મુખતા અને આત્મજાગૃતિ ૧૪૧; સાતમા પ્રકરણનાં ટિપ્પણો ૧૪૪.

શબ્દકોશ ૧૪૭-૧૫૮

મુનિશ્રીની અન્ય કૃતિઓનો પરિચય ૧૫૯
મુનિશ્રીનાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો ૧૬૭

# સંદર્ભગ્રન્થસૂચિ


| ગ્રંથ | કર્તા |
|---|---|
| અધ્યાત્મ-બાવની | યોગીશ્વર ચિદાનંદજી |
| અધ્યાત્મસાર | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી |
| અધ્યાત્મોપનિષદ્ | ” ” |
| અધ્યાત્મ-કલ્પદ્રુમ | શ્રી મુનિસુંદરસૂરિજી |
| અમૃતવેલની સજ્ઝાય | મહો૦ શ્રી યશોવિજયજી |
| આત્મસિદ્ધિશાસ્ત્ર | શ્રીમદ્ રાજચંદ્ર |
| ઉપદેશ-પદ | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી<br>ટીકા—શ્રી મુનિચંદ્રસૂરિજી |
| ઉપદેશ-રહસ્ય—મૂળ તથા ટીકા | મહો૦ શ્રી યશોવિજયજી |
| ઉપમિતિભવપ્રપંચા કથા | શ્રી સિદ્ધર્ષિગણી |
| કુવલયમાલા કથા | શ્રી પ્રદ્યુમ્નસૂરિજી |
| ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ—૧ | મહો૦ શ્રી યશોવિજયજી |
| તત્ત્વાનુશાસન | શ્રી નાગસેનાચાર્ય |
| તત્ત્વાર્થસૂત્ર | શ્રી ઉમાસ્વાતિ વાચક |
| દશવૈકાલિક સૂત્ર | શ્રી શય્યંભવાચાર્ય |
| દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ | મહો૦ શ્રી યશોવિજયજી |
| દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા—મૂળ તથા ટીકા | ” ” |
| ધર્મબિન્દુ | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી |
| નંદીસૂત્રવૃત્તિ | શ્રી મલયગિરિજી મહારાજ |
| નયોપદેશ | મહો૦ શ્રી યશોવિજયજી |
| નયામૃત તરંગિણી | ” ” |
| પરમાત્મપંચવિંશતિકા | ” ” |
| શ્રી પન્નવણા સૂત્ર | શ્રી શ્યામાચાર્ય |
| પંચસૂત્ર | અજ્ઞાત |
| પંચલિંગી પ્રકરણ | શ્રી હરિભદ્રસૂરિજી |
| પંચાધ્યાયી | અજ્ઞાત |
| પ્રશમરતિ પ્રકરણ | શ્રી ઉમાસ્વાતિ વાચક |
| ભગવતી સૂત્ર | સંકલન: શ્રી ભદ્રબાહુસ્વામી<br>વૃત્તિ—શ્રી અભયદેવસૂરિજી |
| ભગવદ્ ગીતા | મહર્ષિ વ્યાસજી |

| | |
|---|---|
| મહાનિશીથ સૂત્ર | સંકલન : આચાર્ય હરિભદ્રસૂરિજી |
| યતિધર્મ-બત્રીસી | મહો૦ શ્રી યશોવિજયજી |
| યોગદૃષ્ટિ-સમુચ્ચય | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી |
| યોગશતક | ” ” |
| યોગબિન્દુ | ” ” |
| યોગશાસ્ત્ર—મૂળ અને ટીકા | શ્રી હેમચંદ્રાચાર્ય |
| યોગસાર | અજ્ઞાત |
| યોગદૃષ્ટિની સજ્ઝાય | મહો૦ શ્રી યશોવિજયજી |
| વિશેષાવશ્યકભાષ્ય | શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ |
| વિંશતિ-વિંશિકા | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી |
| વૈરાગ્ય-કલ્પલતા | મહો૦ શ્રી યશોવિજયજી |
| સમાધિવિચાર | અજ્ઞાત (ગુજરાતી રૂપાંતર : બેચરદાસ ભગવાનદાસ) |
| સંમતિતર્ક | શ્રી સિદ્ધસેન દિવાકર |
| સંબોધસત્તરી | શ્રી જયશેખરસૂરિજી |
| ૧૨૫ ગાથાનું સ્તવન | મહો૦ શ્રી યશોવિજયજી |
| ૩૫૦ ગાથાનું સ્તવન | ” ” |
| શ્રાદ્ધવિધિ પ્રકરણ | શ્રી રત્નશેખરસૂરિજી |
| ષોડશક પ્રકરણ | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી<br>ટીકા—(૧) મહો૦ શ્રી યશોવિજયજી<br>(૨) શ્રી યશોભદ્રસૂરિજી |
| હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા | અજ્ઞાત |
| જ્ઞાનસાર | મહો૦ શ્રી યશોવિજયજી |

*

આવશ્યક નોંધ :

પ્રકરણોના અંતે આપેલ ટિપ્પણોમાં 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના જે શ્લોક નંબર આપ્યા છે તે અંગે ગેરસમજ ટાળવા વાચકોનું ધ્યાન એ હકીકત પ્રત્યે દોરવું જરૂરી છે કે, એ ગ્રંથ સંવત ૧૯૯૬માં જૈન ગ્રન્થપ્રકાશક સંસ્થા, અમદાવાદ તરફથી પ્રતાકારે છપાયો છે તેમાં શ્લોક નંબર ૧૦૪ની ટીકા શ્લોક નંબર ૧૦૩ની ટીકા સાથે છપાઈ ગઈ છે અને મૂળ શ્લોક છૂટી ગયો છે; અને નંબર ૧૦૫ બેવડાયો છે. આથી, શ્લોક નંબર ૧૦૫ પછીના એ પ્રતના શ્લોક નંબરમાં બે ઉમેરતાં સાચો શ્લોક નંબર—અહીં છે તે મુજબ—મળશે.

—લેખક

આપણે
આત્મનિરીક્ષણ
કરીશું ?

## આર્ષ વાણી

કોઇ કહે અમે લિંગે તરશું, જૈન લિંગ છે વારુ;
તે મિથ્યા, નવિ ગુણ વિણ તરિયેં, ભુજ વિણ ન તરે તારુ રે.

—સાડીત્રણસો ગાથાનું સ્તવન, ઢાળ, ૧, ગાથા ૧૧૮.

*

પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘહેલો;
ઉનકું જૈન કહો કયું કહીએ, સો મૂરખમેં પહેલો.
પરમગુરુ ! જૈન કહો કયું હોવે ?

—ઉપા૦ યશોવિજયજી કૃત પદ.

*

કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ.

—સવાસો ગાથાનું સ્તવન, ઢાળ ૩, ગાથા ૨૭.

आवश्यकादिरागेण, वात्सल्याद्भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि, न याति परमं पदम् ।।
ज्ञानयोगस्तपः शुद्ध-मात्मरत्येकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनीभावा-त्स मोक्षसुखसाधकः ।।

—અધ્યાત્મસાર, યોગાધિકાર, શ્લોક ૪-૫.

*

तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ।।
खद्योतकस्य यत्तेज-स्तदल्पं च विनाशि च ।
विपरीतमिदं भानो-रिति भाव्यमिदं बुधैः ।।

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૨૨૩-૨૨૪.

# ૧
# ધર્મ કે કુલાચાર?

'ધરમ' 'ધરમ' જગ સહુ કરે, પણ તસ ન લહે મર્મ;
શુદ્ધ ધર્મ સમજ્યા વિના, નવિ મિટે તસ ભર્મ.

—સમાધિ-વિચાર, દુહો ૨૫૬.

અન્ન, વસ્ત્ર અને ઘર જીવનની મૂળભૂત જરૂરિયાતો મનાય છે. પણ એ જરૂરિયાતો સંતોષાઈ જતાં માનવીનું જીવન સુખચેનભર્યું બની રહે છે એવું દેખાતું નથી. આપણે જોઈએ છીએ કે સુખી–સમૃદ્ધ લોકોનાં જીવનમાં પણ દુ:ખ, વેદના, ચિંતા, ભય, વિષાદ, બેચેની હોય છે.

આજે ટોચના મનોવૈજ્ઞાનિકો એ વાત ઉચ્ચારી રહ્યા છે કે શાંત, સ્વસ્થ અને સંવાદી જીવન માટે માણસને રોટલા અને ઓટલા જેટલી જ ધર્મની પણ આવશ્યકતા છે. એક વિશ્વવિખ્યાત મનોચિકિત્સક કહે છે કે મારી પાસે ચાળીસ વર્ષની ઉંપરની ઉંમરના જે કોઈ રોગીઓ આવ્યા તેમાંથી ભાગ્યે જ કોઈ એવા હશે, જેમની ચિકિત્સા માટે એમની ધાર્મિક દૃષ્ટિનો વિકાસ કરવાની જરૂર ન પડી હોય. એ દરેક વ્યક્તિ માત્ર એટલા માટે જ માનસિક રોગનો ભોગ બની હતી કે, ધાર્મિક દૃષ્ટિકોણવાળા માણસોને જે માનસિક' ખોરાક આપોઆપ મળી રહે છે તે તેને મળ્યો નહોતો. એ રોગીઓમાંથી જેઓ ધાર્મિક દૃષ્ટિકોણ વિકસાવી શકયા તેઓ જ સાજા થઈ શકયા, બાકીના નહિ.

શાંત, સંતુષ્ટ, સ્વસ્થ અને પ્રસન્ન ચિત્ત એ ધર્મમય જીવનનું વરદાન છે. કિંતુ, ઘણીવાર આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો વર્ષોથી વ્રત-નિયમ, તપ-ત્યાગ અને ધાર્મિક ક્રિયાકાંડ કરી રહ્યાં હોવા છતાં ચિંતા, ભય, દ્વેષ, વિષાદથી વ્યાકુળ જ રહ્યાં હોય છે; અભય, અદ્વેષ, અખેદ આદિ દૈવીસંપત્‌ની પ્રભા એમના જીવનમાં દેખાતી નથી. ત્યારે પ્રશ્ન થાય કે દીર્ઘકાળથી ધર્મારાધના કરતા હોવા છતાં એ લોકોનાં જીવન તેના મંગળ સ્પર્શથી અસ્પૃષ્ટ કેમ રહી જાય છે?

આ પ્રશ્નનું મૂળ ધર્મ વિશેની ભ્રાંત, ધૂંધળી કે અધુરી સમજમાં છે; ધર્મ વાસ્તવમાં શું છે એની સાચી ને સુસ્પષ્ટ સમજણ માણસને લાધે તો તેની આ ગૂંચ સ્વયં ઉકલી જાય છે.

## ધાર્મિકતા વાસ્તવમાં છે શું?

સામાન્ય જનસમૂહ વ્રત-નિયમ અને ક્રિયાકાંડના આચરણ સાથે ધાર્મિકતાને સાંકળે છે. વ્યક્તિ કયા ધાર્મિક અનુષ્ઠાનો કરે છે, કેટલી માત્રામાં કરે છે અને અને તે કેવી રીતે કરે છે તેના ઉપરથી તે તેની ધાર્મિકતાનો આંક મૂકે છે; પરંતુ જ્ઞાનીઓ ધાર્મિકતાને કેવળ ક્રિયાકાંડ અને વ્રત-નિયમ સાથે નહિ, પણ સ્વાર્થવિસર્જન સાથે સાંકળે છે: આ વાત ધર્મની પ્રાપ્તિ માટે પાયાની યોગ્યતારૂપે જે ગુણવિકાસ શાસ્ત્રકારોએ આવશ્યક માન્યો છે[1] તેનું પરિશીલન કરતાં ઊપસી આવે છે.

આટલી આત્મનિર્મળતા જેનામાં આવી હોય તે આત્માઓનું મુખ્ય લક્ષણ છે: દુ:ખી પ્રત્યે અંતરમાં અત્યંત કરુણા અને ઔચિત્યપૂર્ણ સર્વ પ્રવૃત્તિ. ધર્મ માટેની એ પ્રારંભિક પાત્રતાવાળા આત્માઓને જૈન પરિભાષામાં 'અપુનર્બંધક'* કહે છે. 'અપુનર્બંધક'ની ગુણસંપત્તિમાં કરુણા-દયા ઉપરાંત ઔદાર્ય, દાક્ષિણ્ય (સહકારની ભાવના), મધ્યસ્થતા, અભય, મોક્ષમાર્ગની અર્થિતા અર્થાત્ મુમુક્ષા તથા મોહની પકડમાંથી મુક્ત થવાની ઇચ્છામાંથી જન્મતી બંધમોક્ષનાં કારણોની સૂક્ષ્મ વિચારણા અને બંધ-મોક્ષનું રહસ્ય પામવાની તત્પરતા તરી આવે છે.** મોક્ષનું નિશાન લઈને જ એ ધર્મપ્રવૃત્તિ કરતા હોય છે; જાતે કશો વિચાર કર્યા વિના, ટોળાની સાથે ભળીને ગતાનુગતિકપણે પ્રવાહમાં ઘસડાતા રહીને નહિ.

તટસ્થ રહી આત્મનિરીક્ષણ કરનાર વ્યક્તિ આ લક્ષણો દ્વારા પોતાની કસોટી કરી શકે કે તેની ગતિ મોક્ષ તરફની છે કે ભવભ્રમણના ચક્રને જ વેગ આપનારી છે? અર્થાત્, પોતાને ધર્મની પ્રાપ્તિ થઈ છે કે નહિ એનો વિચાર કરતી વખતે, શ્રેયાર્થીએ એ ચકાસણી કરવી રહી કે ઉપર્યુક્ત ગુણો પોતાનામાં પ્રગટ્યા છે કે નહિ?

* આવા અન્ય પારિભાષિક શબ્દોના અર્થ માટે જુઓ પુસ્તકના અંતે આપેલ શબ્દકોશ.

** જુઓ પ્રકરણના અંતે આપેલ પરિશિષ્ટ.

અપુનર્બંધક આત્માઓ તો, કુરૂપ કાદવમાંથી સુંદર-સુગંધી-નિર્મળ કમળ સર્જતા કમળના બીજની જેમ, માત્ર ધર્મપ્રવૃત્તિ દ્વારા જ નહિ પણ ઔચિત્યપૂર્ણ તેમના અન્ય જીવનવ્યવહાર દ્વારા પણ શુચિતા તરફ ગતિ કરતા રહે છે.

## વિશ્વવાત્સલ્ય, આત્મીયતા : ગુણસંપત્તિનો મૂળસ્રોત

અન્યત્ર કહ્યું છે કે, મોક્ષાર્થી શાંત, દાન્ત, ગંભીર અને વિશ્વવત્સલ હોય; અર્થાત્ સમસ્ત વિશ્વ સાથે તે આત્મીયતા અનુભવતો હોય. અપુનર્બંધક આત્માના અંતરમાં 'વસુધૈવ કુટુમ્બકમ્' ભાવનો ઉદય થઈ રહ્યો હોવાથી જ ઔદાર્યાદિ ગુણો તેનામાં વિકસતા જતા હોય છે.

જગતના જીવો સાથે આત્મીયતાના ભાવનો અંતરમાં ઉદય થતાં તેની સાથે ઔદાર્યાદિ સ્વયં પાંગરે છે. ઉદારતાનો માપદંડ દાન નથી, મન છે. દાનમાં જ માત્ર નહિ પણ બીજા સાથેના સર્વ વ્યવહારમાં અંતરની ઉદારતા કે કૃપણતા-ક્ષુદ્રતા છતી થાય છે. બીજાની ત્રુટી, ક્ષતિ, સ્ખલના, ભૂલ કે અપરાધ પ્રત્યે ઉદારદિલ વ્યક્તિનો પ્રતિભાવ ક્ષમા અને સહાનુભૂતિભર્યો હોવાનો, જ્યારે અનુદાર વ્યક્તિ અસહિષ્ણુતા, ઘૃણા કે દ્વેષ વ્યકત કરશે કે તરત બદલો લેવા ખડી થઈ જશે.

જે મનમાં જગતના જીવો પ્રત્યે પ્રેમ છે, સહાનુભૂતિ છે એ મન દ્વારા સહજ રીતે જ કરુણા, દયા, ઉદારતા વ્યકત થવાની. જ્યાં પ્રેમ હોય છે ત્યાં માણસ આપીને આનંદ અનુભવે છે. પ્રેમપાત્ર માટે ઘસાવામાં મહેનત નથી કરવી પડતી. પ્રેમ હોય ત્યાં ક્ષમા, ઉદારતા, સહાનુભૂતિ સહજ આવે છે. પોતાના પરિવારની વ્યક્તિઓ જ માત્ર નહિ પણ જીવમાત્ર પોતાના પરમ સ્નેહી છે એ વાત જેને હૈયે વસી જાય એ જ ખરેખર ઉદાર બની શકે. એનું નાનામાં નાનું કામ ઔદાર્યથી સુવાસિત હોવાનું.

પોતાના અંતરમાં ઔદાર્યાદિ ગુણોનો ઉદય અને વિકાસ થઈ રહ્યો ન હોય તો જૈન કુળના આચાર કે ધર્માનુષ્ઠાનોની બાહ્ય પ્રવૃત્તિ માત્રથી લોકોત્તર યાને મુક્તિસાધક ધર્મની પોતાને પ્રાપ્તિ થઈ હોવાનું માનવું એ કેવળ ભ્રાન્તિ છે.

ઉપર્યુક્ત ગુણો વિના પૂજા, સામાયિક અને દાનાદિ ક્રિયાઓ એ

માત્ર કુલાચાર છે—જૈનકુલનો આચાર માત્ર છે. જૈનકુલમાં જન્મ પામવા છતાં જેને એ કલ્યાણપ્રદ આચાર પ્રત્યે પણ અરુચિ છે તે કદાચ ધર્મવિમુખ હોઈ શકે, પણ એ કુલાચારનું પાલન કરનારાં બધા સાચા અર્થમાં ધર્મી જ છે એવું યે નથી. આ હકીકત, ધર્મમાર્ગે પા પા પગલી માંડનાર અપુનર્બંધક આત્માની ગુણસમૃદ્ધિનો નિર્દેશ આપતાં શાસ્ત્રવચનોમાંથી ઊપસી આવે છે.*

## સાધકવૃત્તિ

આ જાણ્યા પછી કેટલાક આરાધકો ક્ષણભર થંભી આત્મનિરીક્ષણ કરવા લાગે છે. પરંતુ બીજા કેટલાક એવા હોય છે કે જે કુળપરંપરાથી કે રૂઢિથી પ્રાપ્ત ધર્માનુષ્ઠાનો અને ક્રિયાકાંડના આચરણથી સંતુષ્ટ રહે છે. એ ઉપાસક વર્ગ છે. પૂજા, સામાયિક, તપ, જપ કે દાનાદિ કર્યાં તો એને સંતોષ રહે છે કે મેં ધર્મની આરાધના કરી છે. પરંતુ આ બધું કરવા માત્રથી સાધકને સંતોષ થતો નથી. દેવદર્શન, મુનિવંદન, દાન, પૂજા, તપ, જપ, સામાયિકાદિ આરાધના કર્યા પછી તે પોતાનું નિરીક્ષણ કરતો રહે છે કે કાલ કરતાં આજે હું કાંઈક આગળ વધ્યો કે નહિ ? કાલ કરતાં આજે મારી વૃત્તિઓમાં કેટલો ફરક પડ્યો ? આત્મ-શુદ્ધિનો પ્રત્યક્ષ અનુભવ કરવાની એને પ્રબળ ઇચ્છા હોય છે. ક્રિયા કર્યા પછી પોતાની પ્રકૃતિમાં કંઈ સુધારો ન અનુભવાય—પોતાનાં સ્વાર્થ, લોભ, તૃષ્ણા, આસક્તિ આદિમાં ક્યાંય ઘસારો ન અનુભવાય તો એને જંપ વળતો નથી—એને ચેન પડતું નથી. એ સાધક વર્ગ છે.

શ્રી સિદ્ધગિરિની યાત્રાએ ગયા, પગપાળા ગિરિરાજ ચડ્યા, ગભા-રામાં પહોંચ્યા, દાદાનાં દર્શન કર્યાં—એથી યાત્રા થઈ ગયાનો સંતોષ ઉપાસક માણી શકે છે. પણ ગિરિરાજ ચડ્યા, પ્રભુનાં દર્શન-પૂજા કર્યાં એટલા માત્રથી સાધકને સંતોષ નથી થતો. એના મનમાં તો વિચાર ઘોળાય છે કે હું અહીં સુધી આવ્યો, શ્રી સિદ્ધગિરિ જેવા પરમપાવન તીર્થના પવિત્ર વાતાવરણમાં પેઠો, કરુણા અને પ્રશમરસથી ભરપૂર પ્રભુની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવવાનો મંગળ અવસર મને પ્રાપ્ત થયો—આવી અનુપમ

* જુઓ પ્રકરણના અંતે આપેલ પરિશિષ્ટ.

સામગ્રી મળી—તો કંઈક અપૂર્વ ભાવોલ્લાસ જાગવો જોઈએ, હર્ષાશ્રુની ધારા વહેવી જોઈએ, પણ એવું તો કશું થયું નહિ! એને યાત્રા અપૂર્ણ લાગે છે.

ઉપાસક વ્યવહારપ્રધાન હોય છે, સાધક નિશ્ચયપ્રધાન હોય છે. ધર્મનાં માત્ર બાહ્ય અનુષ્ઠાનો જોઈને 'અહીં ધર્મ છે' એમ વ્યવહારનય સ્વીકારે છે, કે સાધુનો વેષ માત્ર જોઈને 'આ સાધુ છે' એમ તે માને છે; પણ નિશ્ચયનય બહારના આકારને વીંધી અંતસ્તલ કેવું છે તેની કસોટી કરે છે.

તેથી સાધકને ધર્મની ક્રિયા માત્રથી કે વેશ માત્રથી 'હું ધર્મી છું' કે 'હું સાધુ છું' એવો સંતોષ થતો નથી. એ પ્રશ્ન કરે છે—આત્મ-નિરીક્ષણ કરે છે કે "મારી પાસે ધર્મક્રિયા તો છે પણ અંતરમાં ભાવ કેવો છે? વેશ તો છે પણ વૃત્તિ કેવી છે?" એનું આત્મનિરીક્ષણ સતત ચાલુ જ રહે છે, તેથી ઉપાસકની જેમ ક્રિયામાત્રથી તે નિરાંત નથી અનુભવી શકતો.

દવા લીધા પછી રોગ મટે છે કે નહિ તેની પ્રતીક્ષા દરદી સતત કરતો રહે છે. દવા લેવા છતાં રોગનાં ચિહ્નો મોળાં ન પડે તો એ દવા બદલે છે, કોઈ નિષ્ણાત દાકતરની સલાહ લે છે; તેમ ધર્મઔષધનું સેવન કરવા છતાં ભવરોગ મોળો પડતો ન દેખાય તો સાધકને ચિંતા થાય છે. ભાવારોગ્યની પ્રાપ્તિ તે ઝંખતો હોય છે એટલે તે એ અન્વેષણ કર્યા વિના રહી શકતો નથી કે પોતે સેવન કરી રહેલ ઔષધ, તેની સેવનવિધિ અને પથ્ય બરાબર છે કે તેમાં કાંઈ ભૂલ થાય છે?

## 'સમકિત'—રત્ન કે કાચનો ટુકડો?

સામાન્યતઃ દરેક ધર્મના અને દરેક મતના અનુયાયીઓ પોતાને મળેલ વિચારધારા અને સાધનાપદ્ધતિને સર્વાંગસંપૂર્ણ માનતા હોય છે. તે દરેકનો દાવો હોય છે કે તેની જીવનશૈલી અને ક્રિયાકાંડ જ મુક્તિએ લઈ જાય. પણ તે દરેકની દિનચર્યા અને ક્રિયાકાંડમાં કેટલું બધું અંતર દેખાય છે!

હિન્દુ, જૈન, બૌદ્ધ, મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મ–પંથના અનુ-યાયીઓની દિનચર્યા અને અનુષ્ઠાનોમાં રહેલ વૈવિધ્યની વાત બાજુએ મૂકીએ, પણ જૈનોના વિવિધ સંપ્રદાયોની દિનચર્યા અને અનુષ્ઠાનો પણ

એકસરખાં નથી. મૂર્તિપૂજક કુટુમ્બમાં જેનો ઉછેર થયો છે તે વ્યક્તિને એક દિવસ પૂજા ન થાય તોય તે તેને ખટકે છે. સ્થાનકવાસી જીવનભર પ્રભૂપૂજા નહિ કરે છતાં એને કશું ખૂટતું નહિ લાગે. મૂર્તિપૂજાનો સ્વીકાર અને આદર કરનારા પણ પૂજાની ભિન્ન ભિન્ન પદ્ધતિનો આગ્રહ રાખે છે. એક રાજવી ઠાઠમાં જિનબિંબ જોઈને તોષ અનુભવે છે, બીજો ધ્યાનસ્થ મુદ્રામાં સ્થિત નિર્વસ્ત્ર જિનબિંબનાં જ દર્શન-પૂજનનો આગ્રહી છે. તો કોઈને ગળથૂથીમાં જ એ સંસ્કાર મળે છે કે "દયા-દાન એ સંસાર-વૃદ્ધિનું કારણ છે! આપણા પંથનાં સાધુ-સાધ્વી સિવાયના કોઈને ય અન્ન-પાણી-ઔષધ આદિ આપવાં એ પાપ છે!"

ઉપાસક કોટિના આરાધકો પોતાને કુળપરંપરાથી પ્રાપ્ત થયેલ આચારમાં કોઈ પ્રશ્ન ઉઠાવતા નથી. તેઓ તેમનું જીવન એક નિયત ઘરેડ મુજબ પસાર કરે છે. જેમ મધ્યમવર્ગની એક ગૃહિણી. તે સવારે સૌથી વહેલી ઊઠે, પાણી ભરે, ચૂલો પેટાવે, વાસીદું કાઢી નાંખે, ચા-નાસ્તો તૈયાર કરી નિશાળે જતાં બાળકોને નિશાળે જવા માટે તૈયાર કરે, ઈત્યાદિ. એ જ રીતે વેપારીને, વિદ્યાર્થીને, મજૂરને પોતપોતાની આગવી ઘરેડ હોય છે. પોતપોતાની નિયત ઘરેડ મુજબ એ દરેકનું જીવન વહ્યે જતું હોય છે તેમ જે તે મત-પંથનાં ધાર્મિક ગણાતાં અનુયાયીઓનું જીવન પણ તે જે મત-પંથનાં હોય તદનુસાર માત્ર એક વિશિષ્ટ ઘરેડમાં જ પસાર થતું હોય—જીવન પ્રત્યેના એમના દૃષ્ટિકોણમાં કે એમનાં જીવન-મૂલ્યોમાં એનાથી કોઈ પરિવર્તન આવ્યું ન હોય—તો યે તેઓ દૃઢતાપૂર્વક એમ માનતાં થઈ જાય છે કે તેઓ સાચા મુક્તિપથમાં પ્રતિષ્ઠિત થઈ ચૂકયાં છે.

ઉદાહરણ તરીકે, એક જૈન સવારે હાથમાં ચોખાનો વાટવો લઈને દેરાસરે દર્શન કરવા જાય છે, ધર્મમાં તે વધુ દૃઢ હોય તો વહેલો ઊઠીને પહેલાં પ્રતિક્રમણ કરે છે, પછી દેરાસરે દેવદર્શન કરે છે, ઉપાશ્રયે જઈ ગુરુવંદન કરી ગુરુ પાસે પચ્ચક્ખાણ લે છે, ઘેર આવીને નવકારશી કરે છે, ચા-નાસ્તો લઈ સ્નાનાદિથી પરવારી પૂજા કરવા ફરી દેરાસરે જાય છે કે ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા બેસે છે. એ પછી તે પોતાની વ્યાવહારિક દિનચર્યામાં પરોવાઈ જાય છે. એમાં તે એવો ઓતપ્રોત બની રહે છે કે સાંજે તે પ્રતિક્રમણ કરવા ન બેસે ત્યાં સુધી એને પોતાને

કે એના સંપર્કમાં આવનાર કોઈનેય એવું લાગે જ નહિ કે એ ધાર્મિક જીવ છે! એનો જીવનવ્યવહાર ધર્મશ્રદ્ધારહિત વ્યક્તિના જેવો જ હોય છે છતાં, જૈનકુળના કેવળ ઉપર્યુક્ત આચારપાલનને જ ધર્મતત્ત્વની સ્પર્શના સાથે સાંકળી લઈને તે એમ માનતો થઈ જાય છે કે તેને સમકિતની પ્રાપ્તિ થઇ ગઈ છે. "દૃષ્ટિરાગ રુચિ કાચ, પાચ સમકિત ગણું..." આ પંક્તિમાં પૂર્વાચાર્યોએ આ ભ્રાન્ત અવસ્થાનો નિર્દેશ કર્યો છે. પોતાના માનેલા મત-પંથ પ્રત્યેની, મમત્વ પ્રેરિત આંધળી શ્રદ્ધા કે ભક્તિને જ અબોધ આત્માઓ સમ્યગ્દર્શન સમજી લે છે, જ્ઞાનીઓ એને 'દૃષ્ટિરાગ' કહે છે.

સમ્યગ્દર્શન એ તો એક અનુપમ ઉપલબ્ધિ છે. એ એક અનુભવ છે. માત્ર કોઈ ધર્મ, પંથ કે સંપ્રદાયનો ઔપચારિક સ્વીકાર કરી લેવાથી તે પ્રાપ્ત થઈ જતો નથી; કે કોઈ એક મતપંથનાં અનુષ્ઠાનો અને ક્રિયાકાંડ કરવા માત્રથી એ અનુભવનો માનવી અધિકારી બની જતો નથી; સ્વાર્થ. ઈર્ષ્યા, દ્વેષ, સંકુચિતપણું વગેરે કનિષ્ઠ મનોવૃત્તિઓ, ક્ષુદ્ર વાસનાઓ, કામનાઓ, પૂર્વગ્રહો અને દેહાત્મભાવથી માણસ જ્યારે ઉપર ઊઠે છે ત્યારે જ તે આ અનુભવ પામી શકે છે. શુદ્ધ ચૈતન્યનું પોતાને પોતામાં સંવેદન—અર્થાત્ અપરોક્ષ અનુભવ—એનું જ નામ સમ્યગ્દર્શન.*3

એની ઉપલબ્ધિ થતાં જીવને નિજના નિરુપાધિક સહજ ઐશ્વર્યનું ભાન થાય છે. આથી, ઘરઆંગણે જ નવનિધિ પ્રગટે તે વખતે જે તોષ અનુભવાય એના કરતાં યે અધિક તોષ અને તૃપ્તિ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં અનુભવાય છે. માટે જ શાસ્ત્રકારોએ એને અણમોલ રત્ન સાથે સરખાવેલ છે. એને અમૃતની ઉપમા પણ આપી છે. એની તુલનામાં સ્વકુળના આચારની ઉપર્યુક્ત આંધળી રુચિ–દૃષ્ટિરાગ એ તો કાચ છે. એ કાચના ટુકડાને અજ્ઞાન જીવ અણમોલ પાચ રત્ન (પન્ના emerald) માની, પોતે સમકિત રૂપ અમૂલ્ય નિધાનનો માલિક છે એ ભ્રાન્તિમાં રાજી રહે છે.

રત્નનું પાણી પરખનાર અનુભવી ઝવેરીને જીવોની આ દશા જોઈને

*આ મુદ્દાની વિસ્તૃત અને વિશદ છણાવટ માટે જુઓ લેખકકૃત: 'સ્વાનુભૂતિ અને સમ્યગ્દર્શન' નામની પુસ્તિકા, અથવા 'આત્મજ્ઞાન અને સાધનાપથ' ગ્રંથનું ત્રીજું અને ચોથું પ્રકરણ.

કરુણા ઊપજે છે, પણ તેઓ મૌન રહે છે. પ્રશ્ન થાય કે તો પછી એ અનુભવીઓ—જ્ઞાનીઓ અજ્ઞાન જીવોને ચેતવતા કેમ નથી? એની પાછળ એક રહસ્ય છે. એક નાનકડા દૃષ્ટાંતથી એ સ્પષ્ટ સમજાશે.

એક ધનાઢ્ય ઝવેરી હતો. પાછલી વયે એને એક પુત્ર થયો, પણ સ્થિતિ પલટાઈ ગઈ; ધન ગયું. છોકરો ચાર-પાંચ વર્ષનો થયો. શેઠ બીમાર પડ્યા. શેઠને મૃત્યુ નિકટ લાગ્યું. પોતાના મૃત્યુ પછી સ્ત્રી હિંમત હારી ન બેસે તે માટે એમણે એક યુક્તિ કરી. પત્નીને એક રત્ન આપીને કહ્યું કે, 'હું તો હવે ઘડી બે ઘડીનો મહેમાન છું. આ રત્ન સાચવીને મૂકજો. આપત્તિ આવે ત્યારે મારા મિત્ર—અમુક શેઠ પાસે જઈ આ રત્ન વટાવી લેજો.' પત્નીને ધરપત વળી. દિવસો ઉપર દિવસો અને વર્ષ પર વર્ષ વીતી ગયાં. છોકરો ચૌદ વર્ષનો થયો. નાણાંભીડ વધી. શેઠાણીએ છોકરાને તેના પિતાએ સોંપેલ રત્ન કાઢી આપ્યું અને પિતાના મિત્ર પેલા શેઠ પાસે જઈ વેચી દેવા જણાવ્યું.

શેઠે રત્ન હાથમાં લઈ, તે તરત છોકરાને પાછું આપ્યું અને કહ્યું કે, 'હમણાં બજારમાં મંદી છે, નાણાંની બહુ તંગી હોય તો થોડા રૂપિયા હમણાં મારી પાસેથી લઈ જાઓ. બજાર સુધર્યા પછી રત્ન વેચીશું.'

હવે છોકરો એ શેઠની દુકાને બેસે છે, અનુભવ લે છે. થોડા વખતમાં તો એ કાબેલ ઝવેરી બને છે. એક દિવસ શેઠે કહ્યું કે, 'હવે પેલું રત્ન લાવજો.' છોકરાએ મા પાસેથી રત્ન લીધું. પણ આ શું? જુએ છે તો કાચનો ટુકડો!

છોકરાએ દુકાને જઈ શેઠને બધી વાત કરી. શેઠ કહે, 'મને તો તે દિવસે જ આ સમજાયું હતું. પરંતુ તે વખતે તને હું એ વાત કરત તો મારા ઉપર વિશ્વાસ ન બેસત. તને અને તારી માને શંકા થાત કે શેઠની દાનત બગડી લાગે છે. રત્નની પૂરી કિંમત આપ્યા વિના એ પડાવી લેવું છે. એટલે ભવિષ્યમાં યોગ્ય સમયે ફોડ પાડવો એમ વિચારી, તે વખતે હું ચૂપ રહ્યો; જેથી મારા ઉપરનો તમારો વિશ્વાસ ટકી રહે, ને તે અવસરે મારી સહાય, સાચી સલાહ અને આશ્વાસન તમને સ્વીકાર્ય રહે. અન્યથા, તમે તે વખતે જ મારાથી વિમુખ બની ગયાં હોત અને, સાચી પરિસ્થિતિનું ભાન હું તમને ક્યારેય કરાવી ન શકત.'

## જ્ઞાનીઓની કરુણા

તેમ ધર્મરત્નને પારખનાર ઝવેરીઓ—જ્ઞાનીઓ, અનુભવીઓ કરુણાબુદ્ધિથી મૌન સેવે છે. જીવને તેની અજ્ઞાન અવસ્થામાં જો તેઓ કહે કે, 'ભાઈ! તું જેને સમકિત રત્ન માની બેઠો છે તે તો. દૃષ્ટિરાગરૂપી કાચ છે!' તો અજ્ઞાન જીવ ઝવેરીને જ ચોર ગણી કાઢે અને સાચા ધર્મની હાંસી ઉડાવે.

न वेत्ति यो यस्य गुणप्रकर्षं, स तस्य निन्दां सततं करोति ।
यथा किराती करिकुंभजातां, मुक्तां परित्यज्य बिभर्ति गुंजाम् ॥

ભીલડી ગજમૌક્તિકને નકામો પથરો સમજી ફેંકી દે છે અને ચણોઠીના આભૂષણો બનાવી તે પહેરીને રાજી થાય છે; તેમ અજ્ઞાન અવસ્થામાં જીવ પારમાર્થિક ધર્મની અવજ્ઞા કરી પાપમાં ન પડે, એ કરુણાબુદ્ધિથી જ્ઞાનીઓ ચૂપ રહી રાહ જુએ છે—યોગ્ય કાળની.

પોતે કરી રહેલ આરાધનામાં કંઈ ખામી છે, એ વાત સાંભળવા જેટલી મધ્યસ્થ બુદ્ધિ અને એના ઉપર શાંત ચિત્તે વિચાર કરવાની વૃત્તિ, જીવમાં ન દેખાય ત્યાં સુધી જ્ઞાનીઓ—અનુભવીઓ ચૂપ રહેવામાં સાર જુએ છે.

## સાધકની ધર્મભૂખ

પરંતુ, સાધકવૃત્તિવાળો આત્મા અજ્ઞાન-અંધકારમાં લાંબો સમય રહી નથી શકતો. ગતાનુગતિક ધર્મપ્રવૃત્તિથી એને તૃપ્તિ થતી નથી. આંતરિક નિર્મળતાનો અનુભવ લેવા એનું અંતર તલસતું હોય છે. ને આ માનવ પ્રકૃતિ છે કે તેના અંતરમાં કોઈ જોરદાર લગની પેદા થયા પછી તે અક્રિય રહી શકતો નથી. પોતાની એ ઉત્કટ અભીપ્સા સંતોષવા માટેનો પ્રયાસ તે કરે જ છે. દુકાળમાં ભૂખ્યો માણસ ખોરાક શોધવા નીકળે છે, ભોજનની રાહ જોતો તે ઘરમાં બેસી રહેતો નથી. એ જ પ્રમાણે ધર્મનું હાર્દ સમજવા સાધક મુમુક્ષુ ઉત્કંઠિત હોય છે અને પોતાની એ જિજ્ઞાસા સંતોષવા તે જાતે જ પ્રયાસ આદરે છે. તે માટે તે પ્રવાસ પણ ખેડે છે, સત્પુરુષોની શોધ કરે છે અને જ્ઞાનીઓ અને અનુભવીઓનાં વચનોના

પ્રકાશમાં તે પોતાની ધર્મપ્રવૃત્તિની આકરી કસોટી કરે છે.

સફળ વેપારી જેમ સાંજે રોજ મેળ મેળવે છે, તેમ સાધક સદા એ ચકાસણી કરતો રહે છે કે પોતાને પ્રાપ્ત સાધનાથી આત્મનિર્મળતા, ઉદારતા, ગંભીરતા, ચિત્તની પ્રસન્નતા આદિ આત્મિક ગુણસંપત્તિ વધે છે કે નહિ? સાધ્ય એની દૃષ્ટિ સન્મુખ સદા તરવરતું હોય છે; સાધ્યની પ્રાપ્તિમાં વિઘ્નભૂત વૃત્તિ, પ્રવૃત્તિ અને પરિસ્થિતિનો અંત આણવા અને સાધક સામગ્રીને મેળવવા તે કટીબદ્ધ થયેલ હોય છે.

## આપણા હિતની વાત: આત્મનિરીક્ષણ અને ખોજ

હવે વાચક વિચારી જુએ કે તેની પોતાની પ્રકૃતિનો ઢાળ કેવો છે? ઉપાસક જેવો કે સાધક જેવો? 'ધર્મ સાધી રહ્યા છીએ' એવા ખોટા આભાસમાં રહી આત્મોન્નતિની આ દુર્લભ તક એળે ન જાય એ માટે, સાધકના જેવી અન્વેષણાત્મક દૃષ્ટિ કેળવી, આપણી ધર્મારાધનાનું આપણે પરીક્ષણ કરતા રહીએ એ શું જરૂરી નથી?

દુર્લભ માનવભવની સફળતા તમે જો ઇચ્છતા હો, ધર્મની આરાધના વિના એ સફળ ન બને એ જાણતા હો અને માનતા પણ હો, તો એ શોધી કાઢવું શું અત્યંત જરૂરી નથી કે જે તત્ત્વથી દેવદુર્લભ માનવભવ સાર્થક થાય છે એ ધર્મતત્ત્વ કયું?

પૂર્વધરોના જ્ઞાનની ધારા જેમાં ઝીલાઈ છે એવા શ્રી 'પંચસૂત્ર' નામના સૂત્રાત્મક ગ્રન્થના પ્રારંભમાં જ એના પૂર્વધર કર્તા સ્પષ્ટતા કરે છે કે "સંસારનો ઉચ્છેદ શુદ્ધ ધર્મથી થાય."[૪] સંસારનો અંત 'ધર્મથી' થાય એમ ન કહેતાં 'શુદ્ધ ધર્મથી' થાય એમ એમને કેમ કહેવું પડ્યું? જેનાથી ભવના ફેરા ટળે એ વસ્તુને બદલે જીવો કોઈ ભળતી જ વસ્તુને પકડી લઈ, 'ધર્મારાધના કરી રહ્યા છીએ' એ ભ્રમમાં રહી, મુક્તિસાધનાનો આ દેવદુર્લભ અવસર ખોઈ ન બેસે એ કરુણાબુદ્ધિથી જ્ઞાનીઓ આ ચેતવણી યુગે યુગે ઉચ્ચારતા રહ્યા છે. એ 'ડેન્જર સિગ્નલ' ની નોંધ આપણે લઈશું? કે ધર્મપ્રવૃત્તિના નિષ્પ્રાણ કલેવરને બાથ ભીડી, આંખ મીંચીને દોડ્યે રાખીશું?

# પરિશિષ્ટ

## અપુનર્બંધક અવસ્થા : સાચી ધાર્મિકતાનો અરુણોદય

શાસ્ત્રકારોએ ફોડ પાડીને કહ્યું છે કે આત્મા અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત કરે તે પૂર્વે, તે અનેકવિધ ધર્મકરણી કરતો દેખાય તો ય તે સાચા ધર્મથી દૂર જ હોય છે ને તેનું અંતર સંસાર તરફ જ ઢળેલું રહે છે. કિંતુ, અપુનર્બંધક અવસ્થા આવતાં આત્મા ધર્મપ્રાપ્તિ માટે અધિકારી બને છે અને તેનું વલણ કેવળ ભોગાભિમુખ ન રહેતાં યોગાભિમુખ થવા લાગે છે, ત્યારે—

"કરુણા, ઔદાર્ય, પરાર્થવૃત્તિ, દાક્ષિણ્ય, અક્ષુદ્રતા, ગંભીરતા નિર્લોભતા, અદૈન્ય, અમાત્સર્ય, અભય વગેરે ગુણો તેનામાં બીજના ચંદ્રમાની જેમ દિનપ્રતિદિન વધતા જતા હોય છે." આથી એ જીવોને શાસ્ત્રો શુક્લપાક્ષિક પણ કહે છે."[૫]

"આ અવસ્થાથી જ તેના અંતરમાં વાસ્તવિક ધર્મ અંકુરિત થાય છે. જેમ યુવાન, રૂપવાન અને પૈસેટકે સુખી માણસ જ નિર્વિઘ્ને ભોગસુખ માણી શકે છે તેમ, પ્રબળ ક્રોધ, લોભાદિથી રહિત અને ઉદાત્ત આશયવાળી વ્યક્તિ જ શુદ્ધ ધર્માનુષ્ઠાનસાધક શુભ ભાવોમાં રમી શકે છે. વૃદ્ધ, કુરૂપ અને દરિદ્ર વ્યક્તિ ભોગની ચેષ્ટા ભલે કરે, પણ અંતરમાં કોઈક રીતે તે દુ:ખી-બેચેન જ હોય છે; તેમ ઉપર્યુક્ત ગુણસંપત્તિ વિનાનું ધર્માનુષ્ઠાન પણ સંક્લેશમુક્ત ન થવાથી મોક્ષસુખપ્રદાયક નથી બની શકતું. એ બન્ને—અર્થાત્ સંપત્તિ આદિથી રહિત ભોગીનું ભોગસુખ અને ઔદાર્ય આદિ ગુણવિહીન ધર્મીનું ધર્માનુષ્ઠાન—ઝાંઝવાના નીરની જેમ પોતાના મનનાં માનેલાં છે, વાસ્તવિક નથી."[૬]

"વળી, જેમ ગમે તેવું કપરું અને કષ્ટદાયી કામ પણ જ્યારે પૂર્ણ થવા આવે છે ત્યારે, માણસ એ પૂર્ણાહુતિનો તોષ અનુભવે છે અને અંતિમ સમયનાં કષ્ટ, પરિશ્રમ કે વિઘ્નોને ગણકારતો નથી, તેમ આ અવસ્થામાં રહેલા જીવોને પણ, ભવ-સાગરનો કિનારો દેખાતો હોવાથી અને થોડા સમયમાં મુક્ત થવાની શ્રદ્ધા તેમના અંતરમાં ઉત્પન્ન થઈ હોવાથી, મુક્તિની નિકટ હોવાનો એક પ્રકારનો તોષ-પ્રસન્નતા તે અનુભવતા હોય છે."[૭]

"જે આત્માઓને અપુનર્બંધક અવસ્થા હજુ પ્રાપ્ત થઈ નથી પણ જે એની નિકટમાં છે એવા આત્માઓ પણ, ઘણે ભાગે, અપુનર્બંધકની જેમ વર્તે છે; પરંતુ એમનામાં મોક્ષમાર્ગવિષયક ઊહાપોહ-ચિંતન, વિચારણાનો અભાવ દેખાય."[૮] "જ્યારે અપુનર્બંધકના ચિત્તમાં તો બંધ અને મોક્ષવિષયક સૂક્ષ્મ મંથન ચાલતું હોય—ભવનું બીજ શું? સંસારનું સ્વરૂપ શું? એના ઉચ્છેદનો સાચો ઉપાય શો? વ્યવહાર મોક્ષ-માર્ગ શો? નિશ્ચય મોક્ષમાર્ગ શો? ધર્મની યથાર્થ આરાધના કઈ રીતે થઈ શકે? આરાધનાનું હાર્દ શું? વગેરે પ્રશ્નો એના મનમાં ઘોળાતા હોય."[૯] ટૂંકમાં, અપુનર્બંધક

અવસ્થા પહેલાં ધર્મપ્રવૃત્તિ વિચારવિમર્શશૂન્ય હોય છે, જ્યારે અપુનર્બંધક આત્મા મુકિતમાર્ગવિષયક ઊંડું મંથન અનુભવતો હોય છે. "અને, પ્રાય: એની પ્રવૃત્તિ પણ માર્ગાનુસારી—અર્થાત્ મુક્તિમાર્ગને અનુકૂળ હોય છે."[૧૦]

અપુનર્બંધક આત્મા નાની-મોટી ધર્મપ્રવૃત્તિ મોક્ષનું નિશાન લઈને જ કરતો હોય છે, ગતાનુગતિકપણે પ્રવાહમાં ઘસડાતા રહી કે શૂન્યમનસ્ક ભાવે નહીં. નદીના પ્રવાહમાં તણાતા તણખલાની જેમ જાતે કશો વિચાર કર્યા વિના, ટોળાની સાથે ભળીને બીજાએ આપેલાં સૂત્રોના નારે એ નાચતો નથી. કોઈ પણ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા પૂર્વે પોતાની સૂઝ, સમજ અને બોધ અનુસાર એનું મૂલ્યાંકન—ચકાસણી કરીને પછી જ તેમાં પ્રવૃત્ત થવાનું તે પસંદ કરે છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો, એની પ્રવૃત્તિ, 'સંમૂર્ચ્છિમ' નથી હોતી પણ 'તદ્હેતુ'—અર્થાત્ મોક્ષને લક્ષ્ય કરનારી—હોય છે.

## નિષ્પ્રાણ ધર્મપ્રવૃત્તિ

અપુનર્બંધક અવસ્થાથી સાચી ધાર્મિકતાના શ્રીગણેશ મંડાય છે.[૧૧] એની પૂર્વે જીવ વાસ્તવિક ધર્મારાધના કરી શકતો જ નથી. પ્રકૃતિની-મોહની-અજ્ઞાનની પકડ-માંથી જીવ કંઈક અંશે બહાર આવે તે પછી જ તે ધર્મને સ્પર્શી શકે છે. તે પહેલાં કદાચ ધર્મનું બાહ્ય ખોળિયું તે ઓઢી લે, પણ તેનો આશય-ભાવ મલિન જ રહે છે. તે ધર્મપ્રવૃત્તિ પણ કરે તોયે તેમાં એનો આશય તો, જાણ્યે-અજાણ્યે આખરે સંસારને લીલોછમ રાખવાનો રહે. આથી, એની ધર્મપ્રવૃત્તિમાં પણ કંઈ ને કંઈ અશુદ્ધિ મલિન-ભાવ પ્રવેશે છે. જેના પરિણામે એની પ્રવૃત્તિના બાહ્ય આકાર-પ્રકાર ધર્મના હોવા છતાં, એનાથી પુષ્ટ તો સંસાર જ થાય છે. એનાં એ ધરતી, પાણી અને વાતા-વરણમાંથી જુદાં જુદાં બીજ પોતાના તેવા તેવા સ્વભાવ પ્રમાણે સાવ જુદા—કેટલીક વાર તો પરસ્પર તદ્દન વિરુદ્ધ—રસકસ ખેંચીને પુષ્ટ બને છે. જેમ શેરડી અને લીમડો. સમાન બાહ્ય સામગ્રીમાંથી એક મિષ્ટ મધુર રસ ખેંચે છે અને એક કડવો; તેમ જે ક્રિયા વડે અપુનર્બંધક આત્મા મુકિત સિદ્ધ કરે છે તે જ ધર્મપ્રવૃત્તિ વડે બીજો સંસારવૃદ્ધિ કરતો રહે છે.

જેનામાં ઔદાર્ય, દાક્ષિણ્ય, જીવસૃષ્ટિ પ્રત્યે આત્મીયતા વગેરે ઉદાત્ત ભાવોનો ઉદય નથી થયો એ આત્મા, શેરડીના ખેતરના શેઢે ઉગેલા લીમડાની જેમ, ધર્મ-પ્રવૃત્તિ દ્વારા પણ મોક્ષસાધક માધુર્યને બદલે સંસારવૃદ્ધિકારક કટુતાનો જ સંચય કરતો રહે છે. એની ધર્મપ્રવૃત્તિમાં કાં ઇહલૌકિક એષણા—ધન, ઐશ્વર્ય, પ્રતિષ્ઠા, પારિવારિક સુખ, સ્વાસ્થ્ય, દીર્ઘજીવન આદિની કામના—નો પ્રચ્છન્ન પ્રવાહ વહેતો રહે; કાં પરલોકમાં સારું શરીર, રૂપ, સૌભાગ્ય આદિનાં સપનાં પોષાતાં રહે છે. આમ, લાલસા અને લોભ વધતાં રહે છે—જેમાંથી છૂટવાનું છે તેની જ પુષ્ટિ થતી રહે છે. મુમુક્ષુ કદી એ ન ભૂલે કે, ભૌતિક લેખાંજોખાંમાં ડૂબેલા રહીને મુકિતપ્રયાણ

થઈ શકે જ નહિ; રત્નત્રયીના પ્રાણ ભૌતિક જગતના લાભ-નુકસાનથી ઉન્મુક્ત જીવન-દૃષ્ટિ છે. એટલે જ ઈહલૌકિક કે પારલૌકિક કોઈક પ્રાપ્તિની કામના જેમાં ભળી હોય એવી ધર્મક્રિયાને શાસ્ત્રે વિષઅનુષ્ઠાન કે ગરલઅનુષ્ઠાન તરીકે ઓળખાવેલ છે; જલદ તેજાબ કે પોર્ટેશિયમ સાયનાઈડ જેવા તાલપુટ ઝેરની જેમ, એ કામના રત્ન-ત્રયીના પ્રાણ હરી લે છે. અર્થાત્ એ વાસના-કામનાયુક્ત ક્રિયા કે અનુષ્ઠાન ધર્મ-પ્રવૃત્તિનું નિષ્પ્રાણ કલેવર માત્ર રહે છે; એમાં જીવનસત્ત્વ હોતું જ નથી.[૧૨]

# પહેલા પ્રકરણનાં ટિપ્પણો

१. (i) द्वात्रिंशत् द्वात्रिंशिका, मुक्त्यद्वेषप्राधान्यद्वात्रिंशिका (१३), श्लोक २५/३२ અને अपुनर्बन्धक द्वात्रिंशिका (१४), श्लोक १/३२.
(ii) योगबिन्दु, श्लोक १७१ थी १९९.

२. शांतो दांतः सदा गुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।
—અધ્યાત્મસાર, અધ્યાત્મસ્વરૂપ૦, શ્લોક ૭.

३. (i) आत्मज्ञानं च आत्मनः चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते,
नाऽतोऽन्यदात्मज्ञानं नाम ।
—યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૩ ટીકા.

(ii) तत्राप्यात्मानुभूतिः सा, विशिष्टं ज्ञानमात्मनः ।
सम्यक्त्वेनाविनाभूतमन्वयाद् व्यतिरेकतः ॥
सम्यक्त्वं स्वानुभूतिः स्यात्साचेच्छुद्धनयात्मिका ॥
—પંચાધ્યાયી, ઉત્તરાર્ધ, શ્લોક ૪૦૨–૪૦૩.

४. एअस्स णं वुच्छित्ती सुद्धधम्माओ।
—પંચસૂત્ર, પ્રથમ સૂત્ર.

५. (i) शुक्लपक्षेन्दुवत्प्रायो वर्धमानगुणः स्मृतः ।
भवाभिनन्दिदोषाणामपुनर्बन्धको व्यये ॥१॥
—દ્વાત્રિંશત્-દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૪, શ્લોક ૧.

(ii) भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैर्युतः ।
वर्धमानगुणप्रायो ह्यपुनर्बन्धको मतः ॥
ટીકા — शुक्लपक्षक्षपापतिमण्डलमिव प्रतिकलमुल्लसन्तो गुणा औदार्यदाक्षिण्यादयः प्रायो बाहुल्येन यस्य सः अपुनर्बन्धको धर्माधिकारी मतोऽभिप्रेतः ।
—યોગબિન્દુ, શ્લોક ૧૭૮.

६. (i) शान्तोदात्तस्यैव स्यादाश्रयः शुभचेतसः ।
धन्यो भोगसुखस्येव वित्ताढ्यो रूपवान् युवा ॥
अङ्गाभावे यथा भोगोऽतात्त्विको मानहानितः ।
शान्तोदात्तत्वविरहे क्रियाप्येवं विकल्पजा ॥
—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૪, શ્લોક ૭/૮.

(ii) मिथ्या विकल्परूपं तु द्वयोर्द्वयमपि स्थितम् ।
स्वबुद्धिकल्पनाशिल्पि-निर्मितं न तु तत्त्वतः ॥

—યોગબિન્દુ, શ્લોક ૧૮૯.

સાથે જુઓ: શ્લોક ૧૮૭–૧૯૨

૭. (i) अस्मिन् सत्साधकस्येव नास्ति काचिद्बिभीषिका ।
सिद्धेरासन्नभावेन प्रमोदस्यान्तरोदयात् ॥
चरमावर्तिनो जन्तोः सिद्धेरासन्नता ध्रुवम् ।
भूयांसोऽमी व्यतिक्रान्तास्तेष्वेको बिन्दुरंबुधौ ॥
मनोरथिकमित्थं च सुखमास्वादयन् भृशम् ।
पीड्यते क्रियया नैव बाढं तत्रानुरज्यते ॥
प्रसन्नं क्रियते चेतः श्रद्धयोत्पन्नया ततः ।
मलोज्झितं हि कतकक्षोदेन सलिलं यथा ॥

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૩, શ્લોક ૨૭-૩૦.

(ii) સરખાવો: યોગબિન્દુ, શ્લોક ૧૭૩–૧૭૬.

૮. યોગબિન્દુ, શ્લોક ૧૮૦–૧૮૨ અને તેની ટીકા.

૯. बीजं रूपं फलं चायमूहते भवगोचरम् ।
तद्वियोगाश्रयोऽप्येवं सम्यगूहोऽस्य जायते ॥
तत्तत्तंत्रनयज्ञाने विशेषापेक्षयोज्ज्वलः ।
टीका—उज्ज्वलः शुद्धनिश्चयानुसारी ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૪, શ્લોક ૯ અને ૧૩.

સરખાવો: યોગબિન્દુ, શ્લોક ૧૯૪-૧૯૯.

૧૦. एवमूहप्रधानस्य, प्रायो मार्गानुसारिणः ।

—યોગબિન્દુ, શ્લોક ૧૯૯.

૧૧. अपुनर्बंधकाद्यावद् गुणस्थानं चतुर्दशम् ।
क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ॥

—અધ્યાત્મસાર, અધ્યાત્મસ્વરૂપ૦ શ્લોક ૪.

૧૨. યોગબિન્દુ, શ્લોક ૧૫૬–૧૫૭.

# ૨

# 'નામ વેશસું કામ ન સીઝે'

પરમગુરુ! જૈન કહો ક્યું હોવે?
ક્રિયા મૂઢમતિ જે અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈન દશા ઉનમેં હી નાહીં, કહે સો સબ હી જુઠી.
પરમગુરુ! જૈન કહો ક્યું હોવે?
જૈન ભાવ જ્ઞાને સબ માંહિ, શિવસાધન સદ્દહીએ;
નામ વેશસું કામ ન'સીઝે, ભાવ ઉદાસે રહીએ,
પરમગુરુ! જૈન કહો ક્યું હોવે?

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

ધર્મતત્ત્વની ખોજ કરવાની વાત સાંભળીને તમને કદાચ એમ થતું હશે કે, 'જેને સાચી વસ્તુ નથી મળી તે પોતાને પ્રાપ્ત સાધનાપદ્ધતિનું સંશોધન–પરીક્ષણ કરે એ ઠીક છે, પણ આપણને તો શ્રી જિનેશ્વરદેવનું શાસન મળી ગયું છે–સર્વજ્ઞ અને વીતરાગદેવે દર્શાવેલ સાધના પદ્ધતિ પ્રાપ્ત ગઈ છે હવે–આપણે તો તેમાં શ્રદ્ધા રાખીને આગળ ધપ્યે જઈએ એ જ શ્રેયસ્કર છે.'

## આ કસોટી કરીએ

શ્રી જિનેશ્વર દેવોએ દર્શાવેલ આરાધનાપદ્ધતિ અને તત્ત્વજ્ઞાન આપણને મળ્યાં છે એ વાત સાચી; પરંતુ એક વાત આપણે પણ સ્મરણમાં રાખવી ઘટે કે શ્રી જિનેશ્વર દેવોના વચનની પ્રાપ્તિ થવી એટલું જ પૂરતું નથી, એ વચનોને એના મૂળ ભાવે આપણે સમજીએ એ પણ અત્યંત જરૂરી છે.

કોઈ પણ ધર્મના પ્રવર્તકની ગેરહાજરીના કાળમાં એમનાં વચનોના મૂળ આશયને સમજવાની મુશ્કેલી આધ્યાત્મિક ક્ષેત્રે સદા રહી જ છે. દરેક મત-પંથના અનુયાયીઓ એમ જ માને છે કે પોતાને સાચું તત્ત્વ મળી ગયું છે, છતાં એક જ આપ્ત પુરુષને અનુસરતા હોવાનો દાવો

કરનારા, એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો, પરસ્પરથી વિભિન્ન માન્યતા ધરાવતા હોય છે. તેમ પ્રભુવીરને અનુસરનાર આપણે—દિગમ્બર, શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને તેરાપંથી—દરેક એમ જ માનતા હોઈએ છીએ કે અમે શ્રી વીર પ્રભુએ બતાવેલા પંથે ચાલી રહ્યા છીએ. છતાં, આપણી માન્યતા અને પ્રવૃત્તિ એકબીજાથી કેટલી જુદી પડે છે! એક શ્રી જિનબિંબનાં દર્શન-પૂજન કર્યા વિના અન્નજળ મોઢામાં ન નાખવાની ટેકથી વ્યક્તિની ધર્મનિષ્ઠાનો તોલ કરે છે; તો બીજો, યુવતીના ચિત્ર જેવા બાહ્ય નિમિત્તથી જેના ચિત્તમાં સંક્ષોભ જાગતો હોય એવા પ્રાથમિક કક્ષાના સાધકોને સુધ્ધાં, પ્રશાંતવદન અને પદ્માસનસ્થ મુદ્રા વડે વીતરાગતાની સહસા સ્મૃતિ જગાડતી જિનમૂર્તિનું અવલંબન લેવાની ઘસીને ના પાડે છે; તો કોઈ એથીયે આગળ વધીને, ધર્મના પ્રથમ સોપાન તુલ્ય અનુકંપાનો પણ નિષેધ કરે છે! શ્રી જિનમૂર્તિનું અવલંબન લેનારમાંથી પણ એક શ્રી વીતરાગની મૂર્તિને આભૂષણોથી ઢાંકી દઈ રાજી થાય છે; બીજો નિર્વસ્ત્ર જિનબિંબને જ વંદનીય-પૂજનીય માને છે અને દેહ સાથેના વસ્ત્રના સંસર્ગ-અસંસર્ગ સાથે જ મુક્તિની પ્રાપ્તિને સાંકળી દે છે! પરસ્પર ટકરાતી આ વિભિન્ન માન્યતાઓમાંથી કઈ માન્યતા શ્રી જિનાજ્ઞા સાથે સંગત સમજવી? પોતા સિવાયનાની ભૂલ દરેક ઝટ જોઈ શકે છે. સામો ક્યાં ભીંત ભૂલી રહ્યો છે એ સૌ કોઈને દીવા જેવું સ્પષ્ટ દેખાઈ જાય છે, પરંતુ, જન્મથી મળેલ તેવા તેવા સંસ્કારોને કારણે, પોતાની માન્યતાને દરેક શ્રી જિનેશ્વરદેવકથિત માર્ગ સાથે સુસંગત માની લઈ એમાં કોઈ પ્રશ્ન ઉઠાવતા નથી.

સાધકે હંમેશાં પોતાનું—પોતાની સાધનાનું, પોતાની મનોવૃત્તિઓનું—નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. સામાન્ય માણસ બીજાના દોષો શોધી કાઢવામાં જેટલો રસ લે છે તેથીય અધિક જાગૃતિ સાધકને પોતાની ત્રુટિયો શોધી કાઢવામાં હોય. બીજાની ભૂલ જોવા માણસ જેટલો તત્પર રહે છે, તેટલો તત્પર પોતાની ભૂલ જોવા—સમજવા તે રહે તો તેનો વિકાસ થયા વિના ન રહે. સાધક તો સદા વિકાસશીલ હોવો જોઈએ. માટે એણે પોતાની તપાસ રાખવી અનિવાર્ય છે. આ આત્મનિરીક્ષણ વિના આત્મોન્નતિના માર્ગે પ્રયાણ અખંડ ન રહી શકે. માટે, પ્રગતિ-

વાંચ્છુ આરાધકે પોતાની ધર્મારાધનાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરતાં રહેવું જરૂરી છે.

આપણને પ્રાપ્ત આરાધનાપદ્ધતિ શ્રીસર્વજ્ઞ અને વીતરાગકથિત હોવાથી સર્વાંગ સંપૂર્ણ છે; પણ આપણે એને બરાબર સમજ્યા છીએ ખરા? એમાં વિધિ-નિષેધોનું જે નિરૂપણ છે તેને, તે જે ભાવમાં છે તે જ ભાવમાં, આપણે સમજ્યા છીએ કે કેમ? –એ કસોટી તો કરવી જ રહી.

શાસ્ત્રો કહે છે કે, "ભગવાનની પણ આજ્ઞા જો વિપરીત રીતે આદરવામાં આવે તો જીવો પોતાને અને પોતે જેના ઉપર ઉપકાર કરવા ઇચ્છે છે તેવા પોતાનાઓ (કુટુંબીજનો, શિષ્યો કે અનુયાયીઓ) ને ઉપકાર કરી શકતા નથી."[1]

## જિનાજ્ઞાની પ્રાપ્તિ સુધીનો પંથ

માટે, પહેલાં આપણા ચિત્તમાં આ વાત સ્થિર થવી જોઈએ. કે પ્રભુએ જે ભાવમાં જે આજ્ઞા કરી છે તે, તે ભાવે આરાધીએ તો, આપણે પ્રભુ-આજ્ઞાનું પાલન કર્યું ગણાય. એ વિના તેના કોઈ અંશનું જે પાલન કરીએ તે વાસ્તવિક પ્રભુ-આજ્ઞાનું પાલન ન પણ હોય. આ ચેતવણી સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉચ્ચારી છે[2]; અને, તેનું વિવેચન કરતાં શ્રી યશોભદ્રસૂરિ મહારાજ સ્પષ્ટતા કરે છે કે, "જેમાં શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું ઐદમ્પર્ય–તાત્પર્ય સ્ફુટ થતું હોય તે આગમવચન પ્રમાણભૂત ગણાય. તે વિના, એટલે કે ઐદમ્પર્ય-શુદ્ધિ વિના, શ્રી જિનેશ્વર દેવનાં વચનનો કોઈ અંશ એ અન્યનું વચન બની જાય છે; કારણ કે તેમાં શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનો જે વિષય છે તેનો અવળો સ્વીકાર હોય છે."

માત્ર શ્રુતજ્ઞાનથી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાના ઐદમ્પર્ય-રહસ્ય સુધી નથી પહોંચાતું, ભાવનાજ્ઞાન ઐદમ્પર્ય સુધી પહોંચે છે.[3] "આ (ભાવનામય) જ્ઞાનથી જાણેલું તે જ જ્ઞાન કહેવાય; અને, ક્રિયા પણ ભાવનાજ્ઞાનપૂર્વકની હોય તે જ, ટૂંક સમયમાં, મોક્ષપ્રાપક બને છે."[4] જીવનું હિત સધાય છે ભાવનાજ્ઞાનથી."[5] માટે, સ્વહિત સાધવું

હોય તો, શ્રુતજ્ઞાનને ભાવનાજ્ઞાન સુધી પહોંચાડવું રહ્યું. શ્રુતના યોગ્ય પરિશીલન બાદ મુમુક્ષુ અંતર્યોગની સાધનાના માર્ગે વિકાસ સાધતાં આગળ વધે તો ભાવનાજ્ઞાન સુધી તે પહોંચી શકે. તે વિના કેવળ શ્રુતજ્ઞાન તો કોઠારમાં પડેલ બીજ જેવું છે, એનાથી ધર્મસિદ્ધિનો પાક લણી ન શકાય. માટે, શ્રુતજ્ઞાનને જ મોક્ષસાધક જ્ઞાન માની બેસી ન રહેતાં, શ્રુતજ્ઞાન અર્થાત્ વાંચન–શ્રવણ–શાસ્ત્રાધ્યયન પછી એના ઉપર ચિંતન, મનન, નિદિધ્યાસન કરી ભાવનાજ્ઞાન મેળવીએ તો, સર્વ જીવોના હિતની કામનામાંથી જેનો જન્મ છે એ, પ્રભુઆજ્ઞાના ઐદમ્પર્યનું–તાત્પર્યનું જ્ઞાન થાય.

ભાવનાજ્ઞાન થતાં એ આત્માની પ્રવૃત્તિ સર્વજીવહિતકર બને છે[૬] અને, 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એ મંગલ ભાવનાની ઊર્મિઓ તેના અંતરમાં લહેરાયા કરે છે. આ મંગળ ભાવનાનો ચિત્તમાં ઉદય થયા વિના આપણી આરાધનાને આપણે શ્રી જિનેશ્વર દેવે બતાવેલ અનુષ્ઠાન તરીકે માની ભલે લઈએ પણ તે, જેમાંથી કપૂર ઊડી ગયું છે તેવી 'કપૂરની પેટી' તુલ્ય છે.

## –ધર્મના બદલાતા વાઘા અને અચલ આંતરતત્ત્વ

ધર્માનુષ્ઠાનનું બાહ્ય કલેવર શ્રી જિનેશ્વરદેવકથિત હોય એટલા માત્રથી તે ધર્મપ્રવૃત્તિ મુક્તિપ્રદ નથી બની જતી, એનું આંતરતત્ત્વ–ભાવ જો શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને અનુકૂળ હોય તો તે પ્રવૃત્તિ મુક્તિસાધક બને છે.[૭] જો ભાવ શ્રી જિનેશ્વરદેવનિર્દિષ્ટ હોય તો પ્રવૃત્તિનું બાહ્ય સ્વરૂપ ભલે અન્યદર્શનનિર્દિષ્ટ હોય તોયે તે મોક્ષસાધક બને છે.[૮]

અન્યદર્શનનિર્દિષ્ટ અનુષ્ઠાનોને પણ જે તત્ત્વ મોક્ષસાધક બનાવી દે છે અને જેની ઊણપથી જૈનશાસનનિર્દિષ્ટ ઉત્તમોત્તમ અનુષ્ઠાનો પણ નકામાં બની જાય છે એ તત્ત્વ કયું?–આ અન્વેષણ મુમુક્ષુએ કરવું જ રહ્યું.

ક્રિયાકાંડ એ ધર્મનું બાહ્ય અંગ છે. તેનું અભ્યંતર અંગ ક્ષમા, દયા, પ્રેમ, કરુણા, ઉદારતા, નિરીહતા, સમતા, સંતોષ–અતૃષ્ણા, સંવેગ, નિર્વેદ, સર્વ પ્રત્યે આત્મતુલ્ય દૃષ્ટિ, આત્મતત્ત્વનું અપરોક્ષ જ્ઞાન, નિષ્કામ-

વૃત્તિ, પરમાત્મતત્ત્વ પ્રત્યે અટલ પ્રેમ–ભક્તિ–શરણભાવ વગેરે છે. અનુષ્ઠાનો, ક્રિયાકાંડ અને વિધિવિધાનો દરેક દર્શન, મત, પંથ, સંપ્રદાયનાં અલગ અલગ હોય છે. એક જ ધર્મ–મતના વિભિન્ન સંપ્રદાયોની ક્રિયાવિધિ પણ પરસ્પરથી જુદી પડે છે. આમ, ધર્મનું બાહ્ય કલેવર દેશ, કાળ અને પરિસ્થિતિ અનુસાર બદલાયા કરે છે, તે પરિવર્તનશીલ છે; જ્યારે અભ્યંતર અંગ અચલ છે, શાશ્વત છે. ધર્મનું આંતરતત્ત્વ સર્વ દેશ–કાળ–સંપ્રદાયમાં સમાન રહે છે; એના ઉપરના કર્મકાંડના વાઘા જ માત્ર બદલાતા રહે છે.

## –આત્મજ્ઞાની ગુરુનું માર્ગદર્શન અપેક્ષિત

જે માત્ર બાહ્ય વેશ કે ક્રિયાકાંડ ઉપરથી જ પોતાના અને પરાયાનો વિભાગ કરે–જૈન કે અજૈનનો વિભાગ કરે તેને જ્ઞાનીઓ ધર્મના વિષયમાં બાળ અર્થાત્ અણસમજુ કહે છે. એ બાળ જીવો ધર્મનો મર્મ પામી શકતા નથી. નિર્મળ અને સૂક્ષ્મ બુદ્ધિવાળા વિવેકશીલ આત્માઓ જ ધર્મતત્ત્વને સ્પર્શી શકે છે.[૯] જેની વિવેકશક્તિ વિકસિત થયેલી હોય તે, અથવા આત્મજ્ઞાની ગુરુ—'स्वसंविदितअमनस्कोपदेशदायी गुरुः'—ને સમર્પિત રહી તેમના માર્ગદર્શન મુજબ જે આરાધના કરી રહ્યા હોય તે જ મુક્તિસાધનાના માર્ગે, આંધળી ગલીકૂંચીઓમાં અથડાયા–અટવાયા વિના, નિર્વિઘ્ને આગળ વધી શકે.[૧૦] જેની પોતાની વિવેકશક્તિ ખીલેલી ન હોય અને જેના પથદર્શક ગુરુ આત્મજ્ઞાની ન હોય તેની સ્થિતિ ઊંટવૈદ્યની સારવાર લઈ રહેલ રોગી જેવી છે; એ આત્માઓ ભવસાગર કેમ તરી શકે? આથી, એ સ્પષ્ટ થઈ જાય છે કે શ્રી જિનનિર્દિષ્ટ બાહ્ય ક્રિયાકાંડના આચરણ માત્રથી તથા આગમોના સ્વાધ્યાય કે શ્રી જિનવાણીના શ્રવણ માત્રથી એ સંતોષ ન માની શકાય કે પોતાને શ્રી જિનનિર્દિષ્ટ ધર્મની પ્રાપ્તિ થઈ ચૂકી છે. ધર્મના બાહ્ય આચરણ તેમજ શ્રી જિનવાણીના શ્રવણ-વાચન-અધ્યયનની સાથે સાથે શ્રી જિનનિર્દિષ્ટ ભાવોની પણ અંતરમાં સ્પર્શના થઈ રહી હોય તો જ ધર્મની પારમાર્થિક પ્રાપ્તિનાં માર્ગે આપણે ગતિ કરી રહ્યા છીએ એવું આશ્વાસન લઈ શકીએ.

## આગમોમાં પારંગત, છતાં જિનાજ્ઞાના બોધથી વંચિત!

શ્રી જિનવચન—જિનાગમ મળવા છતાં, અને એ વચનોને વાગોળતાં રહેવા છતાં જિનાજ્ઞાના જ્ઞાનથી વંચિત રહી જવાય એ સંભવિત છે. માટે આપણને પ્રાપ્ત જિનવચનોમાંથી શ્રી જિનની આજ્ઞા સમજવાનો અને તદનુસાર આપણી જીવનદૃષ્ટિ ઘડવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ. જિનવચન એ આજ્ઞા નથી, જિનાજ્ઞાનો નિર્દેશ આપતા એ તો માત્ર શબ્દો જ છે. એ શબ્દો હાથમાં આવી જવા માત્રથી જિનાજ્ઞા પ્રાપ્ત થઈ જતી નથી. શબ્દો તો જિનાજ્ઞા શી છે તેના ઈશારા માત્ર છે. "अत्थं भासइ अरहा, सुत्तं गुन्थन्ति गणहरा निउणं" પ્રભુ અર્થ ભાખે છે, ગણધરો એને સૂત્રમાં ગૂંથે છે; અર્થાત્ ગણધરો જિનાજ્ઞાને સૂત્રબદ્ધ કરે છે. એટલે કે સૂત્રોમાં જિનાજ્ઞા, દીવાસળીના ટોપચામાં રહેલ અગ્નિની જેમ, સુપ્ત છે; દીવાસળીના ટોપચામાં રહેલ અગ્નિ દીવાસળીને ઘસીને મેળવી શકાય છે. દીવાસળી હાથમાં લેતાંવેંત આપમેળે અગ્નિની પ્રાપ્તિ થઈ જતી નથી; તેમ સૂત્રમાં રહેલ જિનાજ્ઞાની પ્રાપ્તિ એ વચનોએ જગાડેલ ચિંતન દ્વારા પોતાને થતા બોધ ઉપર નિર્ભર છે, નહિ કે કેવળ જિનવચનની પ્રાપ્તિ ઉપર. શબ્દથી જિનવાણી સમાનરૂપે સાંભળવા છતાં, જુદી જુદી વ્યક્તિઓને તેમાંથી એકસરખો અર્થબોધ થતો નથી. એટલે શબ્દથી જિનવાણી મળી જવી એ પૂરતું નથી, મહત્ત્વની વાત તો છે જિનાજ્ઞાનો યથાર્થ અવબોધ થવો તે, અને તદનુસાર પોતાની વૃત્તિમાં પરિવર્તન આવવું એ.

વિવેકશીલ આત્માઓ શ્રી જિનાગમ કે જિનવાણી પ્રાપ્ત કર્યા વિના પણ જિનાજ્ઞાના આરાધક બની શકે છે. કારણ કે, જિનવચન પ્રાપ્ત થયા વિના પણ જિનાજ્ઞાની પ્રાપ્તિ થવી શકય છે. જિનવચનમાં જેનો નિર્દેશ છે તે જ અર્થજ્ઞાન—બોધ અને પ્રેરણા—કોઈને સ્વયં અથવા અન્યના વચનમાંથી પ્રાપ્ત થતાં હોય તો તેને માટે એ વચનો આગમ બની જાય છે; અને એ આત્માઓ આત્મવિકાસ સાધી શકે છે, યાવત્ કેવળજ્ઞાન પણ મેળવી શકે છે—જિનવચન સાંભળ્યા વિના જ! (શ્રી ભગવતી સૂત્ર, અશ્રુત્વાકેવલિ અધિકાર, શતક ૯, ઉદ્દેશો ૩૧, સૂત્ર ૩૬૬-૩૬૯માં આનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે.)

## હિંસાથીયે અદકું પાપ: સાંપ્રદાયિક ઉન્માદ

આટલા વિવેચનથી એ સ્પષ્ટ થઈ જવું જોઈએ કે આપણે શ્રી જિનવાણી સાંભળતાં હોઈએ, જૈનધર્મમાં પ્રચલિત ક્રિયાકાંડ—દેવદર્શન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણાદિ—કરતાં હોઈએ એટલા માત્રથી આપણને મુક્તિનો પરવાનો મળી જતો નથી; તેમ એવું યે નથી કે જેમને જૈન-ધર્મના ક્રિયાકાંડ નથી મળ્યા કે જૈનાગમનું જ્ઞાન પ્રાપ્ત નથી થયું તે મુક્તિથી વેગળા જ રહે છે.

એ દેખીતું જ છે કે ઉપર્યુક્ત તથ્યોથી પરિચિત આત્માઓ સાંપ્રદાયિક ઉન્માદના પક્ષકાર ન બની શકે. તેમને એ સમજતાં-સ્વીકારતાં મુશ્કેલી નડતી નથી કે મુક્તિની પ્રાપ્તિ, એ કોઈ ધર્મ—મત—પંથનો ઇજારો નથી, કે નથી એ અમુક બાહ્ય ક્રિયાકાંડના અનુસરણ સાથે કે કોઈ અમુક શાસ્ત્રોના બોધ સાથે બંધાયેલી; એનો સંબંધ આંતરિક નિર્મળતા સાથે છે. આથી દૃષ્ટિરાગથી મુક્ત રહી, તેઓ કોઈ પણ મત-પંથમાં રહેલ ગુણી જનોનો આદર કરે એ સ્વાભાવિક છે. પરંતુ જેમને આ. દૃષ્ટિ નથી મળી હોતી તેવા 'ધર્માત્માઓ' એવું માનતા થઈ જાય છે કે મુક્તિનો ઈજારો તો એમના ધર્મ-મતનો જ છે, અન્ય મત-પંથમાં રહેલ આત્માની મુક્તિ થઈ જ ન શકે. દૃષ્ટિ ઉપર રહેલ આ અજ્ઞાનપડળના કારણે અને અજ્ઞાન 'ગુરુઓ' ના અવળા માર્ગદર્શનના કારણે અન્ય મત-પંથમાં આધ્યાત્મિક વિકાસની કે સાચા સંતોના અસ્તિત્વની શકયતા જ તેઓ નકારી કાઢે છે, એટલું જ નહીં એમનો અનાદર અને કોઈ વાર તો ઉપહાસ સુધ્ધાં કરવામાં સંકોચ અનુભવતા નથી. પરંતુ શ્રેયાર્થીએ એ સમજી લેવું ઘટે કે, પોતાની પસંદગીનું લેબલ ન ધરાવે એટલા જ માત્રથી કોઈ ધર્માનુષ્ઠાનની કે ધર્મીજનની ઠેકડી, ઘૃણા કે તિરસ્કાર કરવાની છૂટ કુદરતનું નિષ્પક્ષ ન્યાયતંત્ર કોઈને આપતું નથી. એ પાપ હિંસાદિ કરતાંયે મોટું છે. કર્મબંધનાં ચાર કારણો: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે, તે પૈકી સૌથી પ્રબળ કારણ—મિથ્યાત્વ—માં આની ગણના છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે એની સામે ચેતવણી ઉચ્ચારતાં કહ્યું છે કે બાહ્ય લિંગ, વેશ કે ધર્મકથનની પદ્ધતિ કે પરિભાષા જુદાં હોય એટલા માત્રથી મહાન સંતોની અવહેલના કરવાનું ગાંડપણ કદી ન કરવું. ભિન્ન

ભિન્ન દેશ, કાળ અને પરિસ્થિતિવશ એમની બાહ્ય ચર્યા, વેશભૂષા અને દેશનાની પરિભાષા પણ ભિન્ન હોવા છતાં, તે બધા એક જ કલ્યાણપથના પ્રવાસી હોઈ શકે છે. માટે, એમનો અપલાપ કરવાની ઉતાવળ ન કરતાં, એમનો આશય સમજવા પ્રયત્ન કરવો જોઈએ. 'ભવવ્યાધિના સમર્થ ચિકિત્સક' એ મહાત્માઓનો આશય સમજ્યા વિના એમનો અપલાપ કરવો એટલે મહાન અનર્થને નિમંત્રણ આપવું.[૧૨]

## ૩૫ જૂજવાં પણ 'ન્યાત' એક

આ પાપથી બચવા માટે ધર્મના પૂર્વોક્ત બે અંશોનો વિવેક પ્રાપ્ત થવો જરૂરી છે. ન્યાયતીર્થ, ન્યાયવિશારદ મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ આ અંગે વિશદ પથદર્શન કરતાં લખ્યું છે કે :—

"કુલાચારથી જે જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે તેની એટલી મહત્તા નથી, પણ જે સમજપૂર્વક જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે, અર્થાત્ જૈનત્વ, બૌદ્ધત્વ યા વૈષ્ણવત્વના વિશુદ્ધ આદર્શ મુજબ જે જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે તે જ ખરો જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે; કેમ કે જે સમજપૂર્વક સન્માર્ગની દીક્ષા અંગીકાર કરે છે તે એ માર્ગની પરંપરામાં કસ્તર-કચરા જેવું આવી પડેલું હોય તેને ખસેડવાનો વિવેક પણ દાખવે છે. એવા વિવેકથી તે અસત્ તત્ત્વને દૂર કરી, પોતાના જીવનવિકાસના સાધન સાથે, આમજનતા આગળ પણ એક સ્વચ્છ જ્ઞાનમાર્ગ (સાધના-માર્ગ) રજૂ કરે છે.

## —એક જ કલ્યાણમાર્ગના યાત્રિકો

"જૈન, બૌદ્ધ, વૈષ્ણવ વગેરે સંકુચિત મનોવૃત્તિના હોય તો જ એકબીજાથી અલગ—જુદા જુદા માર્ગગામી—બને છે, પણ જો વિવેક-દૃષ્ટિસંપન્ન અને સાચી કલ્યાણ-કામનાવાળા હોય તો તેઓ, સામ્પ્ર-દાયિક નામ જુદા ધરાવવા છતાં, વસ્તુતઃ એક જ કલ્યાણમાર્ગ ઉપર વિહરનારા હોય છે. આવા સમભાવી, શુદ્ધ જિજ્ઞાસુ, ગુણપૂજક સજ્જનો ખરેખર એક જ માર્ગના સહપ્રવાસી છે. 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે'—એ ભજન જે દેશભરમાં પ્રસિદ્ધ છે, તેમાં બતાવેલા નૈતિક સદ્ગુણો જેમ વૈષ્ણવ થવા માટે આવશ્યક છે, તેમ

બૌદ્ધ કે જૈન થવા માટે પણ આવશ્યક છે. અતઃ એ સદ્‌ગુણોને ધારણ કરવા એ જ જો સાચું વૈષ્ણવ થવાપણું, બૌદ્ધ થવાપણું અને જૈન થવાપણું હોય તો વૈષ્ણવપણું, બૌદ્ધપણું અને જૈનપણું એ જુદી વસ્તુઓ રહેતી નથી, એ એક જ વસ્તુ બની જાય છે. જેમ જલ, વારિ, પાણી, નીર શબ્દો એક જ વસ્તુના બોધક હોઈ જલ, વારિ, પાણી, નીર એક જ વસ્તુ છે તેમ વૈષ્ણવ, બૌદ્ધ, જૈન (શબ્દો) એક જ વસ્તુના બોધક હોઈ (એ શબ્દો દ્વારા નિર્દિષ્ટ) એક જ વસ્તુ છે.

"જગતમાં દાર્શનિક મંતવ્યો હંમેશાં જુદાં જુદાં જ રહેવાનાં, તેમ જ ક્રિયાકાંડની પ્રણાલીઓ પણ જુદી જુદી રહેવાની, કિંતુ અહીં એ સમજી લેવું જરૂરી છે કે દાર્શનિક મંતવ્યો અને ક્રિયાકાંડની જુદાઈને લીધે ધર્મમાં જુદાઈ આવી શકતી નથી. હજારો માણસોમાં દાર્શનિક માન્યતાઓ અને ક્રિયાકાંડની રીતિપદ્ધતિઓ એકબીજાથી જુદી જુદી હોવા છતાંય જો એ બધા સત્ય-અહિંસા (અને ક્ષમા, સમતા, શમ, સંતોષ આદિ આંતરિક ભાવ) રૂપ એક ધર્મમાં માનનાર હોય તો તેઓ એક જ ધર્મના ગણાવા યોગ્ય છે.

## —ધાર્મિકતાનું ખરું માપ

"એ વાત સ્પષ્ટ છે કે ધાર્મિકતાનું માપ ધર્મથી (ધર્મના નિર્મળ રંગે જીવન જેટલું રંગાયું હોય તે પરથી) થાય, દાર્શનિક પટુતાથી કે ક્રિયાકાંડના બાહ્ય આચરણ પરથી નહિ. તેમ જ એ પણ ખુલ્લું છે કે જીવનો ઉદ્ધાર એક માત્ર ધર્મથી (અહિંસા-સત્ય-ક્ષમાદિ રૂપ સદ્‌ધર્મના પાલનથી) છે, કોરાં દાર્શનિક મંતવ્યોના સ્વીકરણથી કે કોરાં ક્રિયાકાંડથી નહિ. આમ છતાં, ભિન્ન પ્રકારના દાર્શનિક વાદો પૈકી કોઈ પણ વાદ કોઈ માણસની પવિત્ર ધર્મસાધનામાં સહારો આપનાર બને અને કોઈ પદ્ધતિનાં ક્રિયાકાંડ એની પવિત્ર ધર્મસાધનામાં ઉલ્લાસ પૂરનાર બને તો તે માણસ માટે તે બન્ને (તે વાદ અને તે ક્રિયાકાંડ) શ્રેયસ્કર બની જાય છે.

"આમ, ધર્મ એ મુદ્દાની વસ્તુ છે, અને દાર્શનિક મતવાદ તથા ક્રિયાકાંડનું સૌષ્ઠવ ધર્મપાલનમાં ઉપયોગી અથવા સહાયક થવામાં જ રહેલું છે. જેની પવિત્ર ધર્મસાધનામાં જે તત્ત્વવાદ અને જે પ્રકારનાં ક્રિયાકાંડ સહારો આપે તે તેના માટે અમૃતરૂપ. અતઃ દાર્શનિક મંતવ્યોની

વિશેષતા કે ક્રિયાકાંડની ભિન્ન ભિન્ન પ્રણાલિઓ ઉપરથી ધર્મ જુદા જુદા માની લેવાની દૃષ્ટિ ખોટી હોઈ, દૂર કરવી જોઈએ."*

પ્રબુદ્ધ ધર્મોપદેશકોએ આ તથ્ય પ્રત્યે શ્રેયાર્થીઓનું લક્ષ ખાસ ખેંચવું જોઈએ; નહિતર, સંભવ છે કે, સાચા ધર્મથી તેઓ જીવનભર વિમુખ રહી જાય. એટલુંજ નહિ, પરંતુ ભવિષ્યમાં પણ એની પ્રાપ્તિ જેથી દુર્લભ બની રહે એવી કોઈ અવળચંડાઈ પણ ધર્મઝનૂનના કેફમાં તે કરી બેસે. જેના ફળસ્વરૂપે અનેક જન્મો સુધી મોક્ષમાર્ગથી દૂર ફેંકાઈ જવાય એવું કશું જ પોતાના હાથે ન થઈ જાય એવું હરકોઈ મુમુક્ષુ ઇચ્છશે; પરંતુ એ જો ધર્મની ઓળખ—ધર્મીઅધર્મીનો વિભાગ—માત્ર બાહ્ય લિંગ અર્થાત્ વેશભૂષા કે કર્મકાંડ ઉપરથી જ કરતો હશે તો, એ ન ઇચ્છે તોયે, એને હાથે આ અપરાધ થવાનો.

## ...તો પાખંડનાયે પગ પખાળ્યા કરીશું!

આત્મિક ગુણસંપત્તિના બદલે કેવળ બાહ્ય ચર્યા કે લિંગ-વેશમાં જ ધાર્મિકતા કે સંતપણું જોનાર આત્માઓ, અન્ય મત-પંથ-સંપ્રદાયના ગુણી જનો કે સંત પુરુષોમાં સાચી આધ્યાત્મિકતાના પરિચાયક ગુણો હોવા છતાં માત્ર તેમનાં લિંગ-વેશ કે કેટલીક બાહ્ય ચર્યા પોતાના મત-પંથ-સંપ્રદાયથી ભિન્ન હોવાને કારણે તેમનું સાચું હીર પારખી શકતા નથી. આથી, એમનો ઉચિત આદર-સત્કાર કરવાનું તો બાજુએ રહ્યું, તે એમનો અનાદર અને વખતે અવહેલના અને ઉપહાસ પણ કરી બેસે છે. અરે! એક જ પ્રભુ વીરના અનુયાયી દિગમ્બર અને શ્વેતામ્બર, શ્વેતામ્બરમાંયે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી, અને તે દરેકમાંના પણ ભિન્ન ભિન્ન ગચ્છો, સમુદાયો અને અને સંઘાડાઓ વચ્ચે પણ પરસ્પર આ સ્થિતિ જોવા મળે છે! એટલું જ નહીં, તિથિ જેવી કોઈ એકાદ બાબતમાં પણ રહેલ વિચાર-ભેદ કે ચર્યા-ભેદનાં પ્રસંગે, દૃષ્ટિરાગ-વિવશ, પોતાથી જુદી છાવણીમાં રહેલ જનોની અવહેલના, અનાદર, ઉપહાસ થતાં રહે એ શું હકીકત નથી? આના મૂળમાં ધર્મના પૂર્વોક્ત બે અંશનું અજ્ઞાન રહેલું છે.

* કલ્યાણલક્ષી વિચાર: મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રન્થ (ભાગ-૨, પૃષ્ઠ ૨-૩)માંથી સાભાર ઉદ્ધૃત.

જ્ઞાનીઓ ધર્મારાધકોના ત્રણ વિભાગ પાડે છે: બાળ, મધ્યમ અને બુધ. માત્ર બાહ્ય વેશ અને તપ આદિ—કાયાને કષ્ટકર અનુષ્ઠાન—માં જ ધર્મ જોઈ શકે તે આત્મવિકાસની દૃષ્ટિએ બાળક છે; એનાથી થોડા વિકસિત આત્માઓ ક્રિયાકાંડ અને વિધિવિધાનની ચોકસાઈ વગેરેમાં ધર્મ જુએ છે; બુધ જનો ધર્મ આંતર વૃત્તિ વડે પરખે છે—માત્ર કાયાની પ્રવૃત્તિ વડે ધર્મ-અધર્મનો તોલ તેઓ કરતા નથી, પણ પ્રવૃત્તિ પાછળનું પ્રેરક તત્ત્વ કયું છે તે નાણી જુએ છે.[13] આ વિવેક કરી શકનાર વ્યક્તિઓ જ્યાં ધર્મનું આંતર તત્ત્વ જુએ ત્યાં આકર્ષાય, તેનો આદર કરવા પ્રેરાય અને પોતાના જીવનમાં પણ એ તત્ત્વના વિકાસ પ્રત્યે લક્ષ આપે એ સ્વાભાવિક છે. કિંતુ, બાળ જીવો સાંપ્રદાયિકતામાં અટવાઈ પોતાના પંથની છાપ નીચે ચાલતા પાખંડનાય પગ પખાળ્યા કરે છે અને અન્યત્ર રહેલ સાચી ધાર્મિકતાનો પણ અનાદર અને પ્રસંગે એની હાંસી, ઉપહાસ કે અવહેલના પણ કરી બેસે છે.

માત્ર જૈનોમાં જ નહિ પણ જૈન, હિંદુ, બૌદ્ધ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ વગેરે કોઈ પણ ધર્મના અનુયાયીઓ તરફ દૃષ્ટિ કરતાં ત્યાં આવી સંકીર્ણ મનોદશા જોવા મળે છે. ઉદાહરણ તરીકે હિંદુ ધર્મના ત્રણ મુખ્ય સંપ્રદાયો: વૈષ્ણવ, શૈવ અને શાક્તની વાત લઈએ તો આપણને દેખાશે કે એ ત્રણમાંના પ્રત્યેકના અનુયાયીઓનો મોટો ભાગ પોતાના સંપ્રદાય કે પેટા સંપ્રદાયને અને તેમાં વિકસેલ કર્મકાંડ, વિધિ-નિષેધ તથા આચાર-વિચારની પ્રણાલિને જ સાચો ધર્મ માને છે અને અન્ય સંપ્રદાયમાં પ્રચલિત અને માન્ય રહેલ જે રીતરસમ, વિચાર-વર્તન કે માન્યતાઓને તેના સંપ્રદાયે અમાન્ય કે વર્જ્ય ગણાવેલ હોય તેના પ્રત્યે તે પૂર્વગ્રહ, તિરસ્કાર અને ઉગ્ર વિરોધ સુધ્ધાં સેવે છે. જેમ કે આડું ટીલું કે, ગેરુઆ વસ્ત્રને વૈષ્ણવો વર્જ્ય ગણે છે, જ્યારે શૈવો ગેરુઆ રંગને વાસના ઉપરના વિજયનું પ્રતીક ગણી સંન્યાસીઓ માટે એ રંગના વસ્ત્રપરિધાનનો આગ્રહ રાખે છે. વૈષ્ણવો સાધુ માટે સફેદ અને તે બાળબ્રહ્મચારી હોય તો પીળા રંગના વસ્ત્રપરિધાનને માન્યતા આપે છે, અને તિલક ઊભી લીટીઓની ભૂમિકા પર રચે છે; જ્યારે શૈવ સંપ્રદાયો તિલક માટે આડી લીટીની ભૂમિકાનો આગ્રહ રાખે છે. વાત આટલે જ નથી અટકતી. ચુસ્ત વૈષ્ણવો પોતાનાં સંતાનોનાં નામમાં

'શિવ' ની છાયા યે ન આવી જાય એની તકેદારી રાખે છે. પુષ્ટિમાર્ગીઓ તો પોતાના મુખે શિવનું નામ ન લેવાઈ જાય એ ખાતર 'કપડાં સિવડાવવા આપ્યાં છે' એમ ન કહેતાં, 'કપડાં સંધાવવા આપ્યાં છે' એવો શબ્દપ્રયોગ કરે છે! કુંભ વગેરે મેળાઓમાં કયા પંથના બાવાઓને વરઘોડામાં કે સ્નાનમાં કયું સ્થાન આપવું એ અને એના જેવાં અન્ય ક્ષુલ્લક કારણોસર વૈષ્ણવ અને શૈવ પંથી નાગા બાવાઓ વચ્ચે ખૂનખાર યુદ્ધો પણ ખેલાયાં છે.

એજ રીતે, શીખધર્મના અકાલી અને નિરંકારી જૂથો વચ્ચે તેમજ ઇસ્લામ ધર્મના શિયા-સૂન્ની પંથો અને તેના અવાંતર સંપ્રદાયો વચ્ચે પણ ખૂનરેજીભરી અથડામણોનો ઇતિહાસ છે. ખ્રિસ્તી ધર્મના પ્રમુખ સંપ્રદાયો—રોમન કેથોલિક, પ્રૉટેસ્ટન્ટ, પ્યુરિટન, પ્રેસ્બીટેરિયન અને તેના સેંકડો પેટા સંપ્રદાયો—જૂથોમાં પણ આવાં ભાવ-વલણો પ્રચલિત રહ્યાં છે, એની સાક્ષી ઇતિહાસ પૂરે છે.

આવાં ભાવ-વલણોને તે તે ધર્મ-મત-સંપ્રદાયોના ત્યાગી વર્ગમાંથી પણ પોષણ અને ઉત્તેજન મળી રહે છે; કારણ કે તે તે મત-પંથ-સંપ્રદાયના પ્રાકૃતજનોમાં કે ગૃહસ્થ અનુયાયીઓમાં જ માત્ર નહિ, પણ સાધુઓમાં પણ બાળ, મધ્યમ અને બુધ એ ત્રણે સ્તર હોય છે. આથી જુદા જુદા ધર્મપંથોના કે કોઈ એક જ ધર્મપંથના ભિન્ન ભિન્ન સંપ્રદાયના સાધુઓમાં ય પરસ્પર પૂર્વગ્રહો, ઊંડી હરીફાઈ, ઉપહાસ અને તેજોવધની ભાવના પોષાતી જોવા મળે એ સામાન્ય બીના છે.

સાધુ એટલે 'માત્ર મોક્ષની જ એક કામનાથી આંદોલિત, દુન્યવી ઘટમાળથી વિરક્ત, પૂર્વગ્રહોથી પર, સ્વની શોધમાં રત અને સાધનાતત્પર, તપઃપૂત વિભૂતિ' કે 'વહેતા પાણીના નિર્મળ પ્રવાહની જેમ સમાજના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું પોષણ અને સંવર્ધન કરતી અને સંસારના તાપથી સંતપ્ત જનોના વિસામારૂપ આપ્તજનસમી સંયમપૂત આદર્શ વ્યકિત' આવી એક અહોભાવભરી કલ્પના સાધુઓ વિશે ધાર્મિક જનતામાં સામાન્યતઃ પોષાતી રહી છે. બધા સાધુઓ કંઈ આ કલ્પનાને સાચી ઠેરવે એવા નથી હોતા; કિંતુ, સાંપ્રદાયિક પ્રતિબદ્ધતાવાળા બાળજીવો સ્વપક્ષમાં રહેલ સારા-નરસા સૌ સંસારત્યાગીઓને 'સુગુરુ' માની ભજે છે અને અન્ય ધર્મમતના સાચા સંતો અને જ્ઞાની-

જનોનેય તે 'કુગુરુ' 'મિથ્યાદૃષ્ટિ' 'નાસ્તિક', 'કાફર' આદિ કહી ઉવેખે છે એટલું જ નહિ; ધર્મઝનૂનવશ વખતે તેમનો અનાદર અને અપમાન કરતાં પણ તે અચકાતા નથી.

આની સામે લાલબત્તી ધરતાં 'સુવિહિતશિરોમણિ' આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે જે બુલંદ ઉદ્‌ઘોષ કર્યો છે (યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૩૪–૧૪૨) તેનો પડઘો ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્વરચિત દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા ગ્રન્થમાં પાડયો છે: 'દૃષ્ટિરાગના ઘેનમાં જાણ્યે-અજાણ્યે થતો, અન્ય મત-પંથમાં રહેલ સાચા સંતોનો ઉપહાસ એ મિથ્યાત્વરૂપ મહાપાપને નિમંત્રણ છે; ભલે ને એ ભૂલ અજ્ઞાનથી થતી હોય, તોય એનો દંડ અવશ્ય, થાય છે."[૧૪] કાયદો જાણતા નહોતા–'કાયદાનું જ્ઞાન નહોતું'—એ બચાવ કોર્ટમાં ચાલતો નથી. કર્મની કોર્ટ પણ એ બચાવ સ્વીકારતી નથી—' Nature does not pardon ignorance.'

## રખે મુક્તિપથના પ્રવેશદ્વારથીય દૂર રહી જવાય

બાહ્ય લિંગ-વેશથી નિરપેક્ષપણે સાચા સંતોને ઓળખવાની આંતરસૂઝનો અભાવ એ વાત છતી કરે છે કે એ વ્યક્તિ હજુ પારમાર્થિક મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી જ નથી. ઓઘદૃષ્ટિમાંથી જીવ યોગદૃષ્ટિમાં આવેલ ત્યારે જ મનાય છે જ્યારે સત્પુરુષ સાથે 'તે સત્પુરુષ છે' એવી ઓળખપૂર્વકનો તેને યોગ પ્રાપ્ત થાય. આને જ શાસ્ત્રીય પરિભાષામાં 'યોગાવંચકપણું' કહે છે.[૧૫] મુકિતપથનું પ્રવેશદ્વાર આ યોગાવંચકપણું છે. પ્રથમ યોગદૃષ્ટિની ભૂમિકાએ રહેલ મુમુક્ષુને પણ એ પ્રાપ્ત હોય છે.[૧૬] આથી, પ્રથમ યોગદૃષ્ટિમાં રહેલ શ્રેયાર્થી પોતાના મત-પંથમાં પણ સાચા-ખોટાને પારખવાની સૂઝ ધરાવતો હોઈ, ભાવ-આચાર્યનાં જ ભકિત-બહુમાન કરનારો હોય છે.[૧૭]

સ્વમતમાં રહેલ કે અન્ય મત-પંથમાં રહેલ આત્મજ્ઞાની સંતોને વ્યકિત ઓળખી ન શકે તે એ સૂચવે છે કે તેની દૃષ્ટિ ઉપરથી મોહનું -દૃષ્ટિરાગનું પડળ હજુ ખર્યું નથી; અને, તેનો ભાવમળ ઘટયો નથી–પારમાર્થિક મોક્ષમાર્ગમાં પ્રવેશઅર્થે જરૂરી ચિત્તશુદ્ધિ થઈ નથી. જેની દૃષ્ટિ સારી હોય તે જેમ બાહ્ય રૂપને બરાબર પારખી શકે છે તેમ જેનો

ભાવમળ ઘટ્યો હોય તે પોતાની આંતરસૂઝ વડે સાચા સંતોના આચાર-ઉચ્ચારમાં છતી થતી તેમના આત્મિક ઓજસની—અભય, અદ્વેષ, અખેદની—આભાને બાહ્ય વેશથી નિરપેક્ષપણે, અર્થાત્ તેઓનાં બાહ્ય લિંગ-વેશાદિ ગમે તે હોય તોય, ઓળખી લે છે.

આમાંથી એ ફલિત થાય છે કે મુમુક્ષુ પોતાનાથી અન્ય મત-પંથ-વેશમાં રહેલ આત્મજ્ઞાની સત્ પુરુષોને 'સત્પુરુષ' તરીકે ઓળખી ન શકતો હોય કે અંતરમાં એમના પ્રત્યે તેને આદર ન જાગતો હોય તો, એની એ ક્ષતિ એ વાત છતી કરી દે છે કે તેને યોગાવંચકપણું પ્રાપ્ત થયું નથી; બીજા શબ્દોમાં કહીએ તો, તેણે ધર્મના ઉંબરામાં યે હજુ પગ નથી મૂક્યો—તે પહેલી યોગદૃષ્ટિમાં પણ આવ્યો નથી! આ કટુ તથ્ય પ્રત્યે મુમુક્ષુ શાહમૃગીય વૃત્તિ રાખી ન શકે. મુમુક્ષુએ આત્મ-નિરીક્ષણ કરવું જોઈએ કે દૃષ્ટિરાગના ઘેનમાં તે મુક્તિપથના આ પ્રવેશ-દ્વારથી યે દૂર તો નથી ફંટાઈ રહ્યો ને?

ઝવેરી ઉકરડે પડેલું સાચું નંગ ઉપાડી લે તેમ, સર્વજ્ઞસિદ્ધાંતનું રહસ્ય જાણનાર આત્માઓ ભાવલિંગ યાને આંતરિક ગુણવૈભવ જ્યાં હોય ત્યાં એનો ઉચિત આદર કરે છે.[૧૯] તેઓ એ સમજતા હોય છે કે સાચા સાધર્મી તો ભાવલિંગયુક્ત આત્માઓ જ છે. તેઓ એ સ્વીકારતાં અંચકાતા નથી કે અન્ય મત–પંથમાં રહેલ વ્યક્તિઓ પણ મોક્ષે જઈ શકે છે—જો એમનું આંતરવલણ અર્થાત્ ભાવ જિનાજ્ઞાને અનુકૂળ બની ગયેલ હોય તો.[૨૦]

મુક્તિ ભાવલિંગના આધારે, અર્થાત્ આંતરિક ગુણસંપત્તિના આધારે, મળે છે; દ્રવ્યલિંગની અર્થાત્ નામ-વેશ આદિ બાહ્ય ઓળખની, ત્યાં કોઈ ગણના નથી.[૨૧] આ વાત ઉપાધ્યાયજી મહારાજે સાડા ત્રણસો ગાથાંના સ્તવનમાં પણ દોહરાવી છે:

> "કોઈ કહે અમે લિંગે તરશું, જૈન લિંગ છે વારુ;
> તે મિથ્યા, નવિ ગુણ વિણુ તરીએ; ભુજ વિણ ન તરે તારુ રે."

અર્થાત્ મુક્તિપથમાં નામ-વેશ-લિંગનું નહિ, પણ મહત્ત્વ ગુણનું—આંતરિક નિર્મળતાનું છે. આંતરિક ગુણસંપત્તિ વિનાનું જૈનમુનિપણું પણ મુક્તિ અપાવવામાં નિષ્ફળ રહે છે. જૈનસંઘમાં એ તો સૌને સુવિદિત

છે કે અનેકવાર—પાંચ-પચીસ વાર, સો-બસો વાર કે દશ-વીશ લાખ કે દશ-વીશ કરોડ વાર નહિ પણ સંખ્યાતીત વાર—અરે! અનંત વાર 'ઓઘા' નિષ્ફળ ગયા છે. અહીં એ ખાસ નોંધવું ઘટે કે જે અનંતા 'ઓઘા' નિષ્ફળ ગયા હોવાની વાત શાસ્ત્રો કરે છે તે કંઈ મુનિની બાહ્ય-ચર્યાના પાલનમાં કોઈ કચાશ કે ન્યૂનતાના કારણે વ્યર્થ ગયા છે એવું નથી; શાસ્ત્રો શાખ પૂરે છે કે મુનિજીવનની સઘળી યે બાહ્ય ચર્યાના પરિપૂર્ણપાલન પૂર્વકનાં યે અનંતવારનાં ચારિત્ર મુક્તિ અપાવવામાં નિષ્ફળ રહ્યાં છે.[૨૨]

માટે, આપણું જીવનધ્યેય જો મોક્ષ હોય તો, આપણે માત્ર જન્મે જૈન હોઈએ કે કુલાચારથી જૈન હોઈએ તે પર્યાપ્ત નથી, ભાવથી-અર્થાત્ ગુણથી પણ જૈન બનીએ કે બનવાનો જાગૃત પ્રયાસ કરીએ તે આવશ્યક જ નહિ, અનિવાર્ય છે.[૨૩]

# બીજા પ્રકરણનાં ટિપ્પણો

૧. आयपरपरिच्चाओ आणाकोवेण इहरहा णियमा।

—ઉપદેશપદ, ગાથા ૩૬.

ટીકા—"आत्मपरपरित्यागः आत्मनः स्वस्य परेषां चानुगृहीतुमिष्टानां देहिनां परित्यागः दुर्गतिगर्त्तान्तर्गतानां प्रोज्झनं कृतं भवति आज्ञाकोपेन भगवद्वचनवितथासेवनरूपेण..."

—શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ.

૨. ऐदंपर्यं शुद्धयति यत्रासावागमः सुपरिशुद्धः ।
तदभावे तद्देशः कश्चित्स्यादन्यथाग्रहणात् ॥

—ષોડશકપ્રકરણ, ષોડશક ૧૬, શ્લોક ૧૨.

૩. वाक्यार्थमात्रविषयं .......... श्रुतम् ।
यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतं .... चिन्तामयं तत्स्यात् ।
.. ऐदंपर्यगतमेतत् (भावनामयं ज्ञानम्) ।

—ષોડશકપ્રકરણ, ષોડશક ૧૧, શ્લોક ૭–૯

૪. अनेन हि ज्ञातं ज्ञातं नाम, क्रियाप्येतत्पूर्विकैव मोक्षाय अक्षेपेण संपद्यते ।

—એજન, ષોડશક ૧૧, શ્લોક ૯ ટીકા.

૫. चरमं हितकरणफलम् ।
ટીકા —चरमं भावनामयं तृतीयं (ज्ञानं), स्वहितनिर्वर्तनफलं अस्य।

—એજન, ષોડશક ૧૧, શ્લોક ૬.

૬. (i) भावनामये ज्ञाने सति सर्वेषु जीवेषु हितहेतुः प्रवृत्तिः ।

—એજન, ષોડશક ૧૧, શ્લોક ૧૧ ટીકા.

(ii) श्रुतज्ञानाद्विवादः स्यान्मतावेशश्च, चिन्तया ।
- माध्यस्थ्यं, भावनाज्ञानात् सर्वत्र च हितार्थिता ॥

—વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૫૯.

૭. (i) भावलिङ्गं हि मोक्षाङ्गं द्रव्यलिङ्गमकारणम् ।
द्रव्यं नात्यन्तिकं यस्मान्नाप्येकान्तिकमिष्यते ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૮૩.

(ii) भावस्य मुख्यहेतुत्वं तेन मोक्षे व्यवस्थितम् ।

ટીકા —भावस्यान्तःपरिणामस्य मोक्षे मुख्यहेतुत्वं व्यवस्थितं तेन स एव योग इत्युक्तं भवति ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વાત્રિંશિકા ૧૦, શ્લોક ૨૨.

૮. अपुनर्बंधकस्यापि या क्रिया शमसंयुता ।
चित्रा दर्शनभेदेन धर्मविघ्नक्षयाय सा ।।

—અધ્યાત્મસાર, આત્મસ્વરૂપાધિકાર, શ્લોક ૧૫.

૯. सद्दढत्तणस्स जुग्गो भद्दगपगई विसेसनिउणमई ।
नयमग्गरई तह दढनिअवयणठिई विणिद्दिठ्ठो ।।

—શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ, ગાથા ૩.

સરખાવો: વિંશતિવિંશિકા, વિંશિકા ૧, ગાથા ૧૮.

(જુઓ પ્રકરણ ૩, ટિપ્પણી ૩).

૧૦. सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्तां ।
सदानुभूत्या दृढनिश्चयो यस्तस्यैव सिद्धिर्न हि चापरस्य ।।

—હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા, શ્લોક ૩.

૧૧. भवी न धर्मैरविधिप्रयुक्तैर्गमी शिवं येषु गुरु र्न शुद्धः ।
रोगी हि कल्यो न रसायनैस्तैर्येषां प्रयोक्ता भिषगेव मूढः ।।
समाश्रितस्तारकबुद्धितो यो यस्यास्त्यहो मज्जयिता स एव ।
ओघं तरीता विषमं कथं स तथैव जन्तुः कुगुरोर्भवाब्धिम् ।।

—અધ્યાત્મકલ્પદ્રુમ, અધ્યાય ૧૨, શ્લોક ૨, ૩.

૧૨. જુઓ યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૩૪—૧૪૨.
चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः ।
यस्मादेते महात्मानो, भवव्याधिभिषग्वराः ।।
तदभिप्रायमज्ञात्वा, न ततोऽर्वाग्दृशां सताम् ।
युज्यते तत्प्रतिक्षेपो, महानर्थकरः परः ।।

—એજન, ક્રમશઃ શ્લોક ૧૩૪ અને ૧૩૯.

૧૩. (i) જુઓ ષોડશક પ્રકરણ, ષો૦ ૧, શ્લોક ૨ અને ષો૦ ડશક ૨, શ્લોક ૩–૧૧.

(ii) भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग् वेत्ति चित्साम्राज्येन तत्त्ववित् ।।

—જ્ઞાનસાર, તત્ત્વદૃષ્ટ્યષ્ટક, શ્લોક ૭.

૧૪. तस्य प्रतिक्षेपः तत्तद्देशनानयाभिप्रायमजानतोऽयुक्तः ।
आर्यापवादस्यानाभोगजस्यापि महापापनिबन्धनत्वात् ।
—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વાત્રિંશિકા ૨૩, શ્લોક ૨૯ ટીકા.

૧૫. सद्भिः कल्याणसंपन्नै–र्दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ॥
—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૨૧૯.

૧૬. एवंविधस्य जीवस्य भद्रमूर्तेर्महात्मनः ।
शुभो निमित्तसंयोगो जायतेऽवञ्चकोदयात् ॥
योगक्रियाफलाख्यं य-च्छ्रूयतेऽवञ्चकत्रयम् ।
साधूनाश्रित्य परम-मिषुलक्ष्यक्रियोपमम् ॥
—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૩૩, ૩૪.

૧૭. (i) आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
टीका—भावयोगिषु न द्रव्याचार्यादिष्वधर्मजलक्षणेषु, कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात् ।
—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૨૬.

(ii) आचार्यादिष्वपीति–भावयोगिषु तात्त्विकगुणशालिषु योगबीजं, न चान्येष्वपि द्रव्याचार्यादिष्वपि, कूटेऽकूटधियोऽपि हि असार-त्वादसुन्दरत्वात्, तस्याः सद्योगबीजत्वानुपपत्तेः ।
—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૨૧, શ્લોક ૧૩ ટીકા.

૧૮. अस्य हेतुश्च परमस्तथा भावमलाल्पता ॥
नास्मिन् घने यतः सत्सु तत्प्रतीतिर्महोदया ।
किं सम्यग् रूपमादत्ते कदाचिन्मन्दलोचनः ॥
—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૩૫, ૩૬.

૧૯. (i) भावलिङ्गरता ये स्युः सर्वसारविदो हि ते ।
—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૮૨.

(ii) सर्वज्ञप्रतिपत्त्यंशमाश्रित्यामलया धिया ।
निर्व्याजं तुल्यता भाव्या सर्वतन्त्रेषु योगिनाम् ॥
टीका—सर्वज्ञोक्तपालनपरतया सर्वदर्शनेषु मुमुक्षूणां तुल्यता ।
—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વાત્રિંશિકા ૨૩, શ્લોક ૧૭.

(iii) यश्च स्यात्तादृशो जीवो, निर्मलात्मा कथंचन ।
स तीर्थिकोऽपि भावेन, वर्त्तते जिनशासने ॥
किं बहुना ?
यावन्तो देहिनो लोके यथावस्थितदृष्टयः ।
ते सर्वेऽप्यत्र वर्त्तन्ते तात्त्विके शुद्धदर्शने ॥

—ઉપમિતિ૰, પ્રસ્તાવ ૮, ક્રમશઃ શ્લોક ૮૧૩ અને ૯૦૮.

૨૦. (i) भावलिंगात्ततो मोक्षो, भिन्नलिंगेष्वपि ध्रुवः ।
कदाग्रहं विमुच्यैतद्, भावनीयं मनस्विना ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૮૮.

(ii) अन्यलिङ्गादि सिद्धाना–माधारः समतैव हि ।
रत्नत्रयफलप्राप्तेर्यया स्याद् भावजैनता ॥

—એજન, સમતાધિકાર, શ્લોક ૨૩.

૨૧. भावलिंगरता ये स्युः सर्वसारविदो हि ते ।
लिंगस्था वा गृहस्था वा सिद्धचन्ति धूतकल्मषाः ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૮૨.
સાથે જુઓ શ્લોક ૧૮૩ (ટિપ્પણી ૭ (i))

૨૨. शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादिकाश्चेष्टाः अनन्ताः व्यतिक्रान्ता भवे, परिपूर्णा अपि, सर्वेषां भवभाजां प्रायेण, अव्यवहारिकराशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः ।

—ઉપદેશપદ, ગાથા ૨૩૩, ટીકા.

૨૩. तदिदं भावसत्तीर्थमवतीर्य तरन्ति भोः ।
संसारसागरं जीवा पर्याप्तं वेषचिन्तया ॥

—ઉપમિતિ૰, પ્રસ્તાવ ૮, શ્લોક ૮૨૧.

3

# ધર્મનો પ્રારંભ: અનુકંપા, સેવા, સહાનુભૂતિ, પ્રેમ

'મને સુખ મળો, બીજાનું ગમે તે થાઓ.' આ વૃત્તિ દરેક જીવમાં જન્મજાત હોય છે; કીટ-પતંગ કે પશુ-પંખીને પણ આ વૃત્તિ- instinct સુલભ છે, પરંતુ તેમાં આત્મવિકાસ નથી. આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ માટે જીવે સંકુચિત વૃત્તિનું આ કોચલું ફોડીને બહાર આવવું રહ્યું. ઈંડાની નાનકડી અંધારી કોટડીની દીવાલ તોડીને પક્ષીનું બચ્ચું બહાર આવે છે ત્યારે જ તેનું ખરું જીવન શરૂ થાય છે. તેમ 'સ્વ'*ની અંધારકોટડીમાં પુરાયેલો આત્મા પણ જ્યારે તેમાંથી નીકળી 'સર્વ'નો વિચાર કરતો થાય છે ત્યારે જ તેનું આત્મિક જીવન શરૂ થાય છે.

પોતાની જેમ પારકાના ય સુખદુ:ખનો વિચાર કરતા થવું એમાં ધર્મનો પ્રારંભ છે. બીજાનું શું થાય છે એ ન જોતાં, કેવળ પોતાનાં સુખ-દુ:ખને જ મહત્ત્વ આપવું એ છે બધા અધર્મનું મૂળ. 'સ્વ'નો વિચાર જીવને અનાદિકાળથી મળેલો છે. એ જ સર્વ પાપોનું બીજ છે. સર્વ પાપો સીધાં કે આડકતરાં સ્વાર્થમાંથી જ જન્મે છે, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં જાળાં પણ સ્વાર્થના આ કેન્દ્રની આસપાસ જ ગૂંથાતાં રહે છે. કોઈ પણ પાપનું મૂળ તપાસીશું તો તેમાં 'સ્વ'નો આ વિચાર દેખાઈ આવશે. તેથી, પાપપ્રવૃત્તિ અને પાપવૃત્તિને નિર્મૂળ કરવા માટે અંતરમાંથી સ્વાર્થવૃત્તિને જાકારો આપવો આવશ્યક થઈ પડે છે. સ્વાર્થ-વૃત્તિ ઉપર ઘા પડયા પછી જ, એટલે કે સ્વાર્થવૃત્તિ મોળી પડયા પછી જ, એ હૃદયભૂમિમાં ધર્મવૃક્ષ પાંગરે છે.

## ધર્મપ્રાપ્તિની પૂર્વભૂમિકા

ધર્મપ્રાપ્તિ અર્થે પાત્રતા કેળવવા શાસ્ત્રકારોએ જે ઉપાયો બતાવ્યા છે તેનું પરિશીલન કરતાં એક તથ્ય તરી આવે છે કે ધર્મનો પ્રારંભ બીજાનાં સુખદુ:ખ પ્રત્યેની સભાનતામાં છે.

*અહીં 'સ્વ'થી આત્મા નહિ, પણ 'સ્વાર્થ' શબ્દમાં 'સ્વ'નો જે અર્થ કરીએ છીએ તે—અર્થાત્ સ્વદેહ અને તેને સંબંધિત અન્ય બાબતો—એ અર્થ સમજવો.

આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે 'યોગબિન્દુ'માં અને ઉપાધ્યાયજી મહારાજે 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'માં યોગની પૂર્વસેવા અર્થાત્ યોગ માટેની જે પૂર્વતૈયારી બતાવી છે, તેમાં ગુરુદેવાદિપૂજન, દાન, દીનાભ્યુદ્ધરણ અને દાક્ષિણ્યાદિ ગુણોનો સમાવેશ છે. ગુરુદેવાદિપૂજનમાં માતા-પિતાદિ વડીલવર્ગની સેવા-ભક્તિનું; દાનમાં પાત્રને—અર્થાત્ સંસારથી વિરક્ત અને આત્મસાધનામાં લીન રહેતા મહાત્માઓને—ભક્તિપૂર્વક તથા દીનાદિને અનુકંપાથી અન્ન, વસ્ત્ર, ઔષધ વગેરે તેમની જીવન-જરૂરિયાતોના દાનનું સૂચન છે; દીનાભ્યુદ્ધરણમાં દીન-અનાથને ઉપકાર થાય તેવા પ્રયત્નો કરવાનું અને દાક્ષિણ્યમાં સ્વભાવથી જ પરના કાર્યમાં સહભાગી બનવાનું અર્થાત્ પરગજુ થવાનું સૂચન કર્યું છે[1].

યોગશતકમાં ગ્રન્થકાર મહર્ષિ કહે છે કે, "ગુરુએ ધર્મસાધકની ભૂમિકા પરખીને, અપુનર્બંધક જેવા પ્રાથમિક કોટિના આરાધકને સામાન્યપણે પરપીડાત્યાગ, દેવ, ગુરુ અને અતિથિનાં પૂજા-સત્કાર અને દીનાદિને દાન વગેરે લોકધર્મનો ઉપદેશ આપવો; કારણ કે જંગલમાં માર્ગભ્રષ્ટ મુસાફરને કેડી બતાવવાથી તે માર્ગમાં પહોંચી જાય છે તેમ આ લૌકિક ધર્મને આધારે પ્રાથમિક કક્ષાના એ જીવો મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી શકે છે."[૨]

વિંશતિવિંશિકા ગ્રંથના પ્રારંભમાં જ તત્ત્વપ્રાપ્તિનો ઉપાય બતાવતાં અને ચરમાવર્ત્તની ઓળખાણ આપતાં ગ્રન્થકાર કહે છે કે, "મધ્યસ્થતા, સદ્‌બુદ્ધિનો યોગ અને અર્થિતા વડે અવશ્યં તત્ત્વવિશેષનું જ્ઞાન થાય છે. આ ત્રણ ગુણ વિના તત્ત્વજ્ઞાન થતું નથી. માટે, આ (ગુણો સહિત આગમના પરિશીલન)માં પ્રયત્ન કરવો જોઈએ. સાથે સાથે ગુણી પુરુષોની સેવા, તેમનો વિનય, તેમની આજ્ઞાનું પાલન તથા યથાશક્તિ સાધુ અને અનાથ જનોની સેવા પણ અવશ્ય કરવી જોઈએ. ચરમાવર્ત્તમાં રહેલા ભવ્યમાં આ ગુણો ખીલેલા હોય છે; અને ભવનો અંત જેનું ફળ છે એવો ચરમાવર્ત્ત પણ આ ગુણોથી કળી શકાય છે."[૩]

જીવ જ્યારે ચરમાવર્ત્તમાં આવે છે અને ભાવમળ ક્ષીણ થાય છે અર્થાત્ તે ધર્મપ્રાપ્તિ માટે યોગ્ય બને છે ત્યારની એની સ્થિતિનું વર્ણન કરતાં યોગદૃષ્ટિસમુચ્ચયમાં ગ્રંથકાર કહે છે કે, "દુઃખી માત્ર પ્રત્યે અત્યંત

દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને સર્વત્ર ઔચિત્યપૂર્વકનું વર્તન એ જીવ કરે છે."[4]

ધર્મપ્રાપ્તિ માટે જે સામાન્ય સદ્‌ગુણોની મૂડી જોઈએ તેનો ખ્યાલ જ્ઞાનીઓએ ઉપર્યુક્ત વચનોમાં આપ્યો છે. એમાંથી એ હકીકત દીવા જેવી સ્પષ્ટ દેખાઈ આવે છે કે આત્મસાધનામાં રત ગુણી જનો, માતા-પિતા આદિ ઉપકારી જનો તથા દીન-દુ:ખીયાંની સેવા, ભક્તિ અને સહાયતા—ઓછામાં ઓછો આટલો પરાર્થ જીવનમાં આવ્યા વિના ધર્મ-પ્રાપ્તિ માટેની યોગ્યતા પણ આવતી નથી. અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રવેશ માટે આ ગુણસંપત્તિ તો જોઈએ જ.

આમ, ધર્મનો પ્રારંભ પરાર્થભાવના બીજથી થાય છે. સ્વોપકાર પણ સાનુબંધ બને છે પરોપકારથી,[5] અર્થાત્ ચિત્ત પરાર્થવૃત્તિથી વાસિત હોય તો જ તે ઉત્તરોત્તર અધિક શુદ્ધ થતું જઈ મુક્તિ સુધી લઈ જઈ શકે. પ્રણિધાનાદિ આશય વિના એ અસંભવિત છે કે ચિત્તની વિશુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિગત થતી રહી ક્રમશ: મુક્તિ પ્રતિ દોરી જાય.[6] જ્ઞાનીઓ કહે છે કે "સદા પરહિતમાં રત રહેનાર, ગંભીર અને ઉદાર વ્યક્તિનું સદનુષ્ઠાન જ દશ સંજ્ઞાઓના નિરોધથી—નિરોધના ઉત્સાહથી—પરિપૂર્ણ બને છે."[7] તાત્પર્ય એ છે કે સ્વાર્થપરાયણ વ્યક્તિનો દશ સંજ્ઞાઓના નિરોધનો પ્રયત્ન પણ સફળ નથી બની શકતો, કારણ કે જ્યાં સુધી મનમાં સ્વાર્થવૃત્તિ હોય ત્યાં સુધી તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે અધમ વૃત્તિઓનું અસ્તિત્વ હોય જ. સ્વાર્થી, સંકુચિત અને સુખેચ્છુ મન ઇન્દ્રિયોની દોરવણી સ્વીકારી આખરે વાસનાના કીચડમાં જ ખેંચી જાય છે. નિષ્કામ સેવા, દાન અને પ્રેમના અભ્યાસપૂર્વકની ધર્મારાધનાથી જ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય છે. મુમુક્ષુએ આ વિચાર પોતાના ચિત્તમાં સુસ્થિર કરી લેવો ઘટે.

ધર્મમાર્ગે ચઢેલી કે ધર્મને અભિમુખ થયેલ વ્યકિત અને ધર્મથી વિમુખ વ્યકિત વચ્ચે ભેદ પાડનાર તત્ત્વ તે આ પરાર્થવૃત્તિનો ઉઘાડ છે મોહના પ્રભાવ માંથી આત્મા કંઈક બહાર આવે છે ત્યારે તે કેવળ સ્વકેન્દ્રિત નથી રહેતો; તેનો પ્રેમ જાત ઉપરથી વિસ્તાર પામતો કુટુંબ, સમાજ, દેશ, વિશ્વ અને અંતે સમગ્ર પ્રાણીસૃષ્ટિને આલિંગે છે.

### ધર્મમાર્ગે પહેલું ડગ

મહાવીર પ્રભુના અનુયાયી થવા ઇચ્છતી—અર્થાત્ ધર્મમાર્ગે જવા ઇચ્છતી—વ્યક્તિ માટે એ પ્રથમ શરત છે કે તેની આજીવિકા બીજાના શોષણ ઉપર નિર્ભર ન હોવી જોઇએ. પરાર્થની ખીલવટ અને સ્વાર્થ-વૃત્તિને અંકુશમાં લેવા માટેનું આ પ્રારંભિક પ્રશિક્ષણ છે. નીતિનો પાયો સ્વાર્થથી પર થવામાં રહેલો છે. અતિ સ્વાર્થી વ્યક્તિ નીતિનું પાલન કરી ન શકે. જેટલા પ્રમાણમાં સ્વાર્થપરાયણતા વધારે તેટલા પ્રમાણમાં અનીતિ-મત્તા પણ વધારે. આથી નિ:સ્વાર્થતા અને નીતિમત્તા એ બે પર્યાય બની રહે છે. આથી શ્રેયાર્થી અર્થાત્ માર્ગાનુસારી માટેના નિયમોમાં સૌથી પહેલો નિયમ એ છે કે તેણે ન્યાય, નીતિ અને પ્રામાણિક વ્યવ-સાયથી આજીવિકા રળવી. આ નિયમમાં ઊંડું મનોવૈજ્ઞાનિક રહસ્ય છુપાયેલું છે. વ્યકિતની, કુટુંબની, સમાજની, દેશની અને વિશ્વની શાંતિ, ઉન્નતિ, સુવ્યવસ્થા અને આબાદીનું બીજ તેમાં રહેલું છે. કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને અશાંતિનું ઉદ્‌ગમસ્થાન વ્યક્તિગત સ્વાર્થમાં જ છે. આથી, સ્વાર્થવૃત્તિ ઉપર જ ઘા કરતું માર્ગાનુસારી જીવનનું આ પ્રથમ સોપાન માત્ર વ્યક્તિગત આધ્યાત્મિક ઉત્થાનમાં જ સીમિત ન રહેતાં કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને અશાંતિને નિર્મૂળ કરીને વિશ્વને શાંતિ પ્રતિ દોરી જતું અતિ મહત્ત્વપૂર્ણ પગલું છે. વળી, પ્રામાણિક વ્યવસાય દ્વારા આજીવિકા રળવાની ટેકને વળગી રહેવામાં એ કસોટી પણ થઈ જાય છે કે ભગવાને પ્રબોધેલ કર્મસિદ્ધાંતમાં પોતાને આસ્થા છે કે નહિ?

અજ્ઞાનવશ માનવી સ્વાર્થમાં પોતાનું સુખ કલ્પે છે. પણ, ધર્મમાર્ગે પગ માંડનાર વ્યક્તિએ આ તથ્ય બરાબર ઘૂંટીને આત્મસાત્ કરી લેવું જોઈએ કે અંતે, 'વાવો તેવું લણો'—'જેવું બીજ વાવો તેવું ફળ પામો': કુદરતના આ સનાતન નિયમને કોઈ થાપ આપી શકતું નથી. દશ-વીશ વર્ષ બીજાને છેતરીને, કાળાં-ધોળાં કે ઊંધા-ચત્તા કરીને એકત્ર કરેલ ધન, માલ, સત્તા, સંપત્તિ, ઐશ્વર્યને એકાદ અકસ્માત, ચોરી, રોગ, કુટુંબક્લેશ, કુદરતી હોનારત કે કોઈ અકલ્પ્ય રાજકીય પરિવર્તન એક ક્ષણમાં નષ્ટ કરી શકે છે. બીજાનું સુખ છીનવી લઈને જાતે સુખ-શાંતિ કેમ પામી શકાય? આંગણામાં બાવળ વાવીને આસોપાલવના

છાંયડાની આશા રાખીએ, એ કયાંથી ફળે? દુ:ખ વાવનારે દુ:ખ જ લણવું પડે. આ નિયમની પાકી પ્રતીતિ માણસને સ્વયં નૈતિક થવા પ્રેરે છે અને, 'પોતાને પ્રાપ્ત થતી પ્રતિકૂળતા, દુ:ખ કે આપત્તિ માટે બીજું કોઈ નહિ પણ પોતે જ જવાબદાર છે' એ સમજ પણ તે જગાડે છે; આથી, 'કરો તેવું પામો 'ના આ શાશ્વત નિયમમાં શ્રદ્ધાવાળી વ્યકિતના અંતરમાં બીજા પ્રત્યે દ્વેષ કે વૈરની ગ્રંથિ બંધાતી પણ અટકે છે.

માટે, ધર્મનો ઉંબરો વટાવવા ઈચ્છતી વ્યકિતએ 'વાવો તેવું લણો'-ના આ સનાતન નિયમમાં દૃઢ શ્રદ્ધા કેળવી લેવી જોઈએ*. 'અનીતિના માર્ગે સુખી થઈ શકાય' એ ભ્રમ ચિત્તમાંથી નિર્મૂળ ન થયો તો, અનાદિની સ્વાર્થવૃત્તિ અનીતિના દેખીતા સરળ અને ટૂંકા માર્ગે ધન-ધામ મેળવી લેવાના પ્રલોભનમાં ઘસડી જઇ, આત્માને ધર્મવિમુખ બનાવી દેશે.

## 'સ્વાર્થવિસર્જન'નો પર્યાય જ 'આધ્યાત્મિકતા'

સાચો ધર્મ વ્યકિતને સ્વાર્થની પકડમાંથી મુકત કરી તેના અંતરમાં નિ:સ્વાર્થવૃત્તિ અને વિશ્વપ્રેમનો ઉઘાડ અને વિકાસ કરે છે. આમ, ન્યાયનીતિપૂર્વક આજીવિકા રળવાની ટેકથી શરૂ થતી ધર્મયાત્રા, વિશ્વને આલિંગતા નિ:સ્વાર્થ–નિર્વ્યાજ પ્રેમની અખંડ અનુભૂતિસ્વરૂપ પૂર્ણ અહિં-સાના રાજમાર્ગે થઈને, આત્મજ્ઞાનાદિ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા-ઓનો સ્પર્શ કરતી અંતે આત્મરમણતામાં વિરમે છે. જીવ વિભાવદશા-માંથી હટી સ્વભાવ તરફ જેમ જેમ વધુ ને વધુ વળે છે, તેમ તેમ તેની વૃત્તિ-પ્રવૃત્તિ, વિચાર-વર્તન, યાવત્ તેનું સમગ્ર અસ્તિત્વ બીજાને પીડાકારક મટી, સુખકર બનતું જાય છે.

આત્મિક વિકાસક્રમનું અને મોક્ષમાર્ગની સમગ્ર સાધનાચર્યાનું પરિ-શીલન કરતાં, તેમાંથી એક નિયમ આપણી સમક્ષ સ્પષ્ટ ઊપસી આવે છે તે એ કે, સ્વાર્થ–સંકોચ એ બંધનનો માર્ગ છે અને પરાર્થ–વિશાળતા એ મુકિત તરફની ગતિનો. [આ મુદ્દાના વિસ્તૃત વિવેચનના અર્થી *જિજ્ઞાસુઓએ લેખકકૃત "મોક્ષમાર્ગના બે ચીલા" શીર્ષક લેખ (—જિન-*સંદેશ, તા૦ ૧૫ મે, ૧૯૭૫) અવલોકનીય છે.]

* જુઓ પ્રકરણના અંતે પરિશિષ્ટ : સુખ સમૃદ્ધિનો મૂળ સ્રોત.

આત્મવિકાસની સાવ પ્રારંભિક ભૂમિકારૂપ પ્રથમ યોગદૃષ્ટિમાં પણ જીવને સ્થાન ત્યારે જ મળે છે કે જ્યારે તેના અંતરમાં કંઈક કરુણા અંકુરિત થઈ હોય;[૮] અર્થાત્ વ્યક્તિ ધાર્મિક અનુષ્ઠાન ગમે તેટલું કરતી દેખાય પણ ચિત્તમાં જો કેવળ સ્વાર્થ જ ભર્યો પડયો હોય, બીજાના સુખનો વિચાર ઊગ્યો જ ન હોય, તો સમજવું કે સાચો ધર્મ ત્યાં પાંગર્યો જ નથી. ધર્મ શુભાત્મપરિણામરૂપ હોવાથી સદા ચિત્તગત છે.[૯] તે કેવળ પ્રવૃત્તિનું નહિ પણ વૃત્તિનું પરિવર્તન માગે છે. આથી, માત્ર પ્રવૃત્તિની ફેરબદલીથી સંતોષ ન માનતાં જ્ઞાનીઓ વૃત્તિની સુધારણા ઉપર સદા ભાર આપે છે. આથી માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં, યોગની પૂર્વસેવામાં અને શ્રાવકના એકવીશ ગુણોમાં પણ પરાર્થભાવનાં બીજકો જ્ઞાનીઓએ મૂક્યાં છે. જ્ઞાનીઓ તત્ત્વચિંતનની ગણના પણ અધ્યાત્મમાં તો જ કરે છે કે જો તે બીજી શરતો ઉપરાંત મૈત્ર્યાદિભાવસંયુક્ત હોય.[૧૦]

મૈત્રીનું સ્વરૂપ છે બીજાનાં સુખ કે હિતની ચિંતા.[૧૧] બીજા શબ્દોમાં કહીએ તો, બીજાના સુખ કે હિતનો વિચાર જેના મૂળમાં હોય તે પ્રવૃત્તિને જ જ્ઞાનીઓ આધ્યાત્મિક પ્રવૃત્તિ તરીકે માન્ય કરે છે. અંતરમાં સર્વ જીવો પ્રત્યે સ્નેહ એ જ મૈત્રીની કાયા છે.[૧૨] પાપી અને દુ:ખી જીવો પ્રત્યે એ કરુણારૂપે વ્યકત થાય છે, ગુણી અને સુખી આત્માઓ પ્રત્યે પ્રમોદ રૂપે અને ધર્મ તેમજ ધર્મીજનો પ્રત્યે દ્વેષ ઓકનારા ધર્મવિમુખ જીવો પ્રત્યે કરુણાપૂર્ણ ઉપેક્ષા યાને માધ્યસ્થ્ય રૂપે; અર્થાત્ કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય એ પણ મૈત્રીનાં જ સ્વરૂપો છે. શ્રી જિનેશ્વરદેવનિર્દિષ્ટ, દાનથી માંડીને સામાયિક કે સર્વવિરતિ સુધીના સઘળા યે વ્યવહારમાર્ગમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય—આ ચાર ભાવો પથરાયેલા પડ્યા છે.[૧૩] આ ભાવોનો વિકાસ અને આત્મવિકાસ સાથે સાથે ચાલે છે.

## સમકિતીની ઓળખ

અંતરમાં જીવસૃષ્ટિ પ્રત્યે પ્રેમનો અંકુર ન ફૂટે અને જીવ ધર્મ પામી જાય એવું બનતું નથી; ધર્મ આવે ત્યાં પોતાતુલ્ય ચૈતન્ય પ્રતિ અંતરમાં મૈત્રી ઊભરાય જ. ભિન્ન ભિન્ન જીવનપરિસ્થિતિમાં રહેલ જગતના જીવો પ્રત્યે ઉપર્યુકત ચારમાંના જ કોઈ એક ભાવને બદલે અંતરમાં દ્વેષ, મત્સર, ઘૃણા, તિરસ્કાર આદિ ભાવો જ ઘર કરી બેઠાં હોય તો

એમ જ સમજવું રહ્યું કે મુક્તિની વાટ હજી હાથ લાગી નથી.[૧૪]

'અમુક વ્યક્તિને સમ્યગ્‌દર્શન ભાવથી પ્રાપ્ત થયું છે કે નહીં, એ શી રીતે જાણી શકાય?' —આ પ્રશ્નનો ઉત્તર આપતાં શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે, "ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય: આ પાંચ લક્ષણો અથવા જીવમાત્ર પ્રત્યે મૈત્રી, ગુણવાન આત્માઓ પ્રત્યે પ્રમોદ, દીનદુઃખી પ્રત્યે કરુણા અને અવિનીત પ્રત્યે માધ્યસ્થ્ય જેનામાં સમ્યક્ પ્રકારે હોય તે આત્મા સમકિતી છે એમ જાણવું."[૧૫] સમકિતીની ઓળખ માટેનો અહીં જણાવેલો બીજો વિકલ્પ તો જીવજગત પ્રત્યે મૈત્ર્યાદિનું અસ્તિત્વ સ્પષ્ટપણે માગે જ છે; પણ પ્રથમ વિકલ્પમાંના 'ઉપશમ' અને 'અનુકંપા' પણ એ વાતની પ્રતીતિ આપે છે કે, ચૈતન્ય પ્રત્યે પ્રેમ અને ધર્મપ્રાપ્તિ એ બે ગાઢ રીતે સંકળાયેલાં છે.

## —ઉપશમ: અપરાધી પ્રત્યે પણ માતૃહૃદય

'ઉપશમ' થી શું અભિપ્રેત છે તે સ્પષ્ટ કરતાં ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કે ઉપશમ એટલે 'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકૂળ!' સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ જેને થઈ હોય તે વ્યક્તિના અંતરમાં સમગ્ર પ્રાણીસૃષ્ટિ પ્રત્યે વાત્સલ્યનો એવો નિર્મળ પ્રવાહ વહેતો થઈ જાય છે કે પાપી—અપરાધી જીવો સાથે પણ એનો વ્યવહાર એક વત્સલ માતા જેવો જ રહે છે. પોતાના કુછંદે ચડેલ સંતાનને એ ધોલ મારે ત્યારે પણ એના અંતરમાં તો એ બાળકનું હિત જ વસેલું હોય છે. માતા પોતાના બાળકને દુર્ગુણથી મુક્ત રાખવા ગુસ્સે થઈ એને શિક્ષા કરે છે, પણ બાળક દુઃખી થાય એમ એ કદી ઇચ્છતી નથી; તેમ સમકિતી આત્મા જરૂર પડ્યે અપરાધીને શિક્ષા કરે પણ એના પ્રત્યે ખાર ન રાખે—એનું અનિષ્ટ કરવાનો વિચાર સુધ્ધાં યે ન કરે. ગુસ્સા અને દ્વેષ-ખાર-ડંખ વચ્ચે એક પાયાનો ફરક છે. દ્વેષીલી વ્યક્તિ પોતાના હરીફને ખાડામાં ઉતારવા ઠંડા કલેજે યોજનાબદ્ધ પ્રયાસ કરે છે, જ્યારે દ્વેષરહિત વ્યક્તિ કોઈ પ્રસંગવશ ક્રોધના આવેશમાં આવીને તે ક્ષણે સામી વ્યક્તિને આકરી શિક્ષા પણ કદાચ કરી દે, પણ એ આવેશ શમ્યા પછી, સામી વ્યક્તિ પ્રત્યે ખાર રાખી તક મળ્યે તેનું અહિત કરવાનો—એને નુકશાન પહોંચાડવાનો—પ્રયત્ન કે વિચાર સુધ્ધાં એ નથી કરતી.

—અનુકંપા વિના તાત્ત્વિક આસ્તિકય અસંભવ

સમ્યગ્દર્શનની ઓળખનું એક પાયાનું લિંગ છે આસ્તિકતા. સાચી આસ્તિકતા અનુકંપાયુકત અંતરમાં જ પ્રગટે છે.[૧૬] અનુકંપા કોને કહેવી? 'પોતાનાં અને પરાયાં' કે એવા અન્ય કોઈ પક્ષપાત વિના, દુ:ખીના દુ:ખ જોતાં અંતર દ્રવી ઊઠે અને તે દુ:ખ દૂર કરવાની ઇચ્છા થાય: આ છે અનુકંપા. આ બાબત કંઈ ગૂંચવાડો ન રહે તે માટે શાસ્ત્ર-કારોએ તેના બે ભેદ પાડી આપ્યા છે: દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા. જીવનની મૂળભૂત આવશ્યકતાઓ અને સુખ-સગવડની સામગ્રી જેમને પ્રાપ્ત છે પણ જેઓ ધર્મહીન છે—સાચી જીવનદૃષ્ટિથી વંચિત છે—તેમના પ્રત્યે અંતર કરુણાથી દ્રવી ઊઠે અને, તેમને સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થાય એવી સદ્ભાવનાપૂર્વક, યથાશકિત-યથામતિ એ દિશામાં સાચા દિલનો જે પ્રયાસ કરવામાં આવે તે ભાવ અનુકંપા; અને જીવનની મૂળભૂત જરૂરિયાતોના અભાવે ટળવળતા આત્માઓને જોઈ અંતરમાં એમના પ્રત્યે સહાનુભૂતિ પ્રગટે અને તેમની આવશ્યકતાની પૂર્તિ કરવાના યથાશકિત પ્રયત્નરૂપે જે વ્યક્ત થાય તે દ્રવ્ય અનુકંપા.[૧૭] એ સ્મરણમાં રહે કે સાધનહીન પ્રત્યે દ્રવ્ય અનુકંપા વિના, લાગણીશૂન્ય હૈયે વૈરાગ્ય કે અધ્યાત્મનો કોરો ઉપદેશ આપી દેવો એટલા માત્રમાં ભાવ અનુકંપા સમાઈ જતી નથી; આત્મતુલ્ય દૃષ્ટિથી જગતના જીવોને જોનારમાં જ સાચી અનુકંપા પ્રગટે છે.[૧૮]

અનુકંપા એ 'સર્વ' ના વિચારનો અર્થાત્ પરાર્થનો પ્રારંભ છે. જગતના દુ:ખાર્ત્ત જીવોને દુ:ખોમાં રીબાતા જોઈ અંતરમાં તેમના માટે કરુણાની કોઈ લાગણી અનુભવ્યા વિના, કેવળ પોતાને વહેલું વહેલું 'મોક્ષ' નું સુખ મળી જાય એવા મનોરથમાં રાચનાર 'મુમુક્ષુ' તત્ત્વત: આર્ત્તધ્યાનના જ વમળમાં અટવાઈ રહેલો છે. બીજાના દુ:ખ પ્રત્યે લાગણીશૂન્ય હૈયે, કેવળ પોતાનું જ દુ:ખ ટાળવાની ઇચ્છાથી થતી પ્રવૃત્તિને આપણે ભલે અહિંસા, ક્ષમા, તપ, જપ કે સંયમના નામથી ઓળખીએ તોપણ પર-માર્થથી તો એ આર્ત્તધ્યાન જ છે. કોરા સ્વાર્થમાંથી ઉદ્ભવેલ એ પ્રવૃ-ત્તિનો બાહ્ય દેખાવ ભલે ધર્મનો હોય, પણ એનાથી પુષ્ટિ તો મોહની જ થતી રહે છે. (આ મુદ્દા ઉપર આગળ આપણે વિગતે વિચાર કરીશું).

ધર્મનું પ્રથમ પગથિયું દાન છે.[૧૯] દાનોમાં પણ અનુકંપા દાન

પ્રથમ છે, "માટે ભવ્ય જીવે પોતાની શક્તિ અનુસાર અનુકંપાપૂર્વક દાનધર્મનું પાલન કરવું જોઈએ, એનાથી જ શેષ ગુણોની ઉપલબ્ધિ થાય છે."[૨૦]

## ધર્મબીજ

બીજ વાવ્યા વિના, ખેતરમાં બીજી મહેનત ગમે તેટલી કરીએ, અને સારો વરસાદ પણ થાય, તોયે પાકની આશા રાખવી વ્યર્થ છે; તેમ અનુકંપા, કરુણા, મૈત્રી આદિના બીજકો હૃદયભૂમિમાં નંખાયા વિના ધર્મસિદ્ધિનો પાક લણી શકાતો નથી. મુક્તિપથનો યાત્રિક, તેની કોઈ પણ કક્ષાએ, આ ભાવોથી ઓછાવત્તા અંશે વાસિત હોવો જ જોઈએ. આ ભાવોથી જે અપરિચિત છે—જેના જીવનમાં આ ભાવો વણાયા નથી તેને ધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. ધર્મારાધનામાં આ ભાવો બીજના સ્થાને છે.[૨૧] પૂર્વસેવા, માર્ગાનુસારીના ગુણો આદિ પ્રારંભિક ધર્મપ્રવૃત્તિ દ્વારા એ બીજ આત્મામાં પડે છે અને પોષાય છે. એ બીજ પલ્લવિત થઈ, અનેક જન્મોના અભ્યાસ દ્વારા પૂર્ણ વિકાસ પામી, એ ભાવો આત્મસાત્ થાય છે ત્યારે મુક્તિ મળે છે.[૨૨] અર્થાત્ આત્મક્ષેત્રે આ ગુણોના બીજારોપણથી મુક્તિપ્રયાણ આરંભાય છે, અને એ ભાવોનો વિકાસ પૂર્ણતાએ પહોંચતાં મુક્તિયાત્રા પૂરી થાય છે.

ટૂંકમાં, મૈત્રી, પ્રમોદ, કરુણા અને કરુણાપૂર્ણ ઉપેક્ષા અર્થાત્ માધ્યસ્થ્ય જેટલા વિકસિત તેટલા અંશે મોક્ષમાર્ગે પંથ વટાવ્યો ગણાય અને એ ભાવોમાં જેટલી કચાશ, તેટલો પંથ બાકી લેખાય.

## ધર્મના નામે પોષાતી ભ્રમણા

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી વિમર્શશીલ વાચક સમજી શકશે કે દયા, દાન, સેવા, લોકોપકારની વૃત્તિ—એ ધર્મજીવનના પાયાના ગુણ છે.

પરાર્થવૃત્તિના એ અંકુરને પ્રોત્સાહન આપવાના બદલે, આરંભ-સમારંભની વાતો આગળ કરીને, જનસેવાની એવી પ્રવૃત્તિઓને કોઈ ધર્મોપદેશક ઉતારી પાડતા હોય તો જાણવું કે આધ્યાત્મિક વિકાસક્રમના યથાર્થ બોધથી એ ઉપદેશક વંચિત છે. એ ખરું કે આવી પ્રવૃત્તિઓ જો કોઈ અંગત સ્વાર્થ સાધવાના લક્ષ્યથી જ થતી હોય તો એનું આધ્યાત્મિક મૂલ્ય

શૂન્ય છે; આડકતરી રીતે એ અધર્મપોષક પણ હોઈ શકે. પરંતુ એની સાથે, કેવળ જીવમૈત્રીથી પ્રેરિત અને નિરાશંસભાવે થતી જનહિતની પ્રવૃત્તિઓને પણ આરંભ-સમારંભનો હાઉ બતાવીને ઉતારી પાડતાં પહેલાં, ડૉ૦ શિવાનંદ અધ્વર્યુના નેત્રયજ્ઞો, મધર ટેરેસાના અનાથાશ્રમો અને કુછંદે ચડી ગુંડાગીરીના ગર્તમાં ધકેલાયેલા ને હેરોઈન જેવા કેફદ્રવ્યોના વ્યસનના શિકાર બનેલા ન્યૂયોર્કના પતિત કિશોરોની જમાતોના ઉદ્ધાર કાજે પોતાના જાનના જોખમે રેવ૦ ડેવીડ વિલ્કરસને ઉપાડેલી ઝુંબેશ* જેવી વ્યાપક સેવાપ્રવૃત્તિઓ, કે ઉનાળાના ધોમ ધખતા તાપમાં પાણી માટે વલખાં મારતાં પશુ-પંખીઓને જોઈ કે પાણીના બેડા કાજે માઈલ બે માઈલ દૂર ધક્કા ખાતી ગ્રામનારીઓને જોઈ દ્રવી ઊઠેલા દાતા દ્વારા કોઈ નાનકડા ગામડાને મળતા વારિગૃહ જેવી કેવળ લોકસંગ્રહની ભાવનામાંથી આકાર લેતી પ્રવૃત્તિઓ, અને એની પાછળ રહેલ અનુકંપા અને લોકસંગ્રહની પવિત્ર ભાવના ધ્યાન બહાર ન જવાં જોઈએ. ભદ્રિક જનો આગળ આરંભ-સમારંભની વાત કરીને, એ જે સમાજમાં બેઠા છે એનું કંઈક ઋણ ફેડવાની એના અંતરમાં જાગેલી ઉદાત્ત ભાવનાને અકાળે મુરઝાવી દેવામાં શો ધર્મ રહેલો છે એ ધર્મોપદેશકે વિચારવું જ રહ્યું.

અનુકંપા, કરુણા, સહાનુભૂતિ એ ધર્મજીવનની પહેલી શરત છે. આ બીજ જેના અંતરમાં પડ્યું નથી તેવી વ્યકિતઓને માત્ર ધાર્મિક ક્રિયાકાંડમાં જોતરીને રાતોરાત ધાર્મિક બનાવી શકાતી નથી. ધાર્મિક થવું એટલે શું જગતના દુ:ખાર્ત જીવો પ્રત્યે સાવ લાગણીશૂન્ય હૈયે કેવળ જાતના જ સુખની ચિંતામાં ડૂબી જવું? શું માત્ર 'જીવવધ ન કરવો' એટલો જ અહિંસાનો અર્થ છે? વિશ્વવત્સલ શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા ઉપર વિશદ ચિંતન કરી, જીવ માત્ર પ્રત્યે કરુણા, સહાનુભૂતિ અને પ્રેમ પર્યન્ત અહિંસાનું અર્થઘટન વિસ્તારવું જોઈએ.

* જુઓ Rev. David Wilkerson નું પુસ્તક: The Cross and the Switchblade કે તેનો શ્રી ઈશ્વરભાઈ પટેલ કૃત અનુવાદ: 'પ્રભુના નામે,' પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસ એન્ડ કું., ગાંધીમાર્ગ, અમદાવાદ—૧.

## અહિંસાની જીવનપદ્ધતિ

માત્ર પ્રાણવધ, ખૂન, મારામારી કે યુદ્ધ એ જ હિંસા નથી; જેના મૂળમાં સ્વાર્થ, દ્વેષ, ઘૃણા રહેલાં છે તે સંઘર્ષ માત્ર હિંસા છે. પોતાના સ્વાર્થને પ્રથમ સ્થાન આપતી વિચારધારા અને રસ્મ-રિવાજ એ હિંસાની જીવનપદ્ધતિ છે. ભૌતિક સુખ-સગવડ અને તેની સામગ્રીની પ્રાપ્તિ અને ઉપભોગ ટાણે 'હું પહેલાં, પછી બીજાં'–આ છે એ જીવનપદ્ધતિનો કેન્દ્રવર્તી વિચાર. ઈર્ષ્યા, મત્સર, દ્વેષ એનાં ફરજંદ છે. બીજાનો નાશ કરીને પણ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો એ એની અંતિમ નિકૃષ્ટ કક્ષા છે. વિશ્વવત્સલ પ્રભુ વીરે ચીંધેલી અહિંસા એ એક એવી જીવન-પદ્ધતિ છે, જેમાં બીજાનો વિચાર—તેના હિતનો, સુખનો વિચાર—પ્રથમ હોય, પછી જાતનો વિચાર. આથી અહિંસાના એ માર્ગનો યાત્રી કરુણા વિનાનો હોય એ અસંભવિત છે. સ્વાર્થી એકલપેટી વ્યક્તિઓ માટે એ માર્ગ છે જ નહિ. 'वसुधैव कुटुम्बकम'નો ભાવ અંતરમાં જાગ્યા વિના સાચી અહિંસાનો જન્મ થતો નથી. પોતાના પ્રાણના ભોગે પણ બીજાને જીવાડવો એમાં અહિંસાની પરાકાષ્ટા છે.

બીજા જીવોમાં પોતાતુલ્ય આત્મા વિલસી રહ્યો છે એ ભાનપૂર્વકની આત્મીયતા-વાત્સલ્ય-પ્રેમ અહિંસાનો મૂળ સ્રોત છે.[૨૩] પ્રેમ હોય ત્યાં પ્રેમપાત્રને લેશમાત્ર દુ:ખ ન થાય એ રીતે જીવવાની કાળજી સ્વાભાવિક રહે, એટલું જ નહિ, એની સાથે સહાનુભૂતિ, સહકાર અને સહિષ્ણુતાપૂર્વકનો વ્યવહાર, અર્થાત્ સામાનાં હિતસુખ અર્થે જાતે થોડી અગવડ કે કષ્ટ વેઠી લેવાની વૃત્તિપૂર્વકનો જીવનવ્યવહાર પણ એની સહજ ફલશ્રુતિ હોય. એટલે મહાવીર પ્રભુનો અનુયાયી ન્યાય, નીતિ અને નિષ્ઠાપૂર્વકનાં ઉદ્યમથી પ્રાપ્ત દ્રવ્યનો પણ કેવળ પોતાનાં સુખ-સગવડમાં જ વ્યય ન કરી નાંખતાં, જરૂરિયાતવાળા અન્ય જીવોને સહાયભૂત થવા ઉલ્લાસપૂર્વક પ્રયત્નશીલ રહે—એ 'અતિથિ સંવિભાગ' કરે; એટલું જ નહિ, પરિગ્રહ-પરિમાણ વ્રત દ્વારા પોતાની સંચયવૃત્તિને પણ અંકુશમાં લઈ લે.

## સ્વાર્થી વ્યક્તિ અહિંસક હોઈ ન શકે

ટૂંકમાં, ધર્મનો પાયો જ સ્વાર્થવિસર્જન છે. વ્યક્તિને સ્વાર્થની પકડમાંથી

ક્રમશઃ મુક્ત કરી, તેના અંતરમાં નિઃસ્વાર્થ વૃત્તિનો ઉત્તરોત્તર અધિક ઉઘાડ અને વિકાસ કરવાની યોજના માર્ગાનુસારીની જીવનચર્યામાં અને શ્રાવક માટેનાં અણુવ્રતોમાં છે. જેની સ્વાર્થવૃત્તિ પ્રબળ હોય તે વ્યક્તિ અહિંસક ન રહી શકે. અહિંસાનો અને અપરિગ્રહનો ઉદ્ભવ પ્રેમમાંથી છે અને સ્વાર્થ હોય ત્યાં નિર્મળ પ્રેમ પાંગરી ન શકે. કોઈ વ્યક્તિ દેખીતી રીતે કંઈ હિંસા કરતી ન હોય પણ તેનું ચિત્ત સ્વાર્થથી અતિ દૂષિત હોય તો તે સ્વાર્થપૂર્ણ અતિમલિન વિચારોથી ખદબદતું રહેવાનું. જ્ઞાનીઓ આવી વ્યક્તિની બાહ્ય અહિંસાનું બહુ મૂલ્ય આંક્તા નથી, અશુદ્ધ ભાવ એજ પારમાર્થિક દૃષ્ટિએ હિંસા છે. હિંસા-અહિંસાનો આધાર માત્ર સ્થૂળ કર્મ નથી, પણ આંતરિક વિવેક છે.[૨૪]

આથી, ધર્મમાર્ગે પ્રગતિ ઇચ્છનારે આ તથ્ય બરાબર સમજી લેવું જોઈએ કે ધર્મ એ છે કે જે સ્વાર્થથી પર થવામાં સહાયક હોય; વ્યવહારશુદ્ધિ અને ચિત્તશુદ્ધિમાં ન પરિણમતાં પ્રાણહીન ક્રિયાકાંડ પૂરાં કરી આપવાથી કે શાસ્ત્રોક્ત અર્થાત્ પોતાના મત-પંથ અને સંપ્રદાયને માન્ય દાર્શનિક સિદ્ધાંતની માન્યતાને મનમાં કટ્ટરતાથી ઠાંસી લેવા માત્રથી 'જૈન' થઈ જવાતું નથી.

'એ કંદમૂળ નહિ ખાય, એ જૈન છે'ની જેમ 'એ ખોટું નહિ બોલે, એ અન્યાય-અનીતિ નહિ આચરે, એ જૈન છે'—એવી છાપ પણ ઊપસવી જોઈએ. સાચી ધાર્મિકતા સમગ્ર જીવન દ્વારા અભિવ્યક્ત થાય છે, તે માત્ર સાંપ્રદાયિક ક્રિયાકાંડ કે અનુષ્ઠાનોમાં જ સીમિત રહેનારી ચીજ નથી.

અંતે એક અતિ મહત્ત્વની વાત. કરુણાથી મુક્તિયાત્રાનો પ્રારંભ ખરો. પણ એ એક સોપાન છે, અંતિમ મંજિલ નથી. એમાં જ બંધાઈ ન જવાય એ જોવું મુમુક્ષુને માટે જરૂરી. મુમુક્ષુનું અંતિમ લક્ષ્ય છે તૃષ્ણાક્ષય, અહંનાશ. વિભાવમાંથી ખસી તે સ્વભાવમાં ખરેખર પ્રતિષ્ઠિત થતો જતો હોય તો તૃષ્ણાથી અને કર્તૃત્વાભિમાનથી પણ તે મુક્ત થતો જવો જોઈએ. મુક્તિપંથે એની પ્રગતિનો સાચો માપદંડ એ જ હોઈ શકે.

# પરિશિષ્ટ

## સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત*

આપણી વર્તમાન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ અને મર્યાદાઓનું તેમ જ આપણને પ્રાપ્ત થયેલ કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિનું બીજ આપણાં પૂર્વજીવનોમાં આપણે પોષેલી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓમાં રહેલું છે. આ તથ્યની સ્પષ્ટ સમજણ માણસને લાધે તો, વર્તમાન જીવનનું વહેણ નક્કી કરવાની સાચી દૃષ્ટિ તે મેળવી શકે.

### કુદરતનો અનુલ્લંઘનીય કાયદો

પ્રકૃતિનો એક પવિત્ર નિયમ છે કે જેનું ઉલ્લંઘન કદી કોઈથી કરી શકાતું નથી. માણસ જે કાંઈ સારું-નરસું કામ કરે કે મંગળ-અમંગળ ધ્યાન કે વિચાર સુધ્ધાં કરે તેનો બદલો તેને અવશ્ય મળે જ છે. ગમે તેવા એકાંત સ્થળે પાપ કરો તોય એનું ફળ તમને મળવાનું જ; દુ:ખ અને દારિદ્ર્ય તમારા ઉપર ત્રાટકશે જ. પ્રકૃતિને કોઈ રીતે છેતરી શકાતી નથી, એની આંખમાં ધૂળ નાખી શકાતી નથી. ગમે તેવી નિર્જન એકાંત ગુફામાં જઈને પાપ આચરો તોય કુદરતના આ નિયમમાંથી છટકી શકાતું નથી. હૃદયમાં તમે પાપી વિચારને પોષ્યો કે એના પરિણામ સ્વરૂપે બાહ્ય જગતમાં દુ:ખદાયક પરિસ્થિતિ, મોડી કે વહેલી, તમને અચૂક ઘેરી વળશે. એ જ રીતે, વ્યકિતએ કરેલું સુકૃત્ય લોક જાણતું હોય કે ન જાણતું હોય, પરંતુ કુદરત તેના પ્રત્યેક સુકૃત્યની પણ નોંધ રાખે છે, અને તેનું ઈનામ ઘેર બેઠાં તેને પહોંચાડે છે.

આપણા પ્રત્યેક વિચાર-વર્તનના આપણે ભોગવવા પડતા પ્રત્યાઘાતોની વિશદ સમજ આપતો કર્મનો સિદ્ધાંત જૈન, બૌદ્ધ, હિન્દુ આદિ આધ્યાત્મિક વિચારધારાઓમાં અપનાવાયેલો છે. પરામનોવિજ્ઞાનનાં સંશોધનો દરમ્યાન પણ કર્મના એ સિદ્ધાંતને સમર્થન મળ્યું છે. 'બીજો જન્મ ક્યાં લેવો એની પસંદગી કરી શકાય છે ખરી?' એ પ્રશ્નનો 'એજ-રીગ્રેશન'ના અખતરાઓ દરમ્યાન ઉત્તર મળ્યો છે કે "એવી પસંદગી કરી શકાતી નથી, પરંતુ પૃથ્વી ઉપરનું પહેલાંનું જીવન કે અન્ય ગ્રહો ઉપર વચ્ચે વિતાવેલું જીવન વ્યક્તિએ જે રીતે ગાળ્યું હોય એને અનુસારે જ નવા જીવનમાં તે કયું શરીર ધારણ કરે અને સમાજમાં કેટલો મોભો ધરાવે તે નક્કી થતું હોય છે."[૧]

* લેખકકૃત 'વિજ્ઞાન અને અધ્યાત્મ'—પ્રકરણ છઠ્ઠામાંથી ઉદ્ધૃત.

૧. Dr. Alexander Cannon, The Power Within, p. 180.

'હિપ્નોટીક ટ્રાન્સ'ની મદદથી એક હજારથીયે વધુ વ્યક્તિઓનાં પૂર્વજીવનોનો અભ્યાસ કર્યા પછી ડૉ૰ એલેકઝાંડર કેનને નોંધ્યું છે કે "ગત જન્મમાં આચરેલ કોઈ દુષ્ટ કૃત્યના બદલામાં તે વ્યક્તિ, ક્રિયા-પ્રતિક્રિયાના આ નિયમના કારણે, આ જીવનમાં કેવી રીતે દુ:ખી થાય છે તે દર્શાવીને, આ અભ્યાસ, પ્રકૃતિતંત્રમાં અત્યંત વ્યાપક અર્થમાં પ્રવર્તતા અદલ ન્યાયની વાત કહી જાય છે. કેટલાય માણસો નથી સમજી શકતા કે, તેમના માથે ઉપરાઉપરી અનેક આપત્તિઓ કેમ ત્રાટકયા કરે છે? એમના ગત જન્મોમાં નજર નાખતાં જણાય છે કે એમણે પૂર્વે ક્રૂર કર્મો કર્યાં છે. જયારે કોઈ આજે ગમે તેમ વર્તે છે તોય એના પાસા પોબાર જ પડે છે; ગત જન્મોમાં એણે કરેલ કોઈ સત્કાર્યનું એ ઈનામ ન હોઈ શકે?"[૨]

ગત જીવનના આચાર-વિચારના પડઘારૂપે વ્યકિતનું વર્તમાન જીવન આકાર લે છે; એની સાબિતી એડ્ગર કેસીએ આપેલાં 'લાઈફ્-રીડીંગ્ઝ'માં પણ પ્રાપ્ત થઈ છે. "કેસીએ, ગત જીવનના આધારે, તે વ્યક્તિઓની શક્તિઓ, ખાસિયતો, શોખો, રસવૃત્તિઓ અને ધંધા સુધ્ધાંની આગાહીઓ કરેલી, જે આશ્ચર્યજનક હદે સાચી પુરવાર થઈ છે."[3] 'એજ-રીગ્રેશન' દ્વારા વ્યક્તિનાં ગત જીવનોમાં નજર કરવાના અખતરાઓમાં એ પણ દેખાયું છે કે એક જીવનનાં વિચાર-વર્તનના પડછાયા એ પછીના બીજા જ જીવનમાં કે ઘણા ભવોનું અંતરે પડ્યા પછી સપાટી ઉપર આવે છે.[૪]

## આપણી વર્તમાન પરિસ્થિતિનું બીજ

પૂર્વજીવનનું કર્મ જેમ વર્તમાન જીવનમાં ફળ દેખાડે છે, તેમ આ જીવનનું કર્મ પણ વર્તમાન જીવનમાં પોતાનો પ્રત્યાઘાત જન્માવી શકે છે: આ સત્ય પશ્ચિમમાં આજે સ્વીકારાઈ રહ્યું છે. આ જીવનમાં આપણને પ્રાપ્ત થતી પ્રસન્ન પળો કે દુ:ખના દિવસોનું બીજ આપણે પૂર્વજીવનમાં જ નાખ્યું હોય એવો નિયમ નથી, એ બીજ આપણે વર્તમાન જીવનમાં વાવ્યું હોય એમ પણ બને; અને માત્ર પ્રવૃત્તિ જ નહિ, આપણા મનમાં ઊઠતી લાગણીઓ અને વિચારો પણ, તેના તેવા તેવા પ્રત્યાઘાતો જન્માવે છે. "એવું નથી કે વિચારો કૃતિમાં ઊતરે તો જ કર્મના નિયમાનુસાર તે પોતાના પ્રત્યાઘાત જન્માવવા સમર્થ બને. જો તે પૂરતી ઉત્કટતા ધરાવતા હોય અને પૂરતા સમયગાળા સુધી રહ્યા હોય તો, આખરે, તે પોતાને અનુરૂપ ફળ બાહ્ય પરિસ્થિતિમાં પણ નીપજાવશે. એક ચાલુ ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરી શકાય: જો કોઈ માણસ કોઈને ઉત્કટતાથી સતત ધિક્કારતો હોય–ત્યાં સુધી કે તેને મારી નાખવાની આતુર

૨. ibid. pp. 170-171.
૩. Morey Bernstein, A Search for Bridey Murphy, p. 93.
૪. Dr. Alexander Cannon, The Power Within, pp. 171-173.

અભિલાષા તે ધરાવતો હોય—પણ એ કૃત્યનાં માઠાં પરિણામોની બીકથી તેને મારી નાખવાની હિંમત ન કરી શકતો હોય; તો, તેના આ ખૂની વિચારો પોતાને અનુરૂપ પ્રત્યાઘાત તેની જાત ઉપર જ એક દિવસ દેખાડશે. ને ત્યારે તે પોતે જ ઓચિંતા મૃત્યુનો, કોઈ જીવલેણ અકસ્માતનો કે તેના ચારિત્ર્યને ભરખી જનાર દ્વેષની જેમ તેના શરીરને કોરી ખાનાર કોઈ વ્યાધિનો શિકાર બને. આમ જોકે તે ખરેખર ખૂનનો ગુનેગાર નથી તોય, તેના વિચારો માટે, તેને શારીરિક દંડ ભોગવવો પડે છે."[૫]

## કર્મના સિદ્ધાંતને અપનાવવા ઉત્સુક બનેલું પશ્ચિમ

પરામનોવૈજ્ઞાનિક સંશોધનોએ આમ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતની પ્રતીતિ પાશ્ચાત્ય જગતને કરાવી આપી છે, તેથી ત્યાં પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતની પુન: પ્રતિષ્ઠા કરવાની માગ શરૂ થઈ ચૂકી છે. એક સુપ્રસિદ્ધ અંગ્રેજ લેખક લખે છે કે "કર્મ એ એક વૈજ્ઞાનિક નિયમ છે, જોકે, એશિયાઈ ધર્મોએ એને અપનાવેલો. પહેલાં યુરોપની ધાર્મિક શ્રદ્ધામાં એનું સ્થાન હતું, પરંતુ ઈસુ પછી પાંચસો વર્ષે કોન્સ્ટેન્ટીનોપલની કાઉન્સિલે ઈસુના ઉપદેશમાંથી એને રુખસદ આપી. આમ થોડા મૂર્ખ માણસોના મંડળે પશ્ચિમને આ વૈજ્ઞાનિક સિદ્ધાંતથી વંચિત કર્યું પણ હવે આ વૈજ્ઞાનિક સત્યની અર્વાચીન જગતમાં પુન: પ્રતિષ્ઠા કરવાનો સમય આવી લાગ્યો છે. એ પુન: પ્રતિષ્ઠાના કાર્યને વેગ આપવાની રાષ્ટ્રના શાસકોની, નેતાઓની, શિક્ષણ-કારોની અને ધર્મગુરુઓની ફરજ છે. સત્યને ન્યાય આપવા આ જરૂરી છે એટલું જ નહિ, પશ્ચિમની સંસ્કૃતિની સુરક્ષા અને ટકાવને માટે એ અત્યંત આવશ્યક છે. જ્યારે માણસ એ સમજતો થશે કે તે પોતાની વૃત્તિ-પ્રવૃત્તિના પ્રત્યાઘાતોમાંથી છટકી શકે તેમ નથી ત્યારે પોતે કઈ પ્રવૃત્તિમાં જોડાવું એ બાબત તે જાગ્રત બનશે અને પોતાના વિચારોમાં પણ એ વધુ સાવધ રહેશે. જ્યારે તેને જ્ઞાન થશે કે ધિક્કાર અને દ્વેષ એ એવું તીક્ષ્ણ શસ્ત્ર છે કે જે માત્ર સામી વ્યક્તિને જ નહિ પણ, ત્યાં અથડાઈને, એ શસ્ત્ર છોડનારને ખુદને પણ ઘાયલ કરે છે, ત્યારે માનવજાતિના આ સૌથી વધુ અનર્થકર પાપને પોતાના હૃદયમાં સ્થાન આપતાં પૂર્વે એ સત્તર વાર વિચાર કરશે.

"......આ સમજમાંથી સુદઢ નૈતિક જીવન આપોઆપ ઉદ્ભવશે. પશ્ચિમે પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતને અપનાવવાની અત્યંત આવશ્યકતા છે અને તે પણ તાકીદે. કારણ કે આ સિદ્ધાંતો વ્યક્તિને અને રાષ્ટ્રને પોતાની નૈતિક જવાબદારીનું જે ભાન કરાવે છે તે કોઈ પણ અસંગત વાદ કે મત નહિ કરાવી શકે."[૬]

૫. Dr. Paul Brunton, The Wisdom of the Overself, p. 138.

૬. Dr. Paul Brunton, The Hidden Teaching Beyond Yoga, pp. 335-336.

## આપણા બંધનનું દોરડું

આપણે એ જોયું કે વ્યકિતની સારી-નરસી ગમે તે પ્રવૃત્તિ કે વિચાર સુધ્ધાં એની પ્રતિક્રિયા તેના જીવનમાં અચૂક જન્માવે છે. રેયનોર જોન્સને ઠીક જ કહ્યું છે કે ભૌતિક જગતમાં સર્વત્ર સ્વીકારાયેલા the law of cause and effect or action and reaction—ક્રિયા અને પ્રતિક્રિયાના નિયમ—નો આપણી પ્રવૃત્તિ, વિચાર, લાગણી આદિ સર્વ સ્તરે સ્વીકાર એ જ આધ્યાત્મિક જગતનો કર્મનો નિયમ છે. આપણે અનુભવીએ છીએ કે દરેક માણસનું જીવન અમુક મર્યાદાઓથી ઘેરાયેલું છે, પૂર્ણ સ્વતંત્ર કોઈ નથી. બાહ્ય પરિસ્થિતિમાં અમુક પરિવર્તન લાવીને પોતે સ્વતંત્રતાનો આસ્વાદ માણી શકશે એવી આશામાં માનવી અનેક યુદ્ધો લડયો છે. પરંતુ એ પછીય સ્વતંત્રતા એને હાથતાળી દઈ દૂર જ રહી છે. એનું કારણ એ છે કે તેના બંધનનાં મૂળભૂત કારણો બહાર નહિ પણ માનવીના હૃદય અને મનની અંદર પડયાં છે. આપણી વાસનાઓ, ટેવો, માનસિક વલણો, ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને ગમા-અણગમાઓના આપણે દાસ છીએ. આપણી રાજકીય કે આર્થિક પરિસ્થિતિ જ માત્ર નહિ પણ આપણી બૌદ્ધિક અને શારીરિક શકિતઓ, આપણી આસપાસનું વાતાવરણ અને આપણું માનસિક ઘડતર પણ આપણા ઉપર અમુક મર્યાદાઓ લાદે છે. આપણે બધા જ બંદી છીએ. કોઈના બંધનનું દોરડું બીજાનાથી જરા લાંબું હશે તેથી એ થોડી વધુ છૂટથી હરીફરી શકતો હશે; પણ એ દોરડાથી અંકિત વર્તુલ આપણી સ્વતંત્રતાની લક્ષ્મણરેખા બની રહે છે. મોટા ભાગના માનવબંદીઓનું આ વર્તુળ અત્યંત નાનું છે, પણ માણસને એનું ભાન નથી.

કર્મનો સિદ્ધાંત આપણને આપણી મર્યાદાઓના મૂળ કારણ સુધી લઈ જાય છે, ને આપણી બેડી આપણે પોતે જ કેવી રીતે ઘડી રહ્યા છીએ તેનો ખ્યાલ આપણને આપી, એમાં ઇચ્છિત પરિવર્તન લાવવાની ખરી ચાવી આપણા હાથમાં મૂકી દે છે.

## સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત

જગતને આપણે પ્રસન્નતાનો કે રુદનનો જે અનુભવ આપીએ છીએ તે આપણી સામે આવવાનો. આપણી પરિસ્થિતિમાં આપણે જો અનુકૂળ સુધારો ઇચ્છતા હોઈએ તો, પહેલાં આપણા આચારવિચાર ઉપર આપણે ચોકી મૂકી દેવી પડશે. બીજાને દુ:ખ કે ગ્લાનિનો અનુભવ કરાવે એવી કોઈ પ્રવૃત્તિ કે વિચારથી અળગા રહેવા આપણે સજાગ બનવું પડશે. જીવનમાં સુખ-શાંતિ મેળવવાનો ઉપાય એ છે કે બીજાને સુખ-શાંતિ મળે એવી રીતે આપણું જીવન ઘડવું. 'વાવો તેવું પામો' એ નિયમ કુદરતમાં સર્વત્ર પ્રવર્તે છે. ઘઉં જોઈતા હોય તો ઘઉં વાવો, ને ગુલાબ જોઈતું હોય તો ગુલાબ. આવળ વાવીને ગુલાબની આશા રાખવી વ્યર્થ છે, તેમ સુખ જોઈતું હોય તો સુખ વાવો; સુખનો ત્યાગ કરો અને સુખ બીજાને આપો—ખેડૂત બીજનો ત્યાગ કરે છે ને ધરતીને આપે છે તેમ.

આ વાત માણસ બરાબર સમજી લે તો એને ભાન થશે કે સમૃદ્ધિનું મૂળ ઔદાર્ય અને તંગીનું મૂળ પોતાની જ સંકુચિત સ્વાર્થવૃત્તિમાં રહેલું છે. સંઘર્ષ નહિ પણ સહકાર, દ્વેષ નહિ પણ સહાનુભૂતિ, તિરસ્કાર નહિ પણ કરુણા, ઈર્ષ્યા કે મત્સર નહિ પણ પ્રમોદ એ માત્ર આધ્યાત્મિક ઉન્નતિના જ નહિ પણ દુન્યવી જીવનની સફળતાના પણ મૂળ સ્રોત છે. આ વાત આજે માનસચિકિત્સકોનાં 'પ્રિસ્ક્રીપ્શનો'માં પણ સ્થાન પામી છે. 'પ્રાણીમાત્રમાં સમાન આત્મા વિલસી રહ્યો છે' એ જાગૃતિપૂર્વકનો જીવનવ્યવહાર જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે, તથા સાધનામાર્ગમાંનાં વિઘ્નોને અળગાં રાખે છે.

કર્મનો સિદ્ધાંત બરાબર સમજવામાં આવે તો તે નિષ્ક્રિયતાને પોષવાને બદલે પુરુષાર્થ પ્રેરે છે, નિરાશા ન જન્માવતાં નવી આશા પ્રગટાવે છે. ભૂતકાળની વૃત્તિથી આપણું વર્તમાન આપણે જ ઘડ્યું છે, તેમ વર્તમાનનો સમજપૂર્વકનો ઉપયોગ કરી આપણે જેવું ભાવિ ઇચ્છતા હોઈએ તેવું ઘડી શકીએ છીએ એટલું જ નહિ, ભૂતકાળના કર્મથી ઘડાયેલી આપણી વર્તમાન પરિસ્થિતિમાં પણ, એ રીતે, પરિવર્તન આણી શકીએ છીએ.

## કર્મના નિયમથી પર

કર્મના આ નિયમના જ્ઞાનથી માણસ, પોતાને દુ:ખરૂપ નીવડે તેવી પ્રતિક્રિયા જન્માવનાર વિચાર-વર્તનથી વેગળો રહી, કર્મની પ્રતિક્રિયા પોતાને અનુકૂળ બનાવી શકે; પણ એ રીતે, તે કર્મવિપાકની પ્રક્રિયાના દાસત્વમાંથી સમૂળગો છુટકારો તો નથી જ મેળવી શકતો. તેના દાસત્વનો અંત કોઈ રીતે આવી શકે ખરો? અર્થાત્ જેનો પ્રત્યાઘાત જ ન હોય એવી પ્રવૃત્તિ શકય છે ખરી? ક્રિયા-પ્રતિક્રિયાની આ પરંપરા અનંતકાળ સુધી વણથંભી ચાલતી જ રહેવાની? આત્મા, પરલોક, પુનર્જન્મ અને કર્મ જેવી મૂળભૂત બાબતોનો નિર્ણય થયા પછી વિમર્શશીલ માનવીને માટે મહત્ત્વનો પ્રશ્ન એ રહે છે કે ક્રિયા-પ્રતિક્રિયાની આ ઘટમાળમાંથી મુક્ત થઈ શકાય ખરું? આ ઘટમાળ નભે છે શાથી? એનો અંત કઈ રીતે આણી શકાય?

સાધના દ્વારા માણસ અહંતાનો લોપ કરી 'શૂન્ય' સુધી પહોંચી જાય તો એની પ્રવૃત્તિ-પ્રતિક્રિયાથી પર બની જાય છે. પછી કર્મનાં બંધન એના ઉપર પોતાની પકડ જમાવી શકતાં નથી, ને એનાં સહજ સુખ, જ્ઞાન અને આનંદને મર્યાદિત કરનારી જૂની પાળો તૂટી પડે છે. 'અહં' શૂન્ય અવસ્થાએ થતું કાર્ય પ્રતિક્રિયા નથી જન્માવતું—એ શોધ છે આંતરપ્રકૃતિના નિયમો ખોળી કાઢનાર આધ્યાત્મિક જગતના સંશોધકોની.

બાહ્ય સંયોગો અને પરિસ્થિતિઓ વિનશ્વર છે અને જીવનમાં શાંતિ અને સુખ બાહ્ય સાધનોથી નહિ પણ આત્મામાંથી જ મળી શકવાનાં, એ એકડો અધ્યાત્મની પાઠશાળામાં જે ન શીખે તેને કુદરત પોતાની રીતે એ પાઠ ભણાવે છે. માનવસર્જિત તોફાનો, યુદ્ધ, અણુવિસ્ફોટ કે ધરતીકંપ, પૂર, દુષ્કાળ આદિ કુદરતસર્જિત આપત્તિ-

ઓથી સંખ્યાબંધ માણસો, પોતે જેને જીવનાધાર માનતા હોય છે તે ઘરબાર, કુટુંબ, પરિવાર અને જીવનભરની મહેનતથી એકઠી કરેલી સંપત્તિ વગેરે એક પલકારામાં ખોઈ બેસે છે. 'આ બધું નશ્વર છે' એ જ્ઞાનીનું વચન સમજવાનો ઇન્કાર કરનાર જગતને કુદરત આ રીતે એ પાઠ ભણાવે છે; અને એમ કરીને, એની બહિર્મુખ દૃષ્ટિને અંતર્મુખ થવાની તક ઊભી કરી આપે છે.

આ પાઠ આપણે અધ્યાત્મની નિશાળમાં જ્ઞાનીઓના ચરણે બેસીને શીખી લેવા કે કુદરતની નિશાળમાં તંગી, વિયોગ, વિનાશ અને વિષાદ અનુભવીને, દીર્ઘ કાળ સુધી ચિંતાની ભઠ્ઠીમાં શેકાતા રહી શીખવા, એ આપણી ઇચ્છા ઉપર છોડ્યું છે કુદરતે.

# ત્રીજા પ્રકરણનાં ટિપ્પણો

૧. યોગબિન્દુ, શ્લોક ૧૦૯–૧૨૬ અને,
દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૨ (પૂર્વસેવા દ્વાત્રિંશિકા), શ્લોક ૧-૧૩.

૨. पढमस्स लोगधम्मे परपीडावज्जणाइ ओहेणं ।
गुरुदेवातिहिपूयाइ दीणदाणाइ अहिगिच्च ।।
एवं चिय अवयारो जायइ मग्गंमि हंदि एयस्स ।
रण्णे पहब्भट्ठोऽवट्टाए वट्टमोयरइ ।।
बीयस्स उ लोगुत्तरधम्मम्मि अणुव्वयाइ अहिगिच्च ।
परिसुद्धाणायोगा तस्स तहाभावमासज्ज ।।

—યોગશતક, ગાથા ૨૫–૨૭.

૩. मज्झत्थयाइ नियमा सुबुद्धिजोएण अत्थियाए य ।
नज्जइ तत्तविसेसो न अन्नहा इत्थ जइयव्वं ।।
गुणगुरुसेवा सम्मं विणओ तेसिं तदत्थकरणं च ।
साहूणमणाहाण य सत्तणुरूवं निओगेण ।।
भव्वस्स चरमपरियट्टवत्तिणो परं एयं ।
एसो विय लक्खिज्जइ भवविरहफलो इमेणं तु ।।

—વિંશતિવિંશિકા, વિંશિકા ૧, ગાથા ૧૮–૨૦.

૪. दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ।। —યોગદૃષ્ટિ૦ શ્લોક ૩૨.

૫. परेषां स्वव्यतिरिक्तानामुपकार आयतिहितानुकूलो व्यापारस्तस्य स्वोपकारानुबंधप्रधानत्वात् ।

—ઉપદેશરહસ્ય, શ્લોક ૧૯૫ની ટીકા.

૬. पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ।।
न प्रणिधानाद्याशयसंविद्व्यतिरेकतोऽनुबन्धि तत् ।

—ષોડશક ૩, શ્લોક ૪, ૫.

૭. दशसंज्ञाविष्कंभणयोगे सत्यविकलं ह्यदो भवति ।
परहितनिरतस्य सदा गंभीरोदारभावस्य ।।

—ષોડશક ૫, શ્લોક ૧૦.

૮. अत्र (मित्रायां) स्थितस्य हि करुणांशबीजस्यैवेषत् स्फुरणम् ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૨૧, શ્લોક ૧ ટીકા.

૯. एसो य... ...कुसलपरिणामरूवो नवरं सइ अंतरो नेओ ।

—વિંશતિવિંશિકા, વિંશિકા ૯, ગાથા ૪.

૧૦. ... ...तत्त्वचिंतनं मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૮, શ્લોક ૨.

૧૧. (i) परे हितमतिर्मैत्री ।

—યોગસાર, પ્રસ્તાવ ૨, શ્લોક ૫.

(ii) परहितचिन्ता मैत्री ।

—ષોડશક ૪, શ્લોક ૧૫.

(iii) मैत्री परस्मिन् हितधीः समग्रे ।

—અધ્યાત્મકલ્પદ્રુમ, અધ્યાય ૧૧, શ્લોક ૧૧, ૧૨.

(iv) सुखचिन्ता मता मैत्री, सा क्रमेण चतुर्विधा ।
उपकारिस्वकीयस्व-प्रतिपन्नाखिलाश्रया ॥

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૮, શ્લોક ૩.

૧૨. समस्तसत्त्वविषयस्नेहपरिणामो मैत्री ।

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૧૭ ટીકા.

૧૩. દાન—अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।

—તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૭, સૂત્ર ૩૩.

ક્ષમા—भगवतोक्तं आर्य ! क्षान्तिमभिकांक्षता तावदनेन भावनीया समस्तजंतुषु मैत्री ।

—ઉપમિતિભવપ્રપંચા કથા, પ્રસ્તાવ ૮, પૃષ્ઠ, ૭૧૭.

તાત્ત્વિક અહિંસાદિની પ્રાપ્તિ—

तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।
अधिके विनयादियुता हीने च दयादिगुणसारा ॥
ટીકા —दया-दान-व्यसनपतितदुःखापहारादिगुणप्रधाना ।

—ષોડશક ૩, શ્લોક ૧૦

સામાયિક—अहवा सामं मित्ती तत्थ अओ तेण वत्ति सामाओ।
अहवा सामस्साओ लाभो सामाइयं नाम ॥

टीका—सर्वजीवेषु मैत्री साम भण्यते, तत्र साम्नि अयो गमनं, साम्ना वाऽयो गमनं वर्तनं सामायः अथवा साम्न आयो लाभः सामायः स एव सामायिकं नामेति।

—વિશેષાવશ્યક ભાષ્ય, ગાથા ૩૪૮૧.

યતિધર્મ —क्षान्त्यादिदशधा धर्मः सर्वधर्मशिरोमणिः।
सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥

—યોગસાર, પ્રસ્તાવ ૨, શ્લોક ૩૭.

વિશુદ્ધ મુનિચર્યાના પાલનનું પરિણામ—

इति चेष्टावत उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम्।
मैत्रीकरुणांमुदितोपेक्षाः किल सिद्धिमुपयान्ति ॥

—ષોડશક ૧૩, શ્લોક ૭.

૧૪. (i) ...धर्मामृतप्रभावाद् भवन्ति मैत्र्यादयश्च गुणाः ॥

—ષોડશક ૪, શ્લોક ૧૪.

(ii) ...सत्त्वादिषु मैत्र्यादिभावः, तेषु यत्संज्ञानं शुद्धसंवेदनरूपं, तेन विनिर्मुक्तं क्रियामात्रं प्रायः शुद्धाज्ञाबहुमानविहीनानामिति।

—ઉપદેશપદ, ગાથા ૨૪૧ ટીકા.

૧૫. 'भगवं, इमं पुण सम्मत्तरयणं समुप्पण्णं भावओ कस्सइ जीवस्स कहं णज्जइ जहा एस सम्मद्दिट्ठी जीवोत्ति।' भगवया भणियं—

उवसमं संवेगोच्चिय णिव्वेओ तह य होइ अणुकंपा।
अत्थित्तभावसहियं सम्मत्ते लक्खणं होइ ॥

अहवा

मेत्ती-पमोय-कारुण्णं मज्झत्थं च चउत्थयं।
सत्त-गुणवंत-दीणे अविणीए होति सम्मं ॥

—કુવલયમાલા, પૃષ્ઠ ૨૧૮ (ર ૩૩૭).

૧૬. ...न च निरनुकम्पस्य वास्तवमास्तिक्यं, वस्तुतोऽनुकम्पावत एव तात्त्विकास्तिक्यस्य निश्चयात्। —પંચલિંગીપ્રકરણ, ગાથા ૧ ટીકા.

१७. अनुकम्पा दुःखितेषु अपक्षपातेन दुःखप्रहाणेच्छा, पक्षपातेन तु करुणा स्वपुत्रादौ व्याघ्रादीनामप्यस्त्येव।
सा चानुकम्पा द्रव्यतो भावतश्च भवति। द्रव्यतः सत्यां शक्तौ दुःख-प्रतीकारेण, भावत आर्द्रहृदयत्वेन।

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૨, શ્લોક ૧૫ ટીકા.

१८. आत्मौपम्येन सर्वं पश्यतो हि सा (अनुकम्पा) स्यात् ।

—પંચલિંગીપ્રકરણ, ગાથા ૧ ટીકા.

१९. धम्मस्साइपयमिणं जम्हा सीलं इमस्स पज्जंते ।

—વિંશતિવિંશિકા, દાનવિંશિકા, ગાથા ૧૯.

२०. तम्हा सत्तणुरूवं अणुकंपासंगएण भव्वेणं ।
अणुचिट्ठियव्वमेयं इत्तोच्चिय सेसगुणसिद्धी ॥

—એજન, ગાથા ૨૦.

२१. मोहोपहतचित्तास्ते ये मैत्र्यादिभिरसंस्कृताः ॥
धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ॥

—યોગસાર, પ્રસ્તાવ ૨, ક્રમશઃ શ્લોક ૪, ૭.

२२. एताः खल्वभ्यासात् क्रमेण......परिणमन्त्युच्चैः ॥
अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः ।
कुलयोग्यादीनामिह तन्मूलाधानयुक्तानाम् ॥
ટીકા–परिणमन्ति आत्मसाद्भवन्ति। उच्चैः अत्यर्थम्। तन्मूलाधान-युक्तानां–तासां मैत्र्यादीनां मूलाधानं बीजन्यासस्तद्युक्तानाम्।
एतद्भावपरिणतावन्ते मुक्तिः ।
ટીકા–एतासां भावपरिणतिः विशिष्टस्वरूपलाभस्तस्यां सत्यामन्ते प्रकर्ष-प्राप्तौ मुक्तिः।

—ષોડશક ૧૩, ક્રમશઃ શ્લોક ૧૧, ૧૩ અને ૮.

२३. "गोयमा ! पढमं नाणं तओ दया, दयाए य सव्वजगजीवपाणभूयसत्ताणं अत्तसमदरिसित्तं। सव्वजीवपाणभूयसत्ताणं अत्तसमद्दंसणाओ य तेसिं चेव

संघट्टणपरियावणाकिलावणोद्दावणाइदुक्खुप्पायणभयविवज्जणं।
तओ अणासवो......।"

—શ્રી મહાનિશીથ સૂત્ર, અધ્યયન ૩.

૨૪. (i) વિના દ્રવ્ય-અનુયોગવિચાર, ચરણ-કરણનો નહિ કો સાર;
સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઇસ્યૂં, તે તો બુધજનને મન વસ્યું.

શુદ્ધાહારાદિક તનુયોગ, મોટો કહિઓ દ્રવ્ય-અનુયોગ;
એ ઉપદેશપદાદિક ગ્રંથઇ, સાખી લહી ચાલો શુભ પંથિ;

એ યોગેં જો લાગે રંગ, આધાકર્માદિક નહીં ભંગ.

—દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, ગાથા ૨-૪.

(ii) चरणकरणप्पहाणा ससमय-परसमयमुक्कवावारा।
चरणकरणस्स सारं णिच्छयसुद्धं न याणंति ॥

—સમ્મતિતર્ક, કાંડ ૩, ગાથા ૬૭.

૪

# આપણી ધર્મારાધનાની ધરી—સ્વાર્થ કે વિશ્વપ્રેમ?

"પંદરેક વર્ષ પહેલાંનો આ બનાવ છે.

"સવારના આશરે નવેક વાગ્યા હશે. અસારવા ગામના ચોરા પાસે મુખીવાસના નાકે, બત્તીના થાંભલા આગળ છ-સાત વર્ષની લક્ષ્મી રમતમાં મશગૂલ હતી. રસ્તે જતાં-આવતાં લોકો અવરજવરમાં મશગૂલ હતાં.

"એવામાં માલ ઉતારીને પાછો જવા માગતો એક ખટારો પાસેના ખાંચામાંથી રિવર્સમાં બહાર નીકળ્યો અને થાંભલા ભણી આવી રહ્યો. પેલી બાળા ત્યાં જ રમતી હતી. એની નજર બત્તીના થાંભલા ભણી હતી, ને પૂંઠ આવી રહેલા ખટારા તરફ હતી. રિવર્સમાં આવી રહેલો ખટારો નજીક આવી પહોંચ્યો હતો એનું એને ભાન ન હતું. ડ્રાઈવર પણ ઉતાવળમાં કશું ભાન રાખ્યા વિના ખટારો પાછો વાળી રહ્યો હતો.

"એકાએક એક તીણી ચીસ સંભળાઈ.....ડ્રાઈવરે બ્રેક મારી ગાડી થોભાવી. પરંતુ ઘણું મોડું થઈ ગયું હતું......થાંભલાને અડીને જ ખટારો ઊભો રહ્યો......પરંતુ એ થાંભલા અને ખટારા વચ્ચે પેલી બાળા તો પીસાઈ જ ગઈ હતી......આંખના ડોળા સાથે, એના પ્રાણ બહાર નીકળી ગયા હતા.

"ચારે બાજુથી હો હા થઈ ગઈ. ટોળું ભેગું થઈ ગયું. ડ્રાઈવર પરિસ્થિતિ પામી ગયો ને જલદીથી છટકી જવા તેણે પ્રયત્ન કર્યો; પરંતુ એમ કોણ છટકવા દે એમ હતું? નાસી જતો પકડી પાડયો......'એ હરામખોરને પૂરો જ કરી નાખો...... 'નો દેકારો મચ્યો, ને ટપલીદાવ શરૂ થયો.

"લોકોનો ગુસ્સો અને જુસ્સો એવો હતો કે એ પૂરો જ થઈ જાત......પરંતુ એવામાં, એક માણસ દોડતો આવ્યો અને બૂમો પાડીને બોલવા માંડયો, 'અરે ભાઈ, તમે બધા આ શું કરો છો? એને મારવાથી છોકરી શું પાછી આવવાની છે? છોડી દો એને......'

"આ ભાઈની વાત સાંભળવા કોઈ તૈયાર જ ન હતું. એટલે એ

ભાઈ વચ્ચે કૂદી પડયા......પેલા ડ્રાઈવર પર પડતો માર એમણે ઝીલી લીધો. ને કહ્યું, "ભાઈ, મરનાર દીકરી મારી છે, એનું વેર લેવું-ના લેવું એ મારે જોવાનું છે......એને મારશો એટલે મારી દીકરી પાછી આવવાની નથી. મારી દીકરીના નામે હું એનાં છોકરાંનું નસીબ ફોડી નાંખવા તૈયાર નથી......માટે બે હાથ જોડીને કહું છું......છોડી દો એને.'

"હવે લોકોને ખ્યાલ આવ્યો કે આ વચ્ચે કૂદી પડનાર તો, મરનાર છોકરીના પિતા હતા. સશકત બાંધાના એ ભાઈને આખું અસારવા પહેલવાન તરીકે ઓળખતું હતું......એ ધારે તો ડ્રાઈવરને પીસી નાખે એમ હતું......અને પરિસ્થિતિ પણ કોઈનાય મનમાં ભયાનક ગુસ્સો લાવી દે એવી હતી......તે છતાં આ ભાઈ પોતાની દીકરીના મારતલને પણ માફી આપવાની વાત કેમ કરતા હતા એ કોઈનેય સમજાયું નહિ.

"આવા નાલાયક અને બેદરકાર ડ્રાઈવરોને તો પૂરા જ કરવા જોઈએ એમ ઘણા લોકોએ સમજાવ્યું પણ આ ભાઈ એકના બે ન થયા તે ન જ થયા, એમણે તો પોલીસ કેસ માંડવાની પણ ના પાડી. મારી દીકરીની આવરદા પૂરી થઈ હશે એટલે ભગવાને એને પાછી બોલાવી લીધી. હવે આ ગરીબ માણસને હેરાન કરીને એનાં બૈરી-છોકરાંને શા માટે રઝળાવું? એ જ એ ભાઈની માનવતાભરી દલીલ હતી.

"હાજર રહેનાર સૌની આંખમાં અહોભાવ ઊભરાયો. 'જુઓ તો ખરા! એકની એક દીકરીને મારી નાંખનારને, પલવારમાં મસળી નાંખવાની તાકાત ધરાવનાર પહેલવાન માફી આપવાની વાત કરે છે! વાહ રંગ છે તારી પહેલવાનીને!'

"સૌ શાંત બની ગયાં.

"આ ભાઈ ડ્રાઈવર ભણી વળ્યા: 'ભાઈ, જલદીથી ઘેર જતો રહે, ખટારો ચલાવતી વખતે ધ્યાન રાખજે કે તારાં બચ્ચાં જેવાં બાળકો રસ્તા પર કચડાઈ જાય નહીં.' ડ્રાઈવર ધ્રુસકે ધ્રુસકે રડતો આ ભાઈનાં ચરણોમાં ઢગલો થઈને પડી ગયો...... 'ના ના, મેં તમારી દીકરીને મારી નાંખી છે......મને મારી નાંખો......મને સજા કરો......મારાથી જવાશે તો નહિ જ.'

"એ ભાઈએ ડ્રાઈવરને બે હાથ વડે ઊભો કર્યો ને કહ્યું, 'ભાઈ, તું તે કોણ મારનારો? મારનારો કે જીવાડનારો તો સૌનો ભગવાન છે.

આપણે તો નિમિત્તમાત્ર છીએ. એવું કહ્યું ઓછું ન લાવીશ. એ કરતાં તો તું પણ દીકરીના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરજે. એ પ્રાર્થના તને પણ શાંતિ આપશે......જા હવે ભાઈ, અમે બાકીનું કામ આટોપીએ.' ડ્રાઈવરનો હાથ ઝાલીને એ ખટારા સુધી દોરી ગયા......ચાલતાં ચાલતાં ડ્રાઈવર પણ ડૂસકાં ભરતો હતો.

"આ ભાઈની આંખની કરુણાનું આચમન કરતાં, એકઠા થયેલા સૌના હૈયામાં માનવતા પ્રત્યેની મમતા જાગી. સૌ શબ પાસે આવ્યાં. એકની એક દીકરીના શબ પાસે બેસીને દીકરીના મારતલને માફી આપનારો પહેલવાન બાપ ધ્રુસકે ધ્રુસકે રોયો. આસપાસનાં એકઠાં થયેલાં સૌની આંખ પણ નયન-ઝારી છલકાવી રહી. ખૂબ ભાવનાભર્યા વાતાવરણમાં દીકરીને અગ્નિસંસ્કાર કરાયો.

"આ માનવતાની સુવાસ મહિનાઓ સુધી અસારવાના વાતાવરણમાં મઘમઘી રહી......આપસમાં લડનારાઓને સમજાવવા માટે માનવતાનું આ દૃષ્ટાંત ઉપયોગી બનવા માંડયું......

"આ ભાઈનું નામ હતું ચંદુભાઈ પહેલવાન. તાજેતરમાં એ ભાઈનું અવસાન થયું. અસારવાના શ્રી ઉમિયાજી માઈ મંડળના એ ઉમંગી સભ્ય હતા......

"એ ભાઈનો નશ્વર દેહ આજે હયાત નથી. પરંતુ એ ભાઈની માનવતા તો હજુયે અસારવાવાસીઓના સ્મરણ-મંદિરમાં બેઠી છે."

—આ છે 'જનસત્તા' (દૈનિક)ના ડિસેમ્બર ૧૯૬૪ના
એક અંકમાં છપાયેલ એક પ્રસંગનું અવતરણ.

આવી જ એક ઘટના ચાળીસેક વર્ષ પહેલાં, મદ્રાસથી બે માઈલ દૂર આવેલ સંતની એક કુટિરમાં બનેલી.

## "એને મારશો એ મને મારવા બરાબર છે"

સાચા યોગીઓની ભાળ મેળવવા ભારત આવેલા અંગ્રેજ પત્રકાર રાફેલ હર્સ્ટ ઉર્ફે ડૉ૦ પોલ બ્રંટને 'અ સર્ચ ઈન સિક્રેટ ઇન્ડિયા'* નામના

*આ પુસ્તકનો "ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં" એ નામે ગુજરાતીમાં અનુવાદ થયો છે. પ્રકાશક: વોરા એન્ડ કંપની, મુંબઈ.

એમના પુસ્તકમાં એ ઘટનાની નોંધ લેતાં લખ્યું (પૃષ્ઠ ૧૦૫-૬) છે કે:

"...અમે કમ્પાઉન્ડના દ્વારે પાછા આવ્યા અને લોઢાનું મોટું તાળું ઉઘાડયું. નોકરે અમને જણાવ્યું કે સંતનો પરિગ્રહ એટલો અલ્પ છે કે તેમાં ચાવીનો સમાવેશ થતો નથી. કમ્પાઉન્ડને બહારથી તાળું મારી દેવામાં આવે છે અને દિવસમાં બે વખત આવતો પરિચારક આવીને દ્વાર ન ખોલે ત્યાં સુધી તેમને બહાર નીકળવાનો કોઈ માર્ગ રહેતો નથી. આગળ જતાં અમને એ પણ જાણવા મળ્યું કે સંત આખો દિવસ સમાધિમાં લીન રહે છે. માત્ર સાંજે થોડાં ફળ, મીઠાઈ અને એકાદ કપ દૂધ લે છે. પરંતુ, એવી યે ઘણી સંધ્યાઓ પસાર થાય છે જયારે એમને માટે મૂકેલી ભોજનસામગ્રી અસ્પૃષ્ટ પડી રહે છે. અંધારું થતાં સંત કેટલીક વાર પોતાની કુટિરમાંથી બહાર આવે છે. જો કે ખેતરો ફરતી લટાર એ જ એમની એક માત્ર કસરત છે.

"અમે કમ્પાઉન્ડ વટાવીને એક અદ્યતન નાનકડા ઘર આગળ પહોંચ્યા. ઈમારતી લાકડાના રંગીન થાંભલા અને પથ્થરનાં ચોસલાંનું એ મજબૂત બાંધકામ હતું. પરિચારક બીજી ચાવી કાઢે છે અને ભારે બારણું ઉઘાડે છે. હું આ બધી સાવધાની પ્રત્યે આશ્ચર્ય વ્યકત કરું છું, કારણ કે સંતનો પરિગ્રહ અત્યંત અલ્પ છે એમ આ માણસે નહોતું કહ્યું? એટલે એણે ખુલાસો કરતા એક ટૂંકી વાત કહી:

""થોડાં વર્ષો પહેલાં સંત કોઈ પણ જાતના બંધન કે તાળાના રક્ષણ વિના જ આ કુટિરમાં રહેતા હતા, પરંતુ એક અભાગી દિવસે તાડી પીધેલો એક માણસ ત્યાં આવી ચડયો, અને સંતની રક્ષારહિત અવસ્થાનો લાભ લઈને તેમના ઉપર તૂટી પડ્યો. દારૂડિયાએ એમને દાઢીથી ઘસડીને લાઠીથી માર માર્યો અને બરાડા પાડીને, અણછાજતા વિશેષણોથી એમને નવાજવા લાગ્યો.

"કુદરતનું કરવું ને થોડા યુવાનિયા દડે રમવા એ ખેતરમાં આવી ચઢ્યા. હલ્લાના અવાજે એમનું ધ્યાન ખેંચ્યું. તેઓએ કુટિરમાં પ્રવેશીને સંતને છોડાવ્યા. જયારે એમાંનો એક નજીકના ઘરો સુધી દોડી ગયો અને બધાને આ હુમલાના ખબર આપ્યા. થોડી જ વારમાં ક્રોધથી ધમધમતા લોકોનું ટોળું ત્યાં ભેગું થઈ ગયું, ભારતમાં જે સામાન્ય ગણાય. અને, માનનીય પવિત્ર પુરુષ ઉપર હુમલો કરવાનું દુ:સાહસ

કરનાર એ દારૂ પીધેલ ગુંડાને ઘસડીને પીટવા માંડયા. વાતાવરણ એવું હતું કે આવું હિચકારું કૃત્ય કરનારને લોકો ત્યાં જ પૂરો કરી દેત.

"આ આખા બનાવ દરમ્યાન સંતે પોતાની રોજની ઉદાસીનતાભરી શાંતિ અને સહિષ્ણુતા જાળવી રાખેલી. હવે એ વચ્ચે પડયા અને (તેઓ સદા મૌન રહેતા હોવાથી) નીચેનો સંદેશો લખી આપ્યો—

"'આને મારશો તો એ મને મારવા બરાબર છે: એને જવા દો, કારણ કે મેં એને માફી આપી દીધી છે.'

"સંતનું વચન વણલખ્યો કાયદો હતો તેથી, એમની વિનંતીનું કમને સૌએ પાલન કર્યું અને એ દુરાત્માને છોડી દેવાયો."

## 'લૌકિક' અને 'લોકોત્તર' વિષયક એક પ્રચલિત ભ્રાંતિ

આ રીતે, જાતે ગમે તેટલું કષ્ટ વેઠીને કે નુકસાન સહન કરી લઈને અપરાધી પ્રત્યે પણ આત્મીય સ્વજન જેવો પ્રેમપૂર્ણ વ્યવહાર કરતા મહાનુભાવો પ્રત્યે આપણું મસ્તક ઝૂકી જાય-અંતર નમી પડે એ સહજ છે.

કિંતુ, પોતાના સંપ્રદાયની બહાર મોક્ષમાર્ગનું અસ્તિત્વ જ નથી એવા પૂર્વગ્રહનું પડળ જેની દૃષ્ટિ આડું પડ્યું હોય છે તે પોતાના મત-પંથ-સંપ્રદાયની બહાર રહેલ વ્યક્તિઓના આવા પ્રકૃષ્ટતાએ પહોંચેલ—સ્વભાવરૂપ બની ગયેલ—ગુણોનીય મુક્તકંઠે પ્રશંસા કરતાં ખચકાય છે. એને એ સમજણ મળી હોય છે કે 'મુકિતનો ઇજારો તેના મત-પંથનો જ છે; અન્ય મત-પંથમાં રહેલ વ્યક્તિમાં ભલે ગમે તેવા ઉત્કૃષ્ટ ગુણો દેખાતા હોય પણ તે આભાસિક જ હોય, તેની પ્રશંસા કરીએ તો અધર્મ પોષાય.'

આપણાં કેટલાંક ધાર્મિક વર્તુળોમાં સામાન્યત: એક મોટો ભ્રમ પ્રવર્તતો દેખાય છે: તે એ કે જૈનધર્મનિર્દિષ્ટ ક્રિયાકાંડની પ્રવૃત્તિ તે 'લોકોત્તર' ધર્મ, અને અન્ય મત-પંથ-દર્શનનિર્દિષ્ટ ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ તે 'લૌકિક' ધર્મ. (જે સત્પ્રવૃત્તિ મુક્તિસાધક ન હોય તે 'લૌકિક ધર્મ' અને જે મુક્તિ-પ્રાપ્તિમાં હેતુભૂત હોય તે લોકોત્તર: આ છે 'લૌકિક' અને 'લોકોત્તર'ની જૈન પરિભાષા). આથી પોતાના મત-પંથના વાડામાં રહેલ વ્યક્તિની સ્વાર્થદૂષિત, કે તૃષ્ણાના બીજમાંથી જન્મેલી, આભાસિક

સત્પ્રવૃત્તિના પણ આદર-સત્કાર અને પ્રશંસાને તે પોતાનું કર્તવ્ય સમજે છે; અને અજૈન આત્માઓના શ્રેષ્ઠ સદ્‌ગુણોની—ફૂલની સૌરભની જેમ તેમના સમગ્ર અસ્તિત્વ સાથે એકરસ થઈ ગયેલ સદ્‌ગુણોની યે પ્રશંસા એ વર્તુળોમાં વર્જ્ય મનાય છે.* એમને ભય રહે છે કે પોતાના જેવા ધર્મીજનની પ્રશંસાથી રખે એ 'અધર્મ'ને પ્રોત્સાહન મળી જાય!

જ્યાં અજ્ઞાન હોય ત્યાં એની સાથે ભ્રાંતિ અને ભીતિ—ભ્રમ અને ભય—આવીને વસવાટ કરે જ. માટે શ્રેયાર્થીએ ધર્મના લૌકિક અને લોકોત્તર વિભાગ બાબત યથાર્થ સમજ કેળવી લઈ, આ વિષયમાં નિ:શંક અને નિર્ભય બની જવું જોઈએ.

## લોકોત્તર ધર્મની આધારશિલા

આ પ્રકરણના પ્રારંભે આપેલ પ્રસંગો એવા મહાનુભાવોના છે કે જેમના સ્વભાવમાં જ પરાર્થ વણાઈ ગયો છે—પોતે ગમે તેવું અને ગમે તેટલું નુકસાન સહી લઈને પણ સામાને એ સુખી કરવા ચાહે છે. આ કક્ષાએ ન પહોંચેલ મધ્યમ આત્માઓ આટલો આત્મભોગ આપી શકતા નથી, તેઓ પોતાનાં સુખ-સગવડ પ્રત્યે તદ્દન ઉદાસીન નથી હોતા પણ તેની સાથે તેઓ અન્યના સુખને પણ એટલું જ મહત્ત્વ આપે છે. એનાથી નીચેની ભૂમિકાએ રહેલ આત્માઓ પોતાના સ્વાર્થને પ્રાધાન્ય આપે છે, પણ તે છતાં અન્યનાં સુખદુ:ખ પ્રત્યે તેઓ સાવ બધિર નથી હોતા, અન્યને નુકસાન ન પહોંચે એની પણ શકય કાળજી તેઓ રાખે છે—આ કક્ષા છે ધર્મમાર્ગે પ્રથમ ડગ દેનારા આત્માઓની. જેઓ કેવળ પોતાનો જ સ્વાર્થ જોતા હોય, એથી બીજાને ગમે તેવું નુકસાન થતું હોય તે જોવાની જેમને પરવા નથી હોતી, એટલું જ નહિ, બીજાને ખાડામાં ઉતારીને પણ જે પોતાનો સ્વાર્થ સાધી લેવા મથતા હોય એ કનિષ્ઠ કક્ષાના આત્માઓ છે. એ આત્માઓ ધર્મપ્રવૃત્તિ કદાચ કરતા પણ હોય છતાં એમને ધર્મ સાથે સ્નાનસૂતક નથી હોતાં.

આપણે પૂર્વે એ જોઈ ગયા કે ધર્મમાં પ્રવેશ અર્થે સ્વાર્થવૃત્તિ ઉપર કાપ આવશ્યક છે. સાચો ધર્મ વ્યક્તિને સ્વાર્થની પકડમાંથી ક્રમશ: મુક્ત

*જુઓ પ્રકરણના અંતે પરિશિષ્ટ अ.

કરી, તેના અંતરમાં નિઃસ્વાર્થવૃત્તિ અને વિશ્વપ્રેમનો ઉઘાડ અને વિકાસ કરે છે. ચિત્તશુદ્ધિ થયા વિના કેવળ બાહ્ય ક્રિયાકાંડની પ્રવૃત્તિ વડે ધાર્મિકતાનો આભાસ ઊભો થઈ શકે છે, ધાર્મિક બની શકાતું નથી. 'ધર્મ કરીએ છીએ' એવું આશ્વાસન લેવા એ ધર્મપ્રવૃત્તિ કામ લાગે, પણ આપણી અંદર રહેલ પરમાત્મા એથી છેતરાતો નથી. એટલે એ ધર્મપ્રવૃત્તિ નિયમિત કરતા રહેવા છતાં ચિત્તપ્રસન્નતા લાધતી નથી—ભય, ચિંતા, સંતાપ ઘટતાં નથી.

કેવળ બાહ્ય ક્રિયાકાંડ કે ધાર્મિક અનુષ્ઠાનની પ્રવૃત્તિની જેમ દાન, તપ, ત્યાગ, અહિંસાદિની પ્રવૃત્તિ ઉપરથી પણ વ્યક્તિની ધર્મનિષ્ઠાનો તોલ થઈ શકતો નથી. ક્રિયાકાંડની જેમ દાન, તપ, ત્યાગ, સંયમાદિ દેખીતા સદ્‌ગુણો પણ આભાસિક હોઈ શકે છે. કેટલીકવાર તો ધર્મવિરુદ્ધના પોતાના જીવનને અને પ્રચ્છન્ન પાપાચારને ઢાંકવા માટે ય આવી આડંબરરૂપ ધર્મપ્રવૃત્તિ કરાતી હોય છે. તો, ઘણીવાર ધર્મના અંચળા હેઠળ પ્રતિષ્ઠા-પ્રાપ્તિનો એ કેવળ વેપાર જ હોય છે—સમાજમાં સંપત્તિવાન તરીકેની છાપ ઊભી કરવા અને તેના દ્વારા અન્ય સામાજિક લાભો મેળવી લેવાની વેપારી ગણતરી એવી ધર્મપ્રવૃત્તિનું પ્રેરક બળ હોય છે. તો, કેટલાક લોકો દાન એટલા માટે આપે છે કે ભવિષ્યમાં પરલોકમાં એના ફળરૂપે અનેકગણું મળે. આપે છે એક કાણી કોડી અને બદલામાં આશા રાખે છે સોનામહોરો, હીરામાણેક ને મણિમોતી મેળવવાની! દાનની જેમ ત્યાગ-તપ-સંયમ દ્વારા પણ પરલોકમાં વિપુલ ભોગ મેળવવાનો સોદો કરાતો હોય ત્યાં એ ત્યાગની પાછળ પણ ચિત્તમાં ઊંડે ઊંડે તો ભોગલિપ્સા જ બેઠેલી હોય છે. અહીંના થોડા ત્યાગથી પરલોકમાં વિપુલ ભોગ મેળવવાની કામના જે ચિત્તમાં સંઘરાયેલી પડી હોય તે ચિત્ત તૃષ્ણામુક્ત શી રીતે બને?

## —ચિત્તશુદ્ધિ

આપણી કોઈ પણ પ્રવૃત્તિનું મૂળ ચિત્તમાં રહેલું છે. પ્રત્યેક કાર્ય પ્રથમ સંકલ્પ કે વિચારરૂપે ચિત્તમાં જન્મે છે, એ પછી એ વાણીમાં કે વર્તનમાં વ્યક્ત થાય છે. અર્થાત્ આપણી પ્રવૃત્તિનું બીજ વૃત્તિમાં છે. જેવું બીજ તેવું વૃક્ષ અને ફળફૂલ તેમાંથી નીપજે એ કુદરતનો વણલખ્યો

કાયદો છે. આથી, દેખીતી પ્રવૃત્તિ ભલે દાનની કે તપ-ત્યાગની હોય પણ એની પાછળ વૃત્તિ અશુદ્ધ હોય—કીર્તિ, પ્રતિષ્ઠા કે ઈહલૌકિક અન્ય કોઈ ભૌતિક લાભ કે પારલૌકિક ઐશ્વર્ય આદિ મેળવવાની વૃત્તિ હોય—તો પ્રવૃત્તિ દાનની કે ત્યાગની હોવા છતાં, પુષ્ટિ લોભની, તૃષ્ણાની થતી રહે છે. પરિણામે એ દાન કે ત્યાગથી મુક્તિની વાટે પંથ કપાતો નથી. તૃષ્ણાના બીજમાંથી તૃષ્ણામુક્તિ ક્યાંથી લાધે? તૃષ્ણાના બીજમાંથી જન્મેલ પ્રવૃત્તિના ફળમાં યે તૃષ્ણા જ હોય. જેવું ચિત્ત તેવું કર્મ. માટે કર્મની શુદ્ધિ માટે ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે. આથી, જ્ઞાનીઓ વિશુદ્ધ ચિત્તના જન્મને જ ધર્મ કહે છે.[1] એવા ચિત્તમાંથી જન્મતી ક્રિયા તે ઉપચારથી ધર્મ છે.

સત્ય, સંતોષ, દયા, ક્ષમા આદિ ધર્મ છે એ સૌ કોઈ જાણે છે, પણ તેનું આચરણ વિરલા જ કરી છે; કારણ કે તેમાં સ્વાર્થ આડે આવે છે. સ્વાર્થ માણસને ધર્મપંથથી વિચલિત કરી દે છે. અંતરમાં સ્વાર્થ જાગે છે ત્યારે ગમે તેવું અકાર્ય તેને અકાર્ય નથી લાગતું. એટલે ધર્મમાર્ગે ગતિ ત્યારે જ થાય જ્યારે અંતરમાંથી સ્વાર્થવૃત્તિ મોળી પડે અને જીવો પ્રત્યે આત્મીયતાનો પ્રારંભ થાય.

## આભાસિક ધર્મપ્રવૃત્તિ

કોરા સ્વાર્થમાંથી ઉદ્ભવેલ પ્રવૃત્તિનો બાહ્ય દેખાવ ભલે ધર્મનો હોય—એનો બાહ્ય દેખાવ જોઈને ભલે આપણે એને અહિંસા, ક્ષમા, તપ કે સંયમના નામથી ઓળખીએ, પણ પરમાર્થથી તો એ આર્ત્તધ્યાન જ છે. દા૰ ત૰ રસ્તે ચાલતાં કીડી કે અન્ય જીવ-જંતુ પગ નીચે કચડાઈ ન જાય એની કાળજી આપણે રાખીએ એની પાછળ જો એ વિચાર હોય કે 'મારી જો સહેજ ગફલત થશે તો બિચારા કોઈ નિર્દોષ જીવ-જંતુના રામ રમી જશે કે એને પીડા થશે અને, પીડા તો જેમ મને ઈષ્ટ નથી તેમ એનેય ઇષ્ટ ન હોય'—આ ભાવ વ્યક્ત કે અવ્યક્તપણે અંતરમાં રહેલો હોય તો એ પ્રવૃત્તિને જ્ઞાનીઓ અહિંસાધર્મમાં સ્થાન આપે છે. પણ જીવરક્ષાની એ સાવધાનીના મૂળમાં જો એ વિચાર હોય કે, 'કીડી મરી જશે તો મને કર્મબંધ થશે, અને તેથી ભવિષ્યમાં હું દુ:ખી થઈશ; માટે, કાળજી રાખું કે જેથી એવો કોઈ અશુભ કર્મબંધ

મને ન થાય'—તો જ્ઞાનીઓ મુક્તિસાધક ધર્મ તરીકે એને સ્વીકારતા નથી. આ વિચારપ્રેરિત જીવરક્ષાની કાળજી ધર્મ હોવાનો આભાસ જરૂર જન્માવે છે, પણ એ પરમાર્થથી ધર્મસ્વરૂપ નથી. જીવરક્ષાની કાળજી બંને ઠેકાણે સરખી હોવા છતાં, જ્યાં એ આત્મતુલ્યદૃષ્ટિ કે કરુણાપ્રેરિત નથી, પણ કેવળ ભાવિ સ્વદુઃખ ટાળવા એ કાળજી રહે છે ત્યાં એ કાળજીના પાયામાં સ્વ-અનિષ્ટવિયોગની ચિંતા મુખ્ય હોવાથી, આર્ત્તધ્યાનના પહેલા પાયામાં એનો સમાવેશ થઈ જાય છે.[૨] વર્તમાન અનિષ્ટ વિયોગની ચિંતા એ જેમ આર્તધ્યાન છે તેમ ભાવિ અનિષ્ટને દૂર રાખવાની ચિંતા એ પણ આર્ત્તધ્યાન જ છે. ટૂંકમાં જે કેવળ સ્વાર્થમાંથી—પોતાનું ભાવિ દુઃખ ટાળવાની તત્પરતામાંથી—જ જન્મતી હોય તે પ્રવૃત્તિ તાત્ત્વિક ધર્મ નથી; તેનું બાહ્ય કલેવર ભલે ને અહિંસાનું, ક્ષમાનું કે સંયમનું કાં ન હોય.

## 'લૌકિક' અને 'લોકોત્તર'ની સાચી પારાશીશી

પ્રથમ નજરે આ વાત કોઈને કદાચ ચોંકાવનારી લાગે, પણ કોઈ પણ વિચાર, વર્તન કે ધર્મપ્રવૃત્તિ ખરેખર મોક્ષપ્રદાયક છે કે તે માત્ર તેવો આભાસ જન્માવનારાં છે એ નાણી જોવા માટે કસોટીના પથ્થરરૂપ જે એક પૃથક્કરણ પૂર્વાચાર્યોએ આપ્યું છે[૩] [જુઓ, પ્રકરણના અંતે પરિશિષ્ટ—ब] તેનું પરિશીલન કરતાં આ તથ્ય ઉપર તરી આવે છે કે આ લોક કે પરલોક સંબંધી ભૌતિક લાભ-નુકસાનની વેપારી ગણતરી જ જે પ્રવૃત્તિનું પ્રેરક બળ હોય તે પ્રવૃત્તિથી ભવબંધન છેદાતાં નથી. એ પ્રવૃત્તિમાં સંસારની આસક્તિ જ ક્યાંક ગૂંચળું વાળીને પડી હોય છે.

આનો ફલિતાર્થ એ થયો કે જે કોઈ સદાચાર નિષ્કામપણે આચરાતો હોય—વિકાર અને વાસનાઓથી મુક્ત થવા સિવાયની અન્ય કોઈ કામનાથી પ્રેરિત ન હોય—તે જ લોકોત્તર ધર્મ તરીકે ગણનાપાત્ર બને છે. એથી ઊલટું, જે 'ધર્મપ્રવૃત્તિ' ભૌતિક લાભનુકસાનનાં લેખાં-જોખાંમાંથી અર્થાત્ તૃષ્ણામાંથી જન્મતી હોય કે તૃષ્ણા વડે પોષાતી હોય, તેનું બાહ્ય સ્વરૂપ ભલે ગમે તેટલું સુંદર દેખાતું હોય તોયે, તે લૌકિક જ રહે છે. કોઈ ભૌતિક લાભ મેળવવાના કે નુકસાન ટાળવાના ઉદ્દેશથી થતી ધર્મપ્રવૃત્તિ—ચાહે તે જૈનધર્મનિર્દિષ્ટ અનુષ્ઠાન સ્વરૂપે હોય કે અન્ય

સ્વરૂપે—લૌકિક જ છે. અહીં એ ખાસ નોંધવું ઘટે કે કર્મવિપાકના ડરથી પ્રેરિત પ્રવૃત્તિરૂપ કે નિવૃત્તિરૂપ ધર્મ પણ લૌકિક કક્ષામાં આવે છે. આ લોકના કે પરલોકના ફળ ઉપર દૃષ્ટિ ગઇ તો સમજવું કે ભવની આસક્તિ ત્યાં લપાઇને બેઠેલી જ છે.[૪]

## કર્મવિપાકના ભયથી થતા ધર્મનું સ્થાન કયાં?

અહીં એ સ્મરણમાં રહે કે લોકોત્તરતા-વિષયક ઉપર્યુક્ત પૃથક્કરણ મુમુક્ષુને ઉદ્દેશીને રજૂ થયું છે. મુમુક્ષુ પોતાની વ્યક્તિગત સાધનાનું સાચું મૂલ્યાંકન કરી શકે અને તેની ચિત્તવૃત્તિમાં રહેલ સૂક્ષ્મ અશુદ્ધિને પણ સમજી-પરખીને તેને દૂર કરવાની જાગૃતિ તે રાખે તદર્થે જ્ઞાનીઓએ ધર્મપ્રવૃત્તિનું આ વિશ્લેષણ કરી બતાવ્યું છે. કિંતુ, સમષ્ટિની દૃષ્ટિએ તો લૌકિક સદાચાર પણ વાંછનીય છે, સમાજ-જીવનની સુરક્ષા અને સંવાદિતા અર્થે તે જરૂરી છે. આથી હિંસા, ચોરી, જૂઠ, અનાચાર, પરિગ્રહ આદિ પાપોથી જીવોને પાછા વાળવા શાસ્ત્રોમાં ઠેરઠેર હિંસાદિના વિપાકનો અર્થાત્ તેનાથી થતા અશુભ કર્મબંધનો અને તેના ફળસ્વરૂપે પ્રાપ્ય નરકાદિ દુર્ગતિનાં દુ:ખોનો ભય બતાવ્યો જ છે.

જગતના જીવો જ્યારે ધર્મના પરિચયમાં આવે છે ત્યારે, પ્રારંભકાળે તો તેમાંનો મોટો ભાગ 'સ્વ'માં જ પૂરાયેલો હોય છે. તે પ્રારંભિક અવસ્થામાં, બીજાનું શું થાય છે એની એમને પડી નથી હોતી; પણ 'મારું દુ:ખ કોઈ રીતે ટળે છે? મને સુખ આપનાર કોઈ પ્રવૃત્તિ કે જીવનપદ્ધતિ છે?' —એ વિચારમાં તેઓ ગળાબૂડ ડૂબેલા હોય છે. એ અવસ્થામાં તેઓ 'સ્વ'ને સ્પર્શતી વાત પ્રત્યે જ ખેંચાય એ સ્વાભાવિક હોવાથી, પરમ કરુણાવંત જ્ઞાનીઓ સ્વાર્થમાં પુરાયેલા એ જીવોનું પણ હિત કેરવાની બુદ્ધિથી પ્રારંભકાળમાં એમને પાપાચરણના વિપાકનું દર્શન કરાવી, પહેલાં એમને પાપ-પ્રવૃત્તિમાંથી બહાર કાઢે છે. તીવ્ર સંક્લેશવાળા જીવોને મંદ સંક્લેશવાળા કરવા માટેનો એમનો એ પ્રારંભિક પ્રયાસ છે. સ્વાર્થમાં જ રત રહેનારા, અત્યંત મલિન આશયવાળા એ જીવોને સદાચારમાં પ્રવૃત્ત કરવા માટે પ્રારંભમાં તો અસત્ પ્રવૃત્તિનાં કડવાં ફળનો ડર અને સત્ પ્રવૃત્તિથી પ્રાપ્ય પુણ્યનું પ્રલોભન જ કારગત બને છે. પ્રારંભિક ભૂમિકાએ જીવો ભયથી કે લોભથી પણ નીતિમય જીવન

તરફ વળે, દાનાદિનો અભ્યાસ રાખે અને વ્રત-નિયમ અને ધાર્મિક અનુષ્ઠાનો કરતા થાય તો એના દ્વારા એમના જીવનમાંથી વિચાર-વર્તનની સ્થૂલ અશુદ્ધિઓ દૂર થાય અને તેઓ લઘુકર્મી થઈ, વૃત્તિની શુદ્ધિ-અશુદ્ધિ સમજતા થાય. આમ પ્રવૃત્તિની જ નહિ પણ ચિત્તની શુદ્ધિ-અશુદ્ધિ સમજવાની ક્ષમતા તેમને લાધે તો, સંભવ છે કે પારમાર્થિક ધર્મ કે જે 'શુભાત્મપરિણામ સ્વરૂપ હોવાથી સદા આંતરિક છે'[૧] તે તરફ તેઓ વળે. આ સંભાવનાને લક્ષમાં રાખી જ્ઞાનીઓ વિપાકનો ડર બતાવીને કે પુણ્યબંધનું પ્રલોભન આગળ કરીને ય જીવોને ધર્મપ્રવૃત્તિમાં જોડે છે. પરંતુ જ્યાં મુમુક્ષુને માર્ગદર્શનની વાત આવે છે ત્યાં એની સામે એમણે સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારી છે કે, વિપાકના ડરથી થતો ધર્મ મુક્તિસાધક નથી, લૌકિક છે. માટે મુમુક્ષુ એ ન ભૂલે કે જૈનધર્મમાં પ્રચલિત ક્રિયાકાંડ કરવા માત્રથી લોકોત્તર ધર્મ હાથ લાગી જતો નથી; સ્વાર્થથી ઉપર ઊઠતાં વિચાર-વર્તન જ લોકોત્તર માર્ગે લઈ જઈ શકે.

## લૌકિક ધર્મનું સમષ્ટિગત મહત્ત્વ અને તેની મર્યાદા

લૌકિક સદાચારનું પણ જીવનમાં સ્થાન છે: લોભથી, ભયથી, ગતાનુગતિકતાથી, કુટુંબના સંસ્કારથી, લોકલજ્જાથી—કોઈ પણ પ્રકારે નીતિનું આચરણ અને સદાચારની જાળવણી થાય એ ઈષ્ટ છે. જો કે તેનું મૂળ સ્વાર્થમાં-તૃષ્ણામાં હોવાથી તૃષ્ણા-મુક્તિ ન લાધે, કિંતુ, કુટુમ્બને અને સમાજને સુગ્રથિત ને સંવાદી રાખવાનું કાર્ય એ કરી શકે. સમાજમાં ઘર કરી રહેલ અનીતિ, અન્યાય, અધર્મ અને અત્યાચાર એનાથી અંકુશમાં રહે છે. માનવીની સંસ્કારિતા અને ન્યાય-નીતિની તથા સદાચારની ભાવના ટકાવી રાખવામાં એનો ફાળો મહત્ત્વનો છે. આથી, ધર્મશાસ્ત્રોએ લૌકિક સદાચારને પણ ઉત્તેજન આપ્યું છે; લોકલજ્જાથી પણ શીલનું પાલન કરનારને "ધન્ય તે, કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત" કહીને બિરદાવ્યા છે.

કિંતુ, આજે તો લૌકિક કક્ષાનો સદાચાર પણ અદૃશ્ય થવા માંડયો છે. પ્રગતિ અને સ્વતંત્રતાના નામે વિલાસિતા અને સ્વેચ્છાચારને છૂટો દોર અપાઈ રહ્યો છે. કુટુંબની મર્યાદા અને લોકલજ્જાની પાળો તૂટી ગઈ છે. પૈસો, પ્રતિષ્ઠા, સત્તા, વૈભવ, વિલાસ જ જીવનનું કેન્દ્ર બની

ગયાં છે. નૈતિક મૂલ્યોનો આદર કે આગ્રહ લુપ્ત થઈ ચૂકયો છે. આજે માણસના અંતરમાં પૈસો જ પરમેશ્વર થઈ બેઠો છે. બહારથી સુરક્ષિત અને અકબંધ દેખાતા પુસ્તકનાં પાનાં ઉધેઈ કોરી ખાય તેમ બહારથી સભ્ય અને સમૃદ્ધ દેખાતા સમાજનાં જીવનમૂલ્યો આજે અંદરથી ખવાઈ રહ્યાં છે. પરલોકની શ્રદ્ધા, પાપભીરુતા, સહિષ્ણુતા, કૃતજ્ઞતા આદિ સદ્‌ગુણોમાં આજે ભારે ઓટ આવી છે. આથી, આજે એક તરફ શિક્ષણનો અને સભ્યતાનો વ્યાપ વધતો જતો દેખાય છે, પણ માણસાઈની મૂડી ઘટતી જાય છે. પહેલાં જે કુટુંબભાવના હતી તે આજે લુપ્ત થઈ છે, લગ્નજીવનની સ્થિરતા પણ જોખમાઈ છે, છૂટાછેડા વધતા જાય છે. ભારતીય પરંપરા અને એકબીજાને નિભાવી લેવાની વૃત્તિના સ્થાને પાશ્ચાત્ય વ્યકિતવાદી જીવન-અભિગમ અને અસહિષ્ણુતાનો પ્રસાર વધતો જાય છે, પરિણામે, કુટુંબ છિન્નભિન્ન થતું જાય છે. સમાજજીવનની સ્થિરતા અને સંવાદિતાનો પાયો સુગ્રથિત કુટુંબજીવન છે. સુખી-સમૃદ્ધ પરિવારોમાં તો આ પાયો જ ડોલંડોલ થઈ રહ્યો છે. સમાજનો ઉપલો થર લેખાતા સુખી-સમૃદ્ધ વર્ગના આચરણનો પડઘો મધ્યમ વર્ગમાં યે પડે છે. એટલે નૈતિક જીવનમૂલ્યોની સમાજમાં પુન:પ્રતિષ્ઠાનો સમય આવી લાગ્યો છે. આ પરિસ્થિતિમાં સામાન્ય સદાચાર અને લૌકિક સદ્‌ગુણોને ટકાવી રાખવામાં ધર્મસંસ્થા જે ફાળો આપે તે આવકાર્ય જ છે.

કિંતુ, આ કર્ત્તવ્યમાં પણ આપણી વર્તમાન ધર્મસંસ્થા ઊણી ઊતરી છે, એની સખેદ નોંધ લેવી રહી. આજે આપણા સાધુ-સાધ્વીની સંખ્યા વધતી રહી છે, પણ એની સાથે શ્રદ્ધાળુ ગણાતા જૈન પરિવારોમાં યે કુળાચારનો લોપ અને સદાચાર-વિમુખતાનો પ્રસાર થઈ રહ્યો છે એમ નથી લાગતું? જે ધર્મનું મુખ્ય કાર્ય માણસને વાસના અને વિકારો-માંથી મુક્ત કરવાનું છે, તે ધર્મ સામાન્ય સદાચાર અને નૈતિક મૂલ્યોને પોતાના અનુયાયીઓમાં જીવંત રાખવાના એના ગૌણ કર્ત્તવ્યમાં યે નિષ્ફળ રહે અને પૂજનો, પ્રતિષ્ઠાઓ, મહોત્સવોની ધામધૂમમાં જ પોતાની સાર્થકતા સમજતો થાય એના જેવી બીજી કરુણતા કઈ હોઈ શકે?

લૌકિક કક્ષાનો સદાચાર જેમ સમાજ-જીવનના આરોગ્યમાં ઉપકારક થઈ શકે તેમ લોકોત્તર ધર્મની ઉપલબ્ધિ માટેની ભૂમિકા તૈયાર કરવામાં યે

તે સહાયક થઈ શકે. પરંતુ ભૌતિક લેખાં-જોખાં પ્રેરિત આવો સદાચાર પોતાના જીવનમાં આવ્યો હોય તેટલા માત્રથી લોકોત્તર ધર્મની—મોક્ષસાધક ધર્મની—પોતાને પ્રાપ્તિ થઈ ચૂકી છે એવું માની લેવાની ભ્રમણામાં મુમુક્ષુ ન રહે તે માટે લૌકિક-લોકોત્તર ધર્મવિષયક આ સ્પષ્ટતા તેના ચિત્તમાં થયેલી હોવી જરૂરી છે.

ધર્મનું એક કાર્ય સમાજને સુગ્રથિત ને સંવાદી રાખવાનું છે, તેમ ધર્મનું બીજું કાર્ય વ્યક્તિને મુકત કરવાનું—વાસનાના અને કામનાના બંધનમાંથી મુકત કરવાનું—છે. એ કાર્ય ભૌતિક લેખાં-જોખાંની કે સોદાગીરીની મનોવૃત્તિમાંથી જન્મેલ ધર્મપ્રવૃત્તિ કે સદ્ગુણો ન કરી શકે. એ માટે તો વ્યકિતની જીવનદૃષ્ટિમાં જ પરિવર્તન આવવું જોઈએ. જીવસૃષ્ટિ પ્રત્યેના વાત્સલ્યમાંથી કે જ્ઞાનીઓને અનુસરવાની ઉત્કંઠા અને તત્પરતામાંથી પ્રગટેલ ગુણો અર્થાત્ લોકોત્તર ધર્મ જ તેને વાસનાના અને કામનાના કળણમાંથી બહાર લાવી શકે.

કોઈ એક આખા સમાજને અમુક ક્રિયાકાંડ કરતો કરી શકાય, કિંતુ તેના પ્રત્યેક સભ્યની જીવનદૃષ્ટિ બદલી શકાતી નથી. આથી લોકોત્તર ધર્મ હંમેશાં વ્યક્તિનિષ્ઠ હોય, કોઈ મત-પંથ-સંપ્રદાય કે સમાજ સાથે તેને સાંકળી ન શકાય. એટલે, જૈનધર્મ-નિર્દિષ્ટ ક્રિયાકાંડ કરી દેવા માત્રથી લોકોત્તર ધર્મ થઈ જાય એમ માનવું એ આત્મવંચના જ છે.

## અણગારનો પંથ : પ્રેમનો સંકોચ નહિ, પણ વિસ્તાર

સ્વાર્થવિસર્જનની વાટે ચડયા વિના લોકોત્તર ધર્મ હાથ લાગતો નથી. માર્ગાનુસારી, સમકિતી, દેશવિરતિ, સર્વવિરતિ આદિ ભૂમિકાઓ ઉત્તરોત્તર અધિક સ્વાર્થવિસર્જન માગે છે. માર્ગાનુસારી ભૂમિકાએ ન્યાયમાર્ગે પ્રાપ્ય આજીવિકા વડે જીવનનિર્વાહ કરવાની ટેકથી સ્વાર્થવિસર્જનનો પ્રારંભ થાય, અવિરત સમકિતીની ભૂમિકાએ દ્રવ્ય-ભાવ અનુકંપાની સાથે ઉપશમ આવે, દેશવિરતિની ભૂમિકાએ વ્રત-નિયમ વડે નિયંત્રિત જીવનની સાથે પરિગ્રહપરિમાણ અને અતિથિસંવિભાગ—યાને એકલપેટા વૃત્તિનો ત્યાગ—તેમાં ભળે અને સર્વવિરતિની ભૂમિકાએ તો જીવજગતના હિત-સુખ અર્થે જાતે અગવડ-કષ્ટ વેઠી લેવાની—ઘસાઈ છૂટવાની—વૃત્તિને રોજિંદા જીવનમાં ચરિતાર્થ કરતું સમિતિ-ગુપ્તિ-યુકત જીવન અર્થાત્ સમગ્ર જીવ-

સૃષ્ટિ સાથે આત્મીયતા અને નિર્મળ પ્રેમપૂર્વકનું જીવન શરૂ થાય.

આમ, મુનિજીવન એટલે પ્રેમનો સંકોચ નહિ, પણ વિસ્તાર. જગતના સર્વ જીવો સાથે આત્મીય સ્વજનના જેવો પ્રેમ અંતરમાં જાગ્યા વિના સાચા અણગારનો જન્મ થતો નથી. ઉત્કટ સંવેગવાળો મુમુક્ષુ ઘરબાર છોડીને ચાલી નીકળે છે તેનો અર્થ એ નથી કે તે સ્વજનો પ્રત્યેનો પ્રેમ પણ સંકેલી લે છે; કિંતુ, તેનો પ્રેમ ઘરની ચાર દીવાલો વચ્ચે રહેતી વ્યક્તિઓ પૂરતો સીમિત ન રહેતાં, 'પોતાનાં' અને 'પરાયાં'ની ભેદરેખા ભૂંસીને સમગ્ર પ્રાણીસૃષ્ટિને આલિંગતો હોવાથી, એ ગૃહત્યાગ કરે છે—વિશ્વકુટુંબમાં ભળી જાય છે.

કિંતુ, આજે કેટલાક અતિ ઉત્સાહી 'વિરાગી' વર્તુળો સ્વાર્થી, સુખેચ્છુ અને સંકુચિત મનોવૃત્તિવાળી વ્યક્તિઓને પણ 'કોનાં છોરુ ને......કોનાં માઈ ને બાપ' જેવી પંક્તિઓ ટાંકીને, 'સ્વજન પરિવાર આદિ સૌ પરાયાં છે' એ વાત ઘૂંટાવતા રહી, માબાપ આદિ સ્વજનોને તરછોડી દીક્ષા લેવા માટે ઉત્સાહિત કરે છે. કિંતુ, જીવજગત પ્રત્યે સાવ ઉદાસીન અને કેવળ શરીર-ચિંતામાં અને ઇન્દ્રિયજન્ય સુખ મેળવવાની અને દુ:ખથી ભાગવાની ગડમથલમાં જ ડૂબેલી વ્યક્તિઓને, આ રીતે, મુનિ-વેશની લહાણી કરીને શ્રમણસંખ્યાનો કેવળ આંકડો જ વધારી શકાય છે, એથી આધ્યાત્મિકતા વધતી નથી. ઊલટું મુનિપણાના અંચળા હેઠળ સ્વાર્થવૃત્તિ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે અને તેના સંસર્ગમાં આવનાર સમાજ પણ આધ્યાત્મિકતાના બદલે સ્વાર્થવૃત્તિનો—અહં-મમનો—જ ચેપ લઈને જાય છે. ફલત: ઉપર્યુક્ત પ્રવૃત્તિથી મુનિપદનાં પ્રભાવ અને ગૌરવ બંને ઘટે છે, શ્રમણ સંસ્થા પ્રત્યેની ગૃહસ્થોની શ્રદ્ધાને એથી આઘાત પહોંચે છે અને 'મુક્તિની સાધના કરી રહ્યો છું' એવા ભ્રમમાં રહી એ 'મુનિ' પોતાની અધોગતિ નોતરે છે.[૬]*

સ્મરણમાં રહે કે સ્વાર્થવૃત્તિ મોળી પડ્યા વિના, વિરતિના માત્ર બાહ્ય આચારોને વળગવાથી મુક્તિ તરફ ગતિ થતી નથી, દેશવિરતિ

*વિવેચન માટે જુઓ લેખકકૃત 'આત્મજ્ઞાન અને સાધનાપથ,' પ્રકરણ પાંચમું—'વિવેકપૂત તપ-ત્યાગ', 'બળ નહિ, કળ', 'બાહ્યજીવન અને આંતરપ્રવાહનો સુમેળ આવશ્યક' વગેરે શીર્ષકો હેઠળ થયેલ છણાવટ.

કે સર્વવિરતિ ધર્મનો પાયો જીવસૃષ્ટિ સાથેની આત્મીયતા–આત્મસમદર્શિતા છે.[૭] આત્મસમદર્શિતાના ભાવમાંથી જન્મતી દયા અને તેના પરિણામે આવતી અન્યને લેશમાત્ર દુ:ખ ન પહોંચે એ રીતે જીવવાની કાળજીરૂપ અહિંસાનું જ મુકિતપથમાં મૂલ્ય છે. "સર્વજીવોને આત્મસમ જાણે, જુએ અને સંયમ પાળે તો પાપકર્મ બંધાતાં અટકે."[૮] આમ, પરમાર્થદૃષ્ટિએ, હિંસા-અહિંસાનો આધાર આંતરિક વિવેક ઉપર છે, માત્ર સ્થૂલ કર્મ ઉપર નહિ.

ઔદાર્યાદિ ગુણસંપત્તિ વિનાના અનંતવારના 'ઓઘા' પણ નિષ્ફળ ગયા છે—શ્રમણભાવ-પ્રાયોગ્ય બધી જ બાહ્ય મુનિચર્યાનું અણિશુદ્ધ આસેવન કરવા છતાં ય નિષ્ફળ ગયા છે; તો, સ્વાર્થકેન્દ્રિત આંશિક વ્રતનિયમ અને ક્રિયાકાંડની તો વાત જ ક્યાં રહી? એનાં બાહ્ય આકાર-પ્રકાર જૈનધર્મનિર્દિષ્ટ હોય એટલા માત્રથી એને લોકોત્તર ધર્મ માની રખે ભ્રમમાં રહીએ.

# પરિશિષ્ટ—अ

## કોની પ્રશંસા વર્જ્ય—અન્યદર્શનીની કે મિથ્યામતિની?

જૈન કુળમાં જન્મેલ આત્માઓનું એ સૌભાગ્ય છે કે નામ-રૂપ કે મત-પંથની આડશ ઊભી કર્યા વિના, વીતરાગ દશા પ્રાપ્ત સર્વ મુકતાત્માઓ પ્રત્યે તેમજ વીતરાગ-તાની દિશામાં નિષ્ઠાભર્યા પુરુષાર્થને જ પોતાનું જીવનવ્રત બનાવનાર સર્વ સાધક આત્માઓ પ્રત્યે શ્રદ્ધા અને આદરને સ્પષ્ટ શબ્દોમાં વાચા આપતો શ્રી નવકાર મહામંત્ર ગળ-થૂથીમાં જ તે પામે છે. વળી, જૈનાગમોમાં એ વાત ઘણી સ્પષ્ટ રીતે કહેવામાં આવી છે કે જૈનેતર ધર્મપંથોમાં રહેલ મહાનુભાવો મુક્તિની પ્રાપ્તિ ન જ કરી શકે એવું નથી. ખુદ ભગવાન મહાવીર પ્રભુએ એ ફોડ પાડ્યો છે કે જૈનેતર દર્શનના સાધુ-સંતો અને ગૃહસ્થો સુધ્ધાં પણ મુક્તિ મેળવી શકે છે.[૯] જિનાજ્ઞાથી ભાવિત અંતઃકરણવાળા પ્રાચીન જૈન મહર્ષિઓનાં વચનોમાંયે ઠેર ઠેર આ ઉદાર મત વ્યક્ત થતો રહ્યો છે:

"ઇન્દ્રિયો અને કષાયોથી ઉપર ઉઠેલા નિર્મળ અંતઃકરણવાળા મુમુક્ષુઓ ભિન્ન ભિન્ન માર્ગેથી પણ પરમાત્મગતિને પ્રાપ્ત કરી લે છે."[૧૦] "સાધક ચાહે શ્વેતાંબર હોય કે દિગંબર, જૈન હોય કે બૌદ્ધ, શૈવ હોય કે વૈષ્ણવ, તે જો પૂર્ણ સમભાવમાં આવ્યો તો તેની મુક્તિ નિશ્ચિત જ સમજવી."[૧૧] બીજી બાજુ, તેઓએ એ વાત પણ કશા ખચકાટ વિના જાહેર કરી છે કે "સર્વવિરતિની પ્રતિજ્ઞાપૂર્વક જૈનધર્મનિર્દિષ્ટ સમગ્ર સાધુચર્યાનું પૂર્ણ પાલન કરતા હોવા છતાં મુક્તિ દૂર જ રહી જાય એવું ય બને."[૧૨] અર્થાત્ શ્રેયાર્થી કયા મત-પંથનો અનુયાયી છે એ વાત કરતાં તેની આંતરિક દશા શી છે, એ વાતના આધારે તેના આત્મવિકાસનું મૂલ્યાંકન કરવું એવી ઉદાર અને તટસ્થ જૈન પરંપરા રહી છે.

કિંતુ, આજે ઘણાં જૈન શ્રમણ-શ્રમણીઓ શ્રદ્ધાળુ જનોને એ વાત ઘૂંટાવતાં રહે છે કે 'અન્યદર્શનીના ગુણોની માત્ર મૌન અનુમોદના કરી શકાય, જાહેરમાં તેની પ્રશંસા ન થઈ શકે. આપણે તેની પ્રશંસા કરીએ તો એથી મિથ્યામતને પુષ્ટિ મળે, ફલતઃ પ્રશંસકનું સમ્યક્ત્વ દૂષિત બને.' આવી સમજ ધરાવનારાંઓ પોતાની માન્યતાનું સમર્થન, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનાં બે-એક વિધાનોના ખોટા અર્થઘટનમાંથી મેળવે છે.

'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' (પ્રથમ આવૃત્તિ) વાંચીને એક મુનિએ, પોતાના મનની ગડમથલ વ્યક્ત કરતાં, જિજ્ઞાસુભાવે મને લખ્યું છે કે "મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે, સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં,

'મિથ્યામતિ-ગુણ-વર્ણનો, ટાળો ચોથો દોષ;
ઉન્માર્ગી થુણતાં હુવે, ઉન્મારગ પોષ.'

એ પંકિત દ્વારા, કહ્યું છે કે અન્ય દર્શનમાં રહેલા ગુણસંપન્ન આત્માની પણ જાહેરમાં પ્રશંસા કરવામાં સમ્યક્ત્વને દૂષણ લાગે છે. તો, આ વાત (ના સંદર્ભમાં તમારાં વિધાનો) કેવી રીતે ઘટી શકે?" —આ પ્રશ્ન વાચકે ધ્યાનપૂર્વક વાંચ્યો હશે તો યશોવિજયજી મહારાજના પ્રસ્તુત વિધાનના અર્થઘટનમાં પ્રશ્નકાર મુનિશ્રી કયાં ગોથું ખાઈ જાય છે એ તેના ખ્યાલમાં આવી જ ગયું હશે. મૂળ અવતરણનો ભાવ પોતાના શબ્દોમાં રજૂ કરતાં પ્રશ્નકારે તેમાંના 'મિથ્યામતિ' શબ્દના સ્થાને 'અન્યદર્શની' શબ્દ પ્રયોજ્યો છે. 'મિથ્યામતિ=અન્યદર્શની' આવું સમીકરણ માંડવું શું વ્યાજબી છે? શું કોઈ 'જૈન' મિથ્યામતિ ન હોઈ શકે? તેમ શું કોઈ 'અન્યદર્શની' સમ્યગ્દૃષ્ટિ ન હોઈ શકે?

અન્ય લિંગે સિદ્ધ થવાય છે એ સ્વીકારીએ તો એની સાથે એ સ્વીકારવું જ રહ્યું કે અન્ય લિંગમાં પણ સમ્યક્ચારિત્ર હોઈ શકે. પ્રશ્ન થાય કે અન્ય લિંગમાં સમ્યક્ચારિત્ર શી રીતે સંભવે? તેનો જવાબ શોધતાં, ચારિત્રની અને સાધુપણાની શાસ્ત્રકારોએ આપેલી આ વ્યાખ્યા આપણી સમક્ષ રાખવી પડશે:

> નિવૃત્તિ ને પ્રવૃત્તિભેદે, ચારિત્ર છે વ્યવહારેજી,
> નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર.[૧૩]

અને,

> જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
> લેશ્યા શુદ્ધે અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.
> અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,
> સાધુ સૂધા તે આતમા, શું મૂંડે શું લોચે રે.[૧૪]

જેમણે પોતાની વૃત્તિ નિજસ્વભાવમાં કેન્દ્રિત કરી દીધી હોય અર્થાત્ શુદ્ધ દૃષ્ટાભાવમાં જ સ્થિર રહી, મોહવશ ઊઠતી ભાવિની કલ્પનાઓ તથા ભૂતકાળની સ્મૃતિઓની ચુંગાલમાં ન ફસાતાં જેઓ હર્ષ-શોકના ઝૂલે ચડયા વિના દેહાદિ પોતાના વર્તમાન પર્યાયને જ્ઞાયક ભાવે વેદી રહ્યા હોય એવા સૌ સંતોને સમ્યક્ચારિત્રયુક્ત ગણ્યા છે— પછી તે જૈન હોય કે જૈનેતર. આપણા પૂર્વ મહર્ષિઓએ અન્યત્ર ઉચ્ચારેલી બીજી એક ચેતવણી પણ આ સંદર્ભમાં આપણે વીસરવી ન જોઈએ. તે એ કે,

> લિંગ-વેષ-કિરિયા કું સબ હિ, દેખે લોક તમાસી હો,
> ચિન્મૂરતિ ચેતનગુન ચિન્હે, સાચો સોઉ સંન્યાસી હો.[૧૫]

> ચેતન કું પરખ્યો નહિ, ક્યા હુવા વ્રતધાર;
> શાલ વિહૂણા ખેત મેં, વૃથા બનાઈ વાડ.[૧૬]

તાત્પર્ય એ છે કે સમ્યક્ચારિત્ર અમુક લિંગ-ક્રિયા સાથે બંધાયેલું છે એવું નથી. જૈન શાસ્ત્રો શાખ પૂરે છે કે કેવલજ્ઞાનની ઉપલબ્ધિ થયા પછીયે કુર્માપુત્ર છ માસ સુધી ગૃહવાસમાં રહ્યા છે—અર્થાત્ દેખીતી બાહ્ય ચર્યા ગૃહસ્થની હોવા છતાં આંતરિક સ્તરે કુર્માપુત્ર તેરમે ગુણઠાણે આરૂઢ રહ્યા હતા.

આમ, આપણા પ્રબુદ્ધ પૂર્વાચાર્યોએ સિદ્ધાંત અને દૃષ્ટાંત બંને દ્વારા એ વાત પ્રતિપાદિત કરી છે કે સાચા સંન્યાસીની ઓળખ માટે લિંગ-ક્રિયાનો જ એક માત્ર ગજ કામ લાગતો નથી :

> 'લિંગ-વેશ-કિરિયા કું સબ હિ, દેખે લોક તમાસી હો;
> ચિન્મૂરતિ ચેતનગુન ચિહ્નને, સાચો સોઉ સંન્યાસી હો.'

આ તથ્ય નજર સામે રહે તો અન્યલિંગસ્થ વિશુદ્ધ આશયયુકત મહાત્માઓમાં સમ્યક્ચારિત્રની સંભાવના નકારવાનું સાહસ કેમ થઈ શકે? અને સમ્યક્ચારિત્ર, સમ્યગ્દર્શન વિના તો હોઈ જ ન શકે. માટે, 'અન્યલિંગે સિદ્ધ' એ સિદ્ધાંતના સ્વીકારની સાથે એ સ્વીકાર પણ આવે જ કે, 'અન્યદર્શની'માં પણ સમ્યગ્દૃષ્ટિનો ઉઘાડ સંભવી શકે. એટલે ધડ દઈને 'અન્યદર્શની=મિથ્યામતિ' આવું સમીકરણ કેમ માંડી શકાય? વળી, જૈન દર્શનમાં રહેલી મનાતી વ્યકિત, સમ્યગ્દૃષ્ટિ જ હોય એવો યે કોઈ નિયમ નથી. જૈન કુળમાં જન્મેલ/ઊછરેલ વ્યકિત પણ મિથ્યાત્વી હોઈ શકે છે, એટલું જ નહિ, મુનિ પણ મિથ્યામતિ હોઈ શકે છે. શાસ્ત્રજ્ઞ મુનિ—સાડા નવ પૂર્વધારી મુનિ—પણ 'મિથ્યામતિ' સંભવી શકે છે.

ટૂંકમાં, કોઈ અમુક ધર્મપંથના લેખાતા અનુયાયીઓ બધા જ મિથ્યાદૃષ્ટિ હોય કે અમુક દર્શનની છાવણીમાં બેઠેલા બધા જ સમ્યગ્દૃષ્ટિ હોય એવું નથી. 'હું દેહ' એ ભાવમાં જીવનાર વ્યકિત—ચાહે તે જૈન હોય કે અજૈન, મુનિ હોય કે ગૃહસ્થ—એ મિથ્યાદૃષ્ટિ છે; 'દેહાદિ સમગ્ર જડ દ્રવ્યોથી અને કર્મકૃત સર્વ અવસ્થાઓથી પર હું વિશુદ્ધ ચૈતન્ય છું' એ ભાવમાં જીવનારો—જૈન હોય કે જૈનેતર—એ સમ્યગ્દૃષ્ટિ છે.[૧૭]

'મિથ્યામતિ-ગુણ-વર્ણનો, 'ટાળો ચોથો દોષ'—આ પંકિતમાં 'મિથ્યામતિ'ની પ્રશંસાથી દૂર રહેવાનો અનુરોધ છે=નહિ કે 'અન્યદર્શની'ની. અર્થાત્ જે આત્માઓ સંસારાભિમુખ હોય—ઈન્દ્રિયસુખ, ભોગ-ઉપભોગ તેમજ તેનાં સાધનો : પૈસો-પદ-પ્રતિષ્ઠા કાજે કે કીર્તિ આદિની અભિલાષાથી પ્રેરિત જીવન જીવી રહ્યા હોય—તેની પ્રશંસાનો નિષેધ છે. એવા ભવાભિનંદી આત્માઓ કોઈ વિશિષ્ટ દાન-તપ-ત્યાગ-તિતિક્ષા-યોગ-સમાધિ આદિ દેખીતી સત્પ્રવૃત્તિ પણ કરતા દેખાય કે મંત્રતંત્રની કોઈ સાધના દ્વારા અતીન્દ્રિય શકિતઓ, સિદ્ધિઓ કે યોગૈશ્વર્ય તેમને પ્રાપ્ત થયાં હોય તો એથી અંજાઈ જઈ, ભવભ્રમણ વધારનારી એ આભાસિક સત્પ્રવૃત્તિ કે ભ્રામક યોગૈશ્વર્ય—જેનું આધ્યાત્મિક મૂલ્ય શૂન્ય છે—ની પ્રશંસા કરવાનો અહીં

નિષેધ કર્યો છે; કારણ કે તેમ કરવાથી સંસારવર્ધક એ પ્રવૃત્તિમાં અબુધજનોને ઉપાદેય-બુદ્ધિ જન્મે, એના કર્તાનો મોહ—અજ્ઞાન અને અહં—પોષાય, ઉન્માર્ગને પુષ્ટિ મળે, તેમજ જાતની આધ્યાત્મિક જાગૃતિ પણ મંદ પડવાનો પ્રસંગ રહે. મોહને અને ભૌતિક તૃષ્ણાને જ પોષતી કોઈ આભાસિક ધર્મપ્રવૃત્તિને ઉત્તેજન ન મળી જાય તથા પ્રશંસક જાતે પથભ્રષ્ટ ન થઈ જાય એ દૃષ્ટિ ઉપર્યુક્ત નિષેધની પાછળ રહેલી છે. એટલે ખરેખર તો, એકલા 'અન્યદર્શની'ની નહિ પણ, ભૌતિકતામાં મસ્ત 'જૈનો'ની પ્રશંસા પણ વર્જ્ય જ ગણવી રહી. અને, દેખીતું ત્યાગ-તપયુક્ત સાધુ-ચર્યાનું બાહ્ય આસેવન છતાં, બહિરાત્મભાવપ્રેરિત જ જેનું જીવન વહ્યે જતું હોય એવા બહિર્મુખ ત્યાગીઓનાં પ્રશંસા-સત્કાર પણ નિષિદ્ધ જ સમજવાં રહ્યાં.

પુત્રના લગ્ન પ્રસંગે સવારે સિદ્ધચક્રપૂજનનો મહોત્સવ માંડનાર અને એ જ રાત્રે 'ડીસ્કો ડાન્સ'નું ઘરઆંગણે આયોજન કરનાર પરિવારની ધર્મભાવનાનાં ગુણગાન કરતાં પહેલાં ક્ષણભર થંભીને એ વિચારવું રહ્યું કે એ પૂજન પ્રભુભક્તિપ્રેરિત છે? કે માત્ર સમાજમાં પોતાનો વટ પાડવા માટેનો એક વૈભવી સમારંભ જ છે એ? એ જ રીતે દીર્ઘ તપશ્ચર્યાઓથી, સમૂહ દીક્ષાઓથી કે ઉપધાન, પૂજા, પ્રતિષ્ઠા આદિ પ્રસંગે બોલાતી ઉછામણીઓના માત્ર મસમોટા અંકડાઓથી જ પ્રભાવિત થઈને પ્રશંસાનાં પુષ્પો વેરવા બેસી ન જતાં, એ વિવેક કરવો રહ્યો કે એમાં ધર્મભાવનાપ્રેરિત કેટલું અને અહં-પ્રેરિત કેટલું?

કિંતુ, ખોટા અર્થઘટન અને સાંપ્રદાયિક મોહવશ આજે આપણે એવી બધી પ્રવૃત્તિઓનાં ઢોલ-ત્રાંસા-નગારાં વગાડતાં રહીએ છીએ અને બહિર્ભાવમાં ગળાબૂડ ડૂબેલી વ્યક્તિઓના પગ પખાળતા રહીએ છીએ! એ બધું શું ઉન્માર્ગપોષક નથી?

દૃષ્ટિરાગને બાજુએ મૂકી, શ્રેયાર્થી આત્માઓએ આ વાત નિરાંતે, સ્વસ્થ ચિત્તે વિચારવા જેવી છે કે દૃષ્ટિરાગવિવશ આજે જેમનાં યશોગાન કરતાં આપણે થાકતાં નથી—તકતીઓ, સન્માનસમારંભો, મોટમોટાં સ્વાગત-સામૈયાં, પૂજનો, મહોત્સવો, પરસ્પર સ્પર્ધા કરતી ને ઊડીને આંખે વળગે એવી જાહેરાતો અને આમંત્રણ-પત્રિકાઓની ભરમાર વગેરે દ્વારા જેમનાં ગુણગાન આપણે હોંશે હોંશે કરી રહ્યાં છીએ અને બીજાઓને તેમ કરવા પ્રેરીએ છીએ, એમાંના કેટલા 'મિથ્યામતિ' નથી? ઉન્માર્ગ-પોષણની વાત આગળ કરીને, અન્યદર્શનસ્થિત સાચા ગુણીજનોનીયે પ્રશંસાનો નિષેધ પોકારનારાંઓએ કદી આ લેખું માંડયું છે ખરું કે સ્વલિંગસ્થ મિથ્યામતિઓની મિથ્યાપ્રવૃત્તિઓનાં રણશિંગાં ફૂંકીને શું તેઓ જાતે ઉન્માર્ગને વેગ નથી આપી રહ્યાં?

સ્મરણમાં રહે કે કોઈ પ્રણાલિકા, વિચાર કે વ્યક્તિ સમકાલીન સમાજમાં માન્ય હોય એટલા માત્રથી તે 'સમ્યક્' કે 'સુ' નથી બની જતાં. પ્રકાંડ વિદ્વાન શ્રી યશો-વિજયજી ઉપાધ્યાયને શ્રીપાળરાસની રચના કરતાં કરતાં આત્મજ્ઞાનની ઉપલબ્ધિ થઈ, તે અવસરે એમના મુખેથી સરી પડેલા આ ઉદ્‌ગાર છે:

'જિમ જિમ બહુશ્રુત, બહુજનસંમત, બહુલ શિષ્યનો શેઠો રે;
તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નવિ અનુભવ નેઠો રે.'[૧૮]

અને 'યતિબત્રીશી'માંમાં એમનાં આ વચનોય આ સંદર્ભમાં વિચારવાં ઘટે:

જ્ઞાનાદિક ગુણ મચ્છરી, કષ્ટ કરે તે ફોક;
ગ્રન્થિભેદ પણ તસ નહિ, ભૂલે ભોળા લોક.

આદર કીધે તેહને, ઉન્મારગ થિર હોય;
બાહ્ય ક્રિયા મત રાચજો, પંચાશક અવલોય.

તો, અન્ય દર્શનમાં રહેલ મહાનુભાવોના લોકોત્તર ગુણોની યે પ્રશંસાથી શ્રદ્ધાભ્રષ્ટ થઈ જવાનો ભય દાખવતા સન્માર્ગના એ રખેવાળો શાસનપ્રભાવનાના ભ્રામક મહોરાની ઓથે ચાલી રહેલ આજની આ ધૂમધામભરી મિથ્યાત્વપોષક માયાજાળ સામે એક હરફ યે કેમ ઉચ્ચારતા નથી? 'આદર કીધે તેહને, ઉન્મારગ થિર હોય' આ વાત ત્યાં કેમ કોઈ યાદ કરતું નથી?

વળી, જેમનાં વચનો ટાંકીને અન્યદર્શનીની પ્રશંસા ન કરવાનો અનુરોધ કરાય છે, એ જ યશોવિજયજી મહારાજે અન્યત્ર એ અનુરોધ પણ કર્યો છે કે,

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિત બીજ નિરધાર રે.
ચેતન, જ્ઞાન અજુવાળીએ.[૧૯]

અર્થાત્ મત-પંથથી નિરપેક્ષપણે ગુણીજનોના ગુણની હાર્દિક અનુમોદના એ સમકિતનું બીજ છે. મુમુક્ષુએ એ જોવું રહ્યું કે, અજ્ઞાનવશ કિંમતી ગજ-મૌક્તિકને નકામો પથરો ગણી ફેંકી દેતી અને ચણોઠીનાં આભૂષણો પહેરીને મહાલતી ભીલ કન્યાની જેમ, પોતે પણ અજ્ઞાન અને દૃષ્ટિરાગવશ, આ સમકિતબીજને પલ્લવિત-પુષ્પિત થતું રોકીને જીવનભર ભાવદારિદ્ર્યમાં મહાલી તો નથી રહ્યો ને?

ઉપાધ્યાયજીનાં પ્રસ્તુત બંને વિધાનોને પરસ્પરના સંદર્ભમાં વિચારીશું તો સમજાશે કે તે એકબીજાનાં પૂરક છે. માણસ પ્રશંસા ઘણીવાર કેવળ શિષ્ટાચાર ખાતર કે સામાને સારું લગાડવા માટે—કેટલીક વાર તો સંબંધિત પ્રવૃત્તિ કે વિચાર પોતાને અરુચિકર હોય તોયે—કરતો હોય છે. અંતર ભળ્યા વિનાની આવી માત્ર શાબ્દિક પ્રશંસા નહિ પણ હાર્દિક પ્રમોદ– hearty commendation –એ સમકિતનું બીજ છે: આ વાત સ્પષ્ટ કરવા માટે જ એમણે કહ્યું કે 'સર્વ તે ચિત્ત અનુમોદીએ.' આ વિષયમાં આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજનાં વચનો સાવ સ્પષ્ટ છે: 'વિંશતિ વિંશિકા' નામના ગ્રંથમાં ધર્મબીજની વાત કરતાં ખુદ એમણે 'બહુમાન-પૂર્વકની પ્રશંસા' એ શબ્દપ્રયોગ કર્યો છે.[૨૦] અર્થાત્ 'સર્વ તે ચિત્ત અનુમોદીએ' એ વચન

પ્રશંસાનો નિષેધ કરવા નથી ઉચ્ચારાયાં, પણ તેમાં ચિત્ત ભળેલું હોવું જરૂરી છે એ વાત ઉપર ભાર મૂકવા માટેનું એ વચન છે. 'સત્પ્રવૃત્તિની અનુમોદના/પ્રશંસા સમકિતનું બીજ છે' એ સાંભળીને, ઝટ ફળ મેળવી લેવાની ધૂનમાં, શ્રેયાર્થી મોહમૂઢ વ્યક્તિઓની કોઈ અધર્મપોષક આભાસિક ધર્મપ્રવૃત્તિની યે અનુમોદના/પ્રશંસા કરવા બેસી જાય એ ઈષ્ટ નથી–એ સાવધાની આપવા એમણે બીજું વિધાન કર્યું કે અનુમોદના કે પ્રશંસા કરો તે મિથ્યામતિની નહિ; મિથ્યામતિની પ્રશંસા સમકિતનું બીજ નથી, એ તો સમકિતનું દૂષણ છે. કોઈ એક વાત કહેતાં અમુક મુદ્દાને ઉપસાવવા માટે વિધેયાત્મક કથન કરવામાં આવે છે, તો બીજો કોઈ મુદ્દો ધ્યાન ઉપર લાવવા માટે નિષેધાત્મક કથન કરવું પડે છે. આમ પ્રસ્તુત બે ગાથાઓ દ્વારા, વિધિ અને નિષેધ સ્વરૂપે, એક જ વાત કહેવાઈ છે. આ તથ્ય ઉપર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજની મહોર તો લાગેલી છે જ; યુક્તિ અને અનુભવ પણ તેનું સમર્થન કરે છે.

અનુમોદન હાર્દિક હોય–અંતરના ઊંડાણમાંથી તે ઊઠતું હોય–તો સંવેદનશીલ વ્યક્તિ એને વાચા આપ્યા વિના રહી શકે ખરી? તમારા જીવનના એવા કોઈ પ્રસંગોને સ્મૃતિપટ પર સરકવા દો કે જ્યારે કોઈ મનમોહક પ્રાકૃતિક દૃશ્ય, કોઈ શાંત રમણીય તીર્થધામ, કોઈ ભવ્ય મંદિર, જીવંત શિલ્પ, જીવનદૃષ્ટિ બદલી નાંખતું કોઈ પુસ્તક, સંગીતની કોઈ મધુર સૂરાવલિ કે કોઈ ચિરંજીવ કલાકૃતિ તમારા અંતરના તાર ઝણઝણાવી ગઈ હોય. એવું બન્યા પછી કોઈનીયે આગળ તમારા અંતરનો એ આહ્લાદ તમે વ્યક્ત જ ન કર્યો હોય એવું બન્યું છે ખરું? તો, હવે જાત અનુભવના આધારે એ તોલ કરો કે જે ગુણ જોઈને તમારું અંતર નાચી ઊઠતું હોય–ને એ અનુમોદન સમકિતનું તો બીજ જ બનતું હોય–એ ગુણની પ્રશંસા નિષિદ્ધ હોઈ શકે ખરી?

અંતરમાં ઉગેલ અનુમોદનના ધર્મબીજને પ્રશંસારૂપે અંકુરિત થવા દેવું કે તેને ધરતીમાં જ ધરબી રાખી કોહવાવા દેવું એ વિવેક આખરે તો વ્યક્તિએ જાતે જ કરવો રહ્યો. આગમ અને યુક્તિ ઉકેલની દિશામાં માત્ર આંગળી ચીંધી શકે, એના આખરી ઉકેલ અને સમાધાન તો દર્શનમોહનીયના ક્ષયોપશમજન્ય આંતરિક નિર્મળતા દ્વારા પ્રાપ્ત થતી આંતરસૂઝ– intuition કે માર્ગાનુસારી પ્રજ્ઞા– insight વડે જ શ્રેયાર્થી પામી શકે છે. આથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે ધર્મના બીજભૂત, મત-પંથના ભાવાવેશ વિનાની, આવી શુદ્ધ પ્રશંસા ચરમાવર્તમાં આવેલ નિર્મળ અંતઃકરણવાળા આત્માઓ જ કરી શકે છે, અન્ય આવર્તોમાં રહેલ જીવોનું એ ગજું નહિ.[૨૧]

# પરિશિષ્ટ—બ

## 'લૌકિક' અને 'લોકોત્તર' ધર્મની ભેદરેખા

આભાસિક ધર્મપ્રવૃત્તિને કે પોતાના મત-પંથ-સંપ્રદાયને માન્ય અશુદ્ધ કર્મ-કાંડને જ મોક્ષસાધક ધર્મ માની લઈને મુમુક્ષુ ઠગાય નહિ તે માટે પ્રબુદ્ધ પૂર્વાચાર્યોએ ધર્મપ્રવૃત્તિ વિષયક એક બહુમૂલ્ય પૃથક્કરણ[૩] પ્રસ્તુત કર્યું છે. અમુક ધર્મપ્રવૃત્તિ કે વિચાર-વર્તન મોક્ષદાયી છે કે સંસારપોષક છે એ પારખવા માટે એ પૃથક્કરણ 'એસિડ-ટેસ્ટ' સમાન છે.

સૂચિત પૃથક્કરણ અનુસાર કોઈ પણ સત્પ્રવૃત્તિ, ધર્માનુષ્ઠાન કે આચાર-વિચારને પાંચ પ્રકારમાં વહેંચી શકાય. 'યતિધર્મ બત્રીસી' 'વિંશિકા' વગેરે ગ્રંથોમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રતીક તરીકે ક્ષમા લઈને, તેને આ રીતે વિભાજિત કરી બતાવી છે:

૧. 'જ્ઞાનીઓએ મુમુક્ષુને ક્ષમાં રાખવાનું કહ્યું છે, માટે મારે ક્ષમા રાખવી જોઈએ' એમ વિચારીને—અર્થાત્ શાસ્ત્રવચનને આગળ કરીને—ક્ષમા રાખવી તે વચન ક્ષમા.

૨. વચન ક્ષમાના ચિરકાળના અભ્યાસથી ચંદનગંધ ન્યાયે સ્વભાવરૂપ બની ગયેલ ક્ષમા તે ધર્મ ક્ષમા. આ પ્રકરણના પ્રારંભમાં ટાંકેલ બે સત્ય ઘટનાઓનો સમાવેશ આ કોટિમાં થાય. ચંદનને કાપો કે બાળો તો પણ તે સુગંધ જ આપે છે, તેમ કોઈ કાપે કે મારે તો પણ સહજપણે એના ઉપર પ્રેમ અને વાત્સલ્યની જ વર્ષા કરવાનો આ ગુણસંપન્ન મહાનુભાવોનો સ્વભાવ બની ગયો હોય છે.

આ બે પ્રકાર લોકોત્તર ક્ષમાના છે.

હવે લૌકિક ક્ષમાના ત્રણ પ્રકાર જોઈએ:

૧. 'અમુકે મારા ઉપર અમુક ઉપકાર કર્યો છે, મારે માથે એનું ઋણ છે, માટે એની સામે ન બોલવું—ન થવું જોઈએ' એમ વિચારીને કૃતજ્ઞતાપૂર્વક ક્ષમા રાખવી તે, અથવા 'આ પ્રસંગે ખમી ખાવામાં લાભ છે'—એમ સમજીને ક્ષમા રાખવી તે ઉપકાર ક્ષમા.

૨. 'આ પ્રસંગે જો ખમી નહિ ખાઉં તો મને એથી નુકસાન થશે. સામી વ્યક્તિ સત્તા, ધન કે બળ આદિથી મારાથી ચડિયાતી હોવાથી તેનો ખોફ વહોરવામાં લાભ નથી'—એમ વિચારીને રખાતી ક્ષમા તે અપકાર ક્ષમા.

૩. 'ક્ષમા ન રાખું તો એથી થતા અશુભ કર્મબંધથી નરકાદિ ભવોમાં મારે એનાં કડવાં ફળ ભોગવવાં પડશે' આ ભયથી, કે મનુષ્ય ભવમાં ય એનાથી આવનારા સંભાવ્ય અનર્થોના ભયથી, રખાતી ક્ષમા તે વિપાક ક્ષમા.[૨૨]

ક્ષમાની જેમ નમ્રતા, સરળતા, સંતોષાદિનું પણ ઉપર મુજબ પૃથક્કરણ કરીને તે લોકોત્તર અર્થાત્ મોક્ષસાધક છે કે માત્ર સામાજિક સદ્ગુણ છે તે જાણી શકાય.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'વિંશતિવિંશિકા' ગ્રંથમાં આ પૃથક્કરણની

ચર્ચા કરતાં સ્પષ્ટતા કરી છે કે "ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા અને ધર્મોત્તર ક્ષમા—આ પાંચમાંની ત્રણ સાપેક્ષ છે, લૌકિક છે; છેલ્લી બે—જે નિરપેક્ષ અને લોકોત્તર છે તે—મુનિને હોય."[૨૩] એ જ રીતે આર્જવ (સરળતા, નિર્દંભતા), માર્દવ, (મૃદુતા, નમ્રતા) અને મુકિત (નિર્લોભતા) પણ પાંચ ભેદે છે; તેમાં પણ પૂર્વોક્ત ન્યાયે મુનિને છેલ્લા બે પ્રકાર હોય.[૨૪] પ્રથમની ત્રણ ક્ષમામાં ફળ ઉપર દૃષ્ટિ છે—તે ભય કે લોભ પ્રેરિત છે—માટે તેને સાપેક્ષ અને લૌકિક કહી. છેલ્લી બે ક્ષમા નિરપેક્ષ છે, નિષ્કામ છે—તેમાં ફળ ઉપર નજર નથી. આ વચનોનું તાત્પર્ય એ છે કે વિકાર અને વાસનાઓથી મુક્ત થવાની ઇચ્છાથી પ્રેરિત ધર્માનુષ્ઠાન કે સદાચારનું પાલન જ લોકોત્તર યાને મુકિતસાધક છે.

માત્ર અન્ય દર્શનોનાં જ ક્રિયાકાંડ નહિ પણ જૈનધર્મનિર્દિષ્ટ અનુષ્ઠાન પણ જો કોઈ ભૌતિક લાભ મેળવવાના કે નુકસાન નિવારવાના હેતુથી થતાં હોય તો તે લૌકિક જ રહે છે. એનાથી મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી; કારણ કે એની નાભિમાં આસક્તિ જ તંબુ તાણીને પડી હોય છે.

શાસ્ત્રકારોએ ધર્માનુષ્ઠાનોનું વર્ગીકરણ એક અન્ય પ્રકારે પણ કર્યું છે.[૨૫] તે પણ આ વાતને પુષ્ટિ આપે છે. અહીં આપણે એ પૃથક્કરણ પણ જોઈ લઈએ :

૧. સંમૂર્ચ્છિમ ક્રિયા—પ્રયોજન કે લક્ષ્યના કોઈ વિચાર વિના, ગતાનુગતિકતાથી, રૂઢિવશ બેધ્યાનપણે થતી ક્રિયા. શાસ્ત્રીય પરિભાષામાં એને અનનુષ્ઠાન પણ કહે છે.

૨. વિષ-ક્રિયા—પૈસો, પદ, પ્રતિષ્ઠા, સંતતિ, સિદ્ધિ કે કીર્તિ આદિ કોઈ ઐહિક કામનાથી થતાં ધાર્મિક અનુષ્ઠાન કે 'યોગસાધના.'

૩. ગરાનુષ્ઠાન—જેમાં આ લોક સંબંધી કોઇ અપેક્ષા ભલે ન હોય, પણ પરલોકમાં ઈન્દ્રનું પદ, અપ્સરાઓનો ઉપભોગ, દિવ્ય ઐશ્વર્યાદિની ઝંખના રહેલી હોય તેવી ધર્મપ્રવૃત્તિ.

શુદ્ધ અંતઃકરણ જ ધર્મના પ્રાણ સ્વરૂપ છે. વિષ તથા ગર અનુષ્ઠાનમાં તો ચિત્ત જ તૃષ્ણાથી ખરડાયેલું હોવાથી એ ધર્માનુષ્ઠાન નિષ્પ્રાણ બની જાય છે.

૪. તદ્ધેતુ—મોક્ષપ્રાપ્તિના જ એક માત્ર હેતુને નજર સામે રાખીને થતું અનુષ્ઠાન કે સાધના આ કોટિમાં આવે.

૫. અમૃત અનુષ્ઠાન—'વિભાવદશાથી હટીને સ્વરૂપમાં ઠરવા માટે શ્રી જિનેશ્વર દેવોએ અર્થાત્ પૂર્ણજ્ઞાનીઓએ બતાવેલ આ અનુષ્ઠાન છે' એવા સ્પષ્ટ બોધની સાથે જેમાં અંતરનો ઉમળકો-હર્ષોલ્લાસ એવો હોય કે એ ક્રિયા કરતાં શરીરે રોમાંચ અનુભવાય કે હર્ષાશ્રુની ધારા વહી ઊઠે તેવું અનુષ્ઠાન. એવું અનુષ્ઠાન અવશ્ય ભવપાર ઉતારે છે-અમરતા અર્પે છે, તેથી તેને અમૃત અનુષ્ઠાન કહ્યું છે.

આમાંના પ્રથમ ત્રણ પ્રકારો ધર્મનો માત્ર આભાસ જ જન્માવે છે માટે તે વર્જ્ય ગણ્યા છે અને તદ્ધેતુ તથા અમૃત અનુષ્ઠાનને જ મોક્ષસાધક યાને લોકોત્તર કહ્યા છે. ઈહલૌકિક કે પારલૌકિક આકાંક્ષાથી પ્રેરિત ધર્મપ્રવૃત્તિની મોક્ષસાધન તરીકેની વ્યર્થતા અર્થાત્ તેની લૌકિકતા આ વર્ગીકરણમાં પણ સ્પષ્ટ ઊપસી આવે છે.

# ચોથા પ્રકરણનાં ટિપ્પણો

૧. (i) धर्मस्तावद् रागादिमलविगमेन पुष्टिशुद्धिमच्चित्तमेव ।

—ઉપાધ્યાય યશોવિજયજી યોગવિંશિકા ટીકા.

સરખાવો : દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૦, ૨૨—જુઓ પ્રકરણ ૨, ટિપ્પણી ૭ (ii).

(ii) धर्मश्चित्तप्रभवो यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।
मलविगमेनैतत् खलु पुष्टचादिमदेष विज्ञेयः ॥
ઉપા૦ યશોવિજયજીકૃત ટીકા—कार्यं भवनिर्वेदादि भवति—एष
मार्गानुसारी धर्मो लक्ष्यो, न त्वभव्यादिगतोऽपि ।

—ષોડશક ૩, શ્લોક ૨.

૨. अमनोज्ञानां संप्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ।

—તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૯, સૂત્ર ૩૧.

૩. જુઓ, આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ રચિત, વિંશતિ વિંશિકા ગ્રંથ અંતર્ગત યતિધર્મવિંશિકા તથા દશમું ષોડશક; અને ઉપા૦ યશોવિજયજી કૃત 'યતિધર્મ બત્રીસી.'

૪. इहामुत्रफलापेक्षा भवाभिष्वंग उच्यते ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા દ્વા૦ ૧૩, શ્લોક ૧૦.

૫. વિંશતિ વિંશિકા, વિંશિકા ૯, ગાથા ૪,
- જુઓ, આ પુસ્તકનું પ્રકરણ ૩, ટિપ્પણી ૯.

૬. पश्यन्ति लज्जया नीचै—र्दुर्ध्यानं च प्रयुञ्जते ॥
आत्मानं धार्मिकाभासाः क्षिपन्ति नरकावटे ॥

—અધ્યાત્મસાર, વૈરાગ્યસંભવ૦, શ્લોક ૩૦.

સરખાવો : ઉત્તરાધ્યયન સૂત્ર, અ૦ ૨૦, ગાથા ૪૩.
આ મુદ્દાના વિસ્તૃત વિવેચન અર્થે જુઓ 'અધ્યાત્મકલ્પદ્રુમ,' અધ્યાય ૧૩—યતિશિક્ષા-અધિકાર, શ્લોક ૨—૧૯.

૭. (i) શ્રી મહાનિશીથ સૂત્ર, અધ્યયન ૩,
જુઓ, આ પુસ્તકનું પ્રકરણ ૩, ટિપ્પણી ૨૩.

(ii) आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥

—યોગશાસ્ત્ર પ્રકાશ ૨, શ્લોક ૨૦.

૮. सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइं पासओ ।
पिहिआसवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥

—દશવૈકાલિક સૂત્ર, અ૦ ૪, ગાથા ૯.

૯. શ્રી પન્નવણા સૂત્ર, પ્રથમ પદ, સૂત્ર ૯.

૧૦. जितेन्द्रिया जितक्रोधा दान्तात्मानः शुभाशयाः ।
परमात्मगतिं यान्ति विभिन्नैरपि वर्त्मभिः ॥

—પરમાત્મ-પંચવિંશતિકા, શ્લોક ૧૧.

૧૧. सेयंबरो य आसंबरो वा बुद्धो व अहव अन्नो वा ।
समभावभावियप्पा, लहई मुक्खं न संदेहो ॥

—સંબોધસત્તરી, ગાથા ૨.

૧૨. ઉપદેશપદ, ગાથા ૨૩૩ ટીકા (જુઓ પ્રકરણ ૨, ટિપ્પણી ૨૨).

૧૩. ઉપા૦ પદ્મવિજયજીકૃત સિદ્ધચક્રસ્તવન, ગાથા ૯.

૧૪. શ્રીપાળ રાસ, ખંડ ૪, ઢાળ ૧૨.

૧૫. ઉપા૦ યશોવિજયજી, પદ ૩૯ (ગુર્જર સાહિત્યસંગ્રહ, ભાગ ૧, પૃષ્ઠ ૧૭૫).

૧૬. યોગીશ્વર ચિદાનંદજી, અધ્યાત્મબાવની, ગાથા ૯.

૧૭. (i) ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः ।
आत्मस्वभावनिष्ठानां ध्रुवा स्वसमयस्थितिः ॥

—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ૦, શ્લોક ૨૬.

(ii) पर्यायरक्तो जीवः मिथ्यादृष्टिः भवति ।

—યોગીન્દુ, પરમાત્મપ્રકાશ, શ્લોક ૭૭.

(iii) પર-પરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘહેલો;
ઉનકું જૈન કહો કયું કહીએ, સો મૂરખ મેં પહેલો.
પરમગુરુ! જૈન કહો કયું હોવે?

—ઉપાધ્યાય યશોવિજયજીકૃત પદ.

૧૮. શ્રીપાળ રાસ, ખંડ, ૪, ઢાળ ૧૩.

૧૯. ઉપા૦ યશોવિજયજી કૃત અમૃતવેલની સજ્ઝાય, ગાથા ૨૦.

૨૦. बीजं विमस्स णेयं, दट्ठूणं एयकारिणो जीवे।
बहुमाणसंगयाए सुद्धपसंसाई करणिच्छा ॥

—વિંશતિ વિંશિકા, વિંશિકા ૫, ગાથા ૨.

૨૧. बीजस्स वि संपत्ती जायइ चरिमंमि चेव परियट्टे ।
अच्चंतसुंदरा जं एसा वि तओ न सेसेसु ॥

—વિંશતિ વિંશિકા, વિંશિકા ૫, ગાથા ૬.

આ ગાથા પૂર્વનિર્દિષ્ટ ગાથા ૨ (જુઓ ટિપ્પણી ૨૦) સાથે વાંચવી–વિચારવી.

૨૨. कर्मफलविपाकं नरकादिगतमनुपश्यतो दुःखभीरुतया, मनुष्यभवे एव वाऽनर्थपरम्परामालोचयतो विपाकदर्शनपुरस्सरा विपाकक्षान्तिः ।

—ષોડશકપ્રકરણ, ષોડશક ૧૦, શ્લોક ૧૦ ટીકા.

૨૩. उवगारवगारि—विवाग—वयण—धम्मुत्तरा भवे खंती ।
साविक्खं आइतिगं लोगिगमियरं'दुगं जइणो ॥

—વિંશતિ વિંશિકા, યતિધર્મ-વિંશિકા, ગાથા ૩.

૨૪. મદ્દવ-અજ્જવ મુત્તિ તવ, પંચ ભેદ એમ જાણ;
ત્યાં પણ ભાવનિયંઠને, ચરમ ભેદ પ્રમાણ.

—યતિધર્મ બત્રીસી, ગાથા ૭.

૨૫. યોગબિન્દુ, શ્લોક ૧૫૫-૧૬૦.

# ૫

# શ્રી જિનના 'અજૈન' અનુયાયીઓ

सेयंबरो य आसंबरो य, बुद्धो व अहव अन्नो वा ।
समभावभावियप्पा, लहई मुक्खं न संदेहो ।।

—શ્રી જયશેખરસૂરિ, સમ્બોધસત્તરી, ગાથા ૨.

સ્યાદ્વાદથી ભાવિત મતિવાળા આપણા પૂર્વાચાર્યોએ અસંદિગ્ધ ભાષામાં એ વાત ભારપૂર્વક જણાવી છે કે સાધક શ્વેતાંબર હોય કે દિગંબર, જૈન હોય કે બૌદ્ધ હોય, શૈવ હોય કે વૈષ્ણવ—એણે જો સમત્વ પ્રાપ્ત કર્યું હોય તો એની મુક્તિ નિશ્ચિત છે.[૧] એમનો ઝોક ધર્મના બાહ્ય આકાર-પ્રકાર ઉપર નથી પણ તેના આંતરિક સત્ત્વ ઉપર છે.[૨]

સાધનાના બે અંશ છે: એક આંતરિક અને બીજો બાહ્ય. ભાવ-વિશુદ્ધિ અંતરની સ્થિતિ છે; તે છે ક્ષમા, સરળતા, નમ્રતા, નિરીહતા, સમભાવ વગેરે ગુણો રૂપે વ્યક્ત થતી મનઃશુદ્ધિ. એની પ્રાપ્તિ અર્થે જ બહારનો વ્યવહાર—વિધિ-નિષેધ, વ્રત, નિયમ, સત્સંગ, સ્વાધ્યાય, અનુષ્ઠાનાદિ ઉપદેશાયાં છે. એ બાહ્ય વ્યવહારનું કલેવર કેવું ઘડાય એનો આધાર છે સાધકની આંતર-બાહ્ય પરિસ્થિતિ. તેથી સાધકોને પ્રાપ્ત ભિન્ન ભિન્ન દેશ-કાળ-સંયોગો અનુસાર તેમની સાધનાનો બાહ્ય દેહ જુદો પડવાનો. દેશ-કાળ-સંયોગ બદલાતાં રહે છે તેમ, વ્યક્તિની આત્મવિકાસની ભૂમિકા પણ બદલાતી જતી હોય છે, તેથી વ્યવહારમાર્ગનાં સાધનોનું બાહ્ય કલેવર સદા સૌને માટે એકસરખું ન રહી શકે. આથી, વિભિન્ન દેશ, કાળ અને પરિસ્થિતિમાં જન્મેલા ધર્મપંથોનાં બાહ્ય વિધિ-વિધાનો અને ધાર્મિક કર્મકાંડો તથા ધર્મોપદેશની શૈલી એકબીજાથી ભિન્ન રહે છે. કિંતુ, ધર્મનું આંતરતત્ત્વ તો સર્વ દેશ-કાળમાં એકસરખું અને અચલ છે. વિભિન્ન મત-પંથોમાં રહેલ એ સર્વસામાન્ય આંતરતત્ત્વ જ સદ્ધર્મ છે, અને એ જ એક તાત્ત્વિક મોક્ષમાર્ગ છે. 'વૈરાગ્ય-કલ્પલતા' નામના ગ્રંથમાં ઉપા૦ યશોવિજયજી મહારાજે આ તથ્યને અસંદિગ્ધ ભાષામાં વાચા આપી છે.[૩]

## શ્રી જિનના 'અજૈન' અનુયાયીઓ

'યોગશાસ્ત્ર'માં આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજે પણ બુલંદ સ્વરે આ વાત જણાવતાં કહ્યું છે કે "સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ, ક્ષમા, સરળતા, નમ્રતા અને નિરીહતા (સંતોષ) — આ દશવિધ ધર્મ શ્રી જિનેશ્વરદેવોએ કહ્યો છે, જેનું આરાધન કરનાર આત્મા સંસાર-સાગરમાં ડૂબતો નથી."[૪] તાત્પર્ય એ છે કે મુક્તિ કોઈ અમુક ક્રિયાકાંડ સાથે સંકળાયેલી નથી પણ, ઉપર્યુક્ત ગુણોના વિકાસ સાથે તેને સંબંધ છે; 'ધર્મ' શબ્દથી જ્ઞાનીઓને ઉપર્યુકત ગુણો અભિપ્રેત છે, નહિ કે અમુક પ્રકારનાં કર્મકાંડ.

ધર્મનાં બાહ્ય આકારપ્રકાર, ક્રિયાકાંડ, વેશભૂષા અને તેની પરિભાષા અંગે વિભિન્ન મત-પંથોમાં વિવાદ રહે છે. પણ સૌ સાથે ભલાઈ-પૂર્વકનો વ્યવહાર, સત્ય, પ્રેમ, સંયમ, ક્ષમા, નમ્રતા, નિર્દંભતા, નિરીહતા આદિ તો દરેક ધર્મ-પંથને માન્ય છે. ક્રિયાકાંડના વિભિન્ન માર્ગેથી આવીને પણ સૌ મત-પંથના આત્માર્થી સાધકો આ સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા અને પૂર્ણતાએ પહોંચાડવા મથે છે. એ પ્રયત્નમાં સફળતા મેળવનાર મહાનુભાવો ગમે તે મત-પંથના સભ્ય હોય છતાં,[૫] ભાવથી તે શ્રી જિનના[૬] જ અનુયાયી છે.

આ પ્રકારનાં ત્રણ ઉદાહરણો અહીં આપણે જોઈએ. એ ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ઉદાહરણો 'ચોથા આરા'ની નહિ પણ આપણી જ સદીની સત્ય ઘટનાઓ છે.

### "જીભ કચરી નાખનાર દાંતને શું ઉખેડી ફેંકી દેશો?"

અરુણાચલની તળેટીમાં આવેલ શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં એક રાત્રે ત્રણ ચોર ચોરી કરવા માટે પેઠા.

"૨૬ જૂનનો દિવસ હતો અને લગભગ સાડા અગિયારનો સમય. અંધારી રાત હતી. શ્રી મહર્ષિ મોટા હૉલમાં ચબૂતરા ઉપર વિશ્રામ કરી રહ્યા હતા. ચાર ભક્તો બારીઓની નજીક જમીન ઉપર સૂતા હતા. એમણે બહાર કોઈને એ કહેતા સાંભળ્યા: 'અંદર છ જણ સૂતા છે.'

"ચોરોએ અંદરના લોકોને ડરાવવા માટે બારી તોડવા માંડી. પરંતુ મહર્ષિ અવિચલ ભાવે બેઠા જ રહ્યા.

"શ્રી મહર્ષિએ ચોરોને કહ્યું કે તેમને લઈ જવા યોગ્ય કોઈ ચીજ આશ્રમમાં નથી, છતાં તેઓ ખુશીથી અંદર આવી શકે છે અને જે ઇચ્છે તે લઈ શકે છે......પરંતુ

ચોરોએ એમની વાત પ્રત્યે કંઈ ધ્યાન ન આપ્યું ને બારીના બારસાખને ઉખેડી નાખવાનો પ્રયાસ ચાલુ રાખ્યો કે જેથી તેઓ અંદર ઘૂસી શકે. ચોરોની ભાંગફોડથી અકળાઈને રામકૃષ્ણસ્વામીએ એમને પડકારવા માટે મહર્ષિ પાસેથી આજ્ઞા માંગી, પરંતુ તેમણે તેમ કરવાની એમને મનાઈ કરતાં કહ્યું કે, 'એમને એમનો ધર્મ છે, આપણે આપણો. આપણો ધર્મ સહિષ્ણુતા અને ક્ષમા છે.'

"દરમ્યાનમાં કુંજુસ્વામી હૉલમાંથી ચાલ્યા ગયા હતા અને સહાયતા માટે શહેર તરફ પ્રસ્થાન કરી દીધેલું.

"રામકૃષ્ણસ્વામીએ ચોરોને ફરી કહ્યું કે તેઓ ઉત્પાત ન મચાવે અને લઈ જવું હોય તે લઈ જાય. જવાબમાં ચોરોએ ઘાસના છાપરાને આગ ચાંપી દેવાની ધમકી આપી. મહર્ષિએ એમને આગ ચાંપતા રોક્યા અને કહ્યું કે, હૉલ તેમને સોંપીને પોતે બધા બહાર ચાલ્યા જાય છે. ચોરોને એટલું જ જોઈતું હતું પણ એમને ડર હતો કે એવું ન બને કે તેઓ ચોરી કરી રહ્યા હોય ત્યારે બીજા એમના ઉપર તૂટી પડે. ચોરો સળિયા લઈને દરવાજામાં ઊભા રહી ગયા, અને જેવા આ લોકો બહાર નીકળ્યા કે એમને પીટવા માંડયા. ચોરો એમને ડરાવવા માંગતા હતા કે જેથી તેઓ એમનો પ્રતિકાર ન કરી શકે. જ્યારે મહર્ષિની ડાબી જાંઘ ઉપર ચોરોએ પ્રહાર કર્યો ત્યારે તેમણે કહ્યું, 'જો તમને સંતોષ ન થયો હોય તો તમે બીજી જાંઘ ઉપર પણ પ્રહાર કરી શકો છો.' એમની રક્ષાર્થે રામકૃષ્ણસ્વામી સમયસર આવી પહોંચ્યા.

"શ્રી મહર્ષિ અને એમના ભક્તોએ હૉલની ઉત્તરે આવેલ ઘાસની શાળામાં આશ્રય લીધો. ચોરો ઘાંટા પાડી પાડીને એમને કહેવા લાગ્યા કે 'ત્યાં જ બેઠા રહો, જો તમે લોકો ત્યાંથી હાલ્યા છો તો તમારાં માથાં ભાંગી નાખશું.'

"ચોરોએ કબાટો તોડી નાંખ્યા. ચોરોને એમાંથી મૂર્તિઓની સજાવટ માટે રાખેલાં ચાંદીનાં થોડાં પતરાં, થોડી કેરી અને ચોખા—કુલ મળીને દશેક રૂપિયાનો માલ હાથ લાગ્યો......

"થોડોક જ માલ હાથ લાગવાથી ચોરો નિરાશ થઈ ગયા. એક ચોર સળિયો ફેરવતો ફેરવતો પાછો આવ્યો અને પૂછવા લાગ્યો :

"તમારું ધન ક્યાં છે? તમે એ ક્યાં રાખો છો?'

"મહર્ષિએ ચોરને કહ્યું : 'અમે ગરીબ સાધુ છીએ, દાનના આધારે જીવન વિતાવીએ છીએ. અમારી પાસે ધન ક્યાંથી?' ચોર ક્રોધથી ઘણો ધૂંધવાતો હતો, પણ શું કરે?

"મહર્ષિએ રામકૃષ્ણસ્વામીને તથા અન્ય ભક્તોને તેમના ઘાની મલમપટ્ટી કરવા કહ્યું, રામકૃષ્ણસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં મહર્ષિ હસી પડયા અને વ્યંગમાં કહ્યું કે 'મારી પણ પૂજા થઈ છે.'

"મહર્ષિની જાંઘનો ઘા જોઈને રામકૃષ્ણસ્વામીને એકાએક ક્રોધ આવી ગયો.

તેમણે પાસે પડેલો લોઢાનો સળિયો હાથમાં લીધો અને બહાર જઈને ચોરો શું કરે છે તે જોવાની મહર્ષિ પાસેથી રજા માંગી પરંતુ મહર્ષિએ એમને રોક્યા, 'આપણે સાધુ છીએ. આપણે આપણો ધર્મ ન છોડવો જોઈએ. જો તમે બહાર જઈને કોઈને માર્યો અને તેનું મૃત્યુ થયું તો એને માટે દુનિયા આપણને દોષિત ઠરાવશે, નહિ કે એમને. એ તો પથભ્રષ્ટ માણસો છે અને તેમની આંખે અજ્ઞાનનો પડદો પડેલો છે, પરંતુ આપણે તો સાચે માર્ગે ચાલવું જોઇએ, અગર તમારા દાંત એકાએક તમારી જીભ કચરી નાંખે તો શું તમે એમને ઉખેડીને ફેંકી દેશો?'

"રાતે બે વાગ્યે ચોરો ત્યાંથી ગયા. થોડીવાર પછી કુંજુસ્વામી એક અધિકારી અને બે પોલીસ સિપાઈઓ સાથે પાછા ફર્યા. શ્રી મહર્ષિ હજુ ઉત્તરીયશાળામાં બેઠા હતા અને પોતાના ભકતો સાથે આધ્યાત્મિક વિષયો પર ચર્ચા કરી રહ્યા હતા. સિપાઈ-ઓએ મહર્ષિને ઘટના અંગે પૂછ્યું ત્યારે એમણે એટલું જ કહ્યું કે કેટલાક મૂર્ખ માણસો આશ્રમમાં ઘૂસી આવ્યા હતા, જ્યારે એમને કાંઈ હાથ ન લાગ્યું ત્યારે તેઓ નિરાશ થઈ જતા રહ્યા.

"...પોતાને પડેલ માર કે ચોરી વિશે, એમને પૂછવામાં ન આવ્યું ત્યાં સુધી, એમણે કોઈ પણ વાત ન કરી."

આ છે આર્થર ઑસબૉર્ન લિખિત શ્રી રમણ મહર્ષિના જીવન-ચરિત્રનાં બે પાનાં.*

હવે પ્રસ્તુત છે ગોરખપુરથી પ્રકાશિત થતા હિંદી માસિક 'કલ્યાણ'માં શ્રી ચારુચંદ્ર શીલની કલમે આલેખાયેલ એક સત્ય ઘટના.**

### 'એ તો મારા જ પૂર્વકૃત કર્મનું ફળ'

"લગભગ ચાળીસેક વર્ષ પહેલાંની વાત છે. હુગલી જિલ્લાના એક નાના ગામમાં એક પુરોહિત રહે. તેમનો પુત્ર રામતનુ કલકત્તા જઈ, નોકરીની સાથે સાથે ભણતો પણ રહ્યો, ને ક્રમશઃ તે એમ૦ એ૦ થયો. ધીરે ધીરે વધતાં વધતાં માસિક બસો રૂપિયાના પગારે એક સરકારી શાળાના આચાર્યપદે તે પહોંચી ગયો. એ જમાનામાં માસિક રૂપિયા બસોની નોકરી એક બહુ મોટી વસ્તુ હતી. વળી, રામતનુ અને તેમની પત્ની— બંનેનો સ્વભાવ બહુ સારો હતો. તેમને લેશમાત્ર અભિમાન ન હતું. કોઈનું બૂરું કરવાનો વિચાર સરખો પણ તેમના મનમાં કદી આવતો નહીં. તેઓ આખા ગામનું ભલું ઇચ્છતાં હતાં અને યથાશકિત કરતાં પણ હતાં. તેથી ગામમાં તેમની પ્રતિષ્ટા અને કીર્તિ ઓર વધી ગયેલી.

* Arthur Osborne, Shri Raman Maharshi and the Path of Self-knowledge (Rider & Co. London), pp. 66-69 (સંક્ષિપ્ત).

** વર્ષ ૩૫, પૃષ્ઠ ૯૫૨-૯૫૫ (સંક્ષિપ્ત).

"ગામમાં તેમનો એક પાડોશી અધરચંદ્ર હતો. તે રામતનુ ચાટુજ્યની આ પ્રગતિથી અને તેની વધેલી આબરૂથી બળતો હતો. તેથી વખતોવખત તે રામતનુને બદનામ કરવા તેના ઉપર કંઈક દોષારોપણ કરવા અને નુકસાનીમાં ઉતારવાના પ્રયાસો કર્યા કરતો. તેની આ માનસિક વૃત્તિથી રામતનુ સાવ અજાણ હતા.

"એક વખત રજાઓમાં રામતનુ પોતાને ગામડે આવ્યા. અધરચંદ્રે પહેલેથી જ બે ત્રણ ગુંડાઓને તૈયાર કરી એક દુષ્ટ યોજના ઘડી રાખેલી. બહારથી કોઈ એક આવારા સ્ત્રીને ત્યાં બોલાવી રાખેલી. યોજના એ હતી કે કોઈ એક દિવસે આ સ્ત્રી ખોટી હોહા કરી રામતનુ ઉપર લાંછન લગાડે, અને તે જ સમયે, તેની રક્ષાના બહાને આ ગુંડાઓ અને અધરચંદ્ર તેના ઉપર તૂટી પડે.

"એ યોજના મુજબ જ થયું. એક દિવસ બહારથી રામતનુબાબુ ઘેર આવી રહ્યા હતા. બપોરનો વખત હતો. એક નાની સૂમસામ ગલી હતી, ઠરાવેલા સ્થાને તે સ્ત્રી ઉભેલી. રામતનુ તેની પાસેથી નીકળ્યા કે તેણે ખૂબ મોટેથી બૂમાબૂમ કરી મૂકી: 'છોડ, છોડ, બદમાશ, અરે તું બ્રાહ્મણ શિક્ષક થઈને મારી લાજ લૂંટવા ઇચ્છે છે? અરે, કોઈ મને બચાવો.' રામતનુના તો હોશકોશ ઊડી ગયા. પેલી તો રામતનુની સાવ નજીક આવી ગયેલી, અને તેણે પોતાનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત કરી દીધેલાં. અધરચંદ્ર તો ગુંડાઓ સાથે ત્યાં લપાઈને બેઠો જ હતો. તે તરત આવી પહોંચ્યો, હોહા કરવા લાગ્યો અને ગાળો ભાંડતો તે રામતનુને મારઝૂડ કરવા લાગ્યો. ગુંડાઓ પણ તેને ઝૂડવા મંડી પડયા. રામતનુને તો કંઈ સમજ જ ન પડી કે આ બધું શું છે અને શા માટે થાય છે. શોરબકોર સાંભળી આજુબાજુનાં ઘરોમાંથી લોકો બહાર દોડી આવ્યા. સારી એવી ભીડ જામી ગઈ.

"ગામના લોકો રામતનુનો સ્વભાવ જાણતા હતા અને તેથી તેના પ્રત્યે અત્યંત સહાનુભૂતિ અને શ્રદ્ધા રાખતા હતા. પ્રાયઃ બધા પર તેનો ઉપકાર હતો.

"રામતનુના ઉપકાર તો અધરચંદ્ર ઉપર પણ કંઈ ઓછા ન હતા. પાડોશી હોવાને લીધે તે ઘણી યે વખત તેમની સહાય મેળવી ચૂકેલો. એક વખત આખા ગામમાં પ્લેગ ફાટી નીકળેલો. અધરચંદ્ર પણ એમાં સપડાયો હતો. તેને બે ગાંઠ નીકળેલી. ઘરના બધા માણસો પણ તેને છોડીને ચાલ્યા ગયેલા. એ વખત એક રામતનુબાબુ એવા નીકળ્યા કે જેમણે પોતાના પાડોશી અધરની ચોવીશે કલાક સેવા કરી, દવા-દારુ કર્યાં અને એને બચાવી લીધો. ઘરના માણસો તો દશ દિવસે પાછા ફરેલા. છતાં, કૃતઘ્ન અધરચંદ્ર આજે આ આસુરી પ્રવૃત્તિમાં કામે લાગ્યો હતો.

"પણ ભગવાન તો બધું જુએ જ છે. ત્યાં એકઠાં થયેલા ગામવાસીઓમાંથી લગભગ બધા જ રામતનુને સાચા સત્પુરુષ અને નિર્દોષ માનતા હતા અને અધરચંદ્રને દોષિત! તેઓ અધરચંદ્રના દુષ્ટ સ્વભાવથી પરિચિત હતા જ. તેમાંના એકે તે સ્ત્રીને પણ ઓળખી લીધી. પાસેના ગામની જ તે એક બદનામ કુલટા હતી. તેનો તો આ જ ધંધો હતો. ગુંડાઓ પણ ઓળખાઈ ગયા. લોકોએ તરત રામતનુને

બચાવી લીધા. ગુંડાઓ ઉપર અને અધરચંદ્ર ઉપર તે રોષે ભરાયા. બધા એમના ઉપર તૂટી પડયા.

"પણ સાત્ત્વિક હૃદયના શ્રી રામતનુબાબુથી આ ન સહેવાયું. તેમણે હાથ જોડીને, સ્વયં વચ્ચે પડીને, એમને બચાવ્યા, આથી જ તે દુષ્ટોના જાન બચ્યા, તે સ્ત્રી તો ઓળખાઈ એવી જ તરત ભાગી ગઈ હતી.

"આ બાજુ, આ બધું જોઈને બે જણ તે ગામથી બે માઈલ છેટેના ગામમાં-જ્યાં પોલીસથાણું હતું ત્યાં-ખબર આપવા દોડી ગયા હતા. વાત સાંભળીને ફોજદાર, પોલીસોને સાથે લઈ, તરત જ આ ગામ આવવા ઊપડયા.

"ફોજદારે ત્યાં પહોંચતાની સાથે જ તપાસ કરીને અધરચંદ્રને અને સાથે તે ગુંડાઓને પણ પકડી લીધા. સાક્ષી આપવા સૌ કોઈ તૈયાર હતું. સિપાઈઓને મોકલી ફોજદારે તે આવારા સ્ત્રીને પણ ત્યાં પકડી મંગાવી. તેણે તો આવતાં જ પોતાનો ગુનો કબૂલ કરી લીધો અને કહ્યું કે તે તો અધરચંદ્ર પાસેથી પંદર રૂપિયા મેળવીને તેના કહ્યા પ્રમાણે કરવા માટે ત્યાં આવેલી; તેણે તો જેમ અધરચંદ્રે તેને કહેલું તેમ કરેલું. એ લોકો રામતનુબાબુને મારશે એની તેને જાણ નહોતી.

"આ બધું જોઈ અધરચંદ્રના હોશકોશ ઊડી ગયા. તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. રામતનુબાબુ અધરચંદ્રના દુ:ખથી દુ:ખી થઈ તેને છોડી દેવા માટે ફોજદારને વિનવણી કરવા લાગ્યા.

"ફોજદારે ભારે આદરપૂર્વક છતાં કડકાઈથી કહ્યું, 'રામતનુબાબુ! આપ પોલીસના કામમાં ડખલ કરશો નહીં. અમે આ દુષ્ટોને ખરડાયેલ હાથે પકડી પાડયા છે. એમને સજા અપાવવા અમારી પાસે સાબિતી અને સાક્ષીઓ હાજર છે. આ બાબતમાં અમે તમારી કોઈ વિનંતિ સાંભળવા ઇચ્છતા નથી.' જ્યારે રામતનુબાબુએ ઘણું કહ્યું ત્યારે ફોજદારે કહ્યું કે 'તમારા ઘા અને માર સંબંધી રિપોર્ટ આપવા માટે હુગલીથી અમે સરકારી ડૉકટરને બોલાવ્યા છે અને તમે આ દુષ્ટોને છોડાવવા ઇચ્છો છો?' પોલીસે રામતનુબાબુને આદર સાથે તેમના ઘેર પહોંચાડી દીધા, અને એક પોલીસને ત્યાં એ માટે બેસાડયો કે ડૉકટરના આવ્યા પછી તેમનો રિપોર્ટ લઈને તે ચોકી પર આવે.

"ગામનું ઘણું માણસ રામતનુબાબુના ઘેર એકઠું થઈ ગયું હતું. બધા જ ઇચ્છતા હતા કે દુષ્ટોને સજા મળે. પણ રામતનુ બાબુ કોઈ પણ ઉપાયે અધરચંદ્રને બચાવવા ઇચ્છતા હતા. તેમનું કોમળ હૃદય ખૂબ જ વ્યથિત હતું—'પર દુ:ખ દ્રવહિં સંત સુપુનિતા.'

"ગામવાસીઓને તે કહેવા લાગ્યા: 'જુઓ, માણસ પોતપોતાના સ્વભાવાનુસાર વ્યવહાર કરે છે, પણ દુ:ખ તો બધાને જ થાય છે. આજે મારા નિમિત્તે અધરચંદ્રને અને તેના કુટુંબને કેટલું દુ:ખ થઈ રહ્યું છે! વસ્તુત: મને પડેલો માર એ તો મારા જ પૂર્વકૃત કર્મોનું ફળ હતું. મારું પ્રારબ્ધ આવું ન હોત તો અધરચંદ્રની તાકાત શી છે કે

તે મને કંઈ કષ્ટ પહોંચાડી શકે. આ તો મારાં જ કર્મોનું ફળ મને મળ્યું છે. ભૂલથી એમાં નિમિત્ત બનીને એ પોતાનું અનિષ્ટ કરી બેઠા. આ તેમની ભૂલ છે. ભૂલતો માણસ દયા અને ક્ષમાને પાત્ર છે. તે તો ગાંડો છે ને? એટલે મારી પ્રાર્થના છે કે એક વખત આપણે જઈને ફોજદારને વિનંતિ કરીએ કે તે આ બાબતમાં આગળ ન વધે. જો તેઓ ન માને તો એવી ગોઠવણ કરીએ કે અધરચંદ્ર વિરુદ્ધ કોઈ સાક્ષી ન આપે. મેં હજુ મારું નિવેદન આપ્યું નથી. હું કહી દઈશ કે મારો પગ લપસી જવાથી મને વાગ્યું છે.'

"ગામ લોકો તો આ સાંભળીને દંગ થઈ ગયા હતા. કોઈક મનોમન રામતનુબાબુની પ્રશંસા કરતું. કોઈક તેમની આ દયાને કાયરતા, દેશ-કાળ અને પાત્રના સંદર્ભમાં વિરોધી આચરણ, ગુના વધારવાની ક્રિયા અને મૂર્ખતા કહેતા હતા. રામતનુબાબુની આંખમાંથી પરદુ:ખકાતરતાને લીધે આંસુ વહી રહ્યા હતા.

"ગામલોકોમાં શ્રી હરિપદ નામના એક સાત્ત્વિક સ્વભાવના વૃદ્ધ સજ્જન હતા. તેમને રામતનુબાબુની વાતો બહુ ગમી. તેમણે રામતનુબાબુની પ્રશંસા કરીને તેમનું સમર્થન કરતાં ગામવાસીઓને સમજાવ્યા. ગામલોકોનું મન પણ કંઈક પલટાયું.

"એટલામાં ડૉક્ટર આવી ગયા. ડૉક્ટર પણ રામતનુબાબુને ઓળખતા હતા અને તેમના પ્રત્યે શ્રદ્ધા ધરાવતા હતા. રામતનુબાબુએ અધરબાબુને અનુકૂળ આવે એવો રિપોર્ટ લખવા ડૉક્ટરને વિનંતિ કરી, પણ ડૉક્ટરને તેમની આ વાત ગળે ન ઊતરી. છેવટે તેઓ એ વાતમાં સંમત થયા કે 'હું હમણાં રિપોર્ટ આપતો નથી. દરમ્યાનમાં તમે ફોજદારને સમજાવી દો. કેસ જ ન ચાલે તો મારા રિપોર્ટની જરૂર જ નહીં રહે, ને બધી વાત પતી જશે.'

"ડૉક્ટરના ગયા પછી રામતનુબાબુ ગામના ચાર-પાંચ પ્રતિષ્ઠિત વૃદ્ધ પુરુષોને સાથે લઈ પોલીસથાણામાં ગયા. તેમણે થાણેદારને બધી વાતો સમજાવી અને અધરચંદ્રને તથા તેના સાથીદારોને કેસ ચલાવ્યા વગર જ છોડી દેવા કરગરીને વિનંતિ કરી. થાણેદાર ઉપર રામતનુના આવા વિલક્ષણ વ્યવહારનો પ્રભાવ પડ્યો. સદ્ભાગ્યે તે દિવસે થાણામાં પોલીસના સર્કલ ઈન્સ્પેકટર પ્રમથબાબુ આવેલા હતા. તે પણ આ બધું જોતા-સાંભળતા હતા. તેમના ઉપર પણ આની અસર પડી. થાણેદારે તેમની સાથે મસલત કરી.

"આ બધી વાતો અધરચંદ્ર અને તેના સાથીઓ પણ સાંભળતા હતા. તેમનું અંતર પોતાના દુષ્ટકર્મ માટે પશ્ચાત્તાપની આગમાં બળી રહ્યું હતું અને ધીરે ધીરે બદલાતું જઈ નિર્મળ બની રહ્યું હતું.

"પ્રમથબાબુ વચ્ચે પડી ગામલોકોને સંબોધી કહેવા લાગ્યા, 'જુઓ, તમે એક ગુનેગારને—કે જે ગુનો કરતાં પકડાયો છે—બચાવવા જતાં ગુના વધારવામાં મદદગાર થઈ રહ્યા છો, અને તેથી પરોક્ષરૂપે સમાજનું અને ગામનું અહિત કરી રહ્યા છો. આવા ગુનેગારને જરા પણ સજા ન થાય તો અપરાધ કરનારા લોકોનું દુ:સાહસ વધશે, જે સમાજ માટે ઘણું ઘાતક થશે. આ રામતનુબાબુ તો સાધુહૃદય પુરુષ છે.

તેઓ આ વાત સમજી ન શકે, પણ તમે બધા એમના ગાંડપણમાં સાથ કેમ આપો છો?'

"આથી શ્રી હરિપદ અને રામનુબાબુએ પ્રમથબાબુને અનેક યુક્તિ-પ્રયુક્તિઓથી સમજાવવા પ્રયત્ન કર્યો કે ખરેખર દંડથી ગુના ઓછા થતા નથી. ગુનાઓ તો પ્રેમ અને સહાનુભૂતિથી જ ઘટશે. દુ:ખના વખતે અહેતુક સેવાથી જ ગુનેગારનું હૃદય પરિવર્તન થશે. પછી તેમણે એ પણ કહ્યું કે, 'અમે એવો નિર્ણય કર્યો છે કે ન તો તમને અધરબાબુની વિરુદ્ધ કોઈ સાક્ષી મળશે અને ન કોઈ સાબિતી, પછી તમે શું કરશો?'

"પ્રમથબાબુ પહેલેથી જ પ્રભાવિત તો થઈ જ ગયેલા. હવે આનો તેમના ઉપર વિશેષ પ્રભાવ પડયો, છતાં તેમણે જરા કડકાઈથી કહ્યું, 'જુઓ, મને તમારા પ્રત્યે માન છે. આપની ઉદારતાનો હું આદર કરું છું. પણ આ રીતે અપરાધીને એકાએક છોડી દઈને અમે કર્તવ્યવિમુખ થવા નથી માગતા. અમે જોઈશું કે શું થઈ શકે છે. તમે લોકો તેમને અત્યારે છોડાવવાં ઇચ્છો છો તો અમે તેમને છોડી દઈએ પણ તમારામાંથી કોઈએ તેમના જામીન થવું પડશે.'

"આ સાંભળતાં જ રામતનુબાબુ બોલી ઊઠયા 'સાહેબ! જામીન મુચરકો—તમે જે કહો તે, આપવા હું તૈયાર છું.'

"આ સાંભળીને ઈન્સ્પેક્ટર પ્રમથબાબુ અને થાણેદાર બંનેનું હૃદય પીગળી ગયું. તેઓ પણ આખરે માણસ જ હતા ને! તેમણે અધરચંદ્રને બોલાવીને કહ્યું, 'જોયું તમે, એમની બધી વાતો સાંભળી? હવે તમે શું કહો છો?'

"અધરચંદ્રની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા હતા. રોતા અને કાંપતા સ્વરે કહ્યું, 'હજૂર! હું સાક્ષાત્ જોઉં છું કે હું પિશાચ છું અને એ મહાન સંત. દેવ જ નહિ, દેવોથી પણ પૂજાય તેવા મહાત્મા છે એ. પણ હું બચવા નથી માગતો. મને આજન્મ કાળાપાણીની સજા થવી જોઈએ. મારા અપરાધોને જોતાં આજીવન કાળા-પાણી પણ પર્યાપ્ત નહિ થાય. આપ મારા ઉપર કોર્ટમાં કેસ કરો, હું જાતે જ મારો ગુનો કબૂલ કરીશ.'

"પ્રમથબાબુની સલાહથી થાણદારે તે લોકોને છોડી મૂક્યા. બધા કાગળો પણ ફાડી નાખ્યા. આનંદિત હૈયે બધા છૂટા પડ્યા. પ્રમથબાબુ અને થાણદારે રામતનુબાબુની ચરણરજ લીધી."

ચંદનની સુગંધની જેમ સ્વભાવરૂપ બની ગયેલ ક્ષમાનું આવું જ એક પ્રેરક ઉદાહરણ વિક્રમ સંવત ૨૦૨૦ના ચાતુર્માસ દરમ્યાન મેં ઉત્કંઠેશ્વરમાં વાંચેલું. ઈસુની સાચી અનુયાયી એક અંગ્રેજ માતાની ક્ષમાશીલતાની ગૌરવગાથા આલેખતો એ સચિત્ર અહેવાલ 'જનસત્તા' (દૈનિક)ના ૩૦ નવેમ્બર, '૬૪ના અંકમાં છપાયો હતો, તે લગભગ અક્ષરશ: અહીં રજૂ કરું છું:

## 'ઈશુએ ક્ષમા શિખવી છે, અને હું તેના ઉપદેશમાં માનું છું'

"આ ઘટના તાજેતરની છે. આઠ સંતાનોની વિધવા માતા શ્રીમતી બ્રિજેટ મુલન ડબ્લીનની માઉન્ટજોય જેલના લીલા રંગના તોતિંગ દરવાજા ખખડાવે છે. એને લાગે છે કે કેટલાય એને સમજી નહિ શકે, કેટલાય એની ટીકા કરશે, જ્યારે હિંસાખોર કાનૂન એને વગોવશે. પણ એ અંગ્રેજ માતા માટે આ કાર્ય મહત્ત્વનું હતું. જેલની અંદરના એક યુવાનના ભાવિની એ માતાને ચિંતા હતી...... યુવાન હતો ભારતીય...... હિન્દુ.

"એક વરસ પર એ યુવાને એની સોળ વર્ષની વયે પહોંચેલી દીકરી હેઝલનું ખૂન કર્યું હતું......હેઝલની ૧૬મી વર્ષગાંઠના આગલા દિવસે......

"યુવાન શાન મોહાંગી ૨૩ વરસનો ભારતીય વિદ્યાર્થી હતો અને બ્રિટનમાં મેડિકલ સ્ટુડન્ટ હતો. અદાલતે મોહાંગી પર ખૂનનો આરોપ મૂક્યો, પણ એ માતાએ દીકરીના ખૂનીને માફી આપી.

"શ્રીમતી મુલનના આવા વર્તાવે અનેક ગોરાઓ એના પર ચિડાયા છે અને સેંકડો નનામા પત્રો એને મળ્યા છે......ઘણા એને પથ્થર હૃદયની અને વહાલી દીકરીની યાદને વિસારી દેનાર બેવફા માતા કહે છે......સાચે જ આઘાતજનક શબ્દો.

"શ્રીમતી મુલન કહે છે, '...એ બધા મને સમજી શકે તો સારું. તેઓ સમજી શકતા નથી કે સાચા હૃદયથી ક્ષમા આપવી એ ઈશ્વરી દેણ છે...ઈશુએ 'ક્ષમા' શિખવી છે અને હું તેના ઉપદેશમાં માનું છું.'

"સર્જન કોલેજ નજીક આવેલી એક કેમિસ્ટની દુકાનમાં હેઝલ નોકરી કરતી હતી. ત્યાં તેની શાન મોહાંગી સાથે પ્રથમ મુલાકાત થઈ હતી. શાને હેઝલને પોતાની સાથે ફરવા આવવા આમંત્રણ આપ્યું. હેઝલે માતાને વાત કરી. માતાએ દીકરીને ભલામણ કરી કે, 'એને ઘેર બોલાવ તો હું એને જોઉં કે તે કેવો છે. મને સીધોસાદો લાગશે તો હું તને એની સાથે હરવા-ફરવાની છૂટ આપીશ."

"શાન શ્રીમતી મુલનને ઘેર ગયો. મુલને એને એકલો બેસાડી કહ્યું કે 'હેઝલને પંદર વરસ પણ પૂરા થયાં ન હતાં. નિર્દોષ હેઝલ 'જીવનનાં સત્યો' પણ સમજવા લાગી ન હતી. માટે, એને સાચવજે.' અને એણે માને વચન આપ્યું.

"પછી તો શાન એ કુટુંબની જ એક વ્યક્તિ બની ગયો. અઠવાડિક રજા પણ તેમની સાથે ગાળવા લાગ્યો......બીજાં નાનેરાંઓ સાથે રમતો અને ભેટો પણ લાવતો.

"શાને હેઝલના હાથની માગણી કરી ત્યારે શ્રીમતી મુલને એને હેઝલ પુખ્ત વયની થાય ત્યાં સુધી રાહ જોવા સલાહ આપી.

"દરમ્યાન હેઝલ કેમિસ્ટને ત્યાંની નોકરી છોડી બેન્ક કલાર્ક બની હતી, અને ફુરસદના સમયે મોડેલ તરીકે કામ કરતી હતી.

"એક રાતે હેઝલ ઘેર પાછી ન ફરી. શાન જે રેસ્ટોરાંમાં રાતના બબરચીની નોકરી કરતો હતો તેના ભોંયતળિયાની રૂમમાં શાન ને હેઝલ ઘણીવાર મળતાં. એ રાતે બન્ને પ્રેમીઓ મળ્યાં. એકબીજાને ચુંબનની આપ-લે થઈ અને બીજી પળે લડી પડ્યાં. શાન ગર્વીલો અને સાથે સાથે ઈર્ષ્યાળુ હતો. અને હેઝલે જ એને કહી દીધું કે એને બીજા કોક સાથે પ્રેમ થયો હતો. અને શાનના હાથ હેઝલના ગળે ભીડાયા. હેઝલ ગૂંગળાઈ, ઢગલો થઈ ફરસ પર પડી મૃત્યુ પામી.

"શાન ગભરાયો, ન ધારેલું બની ગયું. લાશ કરતાં તેના ટુકડાને જલદી વગે કરી શકાશે તેમ ધારી શાને હેઝલની લાશના ટુકડા કર્યા.

"માતા તો હેઝલને ઝંખતી હતી......ત્રીજા દિવસે એણે રેડિયો પર સાભળ્યું કે ગૂમ થયેલી હેઝલનું ટુકડા થયેલું શબ એક રેસ્ટોરાંના ભોંયતળિયેથી મળી આવ્યું હતું...અને એ જ માળામાં ઉપરના મજલે એક ભારતીય મેડિકલ સ્ટુડન્ટે ગેસથી આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

"શ્રીમતી મુલન પહેલાં તો ભ્રમિત બની ગઈ, પણ પછી......'હું મારી લાડલી દીકરીનો વિચાર નહોતી કરતી પણ શાનનો કરતી હતી. મેં માન્યું કે એ પણ મરી ગયો હતો. એ વિચાર મને આવ્યો કે પોતાના ભયંકર કૃત્યનો પશ્ચાત્તાપ પણ શાન હવે કરી શકશે નહિ...અને જ્યારે મેં જાણ્યું કે તે જીવિત હતો ત્યારે મેં પ્રભુનો ઉપકાર માન્યો. મને લાગ્યું કે મારે તેની પાસે જવું જ જોઈએ, અને કહેવું જોઇએ કે મેં એને ક્ષમા કરી છે...પણ સત્તાવાળાઓએ મને શાનને મળવા જવા દેવા ઈન્કાર કર્યો.'

"શાનને જેલમાં મળવા જનાર એક મિત્ર સાથે શ્રીમતી મુલને એક ચિઠ્ઠી એને લખી મોકલી અને શાને જવાબ મોકલ્યો 'હા......મને માફ કરો......'

"શ્રીમતી મુલનની ઉદારતા એથી ય આગળ વધી. એણે ભયંકર યંત્રણા ભોગવતી બીજી એક માતાનો વિચાર કર્યો—શ્રીમતી જમુના મોહાંગીનો—જે એના પતિ સાથે તેમના પોતાના, નાતાલમાં આવેલા, 'સ્યુગર પ્લેન્ટેશન'ની દેખરેખ રાખતા હતા. મુલને તેમના પર પત્ર લખી દિલસોજી દર્શાવી અને શાન માટેની પોતાની ભલી લાગણીઓ વ્યકત કરી.

"ડબ્લીનમાં શાન પર મુકદ્દમો શરૂ થયો. અને તેની માતા, વિમાનમાં આફ્રિકાથી ડબ્લીન આવી. શ્રીમતી મુલનનો એક મિત્ર જમુના મોહાંગીને તેને મળવા લઈ આવ્યો.

"શ્રીમતી મુલને જમુનાનો સત્કાર કર્યો, ચા પાઈ અને બન્ને માતાઓ વાતે વળગી. ધ્રુસકે રડતી જમુના મુલનને ઘેરથી પાછી ફરી ત્યારે થોડીક શાંત થઈ હતી.

"થોડા દિવસ બાદ જમુનાએ મુલનને ફોન કરી કહ્યું કે કે તે હેઝલની કબર પર ફૂલ ચઢાવવા માગતી હતી અને જો તે એની સાથે આવે તો સારું. અને દીકરીની કબર પર ફૂલ ચઢાવવા જતી તેનાં ખૂનીની માતાની સાથે તે ગઈ...દિલગીર હિન્દુ માતાને હેઝલની કબર પર સફેદ ટુલીપના બાર ફૂલ શ્રદ્ધાથી મૂકતી તે જોઈ રહી. ફૂલ સાથે એક કાર્ડ હતું, અને તેના પર બાયબલની ઉક્તિ સાથે લખાણ હતું:

'વ્હાલી હેઝલની પ્રેમભરી યાદમાં.
—શ્રી અને શ્રીમતી મોહાંગી તરફથી.'

"મુકદ્દમાની સુનાવણી વખતે બન્ને માતાઓ અદાલતમાં સાથે જ બેસતી હતી. પહેલા જ દિવસે એક પોલીસ ઈન્સ્પેક્ટરે શ્રીમતી મુલનને પૂછ્યું, 'તમે આ વ્યક્તિને (જમુનાને) તમારી સાથે બેસવા દેવા માગો છો?" અને શ્રીમતી મુલને જવાબ આપ્યો, 'અલબત્ત'.

"પણ ચુકાદાને દિવસે બેમાંથી એકેય માતા અદાલતમાં હાજર ન હતી. મોતની સજાનું ઉચ્ચારણ એકેયે સાંભળ્યું નહિ.

"શ્રીમતી મુલનને શાનને થયેલી સજા વિષે એક મિત્ર પાસેથી ખબર મળી. '......કેવું અર્થ વગરનું! હેઝલને કોઈ જ પાછી લાવી શકવાનું નથી, તો પછી એક યુવાનને સુધરવાનો મોકો કેમ ઝૂંટવી લેવો?...'

"મુલને જમુનાને ફોન કર્યો, પણ જમુના દુઃખથી બીમાર પડી હતી. એટલે મુલને જમુનાને આશ્વાસનની ચિઠ્ઠી લખી મોકલી: 'હું તમારા પુત્રને માટે પ્રાર્થના કરું છું અને હજુય તેને બચાવવાનો સમય છે....'

"એ રાતે મોડે સુધી શ્રીમતી મુલને શાનની મુક્તિ માટે પ્રભુ પાસે યાચના કરી. બીજી સવારે એણે કેટલાંક ધાર્મિક પુસ્તકો શાનને જેલમાં મોકલી આપ્યાં.

"એની પ્રાર્થના ઈશ્વરે સાંભળી. શાનની ફાંસી મુલત્વી રખાઈ અને એને અપીલ કરવાની મંજૂરી મળી. અપીલમાં શાનની ફાંસીની સજા રદ થઈ સાત વરસની જેલ થઈ.

"પછી શ્રીમતી મુલન શાનને જેલમાં મળવા ગઈ...મળતાં જ એણે પહેલું સ્મિત કર્યું. શાનનો ભાર હળવો થયો. પછી તો એણે પોતાના ઘરની વાતો શાન સાથે કરી...શ્રીમતી મુલનના શબ્દોમાં: 'એને ખુશી કરવા મેં મારી બીજી છોકરી એવલીનના લગ્નની વાત એને કરી......'

"શાનન ત્યાંથી ૫૦ માઈલ દૂર બીજી જેલમાં લઈ જવામાં આવ્યો છે. શ્રીમતી મુલને એને, ત્યાં પણ, અવારનવાર મળવા જવાનું વચન આપ્યું છે: 'પચાસ તો શું એકસો પચાંસ માઈલ દૂર હશે તો ય હું તને જરૂર મળવા આવીશ.'

"આમ આ ઉદાર હૃદયા અંગ્રેજ માતાએ દીકરીના ખૂનીને સાચા દિલથી ક્ષમા આપી છે."

*

શ્રી જિનેશ્વર દેવોએ ચીંધેલ ક્ષમા અને ઉપશમના રાહના આ યાત્રીઓને 'જૈન' (જૈન=જિનના અનુયાયી=જિનના માર્ગે ચાલનારા) કહીશું કે 'અજૈન'?

દૃષ્ટિરાગવશ અર્થાત્ પોતાના મત–પંથ–સંપ્રદાયની આંધળી શ્રદ્ધા–ભક્તિ વશ, પોતાના મત–પંથના ક્રિયાકાંડમાં પ્રવૃત્તિરૂપ શિષ્ટાચારને જ લોકોત્તર યાને મોક્ષસાધક ધર્મ સમજવાની ભૂલ મુમુક્ષુ કરી ન બેસે, પોતાની ધર્મપ્રવૃત્તિનું તટસ્થ મૂલ્યાંકન કરવાની ક્ષમતા તે મેળવે તથા પોતાથી ભિન્ન ક્રિયાકાંડને અનુસરનારા મુમુક્ષુઓ પ્રત્યે અસહિષ્ણુતા, દ્વેષ, ઘૃણા, મત્સર કે નિંદાના કળણમાં તે ન ફસાય એ માટે ધર્મના 'લૌકિક' અને 'લોકોત્તર' વિભાગવિષયક વિસ્તૃત વિચારણા–છણાવટ આપણે પૂર્વે કરી છે; ત્યાં આપણે એ જોઈ ગયા છીએ કે જૈનધર્મ–નિર્દિષ્ટ ક્રિયાકાંડ હોય ત્યાં જ લોકોત્તર ધર્મ હોય એવું નથી, તેમ જૈનધર્મ–નિર્દિષ્ટ ક્રિયાકાંડ હોય ત્યાં તે હોય જ એવું પણ નથી. લોકોત્તર યાને મુક્તિસાધક ધર્મનો સંબંધ ચિત્તશુદ્ધિ સાથે અને આંતરિક ગુણસંપત્તિ સાથે છે.

જે જીવનપદ્ધતિથી કે જે ધર્માનુષ્ઠાનથી—પછી ભલે એ ગમે તે સંપ્રદાયની છાપનાં હોય–કષાયનિવૃત્તિ, વિષયવિરક્તિ અને જીવસૃષ્ટિ પ્રત્યે આત્મીયતા જાગતી હોય, વધતી હોય અને ટકતી હોય તે જીવન-પદ્ધતિ કે ધાર્મિક ક્રિયાકાંડનું આસેવન, કે દીર્ઘકાળના તેવા અભ્યાસના કારણે જે સદ્‌ગુણો ફૂલ અને તેની સૌરભની જેમ વ્યક્તિના સ્વભાવ સાથે એકરૂપ થઈ ચૂકયા હોય તે, લોકોત્તર યાને મોક્ષસાધક ધર્મ છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે આ તથ્યને વાચા આપતાં કહ્યું છે કે કષાયો—વિકારો અને વાસનાઓ—થી ગ્રસ્ત ચિત્ત એ જ સંસાર છે, અને કષાય અને ઇન્દ્રિયોનો જય એ જ મોક્ષ છે. વિકાર અને વાસનાને વશવર્તી આત્મા બદ્ધ છે, અને કષાયો અને ઇન્દ્રિયોને જીતી લઈ વિકારો અને વાસનાથી ઉપર ઊઠી શુદ્ધ જ્ઞાયક ભાવમાં સ્થિત આત્મા મુક્ત છે; અર્થાત્ મોક્ષ એ એવું કોઈ સ્થળ-વિશેષ નથી કે જ્યાં અમુક મત-પંથના લેબલવાળાને જ પ્રવેશ મળે અને અન્યને જાકારો—સંસાર કે મોક્ષ એ આત્માની જ સ્થિતિ-વિશેષ છે.[૬] કષાયથી મુક્ત થવું એ જ મુક્તિ છે; એટલે વ્યક્તિ ગમે તે મત-પંથમાં રહીને

કષાયો–વિકારો અને વાસનાઓ–ઉપર જય મેળવે તો તે અચૂક મુક્તિ પ્રાપ્ત કરવાની.[૭]

વ્યક્તિ જૈનધર્મનાં ક્રિયાકાંડ કરતી હોય કે અન્ય મત-પંથનાં ક્રિયાકાંડ કરતી હોય કે સમૂળગા કોઈ પણ ક્રિયાકાંડ ન આચરતી હોય, પણ જો તે સ્વાર્થ, દ્વેષ, ઈર્ષા, મદ, માન, ક્રોધ, તૃષ્ણાદિ દોષોથી ઉપર ઊઠી સમતા, સરળતા, ક્ષમા, પ્રેમ, કરુણા, નમ્રતા, નિરીહતા આદિ આત્મિક ગુણવૈભવથી સંપન્ન થઈ આત્મતૃપ્ત, આત્મક્રીડ બને છે તો મોક્ષ તેને સામે ચાલીને ભેટે છે. શ્રીમદ્ રાજચંદ્રે સંક્ષેપરુચિ, તટસ્થ જિજ્ઞાસુઓ માટે સંક્ષેપમાં પણ સરળ અને વેધક શબ્દોમાં આ તથ્ય ઉચ્ચારતાં કહ્યું છે કે :

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.

જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."[૮]

તત્ત્વદર્શી પુરુષોના ઉપદેશની આ લાક્ષણિકતા હોય છે. તેઓ કોઈ મત–પંથ–જૂથના પક્ષકાર ન બનતાં, નિર્ભેળ સત્યના જ સમર્થક અને પ્રબોધક રહે છે.

'પોતાનો મત–પંથ જ સાચો છે, બીજાના ખોટા' આ વલણ એ વાતની ચાડી ખાય છે કે એ વ્યક્તિ કે સમૂહનો આધ્યાત્મિક ઉઘાડ શ્રુત, ચિંતા અને ભાવના એ ત્રણ જ્ઞાન પૈકી પ્રથમ જ્ઞાન–શ્રુતજ્ઞાન–ની કક્ષા સુધીનો જ છે. એ વ્યક્તિને બધાં આગમો–શાસ્ત્રો હોઠે રમતાં હોય તો યે, જિનાજ્ઞાના તાત્પર્યથી તે અજાણ જ રહી ગઈ હોય છે. જ્ઞાનીઓ ભારપૂર્વક જણાવે છે કે શાસ્ત્રોનું જેણે કેવળ શ્રવણ-વાંચન જ નહિ પણ ચિંતન-મનન-પરિશીલન કર્યું હોય તેને સ્વપક્ષનો ઉપર્યુક્ત આંધળો મોહ રહેતો જ નથી.[૯] માટે, સાંપ્રદાયિક ઝનૂનને બહેકાવનારા અજ્ઞાન 'ગુરુઓ'ના રવાડે ચડી, સાંપ્રદાયિકતાના કળણમાં ન ખૂંપી જવાય એની તકેદારી મુમુક્ષુએ રાખવી જોઈએ.

## પાંચમા પ્રકરણનાં ટિપ્પણો

૧. સરખાવો :

अन्यलिंगादिसिद्धानामाधारः समतैव हि ।
रत्नत्रयफलप्राप्तेर्यया स्याद् भावजैनता ।।

—અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૨૩.

૨. सत्यज्य समतामेकां स्याद्यत्कष्टमनुष्ठितं ।
तदीप्सितकरं नैव बीजमुप्तमिवोषरे ।।
उपायः समतैवेका मुक्तेरन्यः क्रियाभरः ।
तत्तत्पुरुषभेदेन तस्या एव प्रसिद्धये ।।

—એજન, સમતાધિકાર, શ્લોક, ૨૬-૨૭.

૩. धर्मोऽपि तात्त्विको ह्येकः शुद्धः शुद्धगुणात्मकः ।
हेतुः कल्याणमालानां विज्ञेयो मोक्षकांक्षिभिः ।।
क्षमामार्दवसच्छौचतपःसंयममुक्तयः ।
सत्यब्रह्मार्जवत्यागा अमी धर्मगुणा दश ।।
विवदन्ते न सद्धर्मं ज्ञात्वैतं दशलक्षणम् ।
वारयन्ति बुधाः किन्तु तद्विपर्ययकल्पकम् ।।
प्रोक्तस्तदेक एवायं सद्धर्मः सार्वतान्त्रिकः ।
एक एव च विज्ञेयो मोक्षमार्गोऽपि तात्त्विकः ।।

—વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૬૧-૧૦૬૪.

૪. स्वाख्यातः खलु धर्मोऽयं, भगवद्भिर्जिनोत्तमैः ।
यं समालंबमानो हि, न मज्जेद् भवसागरे ।।

संयमः सूनृतं शौचं, ब्रह्माकिंचनता तपः ।
क्षांतिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ।।

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૯૨-૯૩.

૫. जितेन्द्रिया जितक्रोधा दान्तात्मानः शुभाशयाः ।
परमात्मगतिं यान्ति विभिन्नैरपि वर्त्मभिः ।।

नूनं मुमुक्षवः सर्वे परमेश्वरसेवकाः ।
दूरासन्नादिभेदस्तु तद्भृत्यत्वं निहन्ति न ।।

—પરમાત્મ પંચવિંશતિકા, શ્લોક ૧૧-૧૨.

સરખાવો: ઉપમિતિ૦, પ્ર૦ ૮, શ્લોક ૮૧૩

(પ્રકરણ ૨, ટિપ્પણી ૧૯).

૬. (i) રામ કહો, રહેમાન કહો કોઉ, કાન્હ કહો મહાદેવરી.
પારસનાથ કહો, કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી.

—યોગીશ્વર આનંદઘનજી

(ii) बुद्धो जिनो हृषीकेशः शम्भुर्ब्रह्मादिपुरुषः ।
इत्यादिनामभेदेपि, नार्थतः स विभिद्यते ॥
नाममात्रेण ये दृप्ता ज्ञानमार्गविवर्जिताः ।
न पश्यन्ति परात्मानं ते घूका इव भास्करम् ॥

—પરમાત્મ પંચવિંશતિકા, શ્લોક ૭, ૧૩.

૭. अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૫.

૮. (i) नाशाम्बरत्वे न सिताम्बरत्वे, न तत्त्ववादे न च तर्कवादे ।
न पक्षसेवाऽऽश्रयणेन मुक्तिः कषायमुक्तिः किल मुक्तिरेव ॥

—ઉપદેશતરંગિણી, તપોપદેશ, પૃષ્ઠ ૯૮.

(ii) विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवंत्येकमक्षयम् ॥

—જ્ઞાનસાર, માધ્યસ્થ્યાષ્ટક, શ્લોક ૬.

૯. આત્મસિદ્ધિ, ગાથા ૧૦૪, ૧૦૫, ૧૦૭.

૧૦. (i) आद्ये ज्ञाने मनाक् पुंसस्तद्रागाद्दर्शनग्रहः ।
द्वितीये न भवत्येव, चितायोगात्कदाचन ॥

—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ૦, શ્લોક ૬૮.

(ii) न भवति असौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ।
ટીકા—असौ-दर्शनग्रहो यथेदमस्मदीयं दर्शनं शोभनमन्यदीय-मशोभनमित्येवंरूपः ।

—ષોડશક ૧૧, શ્લોક ૧૦.

૬

# મુમુક્ષુની બે પાંખ —વૈજ્ઞાનિકદૃષ્ટિ અને સાધકવૃત્તિ

પોતાના મત-પંથ-સંપ્રદાયગત વિધિવિધાન અને ક્રિયાકાંડ પૂરાં કરી આપવા માત્રથી ધર્મ કર્યાનો સંતોષ સાધકવૃત્તિના આત્માઓને થતો નથી. સાધક પોતાની આંતરપ્રકૃતિ ઉપર વિજય મેળવવા મથતો આધ્યાત્મિક ક્ષેત્રનો એક પ્રયોગશીલ વૈજ્ઞાનિક છે. તે પરિણામલક્ષી હોય છે. પોતાનાં સાધનો બરાબર કામ આપે છે કે નહિ તેનું કોઈ પણ વૈજ્ઞાનિક તટસ્થતાથી નિરીક્ષણ-પરીક્ષણ કરે છે અને તેમાં કાંઈ ત્રુટી દેખાય તો તે સુધારે છે, જરૂર જણાય તો તે સાધન બદલે પણ છે. આમાં સાધન પ્રત્યેના પોતાના મમત્વને તે આડે આવવા નથી દેતો.

વીશેક વર્ષ પહેલાં, ૧૯૫૮ના ઑગસ્ટ મહિનાની ૧૦મી તારીખે અમેરિકાએ ચંદ્ર ઉપર રૉકેટ મોકલવાનો પ્રયાસ કર્યો હતો. તે રૉકેટ ઊપડયા પછી ૭૭ સેકંડે બેકાબુ બન્યું. તરત કેનેવૂરલ ભૂશિર પર આવેલા રૉકેટ મથકે બટન દાબીને, રેડિયો મોજાં વડે રૉકેટમાં ધડાકો કરીને, તેને તોડી પાડવામાં આવ્યું. પછી સમુદ્રમાં તૂટી પડેલ એ રૉકેટનો ભંગાર હાથ કરવા બર્જર્સ મરીન સાલ્વેજ કોન્ટ્રેક્ટર્સને સંદેશો મોકલવામાં આવ્યો કે, મળે એટલો ભંગાર દરિયામાંથી કાઢો.

વર્ષોની ભારે જહેમત અને લાખોના ખર્ચે તૈયાર કરેલ, એક ઈંચે દોઢ લાખ રતલનો ધક્કો ધરાવતા તોતિંગ એન્જિનવાળું એ રૉકેટ ઊપડયું કે બીજી જ મિનિટે તેને તોડી પાડતાં એ વૈજ્ઞાનિકોનો જીવ કેમ ચાલ્યો હશે? પણ, સાધ્યને નજર સામે રાખીને પ્રયોગ કરનારને પોતાના સાધન પ્રત્યેનું આંધળું મમત્વ પરવડતું નથી. એ કિંમતી રૉકેટને તોડી પાડી, એનો ભંગાર હાથ કરી, એ બેકાબૂ કેમ બન્યું તેનું સંશોધન કરવા પાછળ બુદ્ધિ, શ્રમ અને ધન ત્રણે ખરચતાં એ વૈજ્ઞાનિકો ન અચકાયા. આજે જે સફળ અવકાશી ઉડ્ડયનના સમાચાર આપણને મળે છે તે આવા મધ્યસ્થ બુદ્ધિના અન્વેષણપૂર્વકના પુરુષાર્થનું પરિણામ છે.

આધ્યાત્મિક સાધક પાસેથી પણ આવી જ તટસ્થ વૃત્તિ, મધ્યસ્થ બુદ્ધિ, અન્વેષણનિષ્ઠા અને પરિશ્રમ કરવાની તૈયારી અપેક્ષિત છે. ભૌતિક વિજ્ઞાનીનું પ્રયોગક્ષેત્ર બાહ્ય પ્રકૃતિ છે, સાધકનું પ્રયોગક્ષેત્ર આંતરપ્રકૃતિ છે. સાધક તેની પોતાની જ આંતરપ્રકૃતિ ઉપર પ્રયોગ કરી રહેલ વૈજ્ઞાનિક હોઈ, પોતાને પ્રાપ્ત સાધના-પદ્ધતિથી ધારેલું પરિણામ નીપજતું ન દેખાય તો તે એનું કારણ શોધી કાઢવા પ્રયાસ કરે, પોતાની સાધનામાં રહી જતી સ્ખલનાનું તે અન્વેષણ કરે. પોતાના મતનો કે સાધનનો આંધળો આગ્રહ રાખવો તેને પરવડે નહિ.

## પોતાની સાધનાનું તટસ્થ અન્વેષણ અને મૂલ્યાંકન

"સબ ત્યાગ પરિગ્રહ, બાહ્યક્રિયા દ્રવ્યલિંગ ધર લીનો,
દેવચંદ્ર કહે યા વિધ તો હમ, બહુત બાર કર લીનો,
....................................
વ્યવહારાદિક નિપુણ ભયો પણ, અંતરદૃષ્ટિ ન જાગી,
...સ્વર્ગાદિ ફલ પામી, નિજ કારજ નવિ સિધ્યો."

—આ ઉદ્‌ગાર છે અધ્યાત્મનિષ્ઠ શ્રી દેવચંદ્રજી મહારાજના. ધ્યેયલક્ષી જાગૃત સાધક આ રીતે પોતાની ધર્મપ્રવૃત્તિનું તટસ્થ મૂલ્યાંકન કરે. અહીં દેવચંદ્રજી મહારાજે જે વેશ અને ક્રિયા નિષ્ફળ ગયાં હોવાની વાત કરી છે તે અન્ય દર્શનનાં ક્રિયા અને વેશની વાત નથી પણ જૈનદર્શનનાં લિંગ-વેશ-ક્રિયાની વાત છે. 'ઉપદેશપદ' નામના મહાગ્રન્થમાં સુવિહિત શિરોમણિ આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે પણ કહ્યું છે કે, "શુદ્ધ શ્રમણ-ભાવને યોગ્ય પ્રત્યુપેક્ષણા–પ્રમાર્જનાદિ સઘળીય જિનોક્ત ક્રિયાઓ, અવ્યવહાર રાશિગત જીવો તેમજ તેમાંથી નીકળ્યાને જેને ઘણો સમય થયો નથી એવા આત્માઓને મૂકીને, સૌએ અનંતવાર આચરી છે." અ...નં...ત...વા...ર સર્વવિરતિનું અણિશુદ્ધ પાલન છતાં ભવભ્રમણ અકબંધ રહ્યું!—તો, ખૂટયું શું?

સર્વવિરતિ સહિત જિનોક્ત ક્રિયા પણ વિફળ રહે અને અન્ય દર્શનો-એ બતાવેલાં અનુષ્ઠાન કરતાં કરતાં પણ કોઈને મુક્તિ મળી જાય! —આની પાછળ રહસ્ય શું છે? એ શોધી કાઢવાની તાલાવેલી મુમુક્ષુના

અંતરમાં જાગવી જ જોઈએ ને? એ રહસ્ય હાથ લાગ્યા વિના, સાધનામાં સફળતા અપાવનાર એ તત્ત્વને પોતાની સાધનામાં વણી લેવાનો વ્યવસ્થિત પ્રયાસ પણ શી રીતે થઈ શકે? પરમાત્મકૃપાથી, નદી-ઘોળ-પાષાણ ન્યાયે, કોઈને એ રહસ્ય અનાયાસ પ્રાપ્ત થઈ જાય એવું ય કોઈવાર બને; પરંતુ એ તો લોટરી લાગે ને કોઈ લખપતિ થઈ જાય એના જેવું છે. એ જોઈને, યોજનાબદ્ધ કશો ઉદ્યમ કર્યા વિના, કેવળ ભાગ્યના ભરોસે રહી લખપતિ થવાના મનોરથમાં રાચવું એ શાણપણભર્યું તો નથી જ. આથી, સાધક મુક્તિમાર્ગનું યાને સાધનાનું અર્થાત્ જ્ઞાન અને ક્રિયાનું રહસ્ય પ્રાપ્ત કરવા ઉત્સુક હોય.

સદ્‌ગુરુનો સમાગમ એ સાધના અંગે યથાર્થ પથદર્શન મેળવવાનો સીધો, સરળ અને ટૂંકો માર્ગ છે. પણ આમાં એક ભુલભુલામણી પણ છે. સુગુરુ કોણ? માર્ગદર્શક ગુરુ આત્મજ્ઞાની હોય તો જ સાધક સલામત રહે છે, અન્યથા સાંપ્રદાયિકતામાં અટવાઈ જવાનો ભય રહે જ છે.

## શ્રવણ-વાંચનમાં જરૂરી સાવધાની

મુમુક્ષુને જોઈતું માર્ગદર્શન તત્ત્વજ્ઞ પુરુષો (આત્મતત્ત્વનો સાક્ષાત્કાર પામી ચૂકેલા મહાત્માઓ) પાસેથી સંહેલાઈથી ઉપલબ્ધ થાય, પરંતુ એવા સંત મહાત્માઓનો યોગ સુલભ નથી હોતો. આથી, એવા સત્પુરુષનો સાક્ષાત્ સંયોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મુમુક્ષુ પોતાને જરૂરી પ્રેરણા અને પથદર્શન પ્રાપ્ત કરવા તત્ત્વજ્ઞ અનુભવીઓનાં વચનરૂપ શાસ્ત્રગ્રંથો તરફ વળે એ સ્વાભાવિક છે.

કિંતુ શાસ્ત્રાધ્યયનમાં યે, પ્રારંભિક ભૂમિકાએ, દાર્શનિક વિવાદના કળણમાં ન ફસાઈ જવાય એ સાવધાની શ્રેયાર્થીએ રાખવી રહી. નહિતર સંભવ છે કે જીવનભર શાસ્ત્રાધ્યયન કરતા રહેવા છતાં મોક્ષમાર્ગની સાચી સમજણથી તે દૂર રહી જાય.

કોરું પાંડિત્ય મુમુક્ષુનું લક્ષ્ય ન હોઈ શકે. સાધનાની દૃષ્ટિએ શાસ્ત્ર-શ્રવણ, વાચન કે અધ્યયન પાછળનો હેતુ માત્ર જાણપણું મેળવવું એ નહિ પણ વૈરાગ્ય અને શ્રદ્ધાને દૃઢ કરવાં, મોક્ષમાર્ગની સ્પષ્ટ સમજણ મેળવવી, એ માર્ગે પ્રવૃત્તિ અને પ્રગતિમાં સહાયક તત્ત્વો કયાં છે તે જાણી એને જીવનમાં અપનાવવાની પ્રેરણા અને ઉત્સાહ પ્રાપ્ત કરવાં

અને વિઘ્નભૂત તત્ત્વોને પોતાના માર્ગમાંથી દૂર રાખવાની ચાવી હાથ કરવી, સાધના અંગે વિશદ અને પારદર્શી દૃષ્ટિ પ્રાપ્ત કરવી વગેરે હોય.

સાધનામાં માર્ગદર્શનાર્થે મુમુક્ષુએ તે જ ગ્રંથોનું શ્રવણ-વાંચન-પરિશીલન કરવું કે જે જીવનને ઊર્ધ્વગામી બનાવવાની પ્રેરણા અને માર્ગદર્શન આપતાં હોય, જડ જગત પ્રત્યે વૈરાગ્ય જગાડતાં હોય. જીવસૃષ્ટિ પ્રત્યે આત્મીયતા અને સહાનુભૂતિભર્યા વ્યવહારનાં ઉદ્‌બોધક હોય, પરમાત્મભક્તિનાં પોષક તથા દેહાત્મબુદ્ધિની ભ્રાંતિમાંથી મુક્ત કરી સ્વરૂપપ્રાપ્તિની પ્રેરણા અને માર્ગદર્શન આપતાં હોય. આવું સાહિત્ય મુમુક્ષુ માટે 'પોતાનું', બીજું બધું 'પારકું'[1] —પછી ભલેને એ પોતાના મત-પંથનું લેબલ ધરાવતું કાં ન હોય. જેનામાં સાચી મુમુક્ષા પ્રગટી હોય છે તે આત્માઓ આંતરસૂઝ વડે સ્વત: આ વિવેક કરી લે છે. એમની દૃષ્ટિ એટલી નિર્મળ અને પારદર્શી થઈ ગઈ હોય છે કે તે સાચો માર્ગ આપમેળે શોધી કાઢે છે. માર્ગાનુસારી પ્રજ્ઞા આ વિવેક સહજ કરી લે છે.[2] એટલે તત્ત્વગ્રાહી દૃષ્ટિવાળા સાધકો સ્વ-પર દર્શનના આત્મદર્શી આપ્તપુરુષોનાં વચનમાંથી પોતાને જોઈતું માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત કરીને આત્મવિકાસ સાધી શકે છે.

આત્મજ્ઞાની મહાપુરુષોનાં રચેલાં ગ્રંથોનું શ્રવણ–વાંચન–મનન સર્વ દેશ-કાળ-પંથના મુમુક્ષુઓને ઉપકારક બની શકે છે. કિંતુ, એવા ગ્રંથોમાંય કાળના વહેણ સાથે કચરો-કસ્તર પેસે છે; વળી, કોઈ પણ સારી વસ્તુની નકલ જગતમાં થતી જ રહે છે તેમ સત્યનો સાક્ષાત્કાર પામ્યા વિનાની વ્યક્તિઓની કૃતિઓ પણ ધર્મશાસ્ત્રો તરીકે ખપતી હોય છે. તેથી, આત્મજ્ઞ સદ્‌ગુરુના વિરહમાં શ્રેયાર્થીએ જાગૃત રહી સ્વપ્રજ્ઞાથી 'શાસ્ત્રો'ને પારખવાં ઘટે. જીવોના વધની પ્રેરણા જે આપતા હોય, નિમ્ન વાસનાઓ, વિકારો અને ક્ષુદ્ર તૃષ્ણાઓને જે પોષણ અને ઉત્તેજન આપતા હોય, સ્વમત-પંથ-સંપ્રદાય સિવાયના અન્ય મત-પંથો પ્રત્યે દ્વેષ, ઘૃણા કે તિરસ્કારની લાગણીને જે બહેકાવતા હોય કે અહં-મમની વૃત્તિને જેમાંથી ઉત્તેજન મળતું હોય એવા ગ્રંથો આત્મજ્ઞાની પુરુષોની કૃતિ હોઈ ન શકે. આત્માનુભૂતિસંપન્ન મહાપુરુષોના ગ્રંથોની કેટલીક આગવી વિશેષતાઓ હોય છે: એ ગ્રંથો—

૧. જીવમાત્ર પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ અને આત્મીયતાભર્યો વ્યવહાર કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપતા હોય છે;

૨. કોઈ ભૌતિક તૃષ્ણા કે વાસનાની પુષ્ટિ ન કરતાં, સર્વ તૃષ્ણા અને વાસના-વિકારોથી ઉપર ઊઠવાની પ્રેરણા અને માર્ગદર્શન આપતા હોય છે; અને

૩. આત્મોન્નતિ અર્થે બહાર ભટકવા કરતાં પોતાના હૃદયમંદિરમાં બિરાજતા આત્મદેવનાં દર્શન કરવા—તેની સાથે સંપર્ક સ્થાપવા—અંતરમાં જ ઊંડા ઉતરવાનો તે અનુરોધ કરતા હોય છે.

આ જાગૃતિપૂર્વક શાસ્ત્રશ્રવણ—વાંચન—અધ્યયન કરનાર નિરાગ્રહ વૃત્તિવાળા જિજ્ઞાસુઓ પોતાને જોઈતું માર્ગદર્શન અને પ્રેરણા ગમે ત્યાંથી મેળવી લઈ આગળ વધે છે. બીજી બાજુ જેનામાં માર્ગાનુસારી પ્રજ્ઞાનો ઉઘાડ ન થયો હોય તે વિશુદ્ધ મોક્ષમાર્ગપ્રદર્શક જિનવચનને સમજવામાં પણ ગોથું ખાઈ જઈ, નિશ્ચય-વ્યવહાર કે ઉત્સર્ગ-અપવાદાદિ કોઈ ગૂંચમાં અટવાઈને ખોટે ચાળે ચડી જાય છે. આથી, શ્રી જિનેશ્વરદેવકથિત અને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરેલ દ્વાદશાંગી પણ દશ પૂર્વ કે તેથી અધિક શ્રુતબોધવાળા સિવાય બીજાને માટે એકાંતે સમ્યગ્શ્રુત નથી બનતી; જ્યારે પ્રશમાદિ ગુણસંપન્ન સમ્યક્દૃષ્ટિને (અને સમ્યક્ત્વાભિમુખ આત્માઓને) અન્ય દર્શનના શાસ્ત્રગ્રંથો જ માત્ર નહિ પણ નૃત્ય નાટય આદિ બહોંતેરે કળાના ગ્રંથો પણ સમ્યગ્શ્રુતરૂપે પરિણમે છે;[૩] કારણ કે, માર્ગાનુસારી પ્રજ્ઞાના બળે તેઓ એ ગ્રંથોમાંથી પણ સાધનાને ઉપયોગી તત્ત્વ તારવી લઈ, બાકીની વાતોને નિઃસાર જાણી એની ઉપેક્ષા કરવાની ક્ષમતા ધરાવતા હોય છે.

## શ્રુત—સમ્યગ્ કે મિથ્યા બને છે ગ્રાહકના આધારે

કોઈ પણ ગ્રંથમાંથી વ્યકિતને પોતાની આધ્યાત્મિક ભૂમિકા, પૂર્વસંસ્કાર અને બૌદ્ધિક વિકાસ અનુસારે અર્થબોધ થાય છે. કોઈ એક શાસ્ત્રમાંથી સૌને એકસરખો બોધ થતો નથી. આથી કોઈ પણ શ્રુત, ગ્રહણ કરનારની દૃષ્ટિ—વિવેકબુદ્ધિ કે તેના અભાવ—અનુસારે સમ્યક્ બને છે કે મિથ્યા.

પોતપોતાની વિકાસભૂમિકા અનુસાર જુદી જુદી વ્યક્તિઓનું અર્થઘટન જુદું રહેતું હોવાથી, પોતપોતાના મત-પંથ-સંપ્રદાયના ગ્રંથોમાંથી સામાન્યજનો તત્ત્વને જે રીતે સમજતા હોય છે તે જ ભાવમાં, તે તે

મત-પંથ-સંપ્રદાયના આગળ વધેલા સાધકો સમજતા હોય એવું નથી બનતું.

આધ્યાત્મિક જગતનાં ગહન રહસ્યોનો લાભ બાળજીવોને-સામાન્ય જનસમૂહને-સરળતાથી મળી રહે તે માટે ઘણીવાર ઉપમાઓ કે સંકેતો દ્વારા એ વાતો જ્ઞાનીઓ વહેતી કરે છે, પણ લાંબા ગાળે એ ઉપમાઓ અને સંકેતો પાછળની ભાવના વિસ્મૃત થઈ જાય છે અને તેના સ્થૂલ અર્થ જ ચલણી રહે છે. ઉદાહરણ તરીકે, ભગવદ્‌ગીતાના પ્રથમ અધ્યાયને સામાન્ય માનવી અક્ષરશઃ સ્વીકારી લઈ, એ અર્થઘટન કરે છે કે યુદ્ધ માટે નિરુત્સાહી અર્જુનને શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રમાં લડવાને માટે સજ્જ કરે છે: જ્યારે વિમર્શશીલ સાધકો એને રૂપક તરીકે સ્વીકારી જુદું અર્થઘટન કરે છે. એ કહે છે કે 'અર્જુન' એ નિર્વિણ્ણ શિષ્ય છે, 'કૃષ્ણ' એ માર્ગ-દર્શક ગુરુ છે અને શુભ–અશુભ વૃત્તિઓ વચ્ચે પ્રતિપળ સંઘર્ષ જ્યાં ચાલતો જ રહે છે તે મન છે 'કુરુક્ષેત્ર'. આત્માનું સર્વ ઐશ્વર્ય અને આધિપત્ય ઝૂંટવી લઈ દેહરૂપી રાજ્યનો ધણીરણી થઈ બેસનાર અહં એ જ 'ધૃતરાષ્ટ્ર', ને કૌરવો છે અશુભ વૃત્તિઓ. જીવાત્મા જન્મોજન્મથી તેમને પોષતો આવ્યો હોવાથી તેને તે આત્મીય સ્વજન જેવી લાગે છે. એટલે, શુભવૃત્તિઓરૂપ પાંડવોના પક્ષમાં રહી અશુભ વૃત્તિઓ સામે જીવાત્મા યુદ્ધ જાહેર કરે તો છે, પણ એમની સાથે ખરેખર લડવાનો પ્રસંગ આવે છે ત્યારે એ ગળીઓ થઈ બેસી પડે છે. તે વખતે ગુરુ–'કૃષ્ણ' તેને ફરી ટટ્ટાર કરે છે. પ્રથમ અધ્યાયના પૂર્વોક્ત સ્થૂળ અર્થ કરતાં આ આધ્યાત્મિક અર્થઘટન ગીતાના બાકીના અધ્યાયોમાં જે નિરૂપણ છે તેની સાથે વધુ સુસંગત છે. એ જ રીતે, વિકસિત ચેતનાવાળા સાધકો શિવ-પાર્વતી કે કૃષ્ણ-રાધાને દંપતી રૂપે ન જોતાં, આત્મા અને તેની શક્તિના પ્રતીક તરીકે જોતા હોય છે. અર્થાત્ જુદા જુદા નામ અને પ્રતીકો દ્વારા પણ, વિકસિત ચેતનાવાળા સાધકો સર્વજ્ઞતત્ત્વની જ ઉપાસના કરતા હોય છે.[૪] એના એ જ પ્રતીકો, શબ્દો કે ગ્રંથોમાંથી બધાને એકસરખો અર્થબોધ થતો નથી; આથી, કોઈ એક નામ કે પ્રતીકની ઉપાસનાં કરનારા કે કોઈ એક ગ્રંથને પ્રમાણ માનનારા પણ વિવિધ ભૂમિકાએ રહેલ મુમુક્ષુઓ, પોતપોતાની આંતરિક વિકાસ-ભૂમિકા મુજબ, ભિન્ન ભિન્ન વિચારધારાથી પ્રભાવિત હોઈ શકે છે.

એ દેખીતું જ છે કે ઉપમાઓ કે સંકેતો દ્વારા આધ્યાત્મિક તથ્યોનું નિરૂપણ કરતા શાસ્રો કરતાં સુસ્પષ્ટ અને વૈજ્ઞાનિક શૈલીએ તત્ત્વનિરૂપણ કરતા શાસ્ત્રગ્રન્થો મુમુક્ષુના વધુ સારા પથદર્શક બની શકે. તેમાંથી સાધના-માર્ગનું સ્પષ્ટ અને ચોક્કસ માર્ગદર્શન શ્રેયાર્થીને મળી શકે. આ દૃષ્ટિએ જોતાં, જૈન સાધકો બડભાગી ગણાય. વૈજ્ઞાનિક ચોકસાઈપૂર્વકની સુસ્પષ્ટ અને નિશ્ચયાત્મક નિરૂપણ શૈલી એ જૈનશાસ્રોની આગવી વિશેષતા છે. જૈનશાસ્ત્રકારોએ ભેદ–ભાંગા–પ્રકાર, નયનિક્ષેપ, નિશ્ચય-વ્યવહાર અને ઉત્સર્ગ-અપવાદની આગવી પરિભાષા યોજી કોઈ પણ કથનમાં લેશ પણ સંદિગ્ધતા ન રહે એ માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. આથી, એ શાસ્ત્રગ્રંથોનું અવલંબન પ્રાપ્ત કરનાર જૈન સાધકોને નિર્મળ સુસ્પષ્ટ જીવનદૃષ્ટિ સુલભ હોવી જોઈએ. કિંતુ, ભાષાની એક મર્યાદા છે. શબ્દો પણ આખરે તો સંકેત જ છે ને? લેખક કે વકતાના અંતરગત ભાવોનો સંકેત જ એ શબ્દો આપી શકે. શ્રોતાની પાસે એ ભાવોને ઝીલવા—સમજવા માટે આંતરસૂઝની મૂડી હોય તો જ તે એ શબ્દોનો સાચો મર્મ પામી શકે છે, અન્યથા તે પોતાના જ ભાવોનો પ્રક્ષેપ એ શબ્દોમાં કરી લે છે. આથી, જૈનોમાં પણ સાધનાપદ્ધતિવિષયક એકબીજાથી જુદી પડતી વિભિન્ન વિચારધારાઓ આજે પ્રચલિત છે; અને જૈનસંઘ વિચાર-આચારવિષયક એ મતભેદોના કારણે અનેક છાવણીઓ-ફિરકાઓ-સંપ્રદાયો-ગચ્છો-સમુદાયોમાં વહેંચાઈ ગયો છે. પકવ મુમુક્ષામાંથી સહજ ઉદ્‌ભવતી આંતરસૂઝ જેને પ્રાપ્ત નથી થઈ હોતી તેવા આત્માઓ અસં-દિગ્ધ અને સુસ્પષ્ટ શાસ્રોના ય અર્થઘટનમાં ગોથું ખાઈ જાય છે અને ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર કે જ્ઞાન-ક્રિયા વગેરેની કોઈક ગૂંચમાં અટવાઈ જઈ, સાચા સાધનામાર્ગથી દૂર ફંટાઈ જાય છે.

## દૃષ્ટિરાગથી મુકત તત્ત્વગ્રાહી તટસ્થ દૃષ્ટિ

આથી ઊલટું, માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા આત્માઓ ભિન્ન ભિન્ન મત-પંથના ગ્રંથો અને વિભિન્ન પરિભાષામાંથી પણ સાધનાને ઉપયોગી પ્રેરણા અને પથદર્શન પ્રાપ્ત કરી લે છે. દેશ–કાળ–ભાષાના ફેરથી એક જ વસ્તુ જુદા જુદા નામે ઓળખાય છે, તેમ ભિન્નભિન્ન દર્શનો, પોતપોતાની આગવી પરિભાષાના કારણે, એક જ ધર્મતત્ત્વને નિરનિરાળાં

નામે ઓળખાવતાં હોય એટલા જ માત્રથી સારગ્રાહી દૃષ્ટિવાળો મુમુક્ષુ એનો સ્વીકાર કરતાં અચકાતો નથી—અચકાવું જોઈએ પણ નહિ.[૫] જૈનાગમમાં જણાવેલ તથ્ય કે વિધિનિષેધ અન્ય મતના શાસ્ત્રોમાં જુદા નામે અને જુદી પરિભાષામાં પ્રતિપાદિત થયેલાં હોય એટલા જ માત્રથી એને જુદાં માનવાં કે અમાન્ય કરવાં એ ધર્મશ્રદ્ધાનું નહિ પણ દૃષ્ટિસંમોહનું—દૃષ્ટિરાગનું—અજ્ઞાનનું—અંધશ્રદ્ધાનું લક્ષણ છે.[૬] જે ધર્મતત્ત્વ, વિધિ-નિષેધ કે કર્મકાંડ રાગ, દ્વેષ અને મોહરૂપ ચિત્તના મળનો નાશ કરવામાં ઉપયોગી થતાં હોય તે ચાહે તે મત-પંથ-શાસ્ત્ર દ્વારા અને ચાહે તે પરિભાષામાં રજૂ થયેલાં હોય તો યે તે સર્વજ્ઞસંમત જ છે.[૭]

'અન્ય દર્શનીએ કરેલું કથન આપણાથી માન્ય રાખી શકાય ખરું?' —આ આશંકાનું નિરાકરણ કરતાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, "જે વચન અર્થથી જિનાજ્ઞા સાથે સંગત હોય તે ભલેને અન્યનું હોય, તેને અયુક્ત ન કહી શકાય." માર્ગના ત્રિભેટે પથદર્શક પાટિયાની ગરજ સારે તેવું આ વચન, મુક્તિપથના સર્વ પથિકોએ અને જિજ્ઞાસુઓએ હૈયે કંડારી રાખવા જેવું છે. આ અલ્પાક્ષરી વિધાન ઉપર વિવેચન કરતાં 'ઉપદેશરહસ્ય' નામના ગ્રંથની સ્વરચિત ટીકામાં તેઓશ્રીએ ફોડ પાડ્યો છે કે—

"ભલે અન્યકથિત હોય, પણ જે વચન અર્થથી જિનાજ્ઞા સાથે સંગત હોય, તે સ્વીકાર્ય જ છે. કોઈ કહેશે કે 'તે ભલે સાચું હોય, પણ ખોટી પરંપરામાં પડ્યું હોવાથી અપ્રામાણિક ઠરે છે.' કિંતુ, એમ ન કહી શકાય; કારણ કે, જે કંઈ સારું છે તે બધું દૃષ્ટિવાદમાંનું જ છે, અર્થાત્ એ જિનોક્ત જ છે. એ ખરું કે, કંઈ પણ સમજ્યા-વિચાર્યા વિના અન્યનું વચન એમ ને એમ સ્વીકારી લેવું જોખમી છે. કિંતુ, વિચાર-વિમર્શ કરતાં જિનાજ્ઞા સાથે જે સંગત જણાય—પછી ભલેને તે જુદા જુદા શબ્દોમાં કહેવાયું હોય—તેને સ્વીકારવામાં કંઈ અનુચિત થતું નથી. એ રીતે જ તો મિથ્યાશ્રુત સમ્યગ્દૃષ્ટિને સમ્યક્શ્રુત બને છે ને? કોઈ વાત બીજાએ કહેલી છે એટલા માત્રથી જ તેનો અનાદર કરવો એમાં નર્યું અજ્ઞાન જ છતું થાય છે. સુવિહિતશિરોમણિ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ તો કહે છે કે, 'અર્થથી જેને જિનાજ્ઞા સાથે બાધ ન હોય તે વચન પ્રત્યે દ્વેષ-અરુચિ રાખવાં એ મોહનો જ એક ચાળો છે.'"[૮]

કેટલીક વખત તો, એક જ વાતને પુષ્ટ કરતું આવું, ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી અને નિરનિરાળી પરિભાષામાં થયેલું નિરૂપણ વસ્તુને વિશદરૂપે સમજવામાં ઊલટું સહાયક નીવડે છે. આથી, સ્વસમય અને પરસમય અર્થાત્ પોતાના મતના અને અન્ય મતના શાસ્ત્રગ્રંથોનું પરિશીલન કરવાની અપેક્ષા શાસ્ત્રકારોએ પ્રબુદ્ધ મુમુક્ષુ પાસેથી રાખી છે.[૯] આપણા શ્રમણસંઘમાં એ માન્યતા સામાન્યત: પ્રચલિત છે કે ન્યાયદર્શનના ગ્રંથોના અધ્યયન–પરિશીલન દ્વારા બુદ્ધિ પરિમાર્જિત થઈ હોય તો સ્વદર્શનના શાસ્ત્રગ્રંથોને વધુ સારી રીતે સમજી શકાય. આથી બુદ્ધિમાન મુનિઓ માટે ન્યાયદર્શનનું અધ્યયન ત્યાગી વર્ગમાં અનિવાર્ય મનાઈ રહ્યું છે. પરિભાષાની સૂક્ષ્મતા સમજવા માટે એ ત્યાગી વર્ગ જેમ ન્યાયદર્શનનું અધ્યયન ઉપયોગી માને છે તેમ હઠ, રાજ, ભક્તિ કે જ્ઞાનયોગની વિશિષ્ટ પ્રક્રિયાઓની વિશદ સમજ અર્થે તે તે યોગપ્રણાલિના આત્મજ્ઞાનસંપન્ન સંતો અને સાધકોના અનુભવો આદિનું નિરૂપણ કરતાં ગ્રંથો વિવેકી જિજ્ઞાસુઓને ઉપકારક ન બની શકે?

માટે, પોતાના વાંચન-મનન-સ્વાધ્યાય અર્થે ગ્રંથની પસંદગી કરતી વખતે તે પોતાના મત-પંથ-સંપ્રદાયના લેખકની કૃતિ છે કે નહિ એ જ એક માત્ર કસોટીનો ઉપયોગ કરવા કરતાં, તે આત્માનુભૂતિસંપન્ન પુરુષની કૃતિ છે કે નહિ એ કસોટી વડે મુમુક્ષુએ તેનું મૂલ્યાંકન કરવું શ્રેયસ્કર છે.

## પ્રથમ શું–દાર્શનિક વિવાદ કે સાધના?

આપણાં કેટલાંક ત્યાગી વર્તુળોમાં તેજસ્વી દીક્ષાર્થીઓને તેમજ નૂતન દીક્ષિતોને ન્યાય-વ્યાકરણના અભ્યાસમાં જોડી દેવામાં આવતાં હોય છે. આનું આંધળું અનુકરણ સ્વાધ્યાયરુચિ સાધકે કરવું ઈષ્ટ નથી. સાધક-જીવનની દૃષ્ટિએ એ પ્રથા કેટલે અંશે હિતપ્રદ છે એ એક વિચારણીય મુદ્દો છે.

સાધકનું મૂળ ધ્યેય તો પોતાની આંતરપ્રકૃતિ ઉપર વિજય મેળવી વાસનાઓ, વિકારો અને તૃષ્ણામાંથી મુક્ત થઈ જવાનું છે. એ માર્ગે પંથ કાપવા માટે જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા મેળવવા માટે તે શ્રવણ–વાંચન—અધ્યયન કરે. આમ મૂળ ધ્યેયની અપેક્ષાએ શાસ્ત્રાધ્યયન એ પણ

એક સાધન છે. ભાષા—ન્યાયવ્યાકરણનું અધ્યયન—તો એ સાધનનું યે સાધન માત્ર છે. એ અધ્યયનની પાછળ મુમુક્ષુએ સમય અને શક્તિ કેટલાં ખરચવાં આવશ્યક ગણાય? જિંદગીનાં અમૂલ્ય વર્ષો કેવળ આ અધ્યયનમાં ખર્ચાઈ જાય અને સાધકજીવનમાં ઉપયોગી બાબતોનું—સાધનાનાં અંગોનું—જ્ઞાન મેળવવા માટે તેમજ સાધનામાં ઊંડા ઊતરવા માટે પછી અવકાશ જ ન રહે તો, એ સાધક-જીવનની કેવી કરુણતા ગણાય!

વળી, એ પણ ખ્યાલમાં રહે કે શાસ્ત્રવચનોનું હાર્દ કેવળ ન્યાય-વ્યાકરણના નૈપુણ્યથી હાથ લાગતું નથી; શાસ્ત્રનો મર્મ સાધનાથી મળે છે. અહીં પ્રશ્ન એ રહે છે કે દાર્શનિક સિદ્ધાંતોનો નિર્ણય કરવો એ શું મુમુક્ષુ માટે જરૂરી નથી? પ્રારંભિક ભૂમિકાએ સાધકે પોતાના સંવેગ, નિર્વેદ, વિવેક, વૈરાગ્યાદિ ગુણોના ધારણ-પોષણમાં જે દાર્શનિક માન્યતા પોતાને ઉપયોગી જણાતી હોય તેનો આધાર લઈ આગળ વધવું જોઈએ. પોતાની ચિત્તશુદ્ધિ અને જીવનશુદ્ધિ સાથે જેને લેવાદેવા નથી તે દાર્શનિક માન્યતાઓના ખંડન-મંડનમાં તેણે પોતાની શકિત વેડફી નાખવી ન જોઈએ. ભિન્ન ભિન્ન દર્શનોના તાત્ત્વિક પ્રવાહોનો નિર્ણય કરવામાં અટવાતાં પહેલાં, મુમુક્ષુએ સ્વમતના કે પરમતના અનુભવી સંતોના ઉપદેશમાંથી વૈરાગ્યાદિની પોતાને જરૂરી પ્રેરણા અને માર્ગદર્શન મેળવી પોતાના જીવનઘડતરમાં રસ લેવો અને મૈત્રી, પ્રેમ, મુમુક્ષા, વૈરાગ્ય, શીલ, સદાચાર, સંતોષ, સમત્વ આદિ ગુણોનું બળ પોતાનામાં વધારવું એ જ શ્રેયસ્કર માર્ગ છે.[૧૦] એ ગુણો દૃઢ ન થયા હોય તે પહેલાં દર્શનોના વાદ-વિવાદમાં પડવાથી ચિત્તનું સમાધાન થવાને બદલે વિક્ષેપ વધે છે અને તત્ત્વનો નિર્ધાર થવો તો દૂર જ રહે છે.[૧૧]

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાં આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ અનુરોધ કરે છે કે "અતીન્દ્રિય વિષયોનો નિર્ણય યોગસાધનાના પરિપાકજન્ય અતીન્દ્રિય જ્ઞાન વડે જ થવો સંભવે, માટે અતીન્દ્રિય જ્ઞાન વિના એ વિષયમાં વિવાદ કરવો એ આંધળા માણસો (કોઈ વસ્તુના રંગ વિશે) વિવાદમાં ઊતરે તેના જેવું નિરર્થક છે."[૧૨]

આથી, સાધક માટે પ્રારંભિક ભૂમિકાએ તો દાર્શનિક વિવાદ વર્જ્ય જ છે. કોરો તર્ક તત્ત્વનિર્ણય કરવામાં અસમર્થ છે.[૧૩] સ્થૂળ વિષયોમાં

પણ કેવળ તર્કદ્વારા નિર્ણય ઉપર આવવું મુશ્કેલ રહે છે. એસ૦ બી૦ રોય કૃત 'ડેટ ઑફ ધ મહાભારત બેટલ' નામનું પુસ્તક આનું એક સારું ઉદાહરણ પૂરું પાડે છે. મહાભારતનું યુદ્ધ કયારે લડાયું તે અંગે ઈતિહાસવિદોમાં થોડા સમયથી ઉગ્ર વિવાદ ચાલી રહ્યો છે, એના સંદર્ભમાં એ પુસ્તક લખાયું છે. ભારતીય પરંપરામાં પ્રચલિત માન્યતા એ છે કે એ મહાયુદ્ધ ઈ૦ સ૦ પૂર્વે ૩૧૦૨માં લડાયું હશે. જયારે જુદા જુદા વિદ્વાનોના તારણ અનુસાર એ યુદ્ધ ઈ૦ સ૦ પૂર્વે ૨૫૦૦માં કે ઈ૦ સ૦ પૂર્વે ૧૪૫૦માં કે ઈ૦ સ૦ પૂર્વે ૯૫૦માં ખેલાયું હોવું જોઈએ. આ બાબત વિચાર-વિમર્શ કરીને નિર્ણય ઉપર આવવા માટે સંમેલનો અને પરિષદો યે યોજાયાં છે, પણ તે છતાં આ મહાયુદ્ધના સમય અંગે હજુ એકવાક્યતા સાધી શકાઈ નથી. પચાસ રૂપિયાંની કિંમતના ઉપર્યુકત પુસ્તક (પ્રકાશક: ધ એકેડેમિક પ્રેસ, હરિયાંણા)માં તેના લેખકે, ખગોળશાસ્ત્રીય પુરાવાના આધારે, મહાભારતનો સમય ઈ૦ સ૦ પૂર્વે ૧૪૨૪-૧૪૧૪ હોવાનું પ્રતિપાદન કરવા પ્રયાસ કર્યો છે, પણ આ કોયડાના ઉકેલની દિશામાં એ ભાગ્યે જ એક ડગલું આગળ લઈ જતું હશે.

આમ, એકલા તર્કથી કોઈ વાતના તંતનો અંત આવતો નથી. ચિત્તશુદ્ધિ વિના એકલું તર્કકૌશલ તત્ત્વનિર્ણયમાં વિફળ રહે છે એટલું જ નહિં, તે મિથ્યાભિમાનને પોષે છે.[૧૪] આથી કોરી દાર્શનિક ચર્ચા સંસારવૃદ્ધિમાં પરિણમે એ પણ સંભવિત છે.[૧૫] માટે, દાર્શનિક વિવાદથી બચવાનો અનુરોધ કરીને, અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજે વિભિન્ન મતોના આ અરણ્યને સાધકે કઈ રીતે વટાવી જવું એ અંગે પથદર્શન કરતાં કહ્યું છે કે,

"... ... ... ... ... ... પક્ષપાત સબ છંડી,  
રાગ-દ્વેષ-મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી,  
આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં ના'વે;  
વાગ્ જાલ બીજું સહુ જાણે, એક તત્ત્વ ચિત્ત ચાવે,  
જેણે વિવેક ધરી એ પખ ગ્રહીઓ, તે તત્ત્વજ્ઞાની કહીએ.'

અર્થાત્ દાર્શનિક વિવાદમાં ન અટવાતાં સાધનામાં લાગી જવું એ જ સાધકને માટે શ્રેયસ્કર માર્ગ છે.

જે દર્શનોને ખોટાં-મિથ્યાદર્શન-માનવામાં આવે છે તે હકીકતે તો

કોઈ એક નયથી સાચાં હોય છે. કિંતુ "એ એક નય જ પૂર્ણ સત્ય છે અને અન્ય બધું ખોટું છે" એવો કદાગ્રહ જ તે દર્શનના આંશિક સત્યને મિથ્યા ઠેરવે છે; અર્થાત્ તે દર્શન મિથ્યા છે એવું નથી, પણ તેની સાથે ભળેલ હઠાગ્રહ—'જ'કાર જ એ અમૃત કટોરાને વિષ બનાવી મૂકે છે. 'એ આંશિક સત્ય છે' એવી સમજપૂર્વક, અન્ય નયોને સાપેક્ષ રહીને જે વ્યકિત એનો સ્વીકાર કરે છે તેને માટે એ દર્શન 'મિથ્યા' નથી રહેતું.

તત્ત્વજ્ઞાની કોઈ એક દૃષ્ટિકોણમાં જ પૂર્ણ સત્ય હોવાનો આગ્રહ નથી રાખતો.[૧૬] તર્કશાસ્ત્રના પ્રકાંડ પંડિત ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ તો ત્યાં સુધી કહે છે કે "તાત્પર્ય જોઈ શકનારને માટે મુક્તિપથ-પ્રદર્શક શાસ્ત્રોમાં અને દર્શનોમાં ભેદ જ નથી રહેતો! નયભેદથી દેશના જુદી પડતી હોવાથી સ્થૂલ બુદ્ધિવાળાઓ તેમાં ભેદ ભલે કલ્પે. પરંતુ એમાં તો એ ભેદ જોનારાઓનાં અજ્ઞાન અને મોહ જ છતાં થાય છે."[૧૭] આત્માનુભવ નથી થયો હોતો ત્યાં સુધી જ આ વિવાદમાં રસ રહે છે.[૧૮]

અપરોક્ષાનુભવ પછી અનેકાંતદૃષ્ટિ પૂર્ણપણે ખીલે છે અને આત્મ-સ્વરૂપાદિને સ્યાદ્વાદની દૃષ્ટિથી યથાર્થપણે સમજી શકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. જેમનું અંતર ઘણે અંશે નિર્મળ થઈ ચૂકયું હોય અને અપરોક્ષાનુભવની પ્રાપ્તિ જેમને નિકટમાં જ થવાની હોય એવા આત્માઓ પણ, કદાગ્રહથી દૂર રહે છે તેમજ દાર્શનિક વિવાદમાં અટવાવાની ઉપર્યુક્ત ભૂલ કરતા નથી. જ્યારે તે પૂર્વે દેવતત્ત્વ, પરમાત્મતત્ત્વ અને આત્મતત્ત્વના સ્વરૂપની સમજ અધૂરી અને આગ્રહવાળી હોઈ, અન્યના આંશિક સત્યને તે ન્યાય આપી શકતી નથી. પોતે સ્વીકારેલ પાસાથી જુદા પાસાને વ્યકત કરતાં અન્યનાં વચનોને તે જૂઠાં કહી ઉવેખી કાઢે છે. એ 'દર્શન' એને ખોટું લાગે છે. પરંતુ અપરોક્ષાનુભૂતિ વડે આત્મતત્ત્વનું પૂર્ણ દર્શન લાધ્યા પછી, અન્યના આંશિક સત્યની અપેક્ષા સમજી લઈને, તેનો સમન્વય કરવાની ક્ષમતા તે મહાનુભાવોને હસ્તગત થાય છે.[૧૯] માટે, પ્રારંભિક અવસ્થામાં તો સાધકે દાર્શનિક વિવાદથી અળગા રહી, પોતાની આંતરિક ગુણસંપત્તિ વધારવા પર જ લક્ષ કેન્દ્રિત કરવું ઉચિત છે.

## યથાર્થ તત્ત્વબોધ પામવાનો માર્ગ

પાંડિત્ય અર્થે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો હોય તો, બુદ્ધિની કુશાગ્રતા

અને તર્કમાં નિપુણતા—એ લાયકાત પૂરતી ગણાય. પરંતુ, આત્મવિકાસ અર્થે તેનું અધ્યયન કરવું હોય ત્યારે તર્કકૌશલ્ય અને કુશાગ્રબુદ્ધિ ઉપરાંત બીજી યોગ્યતા પણ અપેક્ષિત રહે છે.[૨૦] આધ્યાત્મિક ક્ષેત્રે વિવેક, વૈરાગ્ય, શમ, સંતોષાદિથી યુક્ત તત્ત્વચિંતન જ ઉપયોગી મનાયું છે. આથી, વેદાંતનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારમાં પણ સાધન-ચતુષ્ટય એટલે કે વિવેક, વૈરાગ્ય, ષડ્‌સંપત્તિ અને મુમુક્ષા (મુક્તિ માટેનો તલસાટ) આવશ્યક મનાયાં છે. આ ગુણસંપત્તિ વિના દર્શનોના વિવાદમાં ઊતરવાથી ચિત્તવિક્ષેપ અને અહંવૃદ્ધિ વિના બીજા કોઈ પરિણામની આશા રાખવી વ્યર્થ છે.

મલિન અંતઃકરણવાળી વ્યક્તિ યથાર્થ મોક્ષમાર્ગ સમજી શકતી નથી; અંતઃકરણ નિર્મળ થતાં યથાર્થ મોક્ષમાર્ગ એને સ્વયં સમજાય છે.[૨૧] પોતાની વર્તમાન ભૂમિકાએ જે સત્ય સમજાયું હોય તેના આચરણનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરતા રહેવાથી આગળની ભૂમિકાનાં દ્વાર ઉઘડે છે. આંતરસૂઝ—‘ઇન્ટ્યુઈશન’—આવા સાધકને યોગ્ય ગુરુ પાસે દોરી જાય છે, કે કોઈની સાથેની વાતચીત દ્વારા કે કોઈ પુસ્તકમાંથી તેને તત્કાલીન આવશ્યક પથદર્શન મળી જાય છે.

પોતાની વિકાસ-ભૂમિકાને અનુરૂપ સત્ય જ માણસ પચાવી શકે છે. ભિન્ન ભિન્ન ભૂમિકાએ માનવીનું સત્યદર્શન જુદું જુદું રહે છે; જ્યારે શાસ્ત્રોમાં તો બધી ભૂમિકાના સાધકો માટેનું માર્ગદર્શન સંગૃહીત હોય છે. એટલે શાસ્ત્રમાંથી વાચક કે શ્રોતા પોતપોતાની ભૂમિકા અનુસાર ઉપદેશનો સ્વીકાર કરે છે. એક ભૂમિકાએ જે પૂર્ણ સત્ય લાગતું હોય તે એનાથી ઉપરની ભૂમિકાએ પહોંચતાં અધૂરું લાગે છે. અને નીચેની ભૂમિકાએ જે ખોટું લાગતું હોય તે ઉપલી ભૂમિકાએ જતાં સત્ય લાગે એવો યે આ માર્ગના, સાચી દિશામાં ગતિશીલ, પ્રવાસીઓનો અનુભવ છે. ઉપલી ભૂમિકાએ રહેલ વ્યક્તિ નીચલી ભૂમિકાવાળાની અપેક્ષા સમજી શકે છે, તેથી તેનું અપેક્ષિત સત્ય પણ સ્વીકારે છે;* નીચેની

*ઉદાહરણ તરીકે, પહેલા ધોરણનો વિદ્યાર્થી આંકડાના સાદા સરવાળા બાદબાકી કરવાનું સ્વીકારશે પણ એને अ + ब + क + ड એવી રકમ લખાવશો તો એ કહી દેશે કે આ સરવાળો બાદબાકી થાય જ નહિ, રકમ ખોટી છે. દશમા કે બારમા ધોરણનો બીજગણિત ભણતો વિદ્યાર્થી સમજી શકશે કે બાળકની અપેક્ષાએ—બીજ-

ભૂમિકાએ રહેલ ઉપલી ભૂમિકાને સમજી ન શકવાથી તેને અન્યાય કરી બેસે છે—પોતાની દૃષ્ટિની યથાર્થતાના આવેશમાં, સદ્દૃષ્ટિસંપન્ન મહાપુરુષોને પણ તે ભ્રાંત કહીને ઉવેખી કાઢે છે.

માટે, દાર્શનિક વિવાદથી દૂર રહી, પોતાની વર્તમાન ભૂમિકાએ જેના વચનમાં પોતાને શ્રદ્ધા બેસતી હોય એનું માર્ગદર્શન સ્વીકારી, વ્યવહારમાં આગળ વધવા જે ખંત અને ચીવટથી માણસ પ્રયત્ન કરે છે તેવી જ નિષ્ઠાપૂર્વક આત્મોન્નતિના માર્ગે પ્રયત્ન—એટલે કે તે ભૂમિકાએ જે સત્ય પોતાને સમજાયું હોય તેને જીવનમાં વણવાનો પ્રયાસ—અનેકાન્ત દૃષ્ટિ ખુલ્લી રાખી (કશા પણ આગ્રહમાં પડ્યા વિના), કરતા રહેવાથી સમય જતાં સત્ય બે ને બે ચાર જેવું સ્પષ્ટ દેખાઈ જાય છે. આવરણ ખસતાં જ્ઞાન આત્મામાંથી જ પ્રગટે છે અને એક પલકારામાં આપણે સાવ નિ:શંક બની જઈએ છીએ.

કોઈ દાર્શનિક માન્યતા, કોરી બહુશ્રુતતા કે દાર્શનિક પટુતા ઉપર આત્મોન્નતિ અવલંબિત નથી. પરંતુ તત્ત્વભૂત સમજણનો દૃઢતાપૂર્વક અમલ કરવામાં જીવનનું સાર્થક્ય સમાયેલું છે. વિશિષ્ટ શાસ્ત્રજ્ઞાન કે બુદ્ધિપ્રતિભા વિનાના માષતુષ મુનિ રાગ-દ્વેષ ન કરવાની એક શિખામણને વળગી રહી, તેને જીવનમાં ઉતારી ઝપાટામાં તરી ગયા છે. જ્યારે મોટા મોટા પંડિતો, બહુશ્રુતો, ખંડન-મંડનના આટાપાટા ખેલવામાં અતિનિપુણ વાદીઓ અને પૂર્વધરો સુધ્ધાં તત્ત્વદૃષ્ટિને સ્પર્શવામાં અસમર્થ રહી ભવચક્રમાંથી બહાર નીકળી શક્યા નથી.

માટે, સાધકે કોઈની માન્યતાના નિષેધ-પ્રતિષેધમાં પડ્યા વિના, પોતાની દૃષ્ટિ વિશદ-વિમળ કરવાના અને પોતાની આંતરપ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાના પ્રયાસમાં લાગી જવું એ તેના હિતમાં છે.

## સાધકની સમસ્ત ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય

ખંડન-મંડનના બૌદ્ધિક આટાપાટા ખેલવાની કુશળતા એ શેતરંજની રમતની કુશળતા જેવી છે; તે ક્ષણિક આનંદ આપે છે પણ તેમાં આધ્યા-

---

ગણિતના અસ્તિત્વ વિશેના તેના અજ્ઞાનની અપેક્ષાએ—તેનું એ કથન એની દૃષ્ટિએ સાચું છે.

ત્મિક વિકાસ નથી. સમાજમાં ડિગ્રીધર તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા અર્થે જ જેને ડિગ્રી લેવી હોય તે, પરીક્ષામાં પાસ કેમ થવાય એ દૃષ્ટિએ જ પોતાના વિષયનું અધ્યયન કરે એ નભે; પણ જેને પ્રથમ હરોળના સફળ દાક્તર, વકીલ કે ઇજનેર થવું છે તે તો પોતાના ધંધામાં નિષ્ણાત બનવાના ધ્યેયપૂર્વક જ પોતાના વિષયનો અભ્યાસ કરશે. કોરું પાંડિત્ય નહિ પણ જીવનોપયોગી જ્ઞાન હસ્તગત કરવા તે પ્રયત્નશીલ રહેશે. તેમ, સાચો મુમુક્ષુ પણ મુક્તિસાધનાના માર્ગે આગળ ધપવામાં સહાયભૂત થતું હોય એ જ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે. સાધકની જ્ઞાનપ્રવૃત્તિનું કેન્દ્ર શું હોવું ઘટે તે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સંક્ષેપમાં એક જ દુહામાં કહી દીધું છે:

"યોગગ્રંથ જલનિધિ મથો, મન કરી મેરુ મથાન;
સમતા અમૃત પાય કે, હો અનુભવ રસ જાણ."

યોગગ્રંથોનું મંથન કરી, તેમાંથી સાધનાની ચાવીઓ હસ્તગત કરી, સમત્વરૂપ અમૃત પ્રાપ્ત કરવું અને આત્માનુભવનો આસ્વાદ મેળવવો; અર્થાત્ શ્રેયાર્થીના શ્રવણ–વાંચન–શાસ્ત્રાભ્યાસનું પ્રેરક તત્ત્વ હોય જીવન-પરિવર્તન, માત્ર માહિતી કે વાક્પટુતા નહિ—Not information only, but transformation. માટે, સંસારથી વિરક્તચિત્ત અને તરવાનો કામી સાધક સાધનાકાળ દરમ્યાન અન્ય દર્શનોના સાહિત્યનું પરિશીલન પોતાની તત્ત્વદૃષ્ટિની પરિપક્વતા અને આંતરનિર્મળતામાં તેનાથી મળતી સહાય અર્થે જ કરે, નહિ કે વાદવિવાદ અને ખંડનમંડન અર્થે; તો, મિથ્યા શ્રુત પણ એને માટે સમ્યગ્ શ્રુત બની રહે છે.[૨૨]

પોતાનાં શ્રવણ, વાંચન અને શાસ્ત્રાધ્યયન પોતાને કયાં લઈ જઈ રહ્યાં છે? એનાથી સાધનાવિષયક પોતાની સમજણ વધુ વિશદ અને પારદર્શી બને છે કે નહિ અને પોતાનાં વિવેક, વૈરાગ્ય, અંતર્મુખતાદિમાં વૃદ્ધિ થઈ રહી છે કે કેમ?—આ ચકાસણી કર્યા વિના ધ્યેયલક્ષી જાગૃત સાધક રહી ન શકે. એટલું જ નહિ, પોતાની અન્ય સાધનાપ્રવૃત્તિનું પણ નિરીક્ષણ-પરીક્ષણ તે કરતો જ રહેવો જોઈએ.

સાધક એ તથ્ય સ્મૃતિ બહાર જવા ન દેવું જોઈએ કે તેને માટે ખરું કુરુક્ષેત્ર તેનું પોતાનું ચિત્ત જ છે. ક્રમશઃ ચિત્તશુદ્ધિ, સમત્વનો

વિકાસ અને આત્માનુભૂતિ એ તેની સમસ્ત ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય બની રહેવું જોઇએ.

## આપણી ધર્મપ્રવૃત્તિની યથાર્થતાની કસોટી

મધ્યસ્થબુદ્ધિ, પૂર્વગ્રહોનો પરિત્યાગ, નિર્મળ અંતઃકરણ અને સત્ય પામવાની તીવ્ર ઝંખના હોય તો જ ઉપર્યુક્ત અન્વેષણ અને આત્મ-નિરીક્ષણ એને એની સાધનાનું યથાર્થ દર્શન કરાવી શકે.

આપણે ત્યાં સામાન્યતઃ બાહ્ય તપ, ત્યાગ અને તિતિક્ષાની માત્રા સાથે જ વૈરાગ્યને સાંકળી દેવામાં આવે છે અને ક્રિયાકાંડની પ્રવૃત્તિથી વ્યક્તિની ધાર્મિકતાનો આંક મૂકાય છે. કિંતુ, આપણે એ જોઈ ગયા છીએ કે લોકોત્તર ધર્મની આરાધના કેવળ પોતાના મત-પંથ-સંપ્રદાયનાં બાહ્ય અનુષ્ઠાનો અને ક્રિયાકાંડ પૂરાં કરી આપવામાં કે બાહ્ય તપ-ત્યાગમાં સમાઈ જતી નથી. સાધકે બાહ્ય તપ અને ભોગોપભોગના ત્યાગની માત્રા ઉપર જ મુસ્તાક ન રહેતાં, એની સાથે ચિત્તગત વિરાગ અને સ્વરૂપજાગૃતિ ભળે છે કે નહિ તે પણ જોવું રહ્યું. આપણા બંધનનું કારણ કેવળ વિષયોનો ભોગ-ઉપભોગ નથી; પણ આસક્તિ, અહંકાર અને કર્તૃત્વાભિમાન પણ છે.[૨૩] દેહાત્મબુદ્ધિ એ બધાનું મૂળ છે. એ દેહાત્મબુદ્ધિ ટળે નિજ શુદ્ધ સ્વરૂપના અનુસંધાનથી. એના વિનાની એકલી વિષયનિવૃત્તિ મુક્તિસાધનામાં વિફળ રહે છે, એટલું જ નહિ, કેટલીક વાર તે અહંવૃદ્ધિ અને દાંભિકતાની પોષક બની ઊલટી વધુ નુકસાનકારક પણ નીવડે છે.[૨૪]

વૈજ્ઞાનિકો પ્રયોગોના આધારે સિદ્ધાંત તારવે છે. સિદ્ધાંતની સત્યતા લેબોરેટરીમાં 'પ્રેક્ટિકલ ડેમોન્ટ્રેશન'—પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા નવા અભ્યાસી-ઓને (આજે સ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓને પણ) બતાવવામાં આવે છે, કારણ કે, નજરે દીઠી વાત વધુ વિશ્વસનીય બને છે. થિયરીમાં જણાવેલું પરિણામ, તેના આધારે કરવામાં આવતા પ્રયોગમાં દેખાવું જોઈએ. એ તે થિયરીની સત્યતાની પ્રતીતિ જન્માવે છે. એ પરિણામ ન દેખાય તો સમજવું રહ્યું કે કાં પ્રસ્તુત થિયરી ખોટી છે, કાં પ્રયોગ-વિધિમાં કયાંક સ્ખલના થઈ રહી છે. આપણી ચરણ-કરણની પ્રવૃત્તિ એ આત્મવિશુદ્ધિનો પ્રયોગ છે. આપણો એ પ્રયોગ જો શ્રી જિનેશ્વરદેવે

સ્થાપિત કરેલ 'થિયરી'– theory–આરાધના-પદ્ધતિ અનુસારનો જ હોય તો તે થિયરીમાં જણાવેલ પરિણામો તેના પ્રયોગમાં દેખાવાં જોઈએ.

ધર્માચરણના ફળરૂપે કર્મનિર્જરા થાય, સદ્‌ગતિ મળે અર્થાત્ વૈમાનિક દેવ તરીકે કે સંસ્કારસંપન્ન સમૃદ્ધ કુળમાં માનવ અવતાર મળે અને અંતે મુક્તિ મળે એ વાત આપણે સૌ જાણીએ છીએ અને માનીએ પણ છીએ; કિંતુ, આ જીવનમાં જ જેનો અનુભવ કરી શકાય એવાં કોઈ આંતર-બાહ્ય પરિણામો પણ ધાર્મિક જીવનના ફળરૂપે નીપજવાં જોઈએ એ વાત ઉપર આપણાં ધાર્મિક વર્તુળોમાં સામાન્યત: ઓછું લક્ષ અપાય છે.

તત્ત્વજ્ઞાનની ઊંડી વાતોમાં પડ્યા વિના પણ એ સમજી શકાય—જોઈ-અનુભવી શકાય–તેવી વાત છે કે પ્રેમ, કરુણા, ક્ષમા, ઉદારતા, સંયમ, સંતોષ, સરળતા, પ્રસન્નતા, પરાર્થવૃત્તિ, નિરીહતા આદિ ગુણો સહજપણે કે પ્રયત્નપૂર્વક કેળવાઈને આત્મસાત્ થયા હોય તો જીવન પ્રસન્ન, મધુર, સંતુલિત અને સંવાદી બની રહે છે; અને જીવનયાત્રા પોતા માટે તેમજ બીજા માટે ય મંગળમય બની રહે છે. શરીરની વૃદ્ધિ, ક્ષય કે મૃત્યુ સાથે કે બુદ્ધિના વિકાસ-અવિકાસ સાથે એ ગુણોને સંબંધ નથી, એ છે હૃદયના ગુણો—આત્માના ગુણો. અર્થાત્ આત્મિક ગુણવિકાસને કેવળ પરલોક, પુનર્જન્મ અને મોક્ષ સાથે જ સંબંધ છે એવું નથી; આ જીવનમાં પણ જેનાં પ્રત્યક્ષ દર્શન, અનુભવ અને પ્રતીતિ થાય એવાં પરિણામો પણ તેની સાથે સાથે નીપજે જ છે.

આ વાત સૂરિપુંગવ હરિભદ્રસૂરિ મહારાજે પણ શ્રી ધર્મબિન્દુ નામના ગ્રંથમાં, ધર્મફળના અનંતર અને પરંપર એવા બે વિભાગ પાડીને, અસંદિગ્ધ શબ્દોમાં ઉચ્ચારી છે. કાર્યની સાથે જ તેનું જે ફળ આવે તે અનંતર અર્થાત્ તરત મળતું ફળ, અને કાર્ય કર્યા પછી લાંબા ગાળે મળતું અર્થાત્ દૂરનું ફળ તે પરંપર ફળ. ધર્મના અનંતર–આ જીવનમાં અનુભવાય તેવા–ફળનો નિર્દેશ કરતાં તેઓશ્રી લખે છે કે "ધર્મનું તાત્કાલીન ફળ એ છે કે એના આસેવનથી, આત્માને ઉપદ્રવભૂત રાગ, દ્વેષ વગેરે વિકારો ઘટવા માંડે છે, ભાવ-ઐશ્વર્યની અર્થાત્ આત્મિક ગુણસંપત્તિની વૃદ્ધિ થાય છે અને લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે."[૨૫]

દોષક્ષય: અંતર સાચા ધર્મથી રસાયું કે એની સાથે અદ્વેષ ગુણ

આત્મામાં વિકસે છે, જે બીજાઓ સાથેના તેના વ્યવહારમાં સ્નેહ, પ્રેમ, કરુણા, ક્ષમા સ્વરૂપે વ્યક્ત થાય છે. તે આત્મા કોઈનો તિરસ્કાર કરતો નથી, દીન-દુખિયાંની જેમ પાપી મનુષ્યો પ્રત્યે પણ તેના અંત:કરણ-માં કરુણાનો પ્રવાહ વહેતો થઈ જાય છે. પાપીને જોઈને તે દ્વેષ, ઘૃણા, તિરસ્કાર કે ઉપહાસ કરતો નથી, પરંતુ નિ:સીમ પ્રેમથી તેના કલ્યાણની ભાવના રાખે છે. પોતા કરતાં હીન ગુણી પ્રત્યે અંતરમાં જો દ્વેષ જાગતો હોય તો સમજવું રહ્યું કે હજુ ધર્મનો અંકુર આપણી હૃદયભૂમિમાં પાંગર્યો નથી. એ સ્થિતિમાં જે કાંઈ ધર્માનુષ્ઠાન કરાતું હોય તેને શાસ્ત્રકારો 'તુચ્છ દ્રવ્યક્રિયા' તરીકે જ ઓળખાવે છે.[૨૬]

અંતરમાંથી દોષો હટે એટલે ભાવ-ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થાત્ હૃદયના ગુણોની વૃદ્ધિ સ્વયં થાય જ. સૌજન્ય, ઔદાર્ય, દાક્ષિણ્ય—અન્યના કાર્યમાં સહાયભૂત થવાની તત્પરતા—પરાર્થવૃત્તિ, પરમત-સહિષ્ણુતા, સંતોષ, સદાચાર, પાપપ્રવૃત્તિ પ્રત્યે અરુચિ આદિ સદ્‌ગુણોનો વિકાસ આત્મામાં ધર્મનાં પગરણ થયાં હોવાની બીજી એંધાણી છે.

ધર્મની સાથે આવતી ત્રીજી વસ્તુ છે લોકપ્રિયતા. અહીં પ્રશ્ન એ ઊઠે કે 'આ કલિયુગમાં ધર્મી આત્મા લોકપ્રિય બને એ સંભાવના અલ્પ ગણાય. આ યુગ તો અર્થપ્રધાનયુગ છે, લોકોને ધર્મ ગમતો નથી. આ યુગમાં પૈસો જ પ્રતિષ્ઠા પામે છે. આથી ધર્મી જીવ પ્રત્યે લોકોનું વલણ વર્તમાનકાળે વિપરીત હોય એ શું સ્વાભાવિક નથી?' એ ખરું કે વર્તમાનકાળમાં બહોળો જનસમૂહ સાચા ધર્મથી વિમુખ છે, પણ માનવ આત્મા અંતરના ઊંડાણમાં તો દૈવી સદ્‌ગુણોને આવકારે જ છે. તે પોતે એનું આચરણ ન કરી શકતો હોય—ન કરતો હોય—પણ એ સદ્‌ગુણો પ્રત્યે એના હૈયામાં તો આદર જ રહે છે. ધર્મની ટીકા, નિંદા, દ્વેષ કરવા એ પ્રેરાય છે તેની પૃષ્ઠભૂમાં ડોકિયું કરીશું તો જણાશે કે ધર્મ પ્રત્યેની નહિ પણ નિષ્પ્રાણ ધર્માનુષ્ઠાનોની સમાજમાં થતી બોલબાલા પ્રત્યેની અરુચિ અને 'ધર્માત્મા'ની છાપ ધરાવતી વ્યક્તિઓનાં અપકૃત્યોનો મોટો ફાળો એમાં હોય છે. જે માણસ ખરેખર ધર્મનિષ્ઠ હોય તે સદાચારી હોય છે, કોઈને પણ લેશમાત્ર પીડા-દુ:ખ થાય તેવાં કાર્યોથી તે દૂર રહેતો હોય છે અને બીજાઓની સાથે પ્રેમ, સહાનુભૂતિ અને ઔદાર્ય-પૂર્ણ વ્યવહાર કરતો હોય છે; આથી, તે સૌને પ્રિય થઈ પડે છે.

એવું બને કે પ્રારંભમાં એને કોઈ સમજી ન શકે. એ દેખીતું જ છે કે એનાં વર્તન-વ્યવહાર સંસારનાં સ્વીકૃત ધોરણોથી જુદાં પડે. આથી, એનાં સ્વજનો, સાથીઓ તેમજ એના પરિચયમાં આવનારાંઓ એની પાસે જે અપેક્ષાઓ રાખતાં હોય તે ન સંતોષાય એટલે ગેરસમજ જન્મે, એનો વિરોધ થાય, ને નિંદા, ટીકા-ટિપ્પણની એના ઉપર વર્ષા યે થાય; પણ એ બધું સહી લઈને, અધ્યાત્મ-માર્ગે એ જેમ જેમ પ્રગતિ કરે છે તેમ તેમ એની ઉત્તમતા એટલી ઊપસી આવે છે કે એના પરિચયમાં આવનાર સૌ કોઈ તે જોઈ-સમજી શકે. એના સંપર્કમાં આવતી વ્યક્તિઓ—એનાં સ્વજન-સંબંધીઓ, મિત્રો, ઘરાકો, નોકર-ચાકર......અરે શત્રુઓ પણ એની ઉદારતા, સુજનતા, અકુટિલતા, પરોપકારવૃત્તિ વગેરે ગુણોથી આકર્ષાઈ એની પ્રશંસા કરવા સ્વયં પ્રેરાય છે.

સંયમજીવનના વિકાસ સાથે નીપજતાં પરિણામોની વાત કરતાં શાસ્ત્રો કહે છે કે એક વર્ષની સંયમ-સાધના થતાં, મુનિનાં ક્ષમા, સત્ય, શૌચ, સંતોષ, બ્રહ્મચર્યાદિ દશ યતિધર્મ વિશુદ્ધ કોટિના બને છે.[૨૭] અને, એ રીતે વિશુદ્ધ ભાવપૂર્વક સાધુચર્યાનું પાલન કરતાં, થોડા જ વખતમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય—આ ચારે ભાવનાઓ એને હસ્તગત થઈ જાય છે.[૨૮] અને, ધ્યાનાદિ અંતરંગ સાધનાને આત્મસાત્ કરી આત્મભાવમાં ઉત્તરોત્તર વધુ ને વધુ સ્થિર થતો જઈ, એક વર્ષનો દીક્ષાપર્યાય થતાં તો મુનિ અનુત્તરવાસી દેવોથી યે અધિક પ્રશમસુખ—સમત્વ અને ચિત્તપ્રસન્નતા—અનુભવતો થઈ જાય છે; અને આમ, ક્રમશઃ આનંદ વૃદ્ધિગત થતાં, તે અહીં જ મુક્તિસુખનો આસ્વાદ પામે છે.[૨૯]

ધર્મારાધનામાં થતી સાચી પ્રગતિ કર્મનિર્જરા અને સદ્ગતિ ઉપરાંત, પોતાના ફળ તરીકે વર્તમાન જીવનમાં સંતોષ અને પ્રસન્નતા પ્રગટાવે છે. તે વ્યક્તિને નચિંત અને નિર્ભય બનાવે છે. ચિંતા, વિષાદ અને વ્યાકુળતા ધર્મમાર્ગે પ્રગતિશીલ વ્યક્તિના ચિત્તમાંથી ધીરે ધીરે વિદાય લે છે. આત્મિક ઊંડી શાંતિ અને તૃપ્તિ તંદુરસ્ત આધ્યાત્મિક જીવનનાં આવશ્યક અંગો છે. આધ્યાત્મિક ઓજસ—અભય અદ્વેષ, અખેદ, સમતા, સ્વસ્થતા અને સામર્થ્ય—એ ધર્મજીવનનું વરદાન છે. સાધનાનો રથ જો સાધ્ય ભણી નિશ્ચિતપણે આગળ વધી રહ્યો હોય તો માર્ગમાં આવો કંઈ

આંશિક પણ અનુભવ થવો જોઈએ. એ ન થતો હોય તો, પોતાની સાધનામાં કયાંક કંઈ ભૂલ તો નથી થતી ને? —એ વિચાર જાગૃત સાધકને આવ્યા વિના રહે નહિ.

આ જીવનમાં દેખાવા જોઈતાં શાસ્ત્રોક્ત ઉપર્યુક્ત પરિણામો ન દેખાય છતાં, 'પોતે શ્રી જિનેશ્વરદેવે બતાવેલ માર્ગે ગતિ કરી રહેલ છે' કે પોતાની આરાધનાથી 'કર્મનિર્જરા થઈ રહી છે' એ વિશ્વાસમાં રહી, ભાવધર્મનું જ્ઞાનીઓએ જે ગૌરવ કર્યું છે, તેનાં જે ગુણગાન ગાયાં છે, એ બધું પોતાની 'આરાધના'ને માથે ઓઢાડી દઈ નિરાંતની પલાંઠી સાધકવૃત્તિવાળી વ્યક્તિ વાળી શકે ખરી?

## છઠ્ઠા પ્રકરણનાં ટિપ્પણો

૧. तमेव सेवस्व गुरुं प्रयत्नादधीष्व शास्त्राण्यपि तानि विद्वन्।
तदेव तत्त्वं परिभावयात्मन् येभ्यो भवेत् साम्यसुधोपभोगः॥

—અધ્યાત્મકલ્પદ્રુમ, અ૦ ૧૬, શ્લોક ૫.

૨. मार्गश्चेतसोऽवक्रगमनं ... ... विशिष्टगुणस्थानांवाप्तिप्रगुणः स्वरसवाही जीवपरिणतिविशेषस्तदनुसरणशीला ...... मार्गानुसारिणः।

—ઉપદેશરહસ્ય, ગાથા ૬, ટીકા.

3. ...इच्चेइअं दुवालसंगं गणिपिडगं चोद्दसपुव्विस्स सम्मसुअं, अभिण्ण-दसपुव्विस्स सम्मसुअं, तेण परं भिण्णेसु भयणा। से तं सम्मसुअं।

—સૂત્ર ૪૦.

से किं तं मिच्छासुअं? ...भारह रामायणं...लेहं गणिअं सउणरुयं नाडयाइं, अहवा बावत्तरिकलाओ चत्तारि अ वेआ संगोवंगा। एआइं मिच्छादिट्ठिस्स मिच्छत्तपरिग्गहियाइं मिच्छासुअं, एआइं चेव सम्मदिट्ठिस्स सम्मत्तपरिग्गहिआइं सम्मसुअं अहवा मिच्छदिट्ठिस्स वि एआइं चेव सम्मसुअं, कम्हा? सम्मत्तहेउत्तणओ....।

—સૂત્ર ૪૧.

ટીકા–तेण परं भिन्नेसु भयणा...भिन्नेषु दशसु पूर्वेषु भजना विकल्पना, कदाचित् सम्यक्श्रुतं कदाचिन्मिथ्याश्रुतमित्यर्थः। इयमत्र भावना—सम्यग्दृष्टेः प्रशमादिगुणगणोपेतस्य सम्यक्श्रुतं, यथावस्थितार्थतया तस्य सम्यक् परिणमनात्, मिथ्यादृष्टेस्तु मिथ्याश्रुतं, विपरीतार्थतया तस्य परिणमनात्।

एतान्येव च भारतादीनि शास्त्राणि सम्यग्दृष्टेः सम्यक्त्वपरिगृहीतानि, सम्यक्त्वेन यथावस्थिताऽसारतापरिभावनरूपेण परिगृहीतानि तस्य सम्यक्श्रुतं, तद्गताऽसारतादर्शनेन स्थिरतरसम्यक्त्वपरिणामहेतुत्वात्। 'अहवा'...अथवा मिथ्यादृष्टेरपि सतः कस्यचिदेतानि भारतादीनि शास्त्राणि सम्यक्श्रुतं...सम्यक्त्वहेतुत्वात्।

—આચાર્યશ્રી મલયગિરિ મહારાજકૃત નન્દીસૂત્રવૃત્તિ,
સૂત્ર ૪૦, ૪૧.

૪. (i) વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૫૦-૧૦૫૫.
(ii) યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૦૨-૧૦૯.
(iii) અધ્યાત્મસાર, શ્લોક ૬૩-૭૫.

૫. (i) न स्युर्नानाविधाः शब्दा, बुधानां भेदबुद्धये।

—વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૫૨.

(ii) अमुं च तस्य भावार्थं, परिज्ञाय विशेषतः।
तन्त्रैर्विविधैः शब्दैर्यथेष्टमभिधीयते॥

वैष्णवं वा यदुच्येत, ब्राह्मणं वा निगद्यताम्।
माहेश्वरं वा गीयेत, बौद्धं वाप्यभिधीयताम्॥

जैनेन्द्रं वा निवेद्येत ज्ञातार्थैरिह मानवैः।
अविनष्टे हि भावार्थे, शब्दभेदो न दुष्यति॥

... ... ... ... ... ... ... ... ...

अर्थेन हि प्रसीदन्ति, शब्दमात्रेण नो बुधाः॥

—ઉપમિતિ૦ પ્રસ્તાવ ૮, શ્લોક ૮૯૬-૮૯૯.

(iii) એક માર્ગ તે શિવતણો જી, ભેદ લહે જગ દીન.
શિષ્યભણી જિનદેશના જી, કે જનપરિણતિ ભિન્ન;
કે મુનિની નયદેશના જી, પરમારથથી અભિન્ન.
શબ્દભેદ ઝઘડો કિસ્યો જી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુરનદી જી, વસ્તુ ફિરે નહિ છેક.

—યોગદૃષ્ટિની સજ્ઝાય, દૃષ્ટિ ચોથી, ગાથા ૧૯-૨૧.

૬. गुणतस्तुल्ये तत्त्वे संज्ञाभेदागमान्यथादृष्टिः।
भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसंमोहः॥

—ષોડશકપ્રકરણ, ષોડશક ૪, શ્લોક ૧૧.

ટીકા—(अ) अहिंसाप्रशमादीनां तन्त्रान्तरेष्वपि तुल्ये तत्त्वे परिभाषाभेदमात्रेणागमेष्वन्यथादृष्टिः पुरुषो यतो भवति स दृष्टिसंमोह इति।

—આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી

(ब) संज्ञाभेदेनाकरणनियममहाव्रतादिस्वपरिभाषाभेदेनागमेषु

पातंजलजैनादिशास्त्रेष्वन्यथादृष्टिः पुरुषो यतो भवति स दृष्टिसमोहः। महाव्रतादिप्रतिपादको मदीयागमः समीचीनः, अकरणनियमादिप्रतिपादकोऽन्यागमो न समीचीनः इति अस्य चाग्रहत्वात्, सर्वस्यापि सद्वचनस्य परसमयेऽपि स्व-समयानन्यत्वात्।

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

સરખાવો: વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૯૦-૧૦૯૨.

૭. तथा सर्वमनुष्ठानं यद्भवेन्नाशकारणम्।
सरागद्वेषमोहानां चित्ताखिलमलात्मनाम्॥

तल्लोके सर्वतीर्थेषु साक्षाज्जैनेऽपि वा मते।
यथा तथा कृतं हन्त, ज्ञेयं सर्वज्ञसम्मतम्॥

—ઉપમિતિ૦ પ્રસ્તાવ ૮, શ્લોક ૮૧૭-૮૧૮.

૮. ण य परभणिअमजुत्तं, जं अभिन्नं अत्थओ दिट्ठम्।

ટીકા—यदर्थत उपलक्षणाच्छब्दार्थाभ्यां च अभिन्नं जिनवचनाविरोधि दृष्टं, तत्सर्वं प्रामाणिकमेवेति ज्ञेयं......न चैतेष्वप्रामाण्यं युक्तं; अर्थाबाधात्। न चान्धपरंपरापतितत्वेनैतदप्रामाण्यं, सर्वस्यैव सुंदरार्थस्य दृष्टिवादमूलत्वेनातथात्वात्। वक्तृविश्वासेनाविकल्प्य तथाकारस्यायोग्यत्वेऽपि विकल्प्य तथाकारेऽनौचित्याभावादित्थं विकल्पेनैव सम्यग्दृष्टिपरिगृहीतत्वात् सम्यक्श्रुतत्वोपपत्तेश्च। परप्रणीतत्वेन तदभ्युपगमादेकान्तभयं चाज्ञानविजृंभितमेव। तदाहुः श्रीहरिभद्रसूरयः—

जं अत्थओ अभिन्नं अण्णत्थासद्दओ वि तह चेव।
तंमि पओसो मोहो विसेसओ जिणमयवियाणं॥

—ઉપદેશરહસ્ય, ગાથા ૧૨૨, ટીકા.

૯. इय तंतजुत्तिनीईइ भावियव्वो बुहेहिं सुत्तत्थो।
सव्वो ससमय-परसमयजोगओ मुक्खकंखीहिं॥

—વિંશતિ વિંશિકા, વિંશિકા ૧૧, ગાથા ૧૯.

૧૦. યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૪૨-૧૫૨.

૧૧. (i) मुक्त्वाऽतो वादसंघट्टमध्यात्ममनुचिन्त्यताम्।
नाविधूते तमःस्कन्धे ज्ञेये ज्ञानं प्रवर्तते॥

—યોગબિન્દુ, શ્લોક ૬૯.

(ii) निशानाथप्रतिक्षेपो, यथाऽन्धानामसङ्गतः ।
तद्भेदपरिकल्पश्च, तथैवाऽर्वाग्दृशामयम् ॥

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૪૦.

૧૨. निश्चयोऽतीन्द्रियार्थस्य योगिज्ञानादृते न च ।
अतोऽप्यत्रान्धकल्पानां विवादेन न किंचन ॥

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૪૩.

૧૩. (i) वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥

—યોગબિન્દુ, શ્લોક ૬૭.

(ii) ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥

—જ્ઞાનસાર, અનુભવાષ્ટક, શ્લોક ૪.
સરખાવો : યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૪૩-૧૪૬.

૧૪. न चैतदेवं यत्तस्माच्छुष्कतर्कग्रहो महान् ।
मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव मुमुक्षुभिः ।

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૧૪૭.

૧૫. (i) पुत्रदारादिसंसारो धनिनां मूढचेतसाम् ।
पण्डितानां तु संसारः शास्त्रमध्यात्मवर्जितम् ॥

—અધ્યાત્મોપનિષદ્, શાસ્ત્રયોગશુદ્ધિ-અધિકાર, શ્લોક ૭૨.

(ii) धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये ।
तथा पाण्डित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम् ॥

—અધ્યાત્મસાર, આત્મસ્વરૂપાધિકાર, શ્લોક ૨૩.

૧૬. णियणियवयणिज्जसच्चा सव्व णया परवियालणे मोहा ।
ते उण ण दिट्ठसमओ विभयइ सच्चे व अलिए व ॥

—સંમતિતર્ક, કાંડ ૧, ૨૮.

૧૭. (i) तत्त्वतः शास्त्रभेदश्च न, शास्तृणामभेदतः ।
मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ॥

ટીકા– तत्त्वतो धर्मवादापेक्षया तात्पर्यग्रहात् शास्त्रभेदश्च नास्ति। धर्मप्रणेतृणामभेदतः। तत्तन्नयापेक्षदेशनाभेदेनैव स्थूलबुद्धीनां तद्भेदाभिमानात्।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૨૩, શ્લોક ૧૪

(સાથે જુઓ શ્લોક ૨૭).

(ii) आच्छादितानां मोहेन पौण्डरीकमहामुने।
बहूनि दर्शनानीति मोहोऽयं संप्रवर्तते॥
तस्यापाये पुनः पुंसां सद्बुद्धेर्गोचरं गते।
अत्र सद्दर्शने नूनं भेदबुद्धिर्निवर्तते॥

—ઉપમિતિ૦ પ્રસ્તાવ ૮, શ્લોક ૯૦૧-૯૦૨.

સરખાવો: વૈરાગ્યકલ્પલતા, સ્તબક ૯, ૧૦૮૭-૧૦૯૨.

૧૮. तावद् विवादी जनरंजकश्च यावन्न चैवात्मरसे सुखज्ञः॥

—હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા, શ્લોક ૨૩.

૧૯. અધ્યાત્મોપનિષદ્, શાસ્ત્રયોગશુદ્ધિ-અધિકાર, શ્લોક ૬૦-૭૧.

૨૦. (i) शीलवान् योगवानत्र श्रद्धावांस्तत्त्वविद् भवेत्।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૨૩, શ્લોક ૧૩.

(ii) श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।

—ગીતા, અ૦ ૪, શ્લોક ૩૯.

૨૧. समलो न विजानीते मोक्षमार्गं यथास्थितम्॥
मलक्षये पुनस्तस्य मोक्षमार्गो यथास्थितः।
यत्र तत्र स्थितस्यापि हठादेषः प्रकाशते॥

—ઉપમિતિ૦ પ્રસ્તાવ ૮, શ્લોક ૯૦૩-૯૦૪.

૨૨. तत्रापि च न द्वेषः कार्यो, विषयस्तु यत्नतो मृग्यः।

—ષોડશક ૧૬, શ્લોક ૧૩.

ટીકા—(अ) तत्रापि च–तदेकदेशभूते आगमान्तरे न द्वेषः कार्यो, विषयस्तु अभिधेयज्ञेयरूपो यत्नतो यत्नेन मृग्यः अन्वेषणीयो...कस्मात्पुनस्तत्राद्वेषः क्रियते इत्याह–अद्वेषेति...अप्रीतिपरिहारस्तत्त्वविषयः...अद्वेषादिभिरष्टभिरङ्गैस्तत्त्वप्रवृत्तिः संपद्यते, तेनागमान्तरे मूलागमैकदेशभूते न द्वेषः कार्य इति।

—આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી

(ब) ...मृग्यस्तदर्थानुपपत्ति परिहारो यत्नतः कर्त्तव्यः गुणग्रहरसिकानां परवचनानुपपत्तिपरिहारप्रवणस्वभावत्वात्,......तथा च तस्य मूलागमेनैकवाक्यतामापाद्योपपत्तिरेव कर्त्तव्या, इत्थमेव सम्यग्दृष्टिपरिगृहीतस्य मिथ्याश्रुतस्यापि सम्यक्श्रुतत्वसिद्धेः, तदरुचिस्तु तत्त्वतो दृष्टिवादारुचिपर्य्यवसायिनीति सुप्रसिद्धमुपदेशपदादौ।

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

૨૩. अज्ञानाद्विषयासक्तो बध्यते विषयैस्तु न।
ज्ञानाद्विमुच्यते चात्मा न तु शास्त्रादिपुद्गलात्॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૪૦.

૨૪. એજન, વૈરાગ્યસંભવાધિકાર, શ્લાક ૨૪-૩૧.

૨૫. द्विविधं फलं, अनन्तरपरम्परभेदादिति।
तत्रानन्तरफलमुपप्लवह्रास इति।
तथा भावैश्वर्यवृद्धिरिति।
तथा जनप्रियत्वमिति।

—ધર્મબિન્દુ, અ० ૭, સૂત્ર ૨-૫.

૨૬. (i) तत्त्वतः पुनः प्रणिधानाद्यभावतो नैकापि (धर्मक्रिया) वरं, प्रणिधानादीनां क्रियाशुद्धिहेतुत्वात्।

प्रणिधानं क्रियानिष्ठमधोवृत्तिकृपानुगम्
परोपकारसारं च चित्तं पापविवर्जितम्॥

ટીકા—...स्वप्रतिपन्नधर्मस्थानादधस्ताद्वर्तमानेषु प्राणिषु कृपानुगं करुणान्वितं...परार्थनिष्पत्तिप्रधानं च चित्तं...।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વાત્રિંશિકા ૧૦, ક્રમશઃ
શ્લોક ૯ (ટીકા) અને ૧૧.

(ii) ...भावोऽयं अनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा।
ટીકા —तुच्छा–असारा स्वफलासाधकत्वेन।

—ષોડશક ૩, શ્લોક ૧૨.

(iii) કરુણા ન કરે હીનની રે, વિણ પણિહાણ સનેહ રે;
દ્વેષ ધરતા તેહશું રે, હેઠા આવે તેહ રે.

—૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧૦, ગાથા ૫.

૨૭. वचनक्षान्तिरिहादौ धर्मक्षान्त्यादिसाधनं भवति।
शुद्धं च तपो नियमाद्यमश्च सत्यं च शौचं च ॥
आकिंचन्यं मुख्यं ब्रह्मापि परं सदागमविशुद्धम्।
सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥

—ષોડશક ૧૨, શ્લોક ૧૨-૧૩.

૨૮. इति चेष्टावत उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम्।
मैत्रीकरुणामुदितोपेक्षाः किल सिद्धिमुपयान्ति ॥

—ષોડશક ૧૩, શ્લોક ૭.

૨૯. जत्तो अ अंतरंगो अज्झप्पझाणजोगओ जुत्तो।
जं एसो च्चिय सारो सयलंमि वि जोगसत्थंमि ॥
एअंमि परिणमंते आणंदस्सावि होइ परिवुड्ढी।
एवं चिय साहूणं जीवन्मुत्तत्तणं जुत्तम् ॥

—ઉપદેશરહસ્ય, ગાથા ૧૯૦-૧૯૧.

વધુ સ્પષ્ટતા માટે આ ગાથાઓની ટીકા જોવી.

# ૭

# આપણી ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય

## —આત્મદર્શન કે અહંવિસ્તાર?

શાસ્ત્રોમાં ત્રણ વણિકની વાત આવે છે, માલ લઈને એ વેપાર અર્થે જાય છે, એક લાભ મેળવી પાછો ફરે છે, એક મૂળ લઈને આવી જાય છે, અને એક મૂળ પણ ખોઈને આવે છે. એક ઉલ્લસિત, બીજો તટસ્થ, ત્રીજો ઉદાસ.

ધર્મમાર્ગે પ્રવૃત્ત થયેલાઓને પણ આ ત્રણ અનુભવ થાય છે. કોઈ ઉત્તરોત્તર આત્મવિકાસ કરી જીવનને પ્રસન્ન, મધુર અને સ્વસ્થ બનાવી દે છે, કોઈ ઠેરના ઠેર રહે છે, તો કોઈ ધર્મપ્રવૃત્તિ કરીનેય ઉલટાના મોહને-અવિદ્યાને વધુ દૃઢ કરતા રહે છે. માટે મુમુક્ષુએ આત્મનિરીક્ષણ કરીને પોતાની આરાધનાનું આંતરપોત વારંવાર તપાસતાં રહેવું જોઈએ; અને પોતાની ભીતર શું પરિવર્તન થઈ રહ્યું છે તે મૂલવતાં રહેવું જોઈએ.

આપણો બધો ફટાટોપ ચાલે છે તો સાધનાના નામે—અધ્યાત્મના નામે, પણ એનાથી આપણે સંસારને જ પુષ્ટ કરી રહ્યા નથી ને? સાધનાનો આપણો રથ સાચા ચીલે ગતિ કરી રહ્યો છે—પ્રગતિ કરી રહ્યો છે કે નહિ, એ કઈ રીતે કળી શકાય તે અંગે આપણે પૂર્વે થોડી વિચારણા કરી છે. આપણે એ જોયું કે ધાર્મિકતાની કસોટી એકલાં ક્રિયાકાંડ કે તપ-ત્યાગની માત્રા ન હોઈ શકે. એ કસોટી ભ્રામક નીવડી શકે છે.

ધર્મપ્રવૃત્તિ વ્યર્થ નથી જતી એની ખાતરી અન્ય કોઈ રીતે મળી શકે ખરી?

સમ્યગ્દર્શનના સાથ પૂર્વકની કોઈ પણ ધર્મપ્રવૃત્તિ નિષ્ફળ નથી જતી એમ જ્ઞાનીઓ ભારપૂર્વક છે. શાસ્ત્રો સાખ પૂરે છે કે એકલી ધર્મ-પ્રવૃત્તિ જ નહિ પણ, સમ્યગ્દર્શનની જાગૃતિ સાથેની ભોગપ્રવૃત્તિ પણ મુક્તિનું કારણ બની શકે છે.[1] બીજી બાજુ, સમ્યગ્દર્શન વિના કઠોર તપ, આકરો ત્યાગ, વિશાળ શ્રુતજ્ઞાન અને ઉગ્ર ચારિત્ર પણ મુક્તિ અપાવવામાં સાવ વિફળ જઈ શકે છે.

## મહોરું સમકિતનું, પણ વ્યક્તિત્વ દૃષ્ટિરાગનું

સમ્યગ્દર્શનનું આ મહત્ત્વ આપણે ત્યાં સૌ સ્વીકારે છે. દિગંબર, શ્વેતાંબર—દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી—સૌ આ વાતમાં સંમત છે. પણ પછી જ્યાં સમ્યગ્દર્શનના સ્વરૂપની વાત આવે કે દરેક જણ પોતાના સમુદાય, ફિરકા, સંપ્રદાય, વિચાર સાથે જ સમ્યગ્દર્શનને જોડે છે; અને 'મારો સંપ્રદાય જ સાચો', 'મારા જ ગુરુ સુગુરુ' એ આગ્રહો શરૂ થાય છે. એ ગજગ્રાહ આટલે જ અટકતો નથી; અન્ય ફિરકા, સંપ્રદાય, સમુદાય કે જૂથ પ્રત્યે અસહિષ્ણુતા, અસહકાર, દ્વેષ, ઈર્ષ્યા, ઘૃણા દાખવવામાં સમકિતની દૃઢતા માનવા-મનાવવામાં આવે છે!

પોતાને કે સામી વ્યક્તિને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે કે નહિ તે કેમ સમજાય? શું તે અમુક મત, પંથ, સંપ્રદાય કે ધાર્મિક જૂથમાં જોડાવાથી પ્રાપ્ત થઈ જતી કોઈ ચીજ છે? અથવા શું વ્યક્તિ જે સંપ્રદાય કે જૂથમાં જન્મી હોય કે જે સંપ્રદાય કે જૂથની તે સભ્ય હોય, તે સંપ્રદાય કે જૂથના સાધુ-સંતો સિવાયના અન્ય સાધુ-સંતોના સન્માન, સત્કાર, સમાગમ ન કરવાના શપથ લેનારને પ્રસાદ કે પ્રભાવના તરીકે આપી શકાતું એ કોઈ પડીકું છે?

પડીકું વાળીને કોઈને આપી શકાય એવી ચીજ તો એ નથી. છતાં, સમકિત વિશેની આવી ભ્રાંત ધારણાઓ ઘણાં ધાર્મિક ગણાતાં વર્તુળોમાં પણ પ્રચલિત રહી છે, એટલું જ નહિ, બહોળો જનસમૂહ તો સમ્યગ્દર્શન વિશેની ભ્રાંત કલ્પનાઓમાં જ અટવાતો-અથડાતો રહે છે. વિવિધ નયો અને દૃષ્ટિબિંદુઓથી શાસ્ત્રે સમ્યગ્દર્શનની આપેલી જુદી જુદી વ્યાખ્યાઓ અને ગણાવેલ તેના ભેદ-પ્રભેદોમાં તે ગૂંચવાઈ જાય છે; તે નિર્ણય કરી શકતો નથી કે પારમાર્થિક સમ્યગ્દર્શન—જેનાથી ભવભ્રમણ સીમિત થઈ જાય છે તે સમ્યગ્દર્શન—શું છે? આથી સમકિતવિષયક, પૂર્વે જણાવી તેવી, અંધશ્રદ્ધા-આધારિત, ભ્રાંત ધારણાઓને માન્યતા મળી જાય છે; ને ધર્માંધતા ત્યાં પાંગરે છે.

ધર્માંધતાનો આધાર હોય છે સારાસારના વિવેક વિનાની અમુક મત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિ પ્રત્યેની અંધ ભક્તિ. આનું જ નામ

દૃષ્ટિરાગ. દૃષ્ટિરાગવશ અજ્ઞાન જીવ પોતાના મત-પંથ-સંપ્રદાય કે માન્યતા પ્રત્યે એવું મમત્વ રાખતો થઈ જાય છે કે માત્ર અન્ય મત-પંથ-સંપ્રદાયના અનુયાયીઓ પ્રત્યે જ નહિ પણ સ્વદર્શનના પણ અન્ય સંપ્રદાય, ફિરકા, ગચ્છ કે 'તિથિ' જેવી કોઈ એકાદ બાબતમાં જ પોતાથી ભિન્ન માન્યતા ધરાવનારાઓ પ્રત્યે પણ આત્મીયતાનો વ્યવહાર કરી શકતો નથી. અને, પોતાના પક્ષની સરસાઈ દેખાડવાની હુંસાતુંસીમાં પડી જઈ, ધર્મપ્રવૃત્તિ દ્વારા પણ રાગ-દ્વેષ અને મોહને—અહં-મમને પુષ્ટ કરતો રહે છે.

આપણે પૂર્વે એ વિગતે જોયું કે શ્રી જિનેશ્વર-નિર્દિષ્ટ- સર્વ ધર્મ-પ્રવૃત્તિમાં પ્રાણીસૃષ્ટિ સાથે આત્મીયતાનો ભાવ વણાયેલો છે; એ ભાવ વિનાની કોઈ પણ ધર્મક્રિયા, તત્ત્વચિંતન કે અહિંસા સુધ્ધાંને જ્ઞાનીઓ આવકારતા નથી. પોતાના વસવાટથી તાપસોને અરુચિ થતી જોઈને, એ અરુચિ નિવારવા ભગવાન મહાવીર ચાતુર્માસમાં પણ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા હતા. પોતાના નિમિત્તે અન્યને લેશમાત્ર પીડા-ક્લેશ ન થાય એ કાળજીની અપેક્ષા જ્ઞાનીઓએ અહિંસાના ઉપાસક પાસેથી રાખી છે.

આથી, ગુણગ્રાહી સંતો અનુરોધ કરે છે કે આપણે જે ક્રિયાકાંડ કરતા હોઈએ તે ક્રિયાકાંડ જે ન કરતા હોય તેવા આપણા સમાનધર્મીઓ પ્રત્યે, તેમ અન્ય મત-પંથના પણ સંનિષ્ઠ સાધકો પ્રત્યે આપણા અંતરમાં આદર, પ્રેમ, કે કરુણા જ જાગવાં જોઈએ. એના બદલે, અન્ય મત-પંથના અનુયાયીઓની વાત તો દૂર રહી પણ, જૈનદર્શન અંતર્ગત પોતાનાથી ભિન્ન ફિરકા, ગચ્છ કે સંપ્રદાયના કે પોતાના સંપ્રદાયના પણ કોઈ એકાદ બાબતમાં પોતાથી જુદી માન્યતા ધરાવનાર મુમુક્ષુઓને અને સાધુ-સંતોને સુધ્ધાં 'મિથ્યાત્વી' કહી, તેમના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે ઘૃણા દર્શાવવામાં આવતાં હોય કે તેમની અવહેલના પણ થતી હોય તો આપણી ધર્મપ્રવૃત્તિના પ્રકારથી કે તેના વ્યાપથી સંતોષ માની નિરાંત ન અનુભવતાં આપણે ક્ષણભર થોભીને, આપણી વૃત્તિ-પ્રવૃત્તિનું પૃથક્કરણ કરી આધ્યાત્મિક વિકાસપથમાં આપણે ખરેખર ક્યાં ઊભા છીએ તેનો યથાર્થ અંદાજ મેળવવો જોઈએ.

## દૃષ્ટિરાગ, દ્રવ્યસમકિત અને પારમાર્થિક સમ્યગ્દર્શન

મુમુક્ષુ અશ્રદ્ધામાંથી બહાર આવ્યો હોય—તે નાસ્તિક ન હોય—એટલું જ પૂરતું નથી; દૃષ્ટિરાગના વમળમાંથી પણ તેણે બહાર નીકળવું જરૂરી છે. આ માટે દૃષ્ટિરાગ, સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધારૂપ દ્રવ્યસમકિત અને પારમાર્થિક સમ્યગ્દર્શન—એ ત્રણ વચ્ચેની ભેદરેખાનો પરિચય તેને હોવો જોઈએ.

પોતાના મત–પંથ–સંપ્રદાયની સાથે જોડાયેલ વ્યક્તિ કે વિચારના ગુણદોષ જોયા-જાણ્યા વિના, કેવળ સાંપ્રદાયિક મમત્વથી દોરવાઈ જઈ, તેની પ્રત્યે આંધળો અનુરાગ રાખી તેના ગુણગાન-સેવા-ભકિતમાં તત્પર રહેવું અને પોતાના મત-પંથ-સંપ્રદાય બહારની વ્યકિત કે વિચાર પ્રત્યે દ્વેષ, અરુચિ, અનાદર દાખવવાં એ દૃષ્ટિરાગનાં લક્ષણ છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધારૂપ દ્રવ્ય સમકિત આનાથી જુદી ચીજ છે. એ શ્રદ્ધા ત્યાં સંભવે જયાં ઉપાસ્ય તરીકે વીતરાગની પ્રતિષ્ઠા અંતરમાં હોય, નિરાશંસભાવે જિનાજ્ઞા આરાધવાની રુચિ હોય અર્થાત્ પૂર્ણજ્ઞાની અને વીતરાગ મહાપુરુષોએ ચીંધેલ મોક્ષમાર્ગ અને સદાચારમાં ઉપાદેય-બુદ્ધિ હોય, આત્મજ્ઞાની નિર્ગ્રન્થ ગુરુઓ પ્રત્યે ભકિત, નિષ્ઠા હોય—મોક્ષમાર્ગમાં તેમનું માર્ગદર્શન માન્ય હોય, અને જીવનધ્યેય તરીકે વીતરાગનું અવલંબન સ્વીકારી આત્મવિશુદ્ધિ કાજે યથાશકિત પ્રયત્ન કરાતો હોય. આત્મવિકાસની તળેટીએ રહેલ આત્માઓ પણ ઉપર્યુકત શ્રદ્ધાના સહારે ઉત્તરોત્તર અધિક આત્મવિકાસ સાધી સ્વાનુભૂતિરૂપ પારમાર્થિક સમ્યગ્દર્શન પામી શકતા હોવાથી, કારણમાં કાર્યનો આરોપ કરીને, આ શ્રદ્ધાને જૈન પરિભાષામાં દ્રવ્ય-સમકિત યાને દ્રવ્ય સમ્યગ્દર્શન તરીકે ઓળખાવાય છે.

ઉપર્યુકત શ્રદ્ધાના અવલંબને ક્રમશઃ આંતરિક નિર્મળતા વધતાં વિષય-કષાયનો વેગ મંદ પડે, ખોટા અભિનિવેશો અને કદાગ્રહો છૂટી જાય, નિરાગ્રહ વૃત્તિ અને ગુણગ્રાહી મધ્યસ્થ બુદ્ધિનો ઉદય થાય, પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ સાધકની દૃષ્ટિ જાય—તેને ભાન થાય કે 'હર્ષ-શોક, સુખ-દુ:ખ, રાગ-દ્વેષ અને વિકલ્પમાત્રથી પર નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાન અને આનંદ એ જ મારું અસલી સ્વરૂપ છે,' અને એ બૌદ્ધિક ભાન

અંતર્મુખ સાધના દ્વારા જ્યારે અનુભૂતિમાં પરિણમે ત્યારે પારમાર્થિક સમ્યગ્દર્શન લાધે.

શ્રદ્ધા આપ્તજનના વચનના આધારે પાંગરી શકે, પણ 'દર્શન' તો પોતાની સગી આંખે જોયા વિના કેમ સંભવે? ને સૌથી અધિક પ્રતીતિકર નજર જોયેલું જ બને છે ને? સાંભળેલી વાત, નજરે દીઠેલી ઘટના જેટલી પ્રતીતિકર થોડી જ બને? એટલે આત્મતત્ત્વના સાક્ષાત્ દર્શન દ્વારા નહિ પણ આપ્તવચન કે શાસ્ત્રોના આધારે કે વિચાર-વિમર્શ કર્યા પછી બુદ્ધિ વડે તત્ત્વાર્થનો સ્વીકાર થતો હોય ત્યાં સુધી આપણે પારમાર્થિક સમ્યગ્દર્શનનો સ્પર્શ પામ્યા છીએ એમ ન કહી શકાય. સમ્યગ્દર્શન એ જાત-અનુભવમાંથી જન્મતી, સ્વપરના ભેદની—દેહ અને આત્માના ભેદની—પ્રતીતિ છે; જેની ઉપલબ્ધિ થતાં અચાનક એક નવું જ જગત દૃષ્ટિ સમક્ષ છતું થાય છે, પૂર્વનાં સર્વ મૂલ્યાંકનો બદલાઈ જાય છે, અને વિશ્વના સર્વ જીવો પ્રત્યે અંતરમાં આત્મીયતાનો ભાવ ઉદય પામે છે. માનવ-મને ઊભી કરેલી કુટુંબ, ગામ, દેશ, રંગ, નાત, જાત કે મત્-પંથ-સંપ્રદાયની દીવાલો એ ભાવને રુંધી શકતી નથી.

પારમાર્થિક સમ્યગ્દર્શનનું આ સાચું ચિત્ર આપણાં આરાધક વર્તુળો સમક્ષ રહે અને તેની પ્રાપ્તિ અને શુદ્ધિ જ આપણી ધર્મારાધનાનું લક્ષ્ય બને તો સંઘના વિવિધ ફિરકાઓ અને તે ફિરકાઓના વિભિન્ન જૂથો—સમુદાયો અને સંપ્રદાયો—વચ્ચે પરસ્પર વાત્સલ્ય, પ્રેમ, સૌજન્ય, સહાનુભૂતિ, મૈત્રી, ઉદારતા અને સહિષ્ણુતાનું વાતાવરણ સ્વયં સર્જાય. આનાથી વિપરીત પરિસ્થિતિ આજે જૈન સંઘમાં નજરે ચડતી હોય તો આપણા માટે એ વસ્તુ આંખ ખોલનારી બનવી જોઈએ.

## ધર્મપ્રવૃત્તિની વિપુલતા કે આત્મસંપત્‌ની વૃદ્ધિ?

કોઈ મોટા ઔદ્યોગિક કારખાનાની મુલાકાત લેશો તો એનો 'ક્વોલિટી કંટ્રોલ'—ગુણવત્તા-નિયમન વિભાગ તમારું ધ્યાન ખેંચશે. થોડે થોડે અંતરે કોઈક ને કોઈક વ્યક્તિ ઉત્પન્ન થતા માલના થોડાક નમૂના લેતી દેખાશે. એ પછી, એ નમૂનાઓને, ચોક્કસ 'ધોરણ'ને નજર સમક્ષ રાખીને, કાળજીપૂર્વક તપાસવામાં આવે છે અને નમૂનો નિયત કરેલ 'ધોરણ' મુજબનો ન હોય તો તે નમૂનો જેમાંથી લેવાયેલો હોય તે જથ્થાનો—

batch નો બધો માલ ભંગારમાં નાખી દેવાય છે. કંપની જેટલી સદ્ધર તેટલું માલની ગુણવત્તાનું તેનું નિયમન વધુ કડક. એ જ રીતે, મોક્ષાર્થીએ પણ લોકોત્તર યાને મોક્ષસાધક ધર્મના પૂર્વનિર્દિષ્ટ 'ધોરણ'ને નજર સમક્ષ રાખીને, પોતાની ધર્મપ્રવૃત્તિની વખતોવખત ચકાસણી કરતાં રહેવું જોઈએ એમ નથી લાગતું?

જેના અંતરમાં મુક્તિની અભીપ્સા અને તલસાટ જાગી ચૂક્યાં હોય તે વ્યક્તિ ભવભ્રમણને નિશ્ચિતરૂપે સીમિત કરી દેતા પારમાર્થિક સમ્યગ્-દર્શનને પ્રાપ્ત કરવા ઉત્સુક હોય જ અને, પરંપરાપ્રાપ્ત પોતાની ધર્મ-પ્રવૃત્તિનું તટસ્થ મૂલ્યાંકન પણ તે કરે જ.

આપણે એ જોયું કે દયા, દાન, સેવા અને પ્રેમ એ સાચા ધર્મની પૃષ્ઠભૂમિ છે. બીજાનાં સુખ-દુઃખ પ્રત્યે તદ્દન ઉદાસીન રહી, કેવળ પોતાનું દુઃખ દૂર કરવાની સ્વાર્થવૃત્તિમાંથી જન્મતી પ્રવૃત્તિ—પછી ભલે તે વિષયોથી દૂર રહેવાની હોય તો પણ—તાત્ત્વિક ધર્મરૂપ નથી. આર્તધ્યાન અવ્યક્તરૂપે તેમાં બેઠેલું છે. એ ત્યાગ પણ, રોગનિવારણ અર્થે રોગી દ્વારા કરાતા પોતાની ઈષ્ટ વાનગીઓના ત્યાગની જેમ, કેવળ ભય અને લોભપ્રેરિત હોવાથી, અસાર છે.

આજે જૈન સંઘમાં તપ, અનુષ્ઠાનો, દીક્ષાઓ વધી રહ્યાં છે, કિંતુ વધી રહેલી એ ધર્મપ્રવૃત્તિથી આપણી વૃત્તિઓનું શોધન થઈ રહ્યું છે કે નહિ એ આત્મનિરીક્ષણ આપણે કરીએ છીએ ખરા? આજે સંઘમાં દેખાતી ધર્મપ્રવૃત્તિની વિપુલતાથી તોષ અનુભવી, એનાથી શાસનનો ઉદ્યોત થઈ જશે એ ભ્રાંતિમાં રાચવા જેવું નથી. તપ, જપ કે સંયમાદિ પ્રવૃત્તિના માત્ર આંકડા ઉપરથી "આટલો ધર્મ થઈ ગયો" એવો સંતોષ માની લઈશું તો ભ્રમમાં રહી જઈશું.

જેમ કોઈ વેપારી પેઢી કેવળ પોતાના વેપારના આંકડાથી સંતોષ નથી માનતી પરંતુ સરવૈયામાં નફાનો આંકડો જુએ છે, તેમ આપણે પણ આપણી ધર્મપ્રવૃત્તિથી આપણી વૃત્તિની સુધારણા કેટલી થઈ એનો અંદાજ કાઢવો રહ્યો. 'પૌષધ પચાસ થયા', 'પાંચસો આયંબિલ થયા', 'દશ સિદ્ધચક્ર પૂજન થયાં', 'પચીસ આગમનું વાંચન થઈ ગયું' અને 'સંયમપર્યાય પચીસ વરસનો થયો' વગેરે ગણતરી આપણે રાખીએ છીએ તેમ આત્મનિરીક્ષણની શાંત પળોમાં એ અંદાજ મૂકીએ કે આ બધી

આરાધનાથી આપણી વૃત્તિઓમાં શું પરિવર્તન આવ્યું? આપણી સ્વાર્થવૃત્તિ મોળી પડી? મૈત્ર્યાદિભાવો કેટલા સ્થિર થયા? આપણો મોહ કેટલો ઘટયો? ધન-સ્વજન-દેહાદિ પ્રત્યે નિર્મમતા કેટલી આવી? અને, જેને આનંદઘનજી મહારાજે 'સેવન કારણ પહેલી ભૂમિકા' ગણાવી છે તે અભય–અદ્વેષ–અખેદ આપણા જીવનવ્યવહારમાં વિકસ્યાં? કે એ બધી ધર્મપ્રવૃત્તિ પછીયે જીવન પૂર્વવત્ ભય, દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, દીનતા, અશાંતિ અને તૃષ્ણાનો જ શિકાર રહ્યું છે? વ્યવહારશુદ્ધિ, ચિત્તપ્રસાદ, સમત્વ અને આત્મતૃપ્તિ જેવી આત્મસંપત્ શું હજુયે આપણને હાથતાળી આપી રહી છે?

આત્મવિકાસને વાસ્તવમાં ચિત્તશુદ્ધિ સાથે સંબંધ છે. માટે આપણી ધર્મપ્રવૃત્તિને વૃત્તિની સુધારણાનું ધ્યેય હોવું જોઈએ, વૃત્તિ સુધરતાં પ્રવૃત્તિનું પરિવર્તન તેની પાછળ સ્વયં થવાનું જ. નિયમ છે કે 'રુચિ અનુયાયી વીર્ય', અર્થાત્ જ્યાં આપણી રુચિ ત્યાં આપણો પુરુષાર્થ થવાનો.

### વૃત્તિનું શોધન

પ્રવૃત્તિ બદલવા છતાં જો રુચિ એ જ રહી—વૃત્તિમાં કંઈ સુધારો ન થયો—તો દેખીતી સારી ધર્મપ્રવૃત્તિમાં પણ એ વૃત્તિ પોતાનો ભાગ ભજવ્યા વિના નહિ રહે. માટે, ધર્મનાં બાહ્ય અનુષ્ઠાનોની સાથે સાથે આપણા ચિત્તનું શોધન કરતા રહેવું આવશ્યક છે. ચિત્તનું શોધન એટલે તેમાં ઊઠતી વૃત્તિઓનું શોધન. એટલે કે ચિત્તમાં ઊઠતા વિચાર-વૃત્તિ-સંકલ્પમાં સ્વાર્થ, ઇન્દ્રિયજન્ય સુખોપભોગની કામના, દેહાત્મભાવ, અહં-મમની સ્થૂળ-સૂક્ષ્મ વાસના આદિનું અવલોકન, પૃથક્કરણ અને વિસર્જન.

પોતાની જાત ઉપરનો રાગ વિવિધ સ્વરૂપો ધારણ કરીને આવે છે, ધર્મપ્રચાર અને શાસન-પ્રભાવનાનાં મોહક મહોરાં ઓઢીને દાન, સંઘયાત્રા કે ધર્મોપદેશ જેવાં દેખીતાં કેવળ લોકહિતાર્થનાં કાર્યો દ્વારા પણ અહં પોતાની પુષ્ટિ માટે મથે છે. પ્રવચન-પ્રભાવનાના પવિત્ર નામની ઓથે રહી, અહં મુમુક્ષુને ભ્રમમાં નાખી દઈ તેને પથભ્રષ્ટ કરી દે છે. તકતીઓ, ઉજમણાં, પૂજનો, સન્માન-સમારંભો આદિ દ્વારા મોહ પોતાની જાળ પાથરે છે. જે તપ-જપ કરીને અહંકાર ઘટાડવાનો છે, તે તપ-જપ કરીને એ

અહં—પોતાની જાત ઉપરનો એ દુર્નિવાર રાગ—બેવડો તો નથી થઈ રહ્યો ને? પોતાના નામ અને કામની યશોગાથાની આજે ચાલી રહેલ હોડમાં આપણે આત્મસાધનાને વિસરી તો નથી ગયા ને? આ સાવધાની આત્મસાધના કાજે ઘરબારનો ત્યાગ કરીને ચાલી નીકળેલાઓ માટે પણ આજે અત્યંત આવશ્યક બની છે એમ નથી લાગતું?

માનવી સંસારના ઝેરના ઉતાર માટે તપ-જપ-સંયમ - સ્વાધ્યાયનો આશરો લે છે. પણ અવળચંડું મન એ ઔષધને ય વિફળ બનાવી દે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે આ તથ્યને વાચા આપતાં ગાયું છે કે,

રાગહરણ તપ જપ શ્રુત દાખ્યાં,
તેહથી પણ જેણે ભવફળ ચાખ્યાં રે,
કોઈ ન છે તેહનો પ્રતિકારો રે,
અમિય વિષ હોય ત્યાં શો ચારો રે?

ધર્મારાધનાના અમૃતને ઝેરમાં પલટી નાખતી આ સૂક્ષ્મ અહંવૃત્તિ સામે લાલબત્તી ધરતાં પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજે બુલંદ સ્વરે ચીમકી આપી છે કે,

"શ્રુત, તપ કે સંયમાદિ પણ અહંની પુષ્ટિ અર્થે કરાતાં હોય તો તેમાં પરમાર્થથી ગુણ કંઈ નથી, તેમાં છે કેવળ પોતાના અંતરમાં રહેલ ઉન્માદનું પ્રદર્શન; અને એનું પરિણામ છે સંસારવૃદ્ધિ."[2]

'આ દેહ એ જ હું' એ વાસના અનાદિથી આત્માને વળગેલી છે. એમાંથી બહાર નીકળવા માટે જ તો મુમુક્ષુ ધર્મસાધના તરફ વળે છે ને? પણ ધર્મસ્થાનકોમાં જ જો આ દેહના નામનો વ્યાપ વધારવાની અને રૂપને કાયમી કરી જવાની સ્પર્ધાની જ બોલબાલા હોય તો?

## —એ છે આપણા ભાવદારિદ્રયનું પ્રદર્શન!

આજે આપણે કંઈક સારું કામ કરીએ છીએ કે જગતને એની જાણ કરવાની આપણને ચટપટી જાગે છે. આની પાછળ એક મનોવૈજ્ઞાનિક કારણ રહેલું છે તે આપણે સમજીએ. આપણે રોજ ઊંઘીએ છીએ પણ કોઈ દિવસ સવારે ઊઠીને આવતા-જતા સૌને એ વાત કહેવા બેસતા નથી. પણ મહિનાઓથી અનિદ્રાથી પીડિત રોગીને કોઈ ઉપચાર કામ લાગે ને એક રાત ચાર-છ કલાક ઘસઘસાટ ઊંઘ આવી જાય તો? આખો

દિવસ એ વાત તે સૌને કહેતો ફરે છે. કોઈ માંદો માણસ કશો ખોરાક લઈ શકતો ન હોય અને એક દિવસ એક રોટલી ખાઈ શકયો તો ખબર-અંતર પૂછનાર સૌ આગળ એ એક રોટલી ખાધાનું પારાયણ કરતો રહેશે. સાજા નરવા માણસને એવી વાત કરવાનું કદી નહિ સૂઝે. શ્વાસ લેવામાં અસહ્ય તકલીફ અનુભવતો બ્રોન્કાઇટીસનો દરદી જે દિવસે અનાયાસ શ્વાસ લઈ શકે છે તે દિવસે તે અનેક જણને એ વાત કર્યા વિના રહી શકતો નથી; પણ તમે અનાયાસ ચાલતા તમારા શ્વાસોશ્વાસની વાત કોઈને કરવા કદી બેઠા છો ખરા? એ જ રીતે, આપણી શુભપ્રવૃત્તિની જગતને જાણ કરવા આપણે જો ઉત્સુક રહેતા હોઈએ તો એ ઉત્સુકતા એ વાત છતી કરે છે કે એ શુભપ્રવૃત્તિ આપણા સ્વભાવમાં હજુ વણાઈ નથી; બલ્કે એ શુભપ્રવૃત્તિથી વિપરીત વૃત્તિનું સામ્રાજ્ય આપણી ભીતર પ્રવર્તે છે.

જયારે શુભપ્રવૃત્તિ આપણા હાથે સતત થતી રહેશે ત્યારે કોઈ આગળ એની વાત કરવાનું મન નહિ થાય, અને જયારે એ પ્રવૃત્તિ સ્વભાવગત બની ગઇ હશે—પૂર્વની આપણી કનિષ્ટ વૃત્તિ જ બદલાઈ ગઇ હશે—ત્યારે આપણે કશું શુભ કરી રહ્યા છીએ એ ખ્યાલ સુધ્ધાં આપણને નહિ રહે; અર્થાત્ આપણા સુકૃત્યોની જગતને જાણ કરવાની આતુરતા અને એ સુકૃત્યો માટે જગત પાસેથી માન મેળવવાની આપણી કામના શાણા લોકો આગળ એ વાતની ચાડી ખાય છે કે આપણે આત્મસંપત્થી દરિદ્ર છીએ, આપણે ધર્મમાર્ગમાં હજુ સ્થિર થયાં નથી.

## આપણી ધર્મપ્રવૃત્તિનું લક્ષ્ય

માનવીનું જીવનવહેણ તેણે જે જીવનધ્યેય સ્વીકાર્યું હોય તેના આધારે નક્કી થાય છે. એ જે આદર્શ પોતાની સમક્ષ રાખે છે, તદનુસારે તેની આંકાક્ષાઓ અને નિર્ણયો આકાર લે છે. માટે, આપણા ધાર્મિક જીવનનું ધ્યેય શું છે તે સદા આપણી સમક્ષ સ્પષ્ટ હોવું જોઇએ. જૈન સાધનાનું કેન્દ્ર સામાયિક છે, સમત્વ છે. સાધક ચાહે ગૃહસ્થ હોય કે મુનિ હોય, સામાયિકભાવનો પૂર્ણ વિકાસ એની સમગ્ર આરાધનાનું લક્ષ્ય છે.

સમત્વના વિકાસઅર્થે જીવનમાં વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને જ્ઞાનની ત્રિવેણીનો સુયોગ થવો જોઇએ. જ્ઞાનથી અહીં શાસ્ત્રોનો ઓછોવત્તો

બોધ નહિ પણ, પોતાના શુદ્ધ શાશ્વત સ્વરૂપનું ભાન અને જગતના સર્વ ભાવોની ક્ષણભંગુરતાની પ્રતીતિ અપેક્ષિત છે. આ ત્રણેને મુમુક્ષુ જો વળગી રહે તો તેની ધર્મસાધના ક્યાંય અટવાયા વિના કે કોઈ આડમાર્ગે ફંટાયા વિના ધ્યેયની દિશામાં જ વહેતી રહે. આ ત્રણનો સંયુક્ત પ્રયોગ થાય અર્થાત્ ચિત્ત ભોગોથી વિરક્ત, જીવસૃષ્ટિ પ્રત્યે આત્મીયતાભરી સહાનુભૂતિવાળું અને જ્ઞાનથી વાસિત રહે તો નિશ્ચય અને વ્યવહારનો—જ્ઞાન અને ક્રિયાનો—સમન્વય આપમેળે સધાય અને સમત્વનો વિકાસ સુલભ બને.*

યમ, નિયમ, સંયમ, ન્યાય-નીતિ અને જીવજગત પ્રત્યે આત્મીયતાપૂર્વકના જીવનવ્યવહાર વિના આત્મસાધનાનો પંથ કપાતો નથી. પરંતુ વ્યવહારમાર્ગનું આ અનુસરણ મુક્તિની દિશામાં પહેલું પગલું છે. એના અવલંબને ચિત્તની અશુદ્ધિ દૂર કરી તેની ચંચળતા ઘટાડી આત્મપરિણામોમાં સ્થિરતા લાવવાની છે એ તથ્ય વિસરાવું ન જોઈએ.[૩] નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરવું એ નિશ્ચયમાર્ગનું લક્ષ્ય છે.[૪] વ્યવહારની ગતિને નિશ્ચય નિશ્ચિત દિશા આપે છે. એની આંગળી સદા આત્માના શુદ્ધ, શાશ્વત સ્વરૂપ ભણી રહે છે. મહાસાગરની સફર ખેડતા નાવિકને તેની ગતિની દિશા નક્કી કરવામાં હોકાયંત્રની સોય મદદ કરે છે તેમ, ભવસમુદ્રને પાર કરવા વ્યવહારની નાવમાં બેઠેલાને સ્વરૂપની દિશા ચીંધીને નિશ્ચય આડ માર્ગે ફંટાઈ જતાં બચાવે છે. વ્રત-તપ-સંયમ વડે જીવનમાંથી સ્થૂળ અશુદ્ધિઓ દૂર કર્યા પછી એના અહંકાર—સાત્ત્વિક અહંકાર કે કહેવાતા પ્રશસ્ત કષાયો—માં ફસાઈ ન જવાય તે માટે નિશ્ચયનું અવલંબન જરૂરી છે. આ મુદ્દા પ્રત્યે શ્રેયાર્થીનું ધ્યાન ખેંચતાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું છે કે,

> જે અહંકાર મમકારનું બંધન,
> શુદ્ધ નય તે દહે દહન જિમ ઈંધન;
> શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી,
> શુદ્ધ નય આથી છે સાધુને આપણી.

—૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧૬, ગાથા ૧૦.

---

*આ મુદ્દાની વિસ્તૃત છણાવટ ઇચ્છતા જિજ્ઞાસુઓએ લેખકકૃત 'આત્મજ્ઞાન અને સાધનાપથ' પુસ્તકમાંનું 'સમત્વ: સાધનાનો રાજપથ' શીર્ષક પ્રકરણ જોવું.

## નિશ્ચય-વ્યવહારના તાણાવાણા

પોતાના કર્મકૃત વ્યક્તિત્વ ઉપર જ રહેતી નજર હઠાવી લઈને મુમુક્ષુ તેને પોતા તરફ—આત્માના શુદ્ધ શાશ્વત સ્વરૂપ તરફ વાળે તો જ તે આત્મિક ઐશ્વર્ય પામી શકે છે. પોતા તરફ વળ્યા વિના એકલી ક્રિયાની ચીલાચાલુ ઘરેડમાં ઘૂમ્યા કરવાથી નથી સમત્વ લાધતું, નથી આત્મતૃપ્તિનો ઓડકાર પામી શકાતો, અને બાહ્ય દેખીતી પ્રવૃત્તિ ધાર્મિક રહેવા છતાં અંતરમાં પ્યાસ અને પ્રીતિ તો ભૌતિકતાની જ રહે છે.

આધ્યાત્મિકતા માટે નૈતિકતા અને તપ-ત્યાગ-સંયમ જરૂરી છે, પણ નૈતિકતા અને તપ-ત્યાગ હોય ત્યાં આધ્યાત્મિકતા હોય જ એવો નિયમ નથી. તપ-ત્યાગસંપન્ન સદાચારી વ્યક્તિ અને આત્મજ્ઞાની સંત વચ્ચેનું અંતર પાપી અને સજ્જન વચ્ચેના અંતર કરતાં ઘણું વધુ છે: આ તથ્ય આપણા ધ્યાન બહાર ન રહેવું જોઈએ. તપ-ત્યાગયુક્ત કઠોર જીવન અને આત્મોન્મુખ જીવન એ બે એક નથી. ખરેખર આત્મોન્મુખ થયેલી વ્યક્તિની દૃષ્ટિ ભૌતિક જીવનનાં લાભ-નુકસાનનાં લેખાં-જોખાંથી ઉન્મુક્ત રહે છે. નિજ શુદ્ધ શાશ્વતસ્વરૂપ સાથેના અનુસંધાનનું આ પરિણામ હોય છે.

આપણી સમગ્ર સાધના દેહ અને મનથી પર થવા માટે છે. નિશ્ચય અને વ્યવહાર અર્થાત્ જ્ઞાન અને ક્રિયાનો સંયુક્ત પ્રયોગ થાય તો એ કામ પાર પડે. અસત્ પ્રવૃત્તિથી નિવૃત્ત થવાના લક્ષ્ય વિનાની માત્ર નિજ શુદ્ધ સ્વરૂપની વાતો મુક્તિ અપાવી શકતી નથી, તેમ પરમાત્મ-સ્વરૂપ કે નિજ શુદ્ધ આત્મસ્વરૂપના લક્ષ્ય વિનાની એકલી શુભ પ્રવૃત્તિ પણ મુક્તિ-સાધનામાં વિફળ રહે છે.[૫]

એટલે લૌકિક રૂઢિ અનુસારના કેવળ બાહ્ય તપ-ત્યાગ અને અહિંસાદિ ધર્માચરણની આધ્યાત્મિક ગુણ તરીકે જ્ઞાનીઓ ગણના કરતા નથી.[૬] દ્રવ્યક્રિયા અર્થાત્ ભાવશૂન્ય કોરા અહિંસાદિ આચારો કે ક્રિયાકાંડો કરતાં તાત્ત્વિક પક્ષપાતનું—આધ્યાત્મિક રુચિનું—મૂલ્ય ઘણું છે. જ્ઞાનીઓ કહે છે કે એ બે વચ્ચે એટલો તફાવત છે જેટલો તફાવત આગિયાના પ્રકાશ અને સૂર્યના પ્રકાશ વચ્ચે છે.[૭] એટલે શ્રેયાર્થી વ્યવહારનું અનુસરણ કરે પણ તેની નજર નિશ્ચય ઉપર રહેવી જ જોઈએ. એ ખાતર, વ્યવહારના અનુસરણની પ્રેરણા આપવાની સાથોસાથ, નિશ્ચયમાર્ગ પ્રત્યે

જ્ઞાનીઓ મુમુક્ષુનું ધ્યાન ખેંચતા રહે છે. એ કામ તેઓ કેવી ટૂંકી-ટચ અને સચોટ ઉકિતઓ દ્વારા કરે છે તેની થોડી વાનગી આપણે જોઈએ:

કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાન દશા વિણ જીવને, નહિ દુ:ખનો છેહ.

લોકવિણ જિમ નગર મેદની, જેમ જીવ વિણ કાયા;
ફોક તેમ જ્ઞાન વિણ પરદયા, જિસી નટતણી માયા.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેહને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

## આપણે નિજ ભાન ભૂલી રહ્યા છીએ?

આજે આપણે ત્યાગ-વિરાગમાં 'અટકી ગયા છીએ' એમ કહેવા કરતાં 'અટવાઈ ગયા છીએ'. એમ કહેવું વધુ સાર્થક નથી? ત્યાગ-તપ-સંયમ, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક—આ બધું નિજ ભાન જગાડીને સ્વમાં પાછા ફરવા માટેની કેડીઓ છે. કિંતુ આપણે એ બધું ઔપચારિક બનાવી દીધું છે. એના દ્વારા કયાંક પહોંચવું છે એ ભૂલીને એમાં જ અટવાતા ફરીએ છીએ. ફલત: એના દ્વારા સ્વમાં પાછા વળવાના બદલે આજે આપણે પરમાં જ ભ્રમણ વધારતા રહીએ છીએ એમ નથી લાગતું?

અહં-મમની વૃત્તિનો ઉચ્છેદ એ શ્રી જિનેશ્વરદેવ-નિર્દિષ્ટ સઘળી ચર્યાનું લક્ષ્ય છે. પરંતુ એ જ ક્રિયાકાંડ અને તપ-ત્યાગને નામે અહં-મમપ્રેરિત ક્ષુલ્લક વિવાદોમાં તણાઈ જઈ, વિચાર-આચારમાં આપણાથી સહેજ જુદા પડતા જૈન સંઘના જ અન્ય સભ્યો પ્રત્યે દ્વેષ, ઈર્ષા, ઘૃણા, તિરસ્કાર વર્ષાવવામાં જ આપણે ગૌરવ લેતા થઈ જઈએ તો? 'સાધર્મી પ્રત્યે વાત્સલ્ય, પ્રીતિ, ભકિત અને પ્રમોદને બદલે ઉપર્યુકત કનિષ્ઠ ભાવો જગાડતી ધર્મપ્રવૃત્તિ મોહપોષક છે' એ કટુ સત્ય સંભળાવનારાની આપણે ઉપેક્ષા કરીશું? આ સંદર્ભમાં, 'મોત ઉપર મનન' નામના પ્રો૦ દાવરના એક પુસ્તકમાં વર્ષો પૂર્વે વાંચેલું એક અવતરણ અહીં ટાંકવાનું મન થાય છે:

"જ્યારે હું મહાન પુરુષોની કબરો ઉપર નજર નાખું છું ત્યારે મારામાં ઈર્ષ્યાની દરેક લાગણી નષ્ટ થાય છે. ...જ્યારે હું બાદશાહોને તેઓને પદભ્રષ્ટ કરનારાઓની સાથે જ દફન થયેલા નિહાળું છું, જ્યારે બુદ્ધિ-

કુશળ હરીફોને એકબીજાની સાથે ખાડામાં દટાયેલા દેખું છું, અથવા જે ધર્મ-ધર્મધુરંધરોએ પોતાની તકરારો અને ઝઘડાઓથી જગતમાં ધૂમ મચાવી હતી, તેઓને મિટ્ટીમાં મળેલા અવલોકું છું, ત્યારે જીવનની નજીવી હરીફાઈઓ, પક્ષાપક્ષીઓ અને વાદવિવાદોની નિરર્થકતાનું મને સખેદાશ્ચર્ય ભાન થાય છે."

શ્રેયાર્થીએ વિચારવું જોઈએ કે મૃત્યુ પછી 'મારો પક્ષ' કયો? અને, જન્મ પહેલાં હું કયા ફિરકા-ગચ્છ-સંપ્રદાયનો હતો? જે પહેલાં 'મારું' નહોતું, મૃત્યુ પછી 'મારું' નથી રહેવાનું એને વળગીને 'મારું મારું' કરીને મોહને દૃઢ કરવાના ઉધામા શા કાજે?

દેહાત્મભ્રમનો નિરાસ એ આપણું લક્ષ્ય છે, એ ભૂલી જવાય છે તેથી ધર્મપ્રવૃત્તિમાં પણ અહં-મમને આગળ રાખવાની ભૂલ કરી બેસીએ છીએ, પરિણામે, આપણે 'ધર્મ કરી રહ્યા છીએ' એ ભ્રમમાં રહી વાસ્તવમાં તો એના દ્વારા મોહની જડને જ વધુ દૃઢ કરતા રહીએ છીએ.

કર્મકૃત અવસ્થાઓમાં 'હું' અને મારાપણાનો ભ્રમ—દેહાત્મભ્રમ એ સર્વ અનર્થનું મૂળ છે.[૮] એ ભ્રમના આધારે જ મોહની આખી બાજી નભે છે.[૯] દેહ અર્થાત્ નામ અને રૂપ એ હું નથી અને એને સંબંધિત અવસ્થાઓ એ 'મારી' નથી એ જાગૃતભાન એ જ સમ્યગ્દર્શન છે. અધ્રુવ, અનિત્ય પર્યાયો સાથે નહિ પણ ધ્રુવ, નિત્ય, શાશ્વત નિજ નિર્મળ સ્વભાવ સાથે પોતાની એકતાની પ્રતીતિ સમકિતનું કારણ પણ છે અને પરિણામ પણ.

ભવચક્રપુરના સ્ટેજ ઉપર રાષ્ટ્રનેતા કે યાચક, તત્ત્વજ્ઞાની કે મૂર્ખ, ધનકુબેર કે ભિખારી, સંત કે પાપીના વાઘામાં થોડો કાળ ઝબકી જઈ અદૃશ્ય થવાનું છે—આ જાગૃતિ આવે અને ટકી રહે એ દિશામાં આપણી સર્વ ધર્મારાધનાની ગતિ રહેવી જોઈએ. તેના બદલે ધર્મપ્રવૃત્તિ દ્વારા પણ, દૃષ્ટિરાગવશ પોતાના માનેલા ગચ્છ-મત-પક્ષની કે પોતાની સરસાઈ સ્થાપિત કરવાની મથામણમાં કે અહં-મમપ્રેરિત ક્ષુલ્લક વાદવિવાદોમાં આપણે જીવન વેડફી રહ્યા હોઈએ અને દાનેશ્વરી, તપસ્વી, ઉગ્ર સંયમી, પ્રખર ધર્મોપદેશક, અદ્વિતીય વિદ્વાન કે તત્ત્વજ્ઞાની ઇત્યાદિ તરીકે વિશ્વમાં વિખ્યાત બનવાના વિકલ્પો જો આપણા ચિત્તમાં મોહમદિરા ઠાલવ્યા જ કરતા હોય તો જ્ઞાનનાં આપણાં દિવ્યચક્ષુ શી રીતે ખૂલે?[૧૦] અને,

ધર્મારાધના દ્વારા જો આપણી જ્ઞાનદૃષ્ટિ ન ખૂલે તો આપણી એ ધર્મારાધના મોહ સામેના યુદ્ધનો પડકાર ન રહેતાં, મોહના નિદર્શન મુજબનો એક વેષ ભજવવા સ્વરૂપ જં બની રહે ને? મુમુક્ષુના જીવનમાં આના જેવી કરુણતા બીજી કઈ હોઈ શકે?

## સાધનાના પ્રાણ: અંતર્મુખતા અને આત્મજાગૃતિ

બાહ્ય નિવૃત્તિ એ ચારિત્રધર્મનું બહારનું ખોખું છે, આંતર જાગૃતિ એના પ્રાણ છે.[૧૧] એટલે વિષયોના અને આરંભ-સમારંભના બાહ્ય ત્યાગ અને મુનિજીવન પ્રાયોગ્ય બાહ્ય આચરણ માત્રથી મુમુક્ષુએ નિરાંતનો શ્વાસ લેવો ન ઘટે. જ્ઞાનીઓએ ફોડ પાડીને કહ્યું છે કે પૂજા, પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા પ્રત્યેના અનુરાગ અને જિનવાણીની પ્રીતિ વડે સ્વર્ગ સુખો મળે, પરમપદ નહિ; પરમપદની પ્રાપ્તિ અર્થે જ્ઞાનયોગ આવશ્યક છે.[૧૨] માટે, ધર્મપ્રવૃત્તિની સાથે આત્મજાગૃતિ ટકી રહે એ માટેનો પણ આપણો પ્રયાસ રહેવો જોઈએ.

સ્વરૂપ સાથે ચિત્તનું અનુસંધાન કર્યા વિના, ચિત્તમાં પડેલાં તૃષ્ણા, રાગ, દ્વેષ અને મોહ—અવિદ્યાની જડ ઉખેડી શકાતી નથી. ચિત્તમાં મૂળભૂત પરિવર્તન લાવવા અને તેમાં અવચેતન સ્તરે રહેલ તૃષ્ણા, મત્સર, દ્વેષ, ભય આદિ કનિષ્ઠ વૃત્તિઓનો ઉચ્છેદ કરવા શ્રેયાર્થીએ સ્વરૂપજાગૃતિની કળા સાધવી જોઈએ.*

સ્વરૂપજાગૃતિની કળા હસ્તગત ન થઈ તો એ સંભવિત છે કે, અણગાર થઈને ધાર્મિક પ્રવૃત્તિના વાતાવરણમાં આખોયે વખત આત્માની, મુક્તિની અને સાધનાની વાતો કરતાં રહેવા છતાં, અંતર તો ઔદયિક ભાવોમાં જ બદ્ધ રહી જાય અને એ અણગાર અહં-મમના આવેગોમાં જ તણાતો રહે. જ્યારે સ્વરૂપની જાગૃતિવાળો ગૃહસ્થ સાધક પણ, કુટુંબની સાથે વસવાટ તથા પારિવારિક અનેક જવાબાદારીઓનું પરિવહન કરવા છતાં, અંતરથી ન્યારો રહી શકે છે—અલિપ્ત રહી શકે છે.

સમ્યગ્દર્શન વિના કઠોર તપ, બહોળું શ્રુતજ્ઞાન અને ઉગ્ર ચારિત્ર

*અંતર્મુખતા અને સ્વરૂપાનુસંધાન માટેની વિવિધ સાધનપ્રક્રિયાઓના જિજ્ઞાસુએ લેખકકૃત 'આત્મજ્ઞાન અને સાધનાપથ' પુસ્તકનું 'અંતર્મુખતા અને સાક્ષીભાવની સાધના' શીર્ષક પ્રકરણ જોવું.

પણ નિરર્થક કહ્યાં છે તેનું રહસ્ય આ જ છે. આત્મજાગૃતિ હોય તો સંસારની 'કાજળ કોટડી'માં વસીનેય સાવ નિર્લેપ રહી શકાય છે. ચક્રવર્તિપદ, તથા તેની સાથે સંકળાયેલ વિપુલ ઐશ્વર્ય, અઢળક ભોગ-વિલાસ અને બેસુમાર આરંભસમારંભ ચાલુ હોવા છતાં દુર્ગતિના બદલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ ચક્રવર્તી ભરતને શાના બળે થઈ? બાહ્ય જીવનના દીવાનખાનામાં જ એમને જોવાથી આ કોયડો ઉકેલી ન શકાય, પણ એમના અંતરખંડમાં ડોકિયું કરવાથી આનો ઉત્તર મળી રહે છે. પ્રબળ પ્રારબ્ધકર્મવશાત્ એ સર્વવિરતિના ધોરીમાર્ગે પગ નહોતા માંડી શક્યા, પણ એમના અંતરમાં આત્માનુસંધાનની જ્યોત સદા સતત પ્રજ્વલિત રહી. 'હું આ દેહ નથી, કર્મકૃત મારું વ્યક્તિત્વ અને એની સાથે સંકળાયેલ સઘળું મારાથી ભિન્ન છે, સંસારનાટકના તખ્તા ઉપર કર્મે આપેલો ક્ષણવાર પૂરતો એ એક વેશ માત્ર છે'—આ ભાન સાથે એ જીવતા હતા.

સ્વરૂપજાગૃતિ અને વિરતિ એ બે વડે મુક્તિપંથ કપાય છે. મુક્તિની દિશામાં સ્વરૂપજાગૃતિ પહેલું ચરણ છે, વિરતિ એની સાથે ભળે તો મુક્તિપ્રયાણ વેગવાન બને છે. બીજીબાજુ, પૂર્ણવિરતિ-સર્વવિરતિ અર્થાત્ મુનિજીવન હોય પણ આત્મજાગૃતિનું તત્ત્વ ખૂટતું હોય તો મુક્તિ વેગળી જ રહે છે; જ્યારે સ્વરૂપજાગૃતિ અખંડ હોય અને વિરતિ તરફ માત્ર અંતર જ ઢળેલું હોય એવા આત્માઓ—અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ—ત્રણ ભવમાં જ મુક્તિ મેળવી લે છે. કારણ કે, જાગૃત અવસ્થામાં જેમ રાતનાં સ્વપ્નાં ટકતાં નથી તેમ આત્માના શુદ્ધ સ્વભાવના ભાન સાથે વિષયતૃષ્ણા અને મલિન વૃત્તિઓ ટકી શકતી નથી અને શુભવૃત્તિઓ સ્વયં પુષ્ટ થાય છે. સ્વરૂપનો બોધ થઈ જતાં વિષયો પ્રત્યેની આંતરિક આસક્તિ છૂટી જાય છે, અહં-મમના સંકુચિત કુંડાળાઓમાંથી આત્મા મુક્ત થાય છે અને, મોડી વહેલી, પૂર્ણ નહિ તો આંશિક વિરતિ તો એની પાછળ આવે જ છે.

આપણી સર્વ વૃત્તિઓનો આધાર આત્મા છે, પણ આપણે વૃત્તિઓમાં જ અટવાઈ રહી, આત્માને-જાતને જ ભૂલી જઈએ છીએ. સમ્યગ્દૃષ્ટિની ઉપલબ્ધિ એ નિજની સાચી ઓળખની ઉપલબ્ધિ છે. એ માટે સ્વ અને પરના ભેદનું બૌદ્ધિક સ્તરનું જ્ઞાન પર્યાપ્ત નથી. બૌદ્ધિક બોધ પછી પરના વિકલ્પથી સાવ નિવૃત્ત થઈ, જ્યારે મનથી પર જવાય ત્યારે

આત્માનુભવ લાધે છે. એ અનુભવ એ જ પારમાર્થિક સમ્યક્ત્વ. એની જ પ્રાપ્તિથી ભવભ્રમણની સીમા બંધાઈ જાય છે.

ભ્રમર ફૂલ તરફ ખેંચાય છે, અથવા તરસ્યો પાણી માટે ટળવળે છે, તેવું મુમુક્ષુને આત્મદર્શનનું અને આત્મરમણતાનું આકર્ષણ હોય. આ અભીપ્સા જાગવાની જરૂર છે, પછી જીવનમૂલ્યોમાં આપમેળે જબરું પરિવર્તન આવેલું અનુભવાશે.

તો, જિનાજ્ઞાની વફાદારી, શાસનરક્ષા કે પ્રભાવનાનાં મોહક મહોરાંની ઓથે અહં-મમની ચાલી રહેલી આજની હોડમાંથી સવેળા ખસી જઈ, ભવભ્રમણને નિશ્ચિતપણે ટૂંકાવી દેતા અને વર્તમાન જીવનમાંથી પણ સંકુચિતતા, ભય, દીનતા અને તૃષ્ણાને હટાવી અભય-અદ્વેષ-અખેદ અને સમતા-સ્વસ્થતા-સામર્થ્યની દૈવી સંપત્નું વરદાન આપતા પારમાર્થિક સમ્યગ્દર્શન—અર્થાત્ આત્માનુભવ—ની પ્રાપ્તિ અને વિશુદ્ધિને આપણા ધર્મજીવનનું લક્ષ્ય બનાવીશું? આપણી મુમુક્ષા અર્થાત્ સંવેગ કેટલાં ઉત્કટ છે એની કસોટી આમાં રહેલી છે.

આપણે સ્મૃતિપટ ઉપર એ કોતરી રાખીએ કે બાહ્ય ક્રિયાકાંડના ભેદથી આત્મધર્મમાં ભેદ કલ્પીને દ્વેષ, નિંદા, ક્લેશ કે સંઘર્ષમાં ભાગીદાર થવું એ ધર્મપ્રેમ કે આત્મવિકાસનું નહિ પણ દૃષ્ટિરાગ અને અજ્ઞાનતાનું અર્થાત્ મતાંધતાનું જ ચિહ્ન છે; શાંત થવું, પરના વિકલ્પોથી નિવૃત્ત થવું, નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરવું એ જ દ્વાદશાંગીનો સાર છે; એ જ આત્મધર્મ છે.

# સાતમા પ્રકરણનાં ટિપ્પણો

૧. यस्मादिदं सम्यग्ज्ञानमसत्प्रवृत्त्या प्रबलावश्यवेद्यचारित्रमोहोदयादिन्द्रियानुकूलाचरणरूपया द्रव्यतो मनोरुचिविकलत्वेनाप्रधानभावात् संगतमपि संयोगभागपि नियमेनैकान्तत एव भवति फलांगं मोक्षलक्षणफलनिमित्तम्। कुत इत्याह–अशुभानां ज्ञानावरणादिपापप्रकृतीनामनुबन्ध उत्तरोत्तरवृद्धिरूपस्तस्य व्यवच्छेदस्त्रुटिस्तस्य भावात्।

—ઉપદેશપદ, ગાથા ૩૭૫, ટીકા.

૨. एतेषु मदस्थानेषु निश्चये न च गुणोऽस्ति कश्चिदपि।
केवलमुन्मादः स्वहृदयस्य संसारवृद्धिश्च॥

—પ્રશમરતિ પ્રકરણ, શ્લોક ૯૭.

૩. ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવીએ શુદ્ધ નય ભાવના, પાવનાશયતણું ઠામ રે.

—ઉપા૦ યશોવિજયજીરચિત અમૃતવેલની સજ્ઝાય, ગાથા ૨૩.

૪. (i) व्यवहारात् परप्राणरक्षणं यतनावतः।
निश्चयान्निर्विकल्पस्वभावप्राणावनं तु सा॥

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૭, શ્લોક ૨૮.

(ii) એકતા જ્ઞાન નિશ્ચય દયા, સુગુરુ તેહને ભાખે;
જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે.

—૧૨૫ ગાથાનું સ્તવન, ઢાળ ૪, ગાથા ૪૬.

૫. કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીંથરાં,
કોઈ કહે સહજ ઘર જીમતાં દહીંથરાં;
મૂઢ એ દોય તસ ભેદ જાણે નહીં,
જ્ઞાનયોગે ક્રિયા સાધતાં તે સહી.

—૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧૬, ગાથા ૨૪.

૬. (i) विषयैः किं परित्यक्तै–र्जागर्ति ममता यदि।
त्यागात्कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः॥

—અધ્યાત્મસાર, મમતાત્યાગાધિકાર, શ્લોક ૨.

(ii) दयापि लौकिकी नेष्टा षट्कायानवबोधतः।
ऐकान्तिकी च नाज्ञानान्निश्चयव्यवहारयोः ॥

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૭, શ્લોક ૨૭.

(iii) यत्र रोधः कषायाणां, ब्रह्म ध्यानं जिनस्य च।
ज्ञातव्यं तत्तपः शुद्धमवशिष्टं तु लङ्घनम् ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૫૭.

૭. (i) तात्त्विकपक्षपातस्यापि द्रव्यक्रियातिशायित्वात्।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૧૯, શ્લોક ૨૬ ટીકા.

(ii) तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥

खद्योतकस्य यत्तेज-स्तदल्पं च विनाशि च।
विपरीतमिदं भानो-रिति भाव्यमिदं बुधैः ॥

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૨૨૩-૨૨૪.

૮. मोहश्च सर्वक्लेशानां मूलं अनात्मन्यात्माभिमानलक्षणः।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા૦ ૨૧, શ્લોક ૪ ટીકા.

૯. ये कर्मकृता भावाः परमार्थनयेन चात्मनो भिन्नाः।
तत्रात्माभिनिवेशोऽहंकारोऽहं यथा नृपतिः ॥

ममाहंकारनामानौ सेनान्यौ तौ च तत्सुतौ।
यदायत्तः सुदुर्भेदो मोहव्यूहः प्रवर्तते ॥

—તત્ત્વાનુશાસન, અ૦ ૧, શ્લોક ૧૫, ૧૩.

૧૦. विकल्पचषकैरात्मा पीतमोहासवो ह्ययम्।
भवोच्चतालमुत्तालं प्रपंचमधितिष्ठति ॥

—જ્ઞાનસાર, મોહત્યાગાષ્ટક, શ્લોક ૫.

૧૧. बहिर्निवृत्तिमात्रं स्या-च्चारित्राद्व्यावहारिकात्।
अंतःप्रवृत्तिसारं तु सम्यक्प्रज्ञानमेव हि ॥

—અધ્યાત્મસાર, વૈરાગ્યભેદાધિકાર, શ્લોક ૨૧.

૧૨. आवश्यकादिरागेण वात्सल्याद् भगवद्गिराम्।
प्राप्नोति स्वर्गसौख्यानि न याति परमं पदम्॥

ज्ञानयोगस्तपः शुद्धमात्मरत्येकलक्षणम्।
इन्द्रियार्थोन्मनीभावात् स मोक्षसुखसाधकः॥

—અધ્યાત્મસાર, યોગાધિકાર, શ્લોક ૪-૫.

# શબ્દકોશ

જૈન પરિભાષાથી અપરિચિત સામાન્ય વાચક સરળતાથી સમજી શકે એ દૃષ્ટિ, અહીં અપાયેલ અર્થમાં મુખ્ય રહી છે. આથી, પરિભાષાની શાસ્ત્રીય સૂક્ષ્મતા કે ચોકસાઇના અર્થી શાસ્ત્રાભ્યાસીઓએ તેમની એ જિજ્ઞાસા અન્યત્ર સંતોષવી. —લેખક

અણગાર—ઘરબારત્યાગી મુનિ, સાધુસંન્યાસી.

અણુવ્રત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-વિષયક ગૃહસ્થો જે આંશિક પ્રતિજ્ઞા કરે છે—વ્રત લે છે તે. મુનિઓને એ વ્રતો, કોઈ અપવાદ કે કશી પણ છૂટછાટ રાખ્યા વિના, લેવાંના હોય છે એટલે તે મહાવ્રતો કહેવાય છે.

અતિથિસંવિભાગ—શ્રાવકના બાર વ્રતોમાંનું આ નામનું છેલ્લું વ્રત. પોતાને પ્રાપ્ત ખાનપાન આદિ સામગ્રીમાંથી બીજાને ભાગ આપીને પછી પોતે જમવું અર્થાત્, એકલપેટાવૃત્તિ ન રાખતાં 'तेन त्यक्तेन भुंजीथाः'ના આદર્શને જીવનમાં વણી લેવાના અભ્યાસસ્વરૂપ આ વ્રત છે. વર્તમાન પ્રણાલિકા એ છે કે આગલા દિવસે પૌષધ સાથે ઉપવાસ કરીને બીજે દિવસે સાધુ-સાધ્વીને (કે તેમના અભાવે વ્રતધારી ગૃહસ્થને) આહાર આપ્યા બાદ પોતે પારણું કરવું.

અનુત્તરવાસી દેવ—સર્વશ્રેષ્ઠ કોટિના દેવ.

અનુબંધ—વૃદ્ધિ, પરંપરા—chain-reaction.

અનેકાંત—વિવિધ દૃષ્ટિબિંદુઓને લક્ષમાં રાખતું કથન—દૃષ્ટિ. જુઓ 'સ્યાદ્વાદ'.

અપુનર્બંધક—મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાય એટલો આત્મવિકાસ કરી ચૂકેલ વ્યકિત. જેને સંસાર પ્રત્યે અતિ આસક્તિ ન હોય, દીનદુઃખી પ્રત્યે જેના અંતરમાં અત્યંત દયા ઉમટતી હોય, અને જેના સર્વ વર્તન-વ્યવહાર ઔચિત્યપૂર્ણ હોય તે વ્યકિતનો આત્મવિકાસ આ કક્ષાનો કે તેથી વધુ સંભવે. આટલો આત્મ-વિકાસ થયા પછી જ આત્મા ધર્મમાર્ગની વાસ્તવિક પ્રાપ્તિ કરવાને પાત્ર ગણાય છે.

અવિરતિ—આરંભ-સમારંભ કે ભોગ-ઉપભોગનો અત્યાગ.

અવિરત સમકિતી—જેમને આત્માનુભૂતિ થઈ ચૂકી હોય, પણ પ્રતિજ્ઞાપૂર્વક આરંભ-સમારંભ અને ભોગ-ઉપભોગનો લેશ પણ ત્યાગ જે ન કરી શક્યા હોય તેવા આત્માઓ.

આત્મવિકાસની દૃષ્ટિએ એ આત્માઓ ચોથે ગુણસ્થાનકે રહેલા લેખાય. આ ભૂમિકાએ રહેલ વ્યક્તિ, તેની આંતરિક ઝંખના હોવા છતાં, પ્રારબ્ધ કર્મવશ—વીર્યાંતરાય અને પ્રબળ ચારિત્ર-મોહનીય કર્મના કારણે—પ્રતિજ્ઞાપૂર્વક કંઈ વ્રત, નિયમ, ત્યાગ, તપ કે સાધના કરતી-કારવતી ન દેખાય, છતાં તેની ગતિ મુક્તિ તરફની હોય છે. કેવળ બાહ્યપ્રવૃત્તિના ગજથી આવી વ્યક્તિની સાચી ઓળખ ન થઈ શકે. પ્રવૃત્તિની પાછળ રહેલી વૃત્તિને પારખી શકનાર પ્રબુદ્ધ વ્યક્તિઓ જ તેમનો અનાસક્તભાવ ઓળખી શકે અને તેમને યથાર્થ ન્યાય આપી શકે.

અવ્યવહાર રાશિગત જીવ—ચેતનાના સ્વલ્પતમ ઉઘાડવાળા એકેન્દ્રિય જીવો, જે એકેન્દ્રિયની પણ નિમ્નતમ અવસ્થાએ રહેલા છે અને એ અવસ્થામાંથી બહાર આવી તેની ઉપરની કોઈ વિકસિત અવસ્થાને કદી પામ્યા જ નથી.

આયંબિલ—એક પ્રકારનું તપ કે જેમાં માત્ર પાણીમાં જ રંધાયેલાં અનાજનું—ઘી, ગોળ, સાકર, દૂધ, દહીં, છાશ, તેલ આદિ રસકસ તેમજ કોઈ પણ પ્રકારનાં ફળ કે શાકભાજી વિનાનું—સાદું ભોજન દિવસમાં એક વાર, એક જ બેઠકે, લેવાનું હોય છે.

આરંભ-સમારંભ—જેમાં ઘણી જીવહિંસાની સંભાવના હોય એવી પ્રવૃત્તિઓ.

આર્ત-રૌદ્ર ધ્યાન—આર્તધ્યાન શબ્દ ચિત્તની એ સ્થિતિને આવરી લે છે કે જેમાં વ્યક્તિનું ચિત્ત પોતાને ગમતી વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મેળવવાની કે સાચવી રાખવાની સતત ઝંખના અને તે માટેની યોજનામાં રત રહેતું હોય; કે પોતાને પ્રાપ્ત અનિષ્ટ વસ્તુ. વ્યક્તિ કે પરિસ્થિતિને દૂર કરવાની કે પોતાથી દૂર રાખવાની ચિંતામાં મશગૂલ રહેતું હોય.

વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનો પોતાને પ્રાપ્ત સંયોગ દૂર કરવા કે ઈચ્છિત સંયોગ મેળવવા કે સાચવી રાખવા હિંસા, જૂઠ, ચોરી આદિનો આશરો લેવાની ગડમથલમાં અર્થાત્ બીજાને નુકસાન પહોંચાડવાની ત્રેવડમાં ડૂબેલું ચિત્ત 'રૌદ્રધ્યાન' શબ્દથી સૂચિત છે.

ઉજમણું—વ્રત, તપ કે અમુક ધાર્મિક અનુષ્ઠાનોની પૂર્ણાહુતિ નિમિત્તે, ખુશાલી વ્યક્ત કરવા, કરાતો મહોત્સવ.

<u>ઉત્કૃષ્ટ સ્થિતિ</u>—કર્મબંધ થયા પછી તે કર્મ આ જીવનમાં જ, પછીના જન્મમાં કે અનેક જન્મો બાદ ઉદયમાં આવે છે. કર્મનો બંધ થાય ત્યારે, તે કર્મ આત્મા સાથે કેટલો વખત્ રહી શકે એ પણ નક્કી થતું હોય છે; એ સમયમર્યાદાને તે કર્મની 'સ્થિતિ' કહેવાય છે. કર્મના મુખ્ય આઠ પ્રકાર છે. કર્મની એ આઠ પ્રકૃતિઓની ઓછામાં ઓછી 'સ્થિતિ' અને વધુમાં વધુ 'સ્થિતિ' ભિન્ન ભિન્ન છે. જુદી જુદી પ્રકૃતિનાં કર્મ આત્મા સાથે વધુમાં વધુ જેટલો સમય રહી શકે તે સમયગાળાને તે તે કર્મપ્રકૃતિની 'ઉત્કૃષ્ટ સ્થિતિ' કહેવાય.

<u>ઉત્સર્ગ-અપવાદ</u>—કોઇ પણ વિધિ-નિષેધવિષયક સર્વ સામાન્ય વિધાન તે ઉત્સર્ગ; અને વ્યક્તિ, પ્રસંગ કે પરિસ્થિતિવિશેષમાં તે નિયમમાં જે છૂટછાટ મૂકવામાં આવે તે અપવાદ.

<u>ઉપશમ</u>—જ્યાં વિકારો સમૂલ નાશ ન પામ્યા હોવા છતાં, તે કાર્યકર ન બનતાં, દબાયેલા પડ્યા હોય એવી વિકારરહિત અવસ્થા.

<u>એજન</u>—એ જ—પૂર્વોક્ત ગ્રંથ (અંગ્રેજી સમાનાર્થ ibid ).

<u>ઓઘો</u>—૧. જૈન ત્યાગીઓનું ઊનના રેશાવાળું એક ઉપકરણ, જે સંયમના પ્રતીક તરીકે દીક્ષા વખતે તેઓ ગ્રહણ કરે છે અને જીવનભર પોતાની પાસે રાખે છે; ૨. સંયમ, દીક્ષિત જીવન.

<u>ઔદયિક ભાવ</u>—૧. કર્મના ઉદયના કારણે પ્રાપ્ત અવસ્થા, સંયોગો, પરિસ્થિતિ, ગુણો, લાભ-હાનિ, સુખ-દુ:ખ વગેરે—જેમ કે શરીર અને તેનાં રૂપરંગ, ઇન્દ્રિયોની ક્ષમતા કે ખોડ-ખાંપણ, રોગ કે આરોગ્ય, બુદ્ધિની વિશેષતા કે ન્યૂનતા, વ્યકિતત્વ, સંપત્તિ ઇત્યાદિ; ૨. એને મહત્ત્વ આપનાર ચિત્તવૃત્તિ.

<u>કષાય</u>—કામ, ક્રોધ, લોભ, મદ-માન-અહંકાર, માયા-કૂડ-કપટ, ઈર્ષ્યા, ઘૃણા, ભય આદિ મલિન ચિત્તવૃત્તિઓ.

<u>કર્મ</u>—વિશ્વવ્યવસ્થાનો એક સનાતન નિયમ છે કે 'વાવો તેવું લણો', 'કરો તેવું પામો,' જૈન, બૌદ્ધ અને હિંદુ વિચારધારામાં તે કર્મના નિયમ તરીકે પ્રસિદ્ધ છે.

પ્રશ્ન થાય કે અગણ્ય જીવાત્માઓ દ્વારા વિશ્વના ગમે તે ખૂણેખાંચરે થતી સારી-નરસી વૃત્તિ-પ્રવૃત્તિનું તેવું ફળ તે તે જીવાત્માને અચૂક મળે એ માટેનું તંત્ર શું છે? એની સમજ જૈનદર્શનનો કર્મસિદ્ધાંત આપે છે. જૈનદર્શન માને છે કે

આપણી આજુબાજુનું સમગ્ર વાતાવરણ દૃશ્ય ઉપરાંત અતિ સૂક્ષ્મ અદૃશ્ય ભૌતિક પરમાણુઓથી વ્યાપ્ત છે. એ પરમાણુઓના તેમની સ્થૂળતા કે સૂક્ષ્મતાની તરતમતા અનુસાર અનેક પ્રકાર છે, તેમાંનો એક પ્રકાર 'કાર્મણ વર્ગણા' તરીકે ઓળખાય છે. એમ જ પડેલી એ કાર્મણ વર્ગણામાં જીવને સુખ-દુ:ખ આપવાની કોઈ શક્તિ નથી. પરંતુ જેમ લોખંડના-ટુકડામાંથી વિદ્યુત્ પસાર થતાં તેમાં લોહચુંબકત્વ ઉત્પન્ન થાય છે, તેમ રાગ-દ્વેષ-મોહવશ જીવાત્મા જ્યારે કંઈ પણ વૃત્તિ-પ્રવૃત્તિમાં ભળે છે ત્યારે તેની નિકટ રહેલ કાર્મણ વર્ગણા જીવાત્માના એ શુભાશુભ અધ્યવસાય (ભાવ-વૃત્તિ-વિચાર)થી સ્વયં પ્રભાવિત થઇ જાય છે, અને સુખદુ:ખ આપનાર સંયોગો પેદા કરવાની એક શકિત તેનામાં આવિર્ભાવ પામે છે; અને તે, તે આત્માને 'ચોંટી' જાય છે. આત્માને ચોંટી રહેલ એ કાર્મણ વર્ગણાને જૈન પરિભાષા 'કર્મ' તરીકે ઓળખે છે. આ કર્મ, ટાઇમબોમ્બની જેમ, એનો સમય પાક્યે પોતાનો પ્રભાવ બતાવે છે, અને જીવાત્માને તેની તે તે વૃત્તિ-પ્રવૃત્તિનું ફળ ચખાડે છે.

કર્મકૃત—જુઓ 'ઔદયિક ભાવ.'

કર્મનિર્જરા—આત્માને વળગેલાં કર્મ સુખ-દુ:ખાદિ દ્વારા ભોગવાઇને કે તપ-જપાદિ દ્વારા ખરી જાય, ઓછા થાય કે નાશ પામે તે.

કેવળજ્ઞાન—જીવન્મુકિત, પૂર્ણજ્ઞાન.

ગણધર—તીર્થંકરના પટ્ટશિષ્ય.

ચરમાવર્ત—ભવભ્રમણનો છેલ્લો ફેરો.

જિનશાસન—૧. શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા—ઉપદેશ; ૨. એ આજ્ઞાને અનુસરનાર લોકસમૂહ—જૈન સંઘ.

જિનેશ્વર—જિનોમાં સર્વશ્રેષ્ઠ, અર્થાત્ તીર્થંકર. તીર્થંકર-નામકર્મના યોગે અતિ વિશિષ્ટ પુણ્ય અને અસાધારણ શક્તિઓ સાથે અવતરેલા મહાપુરુષો; જે પોતાને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થયે જગતને મુકિતપંથે દોરે છે—તીર્થની 'સ્થાપના' કરી મોક્ષમાર્ગના સારથિ બને છે.

ત્રસ-સ્થાવર—જે જીવો સુખ-દુ:ખથી પ્રેરિત થઇને સ્વયં-એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ કરી શકે તે ત્રસ; જે જીવો એ રીતે સ્વેચ્છાએ સ્થાનફેર નથી કરી શકતા તે સ્થાવર.

બધા એકેન્દ્રિય જીવો—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ—સ્થાવર કોઢિના છે. એકેન્દ્રિય સિવાયના બધા ત્રસ કોટિમાં આવે—રોગાદિ કોઈ અવસ્થામાં સ્વતંત્ર હલનચલન કરવા અસમર્થ હોય તો પણ.

દેશવિરતિ—૧ આંશિક સંયમ, અણુવ્રત; ૨. આંશિક સંયમવાળું ગુણસ્થાનક; ૩. જેણે પ્રતિજ્ઞાપૂર્વક આંશિક વ્રત-નિયમનો સ્વીકાર કર્યો હોય એવો ગૃહસ્થ સાધક—તેને આત્માનુભવ થઈ ચૂકયો હોય તો તેનું ગુણસ્થાનક પાંચમું, અન્યથા તેનું ગુણસ્થાનક પારમાર્થિક દૃષ્ટિએ તો પહેલું જ સમજવું.

દ્રવ્યક્રિયા—આંતરિક ભાવશૂન્ય બાહ્ય ધર્મપ્રવૃત્તિ.

દ્રવ્યલિંગ—ગુણ વિના સાધુનો માત્ર વેશ.

દ્રવ્ય-આચાર્ય—ગુરુ તરીકેની ગુણસંપત્તિ વિનાના, સ્વાર્થી, ધન-શિષ્ય-કીર્તિની ભૂખવાળા કહેવાતા ગુરુ કે આચાર્ય, જે પોતે અજ્ઞાનમાં અથડાતા હોય અને બહિરાત્મ-ભાવમાં—ભૌતિક આસક્તિમાં—ડૂબેલા હોઈ 'ધન હરે પણ ધોખો નવ હરે' એ ઉક્તિને સાર્થક કરતા હોય છે.

દૃષ્ટિવાદ—જૈન શાસ્ત્રગ્રંથોમાંના મુખ્ય બાર આગમોમાંનું બારમું આગમ. સર્વ આગમો કરતાં તે મોટું છે. ચૌદ પૂર્વનો સમાવેશ તેમાં થયેલ છે. એના વિસ્તાર અને વ્યાપનો ખ્યાલ એ રીતે આપવામાં આવે છે કે, પહેલું પૂર્વ લખવા માટે એક હાથી-પ્રમાણ શાહીની જરૂર પડે, અને તે પછીના ઉત્તરોત્તર પૂર્વને લખવા માટે પૂર્વ પૂર્વથી બમણી શાહી જોઈએ. આ આગમ હાલ ઉપલબ્ધ નથી.

દૃષ્ટિરાગ—કોઈ વ્યક્તિ, સંસ્થા, વિચારધારા કે મત-પંથ પ્રત્યે મમત્વપ્રેરિત આંધળી શ્રદ્ધા-ભક્તિ.

દ્વાદશાંગી—૧. જૈનાગમોમાંના પ્રમુખ બાર આગમોનો સમુચ્ચય; ૨. સમસ્ત શ્રુત.

નદી-ઘોળ-પાષાણ ન્યાય—નદીના પ્રવાહમાં દૂરથી તણાઈને આવતા પથ્થરો અથડાતાં-કૂટાતાં આપમેળે લીસા અને ઘાટીલા બની જાય છે, તેમ ભવભ્રમણ દરમ્યાન દુ:ખો સહન કરતાં કરતાં જીવોનો વિકાસ અનાયાસ થતો રહે છે; એ અનાયાસ વિકાસનો નિર્દેશ કરવા આ શબ્દપ્રયોગ થાય છે.

નય—દૃષ્ટિકોણ. કોઈ પણ વસ્તુને અનેક પાસાં હોય છે; સામાન્યત: તેના કોઈ એક

પાસાને લક્ષમાં રાખી—અર્થાત્ અમુક દૃષ્ટિકોણથી—આપણે વાત કરતા હોઈએ છીએ. એટલે કોઈ પણ વસ્તુ કે વિચારવિષયક કથન કયા દૃષ્ટિકોણથી થયેલ છે તે સમજીએ તો જ તેને યથાર્થપણે અને સમગ્રતાથી સમજી શકાય. આ હેતુથી જૈનદર્શને 'સ્યાદ્‌વાદ'નો સિદ્ધાંત અપનાવી, અનેકવિધ દૃષ્ટિકોણોનું સાત વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે, અને તે દરેક વિભાગને જુદું નામ આપ્યું છે. આ સાત વિભાગ એ જ સાત નય. માત્ર તત્ત્વજ્ઞાનની ચર્ચામાં જ નહીં પણ રોજિંદા જીવનવ્યવહારમાં યે વિભિન્ન દૃષ્ટિબિંદુઓના - નયોના પૃથક્કરણ અને સમન્વયથી આપણી સમજણ સુરેખ અને સ્પષ્ટ થઈ શકે છે (આના પ્રાથમિક, સરળ, સુગમ પરિચય અર્થે જુઓ ચંદુલાલ શકરચંદ શાહ કૃત 'અનેકાંત અને સ્યાદ્વાદ', પ્રકાશક: જૈન માર્ગ આરાધક સમિતિ, આદોની, આંધ્રપ્રદેશ).

<u>નવકારશી</u>—૧. સૂર્યોદયથી બે ઘડી, અર્થાત્ અડતાલીસ મિનિટ, સુધી આહાર-પાણી ન લેવાનું વ્રત; ૨. એ વ્રતનો સમય પૂરો થયા બાદ ચા-નાસ્તો, શિરામણ કરવાં તે.

<u>નિર્વેદ</u>—સંસાર પ્રત્યેનો અણગમો—થાક—કંટાળો; વૈરાગ્યવાસિત ચિત્તની તે અવસ્થા કે જ્યારે કર્મના નચાવ્યા જન્મ-મરણની ઘટમાળમાં ફર્યા કરવું અને દેહના લાલન-પાલન અને ભૌતિક પ્રાપ્તિ-અપ્રાપ્તિથી રતિ-અરતિ વચ્ચે ફંગોળાતા રહેવું અકારું લાગે છે. ભૌતિક જીવનમાં આવી વ્યક્તિ ભલે સત્તા, ઐશ્વર્ય કે કીર્તિની ટોચ ઉપર રહેલ હોય તોપણ સંસારની સર્વ શીતળતા તેને તાપદાયી લાગે છે, સર્વ મધુરતા કડવી ભાસે છે અને આત્મસાધના સિવાયની અન્ય પ્રવૃત્તિમાં તેને રસ રહેતો નથી.

<u>નિશ્ચય-વ્યવહાર</u>—નિશ્ચય: ૧. દ્રવ્યસ્પર્શી દૃષ્ટિકોણથી નિરૂપિત તાત્ત્વિક સિદ્ધાંત; ૨. પારમાર્થિક મોક્ષમાર્ગ– theory.

વ્યવહાર: ૧. પર્યાયસ્પર્શી નયથી - રોજિંદા જીવનવ્યવહારના દૃષ્ટિકોણથી - તત્ત્વનિરૂપણ; ૨. પારમાર્થિક મોક્ષમાર્ગને જીવનમાં ઉતારવા માટેની વ્યવહારુ પ્રક્રિયા—સાધના અર્થાત્ practice.

વિશેષ સ્પષ્ટતા માટે જુઓ 'આત્મજ્ઞાન અને સાધનાપથ' ગ્રન્થના પાંચમા પ્રકરણનો ઉત્તરાર્ધ—'નિશ્ચય-વ્યવહારની સમતુલા' અને 'ક્રિયાનું રહસ્ય'.

<u>પચ્ચક્ખાણ</u>—નિયમ, બાધા, પ્રતિજ્ઞા.

<u>પરમેષ્ઠીઓ</u>—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

<u>પરિગ્રહપરિમાણ</u>—પરિગ્રહની મર્યાદા; શ્રાવકનાં પાંચ અણુવ્રતોમાંનું પાંચમું આ નામનું વ્રત.

પૂર્વ—જુઓ 'દૃષ્ટિવાદ'.

પૂર્વધર—જેને એક કે વધુ પૂર્વનું જ્ઞાન હોય તે.

પૂર્વસેવા—ધર્મપ્રાપ્તિ માટેની પૂર્વતૈયારી રૂપ સત્પ્રવૃત્તિ.

પૌષધ—આત્મજાગૃતિની પુષ્ટિ અર્થે, ઓછામાં ઓછા ચાર પ્રહર સુધી, સાંસારિક સર્વ પ્રવૃત્તિનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી, સાધુની જેમ આત્મસાધનામાં રહેવાનું વ્રત. શ્રાવકના બાર વ્રતોમાંનું અગિયારમું વ્રત.

પ્રણિધાન—પોતાનાથી નીચલી કક્ષાના જીવો પ્રત્યે કરુણાશીલ, પરોપકારથી વાસિત અને નિષ્પાપ ચિત્તવાળી વ્યકિતનો કરાતી ક્રિયામાં દત્તચિત્ત રહેવાનો સંકલ્પ. કોઈપણ ધર્મપ્રવૃત્તિ ઓછામાં ઓછી આ શરત પૂરી કરતી હોય તો જ જ્ઞાનીઓ પારમાર્થિક ધર્મપ્રવૃત્તિ તરીકે તેને માન્ય કરે છે; ઉપર્યુક્ત ચાર ગુણરહિત ધર્મક્રિયા 'દ્રવ્યક્રિયા' ગણાય છે (જુઓ ટિપ્પણ ૨૯, પ્રકરણ ૬).

પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ—આ પાંચ આશય ઉત્તરોત્તર વધુ આત્મવિકાસ સૂચવે છે (તદ્‌વિષયક વિશેષ જિજ્ઞાસુએ 'યોગવિંશિકા' ઉપરની ઉપા૰ યશોવિજયજીકૃત વૃત્તિ જોવી).

પ્રતિક્રમણ—જૈન ગૃહસ્થ સાધકોએ તેમજ મુનિઓએ કરવાનું એક દૈનિક અનુષ્ઠાન, કે જેમાં દિવસ-રાત્રિની પ્રવૃત્તિ દરમ્યાન સંભવિત સ્ખલનાઓને સંભારી જઈ, પોતાથી થયેલ સ્ખલનાઓનું ગુરુને નિવેદન કરી, તેનું પ્રાયશ્ચિત્ત અને શોધન કરાય છે.

વિશાળ અર્થમાં કહીએ તો અજ્ઞાનવશ થયેલ પાપનો પશ્ચાત્તાપ કરીને શુદ્ધ થવું કે વાસનાઓ અને વિકારોમાં તણાઈ જઈ આત્મભાવથી દૂર જવાયું હોય તેનું ભાન થતાં પુનઃ આત્મભાવમાં આવવું તે પ્રતિક્રમણ છે.

પ્રત્યુપેક્ષણા–પ્રમાર્જના—પૂંજવું-પ્રમાર્જવું; ચીજવસ્તુ લેતાં-મૂકતાં નજરે ન ચડતા સૂક્ષ્મ જીવો પણ દબાઈ કે કચડાઈ ન જાય તે માટે જૈન મુનિઓ ઊનના રેશાવાળા એક ઉપકરણ વડે જમીનને અને લેવા-મૂકવાની ચીજવસ્તુને સાફ કરે છે તે ક્રિયા.

પ્રવચનપ્રભાવના—૧. જૈન ધર્મનો પ્રભાવ અને પ્રસાર વધારનારી પ્રવૃત્તિ ૨. જૈન ધર્મના પ્રભાવ અને પ્રસારનો વધારો.

બહિરાત્મભાવ—દેહાદિ બાહ્ય વિષયોમાં 'હું' અને 'મારું'-ની બુદ્ધિ.

ભાવ-આચાર્ય—અંતર્મુખ, ઉપશાંત, સંયત, નિરીહ, કંચન-કામિની કે કીર્તિ આદિની સ્પૃહા વિનાના, કરુણાશીલ, 'શિષ્ય'ના કલ્યાણની જ એક કામનાવાળા—આત્મજ્ઞાની, આત્મતૃપ્ત, આત્મક્રીડ સંતો.

ભાવનાજ્ઞાન—કેવળ શ્રવણ, વાંચન કે તર્કના બળે જ નહિ, પણ જાત-અનુભવના આધારે અંતરમાં સ્ફુરતું જ્ઞાન—પ્રજ્ઞા.

શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિ એ ત્રિવિધ માર્ગે જ્ઞાનપ્રાપ્તિ થાય છે. શ્રુત એ પારકું, ઉછીનું લીધેલું જ્ઞાન છે. ચિંતન વડે તે બૌદ્ધિક સ્તરે પોતાનું બને છે. એ જીવનમાં વણાય અને પોતાના અનુભવની વાત બને—જાતઅનુભવથી સમર્થિત બને—એનું જ નામ ભાવનાજ્ઞાન.

ભાવમળ—સ્વાર્થ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા, ભય, ભૌતિક આસક્તિ વગેરે મલિન ચિત્તવૃત્તિ.

માર્ગાનુસારી—પ્રારંભિક કક્ષાનો સાધક કે જે ન્યાય માર્ગે આજીવિકા રળવાની ટેક તથા અન્ય સદાચારયુક્ત હોય અને ઉત્તરોત્તર વધુ ગુણવિકાસ તરફ પ્રેરતી તેની આંતરસૂઝને અનુસરી રહ્યો હોય (જુઓ પ્રકરણ ૬, ટિપ્પણ ૨).

મિથ્યાત્વ—આત્મસ્વરૂપનું અભાન; આત્મજાગૃતિને આવરી દેતી અજ્ઞાનાત્મક વૃત્તિ; દેહાત્મબુદ્ધિ, અવિદ્યા.

મિથ્યાદૃષ્ટિ—૧. દેહાત્મભ્રમજન્ય ખોટી જીવનદૃષ્ટિ; ૨. એવી દૃષ્ટિવાળો આત્મા.

મિથ્યાશ્રુત—મુમુક્ષુને ઉન્માર્ગે દોરે—આત્મસાધનાથી વિમુખ કરે-એવું સાહિત્ય; ભાષા-શૈથિલ્યવશ કેટલીક વાર જૈનદર્શનના ગ્રન્થો સિવાયના સર્વ સાહિત્ય માટે આ શબ્દ પ્રયોજાય છે, કિંતુ તે પ્રયોગ સાર્થક નથી.

મોહનીય કર્મ—તેના મુખ્ય બે પ્રકાર છે: દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. સાચી જીવનદૃષ્ટિની પ્રાપ્તિ થવા ન દેનાર કે તેમાં વિક્ષેપ નાંખનાર કર્મ તે દર્શનમોહનીય; અને ક્રોધાદિ વિકારો અને વાસનાઓને પોષતાં તથા ઇચ્છા છતાં વ્રત, નિયમ, તપ, ત્યાગ આદિ આત્મસાધનામાં પ્રવૃત્ત થવા ન દેતાં કે તેમાં વિક્ષેપ ઊભા કરતાં કર્મ તે ચારિત્રમોહનીય.

યોગ—૧. કર્મબંધનના ચાર કારણો કહ્યાં છે: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—તે પૈકી 'યોગ' એટલે મન, વચન અને કાયાનું સ્પંદન; ૨. આત્મસાધનાનો માર્ગ.

યોગદૃષ્ટિ—૧. આત્મવિકાસની તરતમતા દર્શાવતી આઠ યોગભૂમિકામાંની કોઈ એક ભૂમિકા; ૨. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજવિરચિત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામનો ગ્રન્થ.

આત્મવિકાસની ભૂમિકાઓ માટે જૈન પરિભાષામાં સામાન્યતઃ 'ગુણસ્થાન' કે 'ગુણસ્થાનક' (ગુજરાતી–'ગુણઠાણું') શબ્દ પ્રચલિત છે. આત્મવિકાસનો સમગ્ર પંથ ચૌદ ગુણસ્થાનમાં આવરી લેવાયો છે. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે આત્મ-વિકાસની એ યાત્રાને આઠ વિભાગોમાં વહેંચી 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રન્થમાં એને નવી પરિભાષા આપી છે, એમણે આત્મવિકાસની એ આઠ ભૂમિકાઓને આઠ 'યોગદૃષ્ટિ'ઓ તરીકે ઓળખાવી છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વેના આત્મિક ગુણવિકાસની તરતમતા 'ગુણસ્થાન'ની શૈલી કરતાં 'યોગદૃષ્ટિ'ની શૈલી વધુ સ્ફુટપણે દર્શાવે છે. સૂર્યોદય પહેલાં રાત્રિના અંધકારની ઘનતાને ઓગાળતી ઉષા આવે છે, તેમ આધ્યાત્મિક સાધકોના જીવનમાં બહિરાત્મભાવને મોળો પાડતી આત્મજ્ઞાનની પ્રભા પથરાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વેના મોહના અંધકારના ક્રમિક હ્રાસવાળા આ આત્મવિકાસનો સમાવેશ આગમિકશૈલી એક જ-મિથ્યાત્વ ગુણસ્થાનમાં કરે છે; આથી, શ્રેયાર્થીને પોતાના મોહની તરતમતા ઓળખવા માટે કોઈ નિયત માપદંડ એ શૈલીમાંથી સાંપડતો નથી. જ્યારે આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે મિથ્યાત્વ ગુણસ્થાનકને ચાર દૃષ્ટિઓમાં વિભાજિત કરીને, પ્રત્યેક દૃષ્ટિમાં પ્રાપ્ય આત્મિક ગુણવિકાસનો નિર્દેશ અસંદિગ્ધ-પણે આપ્યો હોવાથી, પૂર્વગ્રહમુક્ત વિમર્શશીલ શ્રેયાર્થીને પોતાની ભૂમિકાને સમજવા માટેના સ્પષ્ટ સંકેતો એમાંથી મળી શકે છે.

રત્નત્રયી—જ્ઞાન, દર્શન અને ચારિત્ર-આ ત્રણ રત્નો અર્થાત્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપ મોક્ષમાર્ગ.

રૌદ્રધ્યાન—જુઓ 'આર્ત-રૌદ્રધ્યાન'.

લઘુકર્મી—જેના સંચિત અને સત્તાગત અશુભ કર્મનો જથ્થો અલ્પ થઈ ગયો હોય એવા મંદ કષાયવાળા, સરળ પ્રકૃતિના જીવો.

લિંગ—વ્યક્તિ ક્યા ધર્મ-મત-પંથને અનુસરનાર છે તેનો સંકેત આપતા, તે તે ધર્મ-મતમાં પ્રચલિત ક્રિયાકાંડ, વેશભૂષા, તિલક, માળા વગેરે ચિહ્નો.
દ્રવ્યલિંગ—વેશભૂષા આદિ બાહ્ય ઓળખ.
ભાવલિંગ—આંતરિક ગુણસંપત્તિ.

વિપાક—કર્મ ફળ.

વિભાવ—અવિદ્યા: રાગ-દ્વેષ-મોહથી અભિભૂત આત્માની તે અવસ્થા કે જેમાં આત્માના શુદ્ધ જ્ઞાન અને નિરુપાધિક આનંદ ઓછાવત્તા અંશે વિકૃત અને મલિન બની ગયાં હોય છે.

વિરતિ—આરંભ-સમારંભ અને વિષયોપભોગનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ; સંયમ, વ્રત-નિયમ, જુઓ 'દેશવિરતિ', 'સર્વવિરતિ'.

વિષય—ઈન્દ્રિયોના ભોગ, સારાં-નરસાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

વૈમાનિક દેવ—દેવોના મુખ્ય ચાર પ્રકાર (ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક) માંના ચોથા પ્રકારના દેવો. પૂર્વના ત્રણે કરતાં વૈમાનિકની કક્ષા ઊંચી છે. વૈમાનિકમાં પણ 'નવગ્રૈવેયક' અને 'અનુત્તર' ક્રમશઃ ઉચ્ચતર અને ઉચ્ચતમ કક્ષાઓ છે.

શ્રુત—૧. 'શ્રુત' એટલે સાંભળેલું, અર્થાત્ ગુરુના ઉપદેશ દ્વારા કે શાસ્ત્ર-ગ્રન્થોના શ્રવણ—વાંચન—અધ્યયનથી પ્રાપ્ત થતું જ્ઞાન; ૨. ધર્મશાસ્ત્રો.

સમકિત—સમ્યક્ત્વ—સમ્યગ્દર્શન—સમ્યગ્દૃષ્ટિ—દેહ અને આત્માના ભેદની પ્રતીતિજન્ય સાચી જીવનદૃષ્ટિ. સમકિત, સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન—આ બધા સમાનાર્થક શબ્દો છે. સમ્યગ્દર્શન ત્રણ કોટિનું હોઈ શકે:

૧. ઉપશમ સમ્યક્ત્વ—સમ્યગ્દર્શનબાધક કર્મ સત્તામાં પડ્યા હોવા છતાં, તે કર્મના ઉદયના અભાવે પ્રાપ્ત થયેલ, વિજળીના ઝબકારાની જેમ આવીને ચાલ્યું જનાર, ક્ષણિક સમ્યક્ત્વ.

૨. ક્ષાયિક સમ્યક્ત્વ—સમ્યગ્દર્શનબાધક કર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રગટેલ સ્થાયી સમ્યક્ત્વ. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયે ભેદજ્ઞાનની જાગૃતિ મુક્તિની પ્રાપ્તિ પર્યંત અખંડ રહે છે. ટ્યૂબલાઈટના સ્થિર પ્રકાશની જેમ, વિષય-કષાયના પવનના ઝપાટા એને કોઈ અસર કરી શકતા નથી.

૩. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ—સમ્યગ્દર્શનબાધક કર્મના આંશિક ક્ષય થવાથી પ્રગટેલ અસ્થાયી સમ્યક્ત્વ. પવનવાળા સ્થાનમાં ટમટમતા દીવાના પ્રકાશની જેમ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં દેહ અને આત્માની જુદાઈની પ્રતીતિ કયારેક તીવ્ર અને સ્પષ્ટ, કયારેક ઝાંખી ઝાંખી, કયારેક લુપ્તપ્રાય: રહે છે. પવનવાળા સ્થાનમાં રહેલ દીપકની જેમ, તે ઓલવાઈ ન જાય તે માટે વિષય-કષાયના તીવ્ર આવેગરૂપ

પવનના ઝપાટાથી તેનું રક્ષણ કરવું રહ્યું, અન્યથા પાછું મોહનું આવરણ આવી જાય છે.

<u>સમકિતી–સમ્યગ્દૃષ્ટિ</u>—સમ્યગ્દર્શન પામેલ વ્યક્તિ.

<u>સમિતિ-ગુપ્તિ</u>—મુનિના સમગ્ર જીવનવ્યવહારને આવરી લેતા આઠ વ્યાપક નિયમો: પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.

<u>ગુપ્તિ</u>—મન, વાણી અને કાયાને પરમાં પ્રવૃત્ત થવા ન દેતાં નિજમાં જ સ્થિર કરવાનો અભ્યાસ તે ગુપ્તિ. તેના ત્રણ ભેદ છે: મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

<u>સમિતિ</u>—જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ખાવું-પીવું, ભિક્ષા, મળ-મૂત્રનું વિસર્જન, હરવું-ફરવું, અનિવાર્ય અને આવશ્યક વાતચીત વગેરે તો રહે જ છે. આ અનિવાર્ય પ્રવૃત્તિઓ કઇ રીતે કરવી તે અંગેની લક્ષ્મણરેખા આંકતા નિયમો તે પાંચ સમિતિ.

<u>સર્વવિરતિ</u>—૧. પૂર્ણ સંયમ; ૨. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંયમજીવન સ્વીકારનાર પંચમહાવ્રતધારી મુનિ. તે આત્માનુભવયુકત હોય તો તેમનું સામાન્યત: છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક હોય, અન્યથા પારમાર્થિક દૃષ્ટિએ પહેલું ગુણસ્થાનક સમજવું.

<u>સંકલેશ</u>—ચિત્તની પ્રસન્નતાને ડહોળી નાખનાર દ્વેષ, રોષ, ચિંતા, ભય આદિ માનસિક વિકારો.

<u>સંજ્ઞા</u>—જન્મજાત વાસનાઓ– instincts . આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર મુખ્ય સંજ્ઞાઓ છે. આ ચાર ઉપરાંત ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોકસંજ્ઞા અર્થાત્ લોકેષણા મળી દશ સંજ્ઞાઓ શાસ્ત્રકારોએ ગણાવી છે.

<u>સંવેગ</u>—મુક્તિની ઝંખના.

<u>સંમૂર્ચ્છિમ</u>—૧. કશા પણ વિચાર-વિમર્શ વિના, યાંત્રિકપણે કે દેખાદેખીથી કરાતી ક્રિયા; ચિત્તના સહયોગ વિનાનું ધાર્મિક અનુષ્ઠાન; ૨. મન વિનાના જીવો.

<u>સાધર્મી</u>—સમશીલ કે સમાનધર્મી વ્યકિતઓ.

<u>સાનુબંધ</u>—જેની પરંપરા–chain-reaction–ચાલે એવું.

<u>સામાયિક</u>—ઓછામાં ઓછી બે ઘડી અર્થાત્ અડતાલીશ મિનિટ સુધી, સાંસારિક સર્વ

પ્રવૃત્તિઓનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી, આત્મચિંતન-સ્વાધ્યાય-જપ-ધ્યાન દ્વારા સમભાવનો અભ્યાસ કરવાનું વ્રત. શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમું વ્રત.

સ્યાદ્‌વાદ—કોઈપણ વસ્તુને કે વિચારને અનેક પાસાં અને તેને જોવા-મૂલવવાના અનેક દૃષ્ટિકોણ હોય છે. એ વિવિધ પાસાં અને દૃષ્ટિબિંદુઓને સ્વીકારતો અને સમજતો અભિગમ. જુઓ 'નય'. આ અભિગમ જૈનદર્શનની એક પ્રમુખ વિશિષ્ટતા છે.

આ અભિગમ ધરાવતી વ્યકિત પ્રસંગ, પરિસ્થિતિ અને સંદર્ભવશ કોઇ એક દૃષ્ટિકોણને આગળ કરે કે એના ઉપર ભાર પણ આપે, પણ અન્ય દૃષ્ટિબિંદુઓના ય સત્યાંશ પ્રત્યે એને સહાનુભૂતિ અને આદર રહેતાં હોવાથી, તે પોતાની વિચારધારામાં આક્રમક નથી બનતી.

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત એ જૈન સાધનાનું સૂત્ર રહ્યું છે. એ બંનેનો મૂળ સ્રોત પ્રેમ છે. સ્યાદ્‌વાદને માત્ર તત્ત્વજ્ઞાનના ચિંતનમાં જ સીમિત ન રાખતાં, રોજિંદા જીવનવ્યવહારમાંયે, જયારે વિભિન્ન દૃષ્ટિબિંદુઓ અને વિચારવર્તન આપણી સમક્ષ આવે ત્યારે, અપનાવવામાં આવે તો મતભેદ મનભેદ ન જન્માવે; અને જયાં વિચારભેદ રહે ત્યાં પણ સંઘર્ષ, દ્વેષ, ઘૃણા કે વૈર-વિરોધને તો અવકાશ ન જ મળે કિંતુ ત્યાંય પ્રેમ, મૈત્રી, સહકાર અને સહાનુભૂતિપૂર્ણ સહચાર શકય બને.

## મુનિશ્રીની
## અન્ય કૃતિઓ

અચિંત-ચિંતામણિ નવકાર

ચિત્તસ્થૈર્યની કેડીઓ

સાધનાનું હૃદય

આત્મજ્ઞાન અને સાધનાપથ

જૈન મુમુક્ષુઓ અને વિપશ્યના

વિજ્ઞાન અને અધ્યાત્મ

સ્વાનુભૂતિ અને સમ્યગ્દર્શન

# અચિંત-ચિંતામણિ નવકાર*

પોકેટ સાઈઝ, પૃષ્ઠ ૮૦ મૂલ્ય રૂપિયા ત્રણ

શ્રી નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવની પ્રતીતિ કરાવતું વર્તમાન કાળનું એક જ્વલંત ઉદાહરણ ટાંકી, નવકારની સફળ સાધનાનાં મહત્ત્વનાં અંગો વિષે મુનિશ્રીએ આપેલું માર્ગદર્શન.

*

કથાપ્રસંગ તો સુંદર છે જ, પણ મહારાજશ્રીએ કરેલ સમાલોચના–વિશ્લેષણ ઘણું જ સુંદર, અભ્યાસપૂર્ણ અને જીવન જીવવામાં ઉપકારક થઈ પડે તેવું છે.

અમદાવાદ–૭ —શાંતિલાલ મગનલાલ સાઠંબાકર

કેવળ અંધશ્રદ્ધા કે ચમત્કારની દૃષ્ટિએ નહિ પણ નવકાર-સાધનાની સાચી પ્રક્રિયા, જે અહીં રજૂ કરવામાં આવી છે એથી, આવાં પુસ્તકોની અપેક્ષાએ આ નાનકડી પુસ્તિકાએ પોતાનું વૈશિષ્ટ્ય રજુ કર્યું છે અને તે સાચી જીવનદૃષ્ટિ આપે છે.

માંડલ —રતિભાઈ મફતભાઈ શાહ

'अचिंत-चिंतामणि नवकार' अद्‌भूत है। सरल भाषा, सुबोध रूपक, सजीव उपमाएँ, तथा सर्वोपरी जीवन्त अनुभव पाठक को वह सब देते हैं, जो उस के लिए कल्पनातीत है। ...हिन्दी में इसका आना जरुरी है। उपकारक है।

इन्दौर —डा० नेमीचन्दजी जैन

संपादक: 'तीर्थंकर' मासिक

'अचिंत-चिंतामणि नवकार' एक अत्यन्त तेजस्वी, प्रेरक और पठनीय कृति है।

बीकानेर —अगरचन्द नाहटा

* અંગ્રેજી અનુવાદ: Cancer dissolved by Divine Grace ઉપલબ્ધ છે. પ્રકાશક: આત્મજ્યોત પ્રકાશન, મદુરાઈ.

# સાધનાનું હૃદય

સંશોધિત–સંવર્ધિત નવી આવૃત્તિ પૃષ્ઠ ક્રાઉન ૧૨૮+૧૨

આ પુસ્તિકામાં મહારાજશ્રીની ચિંતનસભર પ્રૌઢ શૈલીમાં, નિશ્ચયવહારની તલ-સ્પર્શી સમીક્ષા સાથે, જ્ઞાન અને ક્રિયાનું હાર્દ સ્ફુટ થતું વાચક અનુભવશે.

પૂર્વે જૈન સાધના-પદ્ધતિમાં ધ્યાન અગ્રસ્થાને રહ્યું છે, પણ એ પરંપરા લુપ્ત થઇ છે; જૈન સાધક વર્તુળોમાં આજે એ સૌથી વધુ ઉપેક્ષિત અંગ બન્યું છે. લુપ્તપ્રાય થઇ ચૂકેલ ધ્યાનસાધનાનો પુનરુદ્ધાર કરવાની મનનીય રજૂઆત કરતી આ પુસ્તિકા પ્રત્યેક આરાધકે અને જૈન શાસનનો અભ્યુદય વાંચ્છતી પ્રત્યેક શાસનપ્રેમી વ્યકિતએ વાંચવી-વિચારવી રહી.

*

સાધકને ઉપયોગી થાય એવા અનેક મુદ્દાઓની આ ગ્રંથમાં લેખકે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું છે.

લેખક વિચારક અને ઊંડા ચિંતનકાર છે, અને તેમનું માત્ર આ એક જ પુસ્તક નહીં; પણ તમામ પુસ્તકો ઘરમાં વસાવવાને લાયક છે. યોગના અભ્યાસીઓ અને સાધકો માટે તો લેખકનાં પુસ્તકો શિક્ષકની ગરજ સારે તેવાં છે.

—મનસુખલાલ તારાચંદ મહેતા
આત્માનંદ પ્રકાશ, ઑકટોબર, ૧૯૭૫

ભૌતિક ઐશ્વર્યની આક્રમકતાની પકડમાં આજના વિશ્વનો માનવી વધુ ને વધુ સપડાતો જાય છે અને એને સમૃદ્ધિ હોવા છતાં ય અસુખ લાગે છે ત્યારે તે મનની શાંતિ ઝંખે છે. આ શાંતિ અને સુખ માટેનો એક માર્ગ છે સાધના.

આ નાનકડી પુસ્તિકામાં એના કર્તા મુનિ શ્રી અમરેન્દ્રવિજયજીએ સામાન્ય માનવી કઇ રીતે સાધનાપથનો પ્રવાસી બની આત્મોન્નતિ કરી શકે ને ભૌતિક જીવનમાં સુખ શાંતિ પ્રાપ્ત કરી શકે તેની સરલ શૈલીમાં સમજ આપી છે તે વાચકને પથદર્શક થઈ પડશે.

—'કુમાર' (માસિક), સપ્ટે૰, '૭૬

# આત્મજ્ઞાન અને સાધનાપથ

સંવર્ધિત ત્રીજી આવૃત્તિ　　　　　　　　　　　　　　　　પૃષ્ઠ ડેમી ૨૫૮ +૪૦

પુસ્તક અતિ સુંદર લાગ્યું છે. મેં એ પ્રત્યેક મુનિને વાંચવા માટે પ્રેરણા કરેલ છે.

અંબાલા, (હરિયાણા)　　　　　　　　—આચાર્ય શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરિજી

'આત્મજ્ઞાન અને સાધનાપથ' પુસ્તક મળ્યું. ...આ પુસ્તકને વારંવાર વાંચવાની સ્વતઃ ઇચ્છા થાય છે, એથી જાણી શકશો કે આમાં ચેતના વિદ્યમાન છે.

મુંબઇ—૩૬　　　　　　　　—આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી

આપની ચિંતનદૃષ્ટિ, તટસ્થતા, પરિસ્થિતિનું વાસ્તવિક નિદાન કરવાની ઊંડી દૃષ્ટિ, સ્વતંત્ર સમીક્ષા વગેરે ધન્યવાદ માગી લે તેવાં છે. આવી નીડર અને નિર્ભય સમીક્ષા માટે પુનઃ ધન્યવાદ.

મુંબઇ—૬　　　　　　　　—આચાર્ય શ્રી યશોદેવસૂરિજી

આ પુસ્તક યોગસાધકો માટે પ્રેરણાની પરબ છે. આપની વર્ષોની સાધના ને ચિંતન-મનનનો રસથાળ યોગસાધકોના ચરણે ધરી દીધો છે.

વાંકી, કચ્છ　　　　　　　　—આચાર્ય શ્રી રત્નચંદ્રજી સ્વામીના અંતેવાસી
મુનિ વિનોદચંદ્રજી

આખું પુસ્તક બે દિવસમાંજ કોઇક રોમાંચક આત્મકથા વાંચતાં હોઇએ તેવી જિજ્ઞાસા અને રસથી વાંચ્યું. વાકયે વાકય અને શબ્દે શબ્દ હૈયાની શાંત રસધારામાં ઝબકોળાઇને લખાયા છે. તે શબ્દો આત્મામાંથી નીકળી વાચકના આત્માને સીધા સ્પર્શે છે.

લેખકશ્રીની જ્ઞાનગરિમા, ભાષાધિકાર અને સત્યશોધક દૃષ્ટિએ ગ્રન્થને સર્વાંગસુંદર બનાવ્યો છે.

દીક્ષા લીધા બાદ પ્રત્યેક મુનિએ આ પુસ્તક વહેલામાં વહેલી તકે વાંચવું જોઇએ.

પાર્લા (પૂર્વ), મુંબઇ　　　　　　　　—મુનિ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ

પુસ્તક દરેક જૈન-જૈનેતરે વાંચવા જેવું છે, કમ-માં-કમ સાધુ-સાધ્વીએ તો અવશ્ય વાંચવું જોઇએ.

દિલ્હી—૭　　　　　　　　—લાલા સુંદરલાલજી જૈન

આધ્યાત્મિક સાધના કરનારને માટે આ એક અમૂલ્ય પુસ્તક છે.

અમદાવાદ–૯ —ડૉ૦ કુમારપાળ દેસાઈ

પુસ્તક બહુ ગમ્યું......જુદી જુદી પધ્ધતિઓનો સ્વીકાર અને સમજૂતિ, વ્યવહારુ માર્ગદર્શન અને સ્પષ્ટ શૈલી–એ એનાં વિશેષ લક્ષણો છે.

અમદાવાદ–૯ —ફાધર વાલેસ

મનને સમજીને, મનની-હૃદયની ગ્રંથિઓ છોડવા વિષે આપેલી સમજ શ્રુતિ, યુકિત અને અનુભવથી તોલીને આપી હોઈ, સાધક માટે સાધનાની માર્ગદર્શિની તરીકે આ ગ્રંથ સતંત સાથે રાખવા યોગ્ય છે.

જૈન અને જૈનેતર સર્વ માટે આ પુસ્તક એકસરખું ઉપયોગી છે.

દ્વારકા —પુષ્કરભાઈ ગોકાણી

'આત્મજ્ઞાન અને સાધનાપથ'માં જીવનના સૌથી ઊંચા શિખરનું દર્શન છે, સાથે સાથે એ શિખર માટે કયો માર્ગ લેવો જોઈએ, વચ્ચે કેટકેટલાં વળાંકો ને આકરાં ચડાણો આવે છે, ત્યારે કેવી સાવધાની રાખવી અને કેવી રીતે આગળ વધવું તેની પુષ્કળ અને બારીક સમજણ આપી છે.

સાધકને માટે તો આગમ-યુકિત-અનુભવને એકમાં સમાવતા ત્રિશૂળ સમું, મન-બુદ્ધિ-અહંકારની ત્રિકૂટિ ભેદનારું, આ આયુધ છે. મન-બુદ્ધિ-અહંકારની ત્રિકૂટિ ન ભેદાય ત્યાં સુધી દરેક મુકામે સાધકને એનું કામ પડવાનું.

મુંબઈ–૫૮ —મકરન્દ દવે

અનેક દૃષ્ટિએ પુસ્તક સુંદર અને ઉપયોગી છે. આત્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની ઝંખનાવાળા મુમુક્ષુઓ તેમજ નવસાધકો માટે તો એ એક standard handbook – ભારે ઉપયોગી અને પ્રમાણભૂત માર્ગદર્શિકાની ગરજ સારે એવું બન્યું છે; એટલું જ નહિ, સાધનામાં ઠીક ઠીક આગળ વધેલાને માટે પણ તે ઓછું મૂલ્યવાન કે ઓછું ઉપયોગી નથી.

કશા જ આડંબર વિનાની સીધી સાદી સરળ અને તર્કસંગત નિરૂપણશૈલીને કારણે (આ પુસ્તક) વાંચતાં સમર્થ તત્ત્વવિવેચક શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળાનું સ્મરણ થયા કરતું હતું.

રાષ્ટ્રીયશાળા, રાજકોટ —વજુભાઈ શાહ

# જૈન મુમુક્ષુઓ અને વિપશ્યના*

પૃષ્ઠ ક્રાઉન ૮૦ રૂપિયા ત્રણ

ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, અંતર્મુખતા, સમત્વ અને સાક્ષીભાવનું પ્રાયોગિક પ્રશિક્ષણ આપતી વિપશ્યના-સાધનાનો સંક્ષિપ્ત પરિચય અને એની શિબિરોમાં જોડાવા અંગે દ્વિધા અનુભવતા જૈન સાધકોને સાચું અસંદિગ્ધ માર્ગદર્શન.

*

વિપશ્યના અંગેનું પુસ્તક વાંચ્યું, બહુ આનંદ થયો.

આપણા વર્તુળમાં સાધના અંગેનું માર્ગદર્શન મળે તેવાં સ્થાન કે પુસ્તક નથી, તેમાં આ બહુ સ્થિર અજવાળું પથરાયું છે.

અમદાવાદ —મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ

*

'જૈન મુમુક્ષુઓ અને વિપશ્યના' પુસ્તિકા વાંચી. પુસ્તક મને ખૂબ પ્રેરણાદાયક નીવડ્યું. વિપશ્યના શિબિરનો લાભ લેવાની ભાવના થતાં જયપુરની શિબિરમાં જોડાયો. જીવનનો કોઈ અલૌકિક આનંદ, સમજ, સંતોષ મેળવ્યાં. ખરેખર ધર્મનો સાચો રાજમાર્ગ મળ્યો.

વિલાપાર્લા, મુબઈ —મહેન્દ્ર મોહનલાલ શાહ

*

આ સાધના ચીંધવા માટે આપનો હૃદયના ઊંડાણથી જેટલો આભાર માનું તેટલો ઓછો છે...શિબિર દરમ્યાન હું શરૂ શરૂમાં upset જણાતો હતો. બે-એક દિવસ પછી બરાબર સેટ થઈ ગયેલ. ખરેખર સાધના અજોડ છે. વ્યાવહારિક જીવનમાં પણ તેનો અત્યંત લાભ જણાઈ રહ્યો છે. એકંદરે, આધ્યાત્મિક રસ્તે પ્રેક્ટિકલ માર્ગદર્શન જેવું લાગ્યું.

લીંબડી, સૌરાષ્ટ્ર. —ડૉ॰ હેમન્ત વી॰ ડગલી

* પ્રકાશક : હીરજી હંસરાજ ગાલા/નેમજી શામજી ગાલા, ૮–૧૦, અનન્તદીપ ચેમ્બર્સ, ૨૭૩/૭૭, નરશીનાથા સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૯.

# વિજ્ઞાન અને અધ્યાત્મ

આવૃત્તિ ચોથી   પૃષ્ઠ ડેમી ૧૦૮+૨૦   મૂલ્ય રૂપિયા સાડા પાંચ

'વિજ્ઞાન અને અધ્યાત્મ' નામક પુસ્તક વાંચીને હાર્દિક પ્રસન્નતા અનુભવી. અર્વાચીન યુગમાં પૂજ્ય મુનિવર્યશ્રીનો તુલનાત્મક પ્રયાસ અતીવ પ્રશંસનીય છે. સ્કૂલો, કૉલેજો અને જ્ઞાનસત્રોમાં અભ્યાસ માટે આ પુસ્તકનો પ્રચાર ઇચ્છનીય છે.

જયપુર   —સાધ્વીજી નિર્મળાશ્રીજી

આજના નવા વિચાર પામેલા કૉલેજિયનો અને સૌ કોઈને તે ધર્મ-અધ્યાત્મ-યોગના માર્ગની શ્રદ્ધા કરવા માટે પ્રવેશદ્વાર સમાન છે... અમૂલ્ય ગ્રંથ છે એમ કહું તો અતિશયોક્તિ નથી.

બોરીવલી, મુંબઈ   —વીરેન્દ્ર ટી૦ દોશી

પુસ્તક અનેક જિજ્ઞાસુઓની જ્ઞાનતૃષાને છિપાવશે એમ માનું છું...જૈન મુનિઓમાં પણ આ વિષયના આવા અભ્યાસીઓ છે, એ વિચારે મને ઘણો આનંદ આપ્યો છે...લેખનશૈલી સુંદર અને પ્રતીતિજનક છે.

મુંબઈ   —પં૦ ધીરજલાલ ટોકરશી શાહ

मुनि श्री अमरेन्द्रविजयजीने 'विज्ञान और अध्यात्म' लिख कर, जैन परिधि से उपर उठकर, वैश्विक आत्मज्ञान और विज्ञान के सीमान्तों को एकीकृत कर दिया है। ...यह मुनि श्री की एक ऐसी अनमोल कृति है, जिसमें उन्होंने विज्ञान और भगवान के बीच के चिरकालीन विरोध का, पुष्ट प्रमाणों के साथ विसर्जन किया है। उनके कृतित्व में सच्चे अनेकान्त की वैज्ञानिक प्रतिष्ठा हुई है।

...मेरा तो विनंम्र सुझाव है, कि इस किताब को हजारो में छपवा कर, इस युग के प्रबुद्धजनों और युवा-पीढी के बीच निःशुल्क वितरित कर देना चाहिये। इस पुस्तक का शैक्षणिक मूल्य इतना अधिक है, कि इसे तमाम भारतीय विश्वविद्यालयों के पाठयक्रम में एक अनिवार्य 'अध्यात्मविज्ञान' विषय के रूप में पढाया जाना चाहिये।

बम्बई—५६   —वीरेन्द्रकुमार जैन,
औपन्यासिक महाकाव्यः 'अनुत्तर योगी' के लेखक

## મુનિશ્રીનાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો

મુંબઇ * નવભારત સાહિત્ય મંદિર,
૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨

* લિબર્ટી સ્ટોર્સ,
સ્ટેશન રોડ, સાન્તાક્રૂઝ (વેસ્ટ)
મુંબઇ-૪૦૦ ૦૫૪

મદુરા * આત્મજ્યોત પ્રકાશન / જનતા ટેક્ષટાઈલ્સ
૮/૧, એમ૰ કે૰ લેન, પો૰ બો૰ ૩૨
મદુરાઈ, (તામિલનાડુ) ૬૨૫ ૦૦૧

અમદાવાદ * ગૂર્જર સાહિત્ય ભવન,
રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

વડોદરા * આત્મજાગૃતિ ટ્રસ્ટ / નવનીતલાલ ડી૰ શાહ
મામાની પોળ, રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

વલસાડ * વલસાડ બુકસ્ટોર્સ
ગાંધી રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧

સુરત * શ્રી અરવિંદભાઈ ટી૰ શાહ,
૧૦/૧૪૭૨, ગોપીપુરા, મોટીપોળ, સુરત-૨

કચ્છ * વિદ્યાર્થી વસ્તુભંડાર
વાણિયાવાડ, ભૂજ-કચ્છ ૩૭૦ ૦૦૧

પાલીતાણા * સોમચંદ ડી૰ શાહ,
જીવનનિવાસ સામે, પાલીતાણા, સૌરાષ્ટ્ર-૩૬૪ ૨૭૦

મુનિશ્રીના નિવાસ્થાન વિષયક માહિતી નીચે જણાવેલ ફોન નંબરે પૂછપરછ કરવાથી પ્રાયઃ મળી શકશે.

મુંબઈ—૫૭૨૯૩૪ પ્રભુભાઈ પટેલ
" ૩૨૬૧૪૦, ૩૪૨૪૩૫, ૮૬-૨૦૧૮ હીરજીભાઈ ગાલા,
૬૯૪૬૯૬ નેમજીભાઈ ગાલા,
૩૭૮૮૦૩, ૮૯૧૨૮૨, ૮૨૨૫૨૩૮, રતિલાલભાઈ સાવલા
અમદાવાદ—૪૪૩૯૭૧ વિનુભાઈ/કોકિલાબેન શાહ,
વડોદરા —૨૩૯૬ નવનીતભાઈ શાહ
વલસાડ —૩૪૪૨ રતિલાલભાઈ

*

બહારગામથી મુનિશ્રીના દર્શન/સત્સંગ અર્થે જનારાં દર્શનાર્થીઓ, જિજ્ઞાસુઓ એ વાતની નોંધ લે કે દર મહિનાની એકથી બાર તારીખ દરમ્યાન તેઓશ્રી બહુધા કોઈ સાથે વાર્તાલાપ કરતા નથી; તે પછીના દિવસોએ પણ સવારે સાડા દશથી સાંજે પાંચ સુધીમાં જ તેઓશ્રી યથાવકાશે મળી શકશે એમ સમજીને જ ત્યાંનો પોતાનો કાર્યક્રમ ગોઠવવો, જેથી, પોતાને નિરાશ થવું ન પડે તેમજ મહારાજશ્રીના નિત્યક્રમમાં વિક્ષેપ અલ્પ રહે..

